# સાત્વિક ઇચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ

# ૐ





લેખક - સંપાદક

**અનુપ પી. શાહ**

## સુરતમાં બિરાજતા
# આદ્યશક્તિ શ્રી અંબામાતાજી




### મારા પિતાશ્રી સ્વ. ડો. પ્રવિણચંદ્ર ઉત્તમરામ શાહ



જેમણે સમગ્ર જીવન દરમ્યાન પરમાત્માના 'શક્તિતત્વ' (પરા, પ્રકૃતિ, નારીતત્વ)
શ્રી અંબામાતામાં શ્રદ્ધા રાખી તેમની કૃપા પ્રસાદી પ્રાપ્ત કરી

## ષષ્ઠ નિધિ સ્વરૂપ (સુરત)
# શ્રી બાલકૃષ્ણ પ્રભુ



### મારા માતૃશ્રી સ્વ.અ.સૌ. કૈલાસબેન પ્રવિણચંદ્ર શાહ



જેમણે સમગ્ર જીવન દરમ્યાન પરમાત્માના 'બ્રહ્મતત્વ' (પુરૂષતત્વ)
શ્રી બાલકૃષ્ણલાલજીમાં શ્રદ્ધા રાખી તેમની કૃપા પ્રસાદી પ્રાપ્ત કરી

સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial

ૐ વિનામુલ્યે પુસ્તક પ્રાપ્તિસ્થાન

**શ્રી અનુપ પી. શાહ**
B.E. (Civil); A.M.I.E.; M.I.G.S.; F.I.V.

એ–૩૦૬, ગીતગોવિંદ એપાર્ટમેન્ટ,
લીલાવિહાર સોસાયટી, તાડવાડી,
રાંદેર રોડ, સુરત.
મો.: ૯૯૯૮૯ ૬૮૫૩૩
email : anup_p_shah@yahoo.com

(For Private Circulation Only)



**પરમાત્માની અભિવ્યકિત રૂપ સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ નું આ પુસ્તક મને ખુબ ગમ્યું છે. મારા અને સમાજના આધ્યાત્મિક ઉત્થાન માટે હું વાંચીશ અને વંચાવીશ....**

**નામ :**

**સહી :**

શ્રી ગણેશાય નમઃ

# ૐ એટલે જ પરમાત્મા


## ભગવત ગીતામાં ૐ

- " ૐ ના ઉચ્ચારણ અને પરમેશ્વરના ચિંતન દ્વારા દેહત્યાગ કરનારની પરમગતિ થાય છે." (૮.૧૩)
- " હું ૐકાર છું." (૯.૧૭)
- " જેઓ ૐ નું ઉચ્ચારણ કરે છે, તેવા વિતરાગીઓ બ્રહ્મ માં પ્રવેશ કરે છે." (૮.૧૧)
- " હું મહર્ષિઓમાં ભૃગુ છું., વાણી માં દિવ્ય ૐકાર છું." (૧૦.૨૫)
- " બ્રહ્મની પ્રાપ્તિ માટે યોગીજનો સર્વ ક્રિયાઓનો શુભારંભ હંમેશા ૐ થી કરે છે." (૧૭.૨૭)
- " હું વૈદિક મંત્રોમાં ૐકાર છું." (૭.૮)
- " સર્જનની શરૂઆતથી ૐ, તત્, સત્ શબ્દો પરમ સત્યનો નિર્દેશ કરે છે." (૧૭.૨૩)

## ઉપનિષદમાં ૐ

- ૐ અક્ષર જ બ્રહ્મ છે. ૐ અક્ષર જ પરમ તત્વ છે. (કઠોપનિષદ અધ્યાય-૧, વલ્લી-૨, શ્લોક ૧૫-૧૭)
- ૐકાર જ પરબ્રહ્મ છે. (પ્રશ્ન ઉપનિષદ, પ્રશ્ન-૫, શ્લોક ૨ થી ૫)
- ૐકાર ની ત્રણ 'અ', 'ઉ', 'મ' માત્રાઓ મૃત્યુ લક્ષણ (એટલે કે વિનાશી) છે. અને તેઓ અમૃત લક્ષણ (એટલે કે અવિનાશી) અર્ધ માત્રામાં જોડાયેલી છે. (પ્રશ્ન ઉપનિષદ, પ્રશ્ન-૫, શ્લોક ૬)
- આ બધું ૐકાર રૂપ જ છે. ભૂત, વર્તમાન, ભવિષ્ય બધું ૐકાર રૂપ જ છે. જે કોઈ આ કાળ થી પર છે, તે પણ ૐકાર રૂપ જ છે. (માંન્ડુકય ઉપનિષદ, શ્લોક ૧)
- આ આત્મા જ અક્ષર દ્રષ્ટિ થી ૐકાર છે. (માંન્ડુકય ઉપનિષદ, શ્લોક-૮)
- ૐ ત્રણ અક્ષરનું સંયોજન છે. 'અ', 'ઉ' અને 'મ' અ એટલે અપ્તિ (પામવું), 'ઉ' એટલે ઉત્કર્ષ (ઉભય તત્વ), 'મ' એટલે મિતિ (આગળ ધપાવવું, પરિવર્તન) (માન્ડુકય ઉપનિષદ શ્લોક ૯ થી ૧૨)
- ૐકાર જ આત્મા છે. (ઐતરીય ઉપનિષદ, અધ્યાય-૧, ખંડ-૩, શ્લોક-૧૨)
- આ શરીરમાં ૐકાર વડે આત્માને જોઈ શકાય છે. (ઐતરીય ઉપ. અધ્યાય-૧, ખંડ-૩, શ્લોક ૧૩-૧૪)
- ૐ મંત્રની પરમાત્માની જેમ પૂજા કરવી જોઈએ (છાંદોગ્ય ઉપ. અધ્યાય-૧, ખંડ-૧, શ્લોક-૨-૩)
- ૐ (પ્રણવ) ધનુષ છે, આત્મા બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય છે. (મૂંડક ઉપ-મૂંડક-૨, ખંડ-૨, શ્લોક-૪)
- ૐ ઈત્યેતત અક્ષરઃ ! (અર્થાત ૐ અવિનાશી અને અવ્યય છે. - છાંદોગ્ય ઉપનિષદ)
- ૐ જ બ્રહ્મ છે. ૐ જ પ્રત્યક્ષ જગત છે. ૐ આ જગતની અનુકૃતિ છે. ૐ દ્વારા જ જ્ઞાનીઓ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. - (તૈતરીય ઉપ. વલ્લી-૮, શ્વેતાસ્વતર ઉપ-૧.૭ અને બૃહદારણ્યક ઉપ. ૫.૧.૧)

## અગાઉ નિઃશુલ્ક વિતરણ કરાયેલા પ્રકાશનો










## આવનાર પ્રકાશન



# શુભેચ્છા સંદેશ...






**ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत ॥**

**સૌનું કલ્યાણ હો, સૌનું મંગલ હો એવી અંતરની શુભ કામના**

ભાઈ શ્રી અનુપભાઈ શાહ એક સદ્‌ગૃહસ્થ છે, પેન્ટ અને શર્ટ પહેરે છે. તેઓ કોઈ સાધુસંતો જેવા ભગવા વસ્ત્રો કે સફેદ વસ્ત્રો પહેરતાં નથી કે માળા તિલક પણ કરતાં નથી. છતાં પણ તેઓ વૈદિક વાંગ્મય, શ્રુતિ, સ્મૃતિ ગ્રંથોનું ઊંડુ જ્ઞાન ધરાવે છે. વેદ સાહિત્ય અને પુરાણોમાં તેમનું ગંભીર વાંચન છે અને સંશોધન છે. તેઓએ ઘણાં બધા પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે. તેમનાં પુસ્તકો વાંચવાથી આપણાં પૌરાણિક શાસ્ત્રો વિશે જે કંઈ શંકા કે પ્રશ્નો હોય તેનું સમાધાન મળી રહે છે. હાલમાં તેમની લેખમાળા ગુજરાતમિત્રમાં સોમવારે પ્રકાશિત થતી સત્સંગ પૂર્તિમાં નિયમિત પ્રકાશિત થાય છે.

આજે અજ્ઞાન અને વિષયમોહમાં અટવાયેલા માણસો ઘણાં બધા લોભિયા, લાંચિયા, જુઠ્ઠા, ભેખધારી લોકોની માયાજાળમાં ફસાઈ જાય છે અને સમય, અર્થ અને પોતાના સ્વજનો નો પણ વિનાશ કરે છે. માણસોને પરમાત્મા તરફ જવા માટે સહજ અને સરળ રસ્તો કોઈ બતાવે તે પણ ગમતું નથી.

શ્રી અનુપભાઈએ પ્રણવ ૐકારનું મહાત્મય ખૂબ સારી રીતે આ પુસ્તકમાં વર્ણન કર્યું છે.


ફક્ત ૐકાર ઉચ્ચાર કરવાથી પણ ઈશ્વરની ઉપાસના થઈ જાય છે. અને ૐકાર સાથે પોતાના ઈષ્ટદેવનું નામ કરવાથી એ ભગવાનનો મંત્ર બની જાય છે. દા.ત. ૐ નમઃ શિવાય, ૐ શ્રી રામ ચંદ્રાય નમઃ, ૐ નમો ભગવતે વાસુદેવાય, ૐ કીલં કાલિકાયે નમઃ વિગેરે અનેક મંત્રો નો ઉલ્લેખ શાસ્ત્રમાં છે. માણસો એ અંધકારમાં અટવાયા સિવાય સાત્વિક સાધના કરવી જોઈએ જેનાથી રોગ, શોક, પીડા દૂર થાય અને ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય.

હું અનુપભાઈના આ પ્રયાસને શુભેચ્છા પાઠવું છું.

**- પ. પૂ. સ્વામી શ્રી અંબરીશાનંદજી મહારાજ**

જોઈન્ટ સેક્રેટરીશ્રી : ભારત સેવાશ્રમ સંઘ, કલકત્તા
અધ્યક્ષશ્રી : ભારત સેવાશ્રમ સંઘ, ગુરૂકુળ વિદ્યાપીઠ
તંત્રીશ્રી : હિન્દુ મિલન મંદિર માસિક પત્રિકા (કતારગામ, સુરત)
સ્થાપક અને અધ્યક્ષ : સુરત શહેર ગણેશ ઉત્સવ સમિતિ
પ્રમુખ : દક્ષિણ ગુજરાત સંત સમિતિ






**" અનુપભાઈ નું અનુપમ ઓમકાર દર્શન "**

આધ્યાત્મિક લેખોમાં જેનું હૃદય ભકિત સભર દેખાય છે. એવા ગુજરાતમિત્રના કોલમીસ્ટ અનુપભાઈ શાહ નું ઓમકાર દર્શન ખરેખર અનુપમ, અલૌકીક અને અવિસ્મરણીય છે. સનાતન ધર્મમાં ઓમકાર સર્વસ્વ છે. એનું તાદ્દશ દર્શન અનુપભાઈ એ કરાવ્યું છે. ખાસ કરીને આવનારી નવી પેઢીને આ "ૐકાર દર્શન" ધર્મની જાણકારી માટે ખુબ જ ઉપયોગી થશે. સનાતન ધર્મનો કોઈપણ મંત્ર ૐ વગર અધુરો છે. ૐ માં સમસ્ત બ્રહ્માંડ સમાયેલું છે. નાભી માંથી ૐકાર નાદથી વાતાવરણ શુધ્ધ થાય છે, એમ નાસા એ કબુલ કર્યું છે. એવા ૐકાર નું, પુસ્તક રૂપે અનુપભાઈ લોકાર્પણ કરી રહ્યા છે. ત્યારે હૃદયનાં આશિર્વાદ સાથે એટલું જ કહીશ કે ભારત જયારે વિશ્વગુરૂ બનવા જઈ રહ્યું છે. ત્યારે અનુપભાઈ નું ૐકાર દર્શન સમાજ માટે દીવાદાંડી બની રહેશે. એવા આશીર્વાદ સાથે....

**- શ્રી પ્રફુલ શુકલ ના જય સિયારામ...**
આંતરરાષ્ટ્રિય વંદનીય લોકપ્રિય કથાકાર.

# શુભેચ્છા સંદેશ...



એક આપશોધ લેખ

ૐ કેન્દ્રી ચિંતન

બધાને પોતપોતાની, પોતપોતાના ઈશ્વરની શોધ હોય છે. એ શોધની દરેકની પોતાની રીત હોય છે અથવા એમ કહીએ કે, હોવી જોઈએ. ઘણા તેમાં શાસ્ત્રોનો, પુરાણોનો આધાર લે છે. એવા અધ્યયન અને અભ્યાસ માટે પણ સજ્જતા કેળવવી પડે. અનુપ શાહ એ દિશામાં સક્રિય ચિંતન કરે છે. ફકત ૐ ને કેન્દ્રમાં રાખી તેમણે અહીં જે લખ્યું છે તે ૐ નો અનેક રીતે મહિમા કરે છે. તેઓ તેમાં ઉપનિષદની વાણી પણ ઉમેરે છે અને એ ઉકિત સિધ્ધ કરવા મથે છે કે, "સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે ૐ સર્વશ્રેષ્ઠ" છે. આસ્થાવાન દરેકને તેમની આ મથામણ ગ્રંથ પૂરો થવા સુધીમાં પ્રતીતિ સુધી પહોંચશે જ અને આ જ તેમની સિધ્ધિ છે. વ્યવસાયે એંજિનિયર હોય અને પોતીકી શોધ લેખે આ કરવું કંઈ સરળ નથી પણ તેઓ તેમ કરી શકયા છે, તે પ્રસન્નતા આપે છે.

**- શ્રી બકુલભાઈ ટેલર**

વરિષ્ઠ લેખક ગુજરાતમિત્ર



ૐકાર બિન્દુ સંયુકત નિત્યં ધ્યાયન્તિ યોગિનાઃ ।

કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ॥

ૐ વેદનો સૌ પ્રથમ પવિત્ર ઉચ્ચાર છે, ૐકાર, પ્રણવ, સર્વવ્યાપી, અનંત, તાર, શુકલ, વૈદ્યુત, તુર્ય અને પરબ્રહ્મ એ તેના પર્યાય નામો છે. સનાતન ધર્મનો વિશાળ પરિચય ટુંકમાં પામવો હોય તો માત્ર ૐ ને સમજવો જરૂરી છે. આપણા ઋષિ–મૂનિઓએ વેદ–પુરાણો અને ધર્મશાસ્ત્રોમાં ૐ ની મહાનતા અને મહત્વત્તાની ખૂબ વિસ્તૃત સમજ આપી છે. પરંતુ આપણે આપણી વ્યવહારિક, કૌટુંબિક, ધંધાકિય તેમજ ભૌતિક સગવડો વચ્ચેની જીવનશૈલી વચ્ચે ધર્મ માટે ખુબ જ મર્યાદિત સમય ફાળવી શકતા હોઈએ ત્યારે એ મર્યાદિત સમયમાં સમાઈ જાય તેવું આ પુસ્તક આપણને સૌને ખૂબ ઉપયોગી થશે એવી મારી શ્રધ્ધા છે. ૐકાર વિશે લખવાનું હોય ત્યારે ખૂબ મર્યાદાઓ આવી જાય પણ અનુપભાઈએ અથાગ મહેનતે સંશોધનો, અવલોકન અને ધર્મપુસ્તકોના અભ્યાસ પછી તૈયાર ૫૧ જેટલા લેખોને ગાગરમાં સાગર જેમ ૐ કારની વિસ્તૃત જાણકારી અને સરળ ભાષામાં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરી રહ્યા છે તે સૌ કોઈ જીજ્ઞાસુ અને ધર્મપ્રેમીઓ માટે આશિર્વાદરૂપ હશે. આ ભગવદ્ કાર્યમાં ઈશ્વરનું ઐશ્વર્ય ભળે એવી ખરા હૃદયની શુભભાવનાઓ.

**- શ્રી સનત દવે**

વરિષ્ઠ લેખક ગુજરાતમિત્ર



॥ શ્રી ગણેશાય નમઃ ॥

ભાઈશ્રી અનુપભાઈ શાહ નો સનાતન સંસ્કૃતિને વધુને વધુ ઉજાગર કરવાનો આ ત્રીજો પ્રયાસ છે. આ વખતે ગુજરાતમિત્રમાં દર સોમવારે પ્રકાશિત થતી સત્સંગ પૂર્તિના લેખોમાં ખુબ જ સુંદર રીતે સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે ૐ નો જે રીતે વ્યાપક–સરળ–સુંદર સમજૂતિ પૂર્વક ઉપયોગ છે તે પ્રતિપાદિત કરેલ છે.

સામાન્ય રીતે કોઈપણ મનુષ્ય ઈચ્છાપૂર્તિ માટે ખૂબ તત્પર હોય છે. બધી ઈચ્છાઓ પૂર્ણ થતી નથી. ઈચ્છાઓ પૂર્ણ કરનાર પરમતત્વ છે. કોઈપણ સાત્વિક ઈચ્છા મનુષ્યને પોતાના શ્રેય અને કલ્યાણકારી માર્ગમાં લઈ જાય છે, જયારે ભૌતિક ઈચ્છાઓ મોટે ભાગે બંધનકારક બને છે. પરમતત્વ ત્યારે જ ઈચ્છા પૂર્ણ કરે જયારે ઈચ્છા કરનારાનું શ્રેય તેને નુકશાનકારક ન હોય અને આ પરમતત્વ એટલે જ આપણો આત્મા. આ પરમ આત્માને આપણે સહેલાઈથી સરળ રીતે સમજવાનો, જાણવાનો માર્ગ એટલે જ એકાક્ષર ૐકાર. પરમાત્માને પામવા માટે સૌથી પ્રથમ સોપાન એકાકાર ૐ છે. જેને 'નાદબ્રહ્મ' તરીકે પણ સ્વીકારાયેલ છે. સનાતન સંસ્કૃતિનું મૂળ વેદ છે. વેદ એ શ્રી નારાયણ દ્વારા પ્રાપ્ત થયેલ વાણી છે અને આ વાણી ને ૐકાર વડે વેદોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ સનાતન ધર્મનું આદી – મધ્ય કે અંત નથી તેવી જ રીતે ૐ નું પણ સ્થાન છે. વેદોમાં પણ ઉપાસ્ય તરીકે ૐકારનું મહત્વ બતાવવામાં આવ્યું છે. સનાતન ધર્મમાં ત્રિદેવ અને ત્રિશકિત (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) અને (શ્રી મહાકાલી–મહાસરસ્વતિ – મહાલક્ષ્મી) આ ત્રણેયની શકિતના સામર્થ્ય નો પર્યાય એ ૐકાર છે. પંચદેવો પણ ૐકાર માં સમાય છે તે આ લેખોથી ખૂબ સરળ રીતે સમજાય છે. મૂળ વેદોની વાણી ૐકાર દ્વારા પ્રગટ થાય છે અને સનાતન ધર્મ માંથી બીજા બધા ધર્મ પ્રગટ થાય છે. તેથી વિવિધ ધર્મોમાં પણ ૐકારનું સ્થાન વિશિષ્ઠ છે. દરેક ધર્મો એ ૐકારને સ્વીકાર્યો છે, અને તેનું મહત્વ બતાવ્યું છે.

ભાઈશ્રી અનુપભાઈએ લેખોમાં ૐકારની જુદી જુદી વ્યાખ્યામાં સૌથી સરળ ને ખૂબ જ સુંદર વ્યાખ્યા જે સામાન્ય માનવીની પણ જરૂરીયાત બની જાય છે તેમાં, ત્રણ અક્ષરો 'અ' એટલે આર્વિભાવ કે ઉત્પત્તિનું સ્થાન 'ઉ' એટલે ઉઠવું – ઉડવુ કે વિકાસ અને 'મ' અર્થાત મૌન –બ્રહ્મલીન થવું એ વ્યાખ્યા ખુબ જ સુંદર છે.

ૐકારમાં જ સગુણ અને નિર્ગુણ સમાયેલ છે. અભેદ સ્વરૂપે ૐકાર છે તે બધા જ લેખો દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ૐકાર પોતે જ સિધ્ધ પરમાત્મા છે. વેદ સ્વરૂપે છે. તે પણ આ લેખો દ્વારા સરળ રીતે સમજાવવાનો પ્રયાસ છે. પરમાત્માની અભિવ્યકિતમાં પણ એ સરળ સાધન છે. દરેક મંત્રની શરૂઆતમાં પણ ૐકાર છે. જે મંત્રને બળ આપીને ફળમાં પરિવર્તિત કરે છે.

ભાઈશ્રી અનુપભાઈના આવા ખૂબ જ અથાગ ઉંડાણ પૂર્વક બધા શાસ્ત્રો – સાહિત્યનાં અભ્યાસ દ્વારા ૐકારનું જે મહત્વ બતાવ્યું છે તે સનાતન ધર્મ–સંસ્કૃતિને વધુને વધુ ઉજાગર કરે છે.

પ્રભુશ્રી તેમને આવા અવનવા સનાતન ધર્મના મૂળ સુધી પહોંચવાની શકિત આપે અને સનાતન ધર્મની સેવા કરવા માટે વધુને વધુ સહાય કરે તે જ શ્રી કોટયર્ક પ્રભુને પ્રાર્થના...

**- શ્રી ભરતભાઈ દવે**

ખડાયતા જ્ઞાતિ ગોર

# શુભેચ્છા સંદેશ...



આ પુસ્તકના વિમોચન સાથે ૐ નું ફરી પ્રાગટય થતું હોય તેવું લાગે છે કારણ કે શ્રી અનુપ શાહે ૐ નો એટલો જ બારીકાઈથી અને સર્વગ્રાહી અભ્યાસ કર્યો છે. ગુજરાત મિત્રમાં સત્સંગ પૂર્તિમાં અભ્યાસપૂર્ણ માહિતી પ્રગટ થયેલા આ દરેક લેખની પાછળ શ્રી અનુપ શાહની ઊંડી ચીવટ અને ચોકસાઈ માટેના આગ્રહ નો હું સાક્ષી છું. ચુસ્ત સનાતની પણ ૐ ના ઉચ્ચારણ પછી ઝાઝું વિચારતો નથી ત્યારે શ્રી અનુપ શાહે આ બાબતમાં સઘન અભ્યાસ કરીને સામાન્ય લોકો સુધી તેમને સમજ પડે તેવી ભાષામાં અભ્યાસપૂર્ણ માહિતી પહોંચાડવાનું ભગીરથ કાર્ય લીધું છે, જે માટે તેમને શત કોટી કોટી પ્રણામ અને સૌથી મોટી મહત્વની વાત એ છે કે આ જ્ઞાન લોકો સુધી વિનામૂલ્યે પહોંચાડવાનું તેમણે સ્વીકાર્યું છે. આવા સેવાભાવી સેવકો મળતા રહે ત્યારે સનાતન ધર્મનું સ્થાન હંમેશાં ઊંચું રહેશે.

પ્રેમથી બોલો : ૐ

**- શ્રી નરેન્દ્ર જોશી**
વરિષ્ઠ લેખક



એક જ્ઞાની જીવ જયારે મરજીવા બને છે ત્યારે....
ત્યારે સરવાળો મોતી થઈને આવે છે....

હું, તમે અને આપણે કોણ ....?

જવાબ છે એક જીવ... આમ તો દરેકને પોતાની જીવસૃષ્ટિ મળી છે. દરેકને પોતાનું એક આકાશ હોય છે અને દરેકને પોતાનું અંગત જ્ઞાન હોય છે જે જ્ઞાનને આધારે જે તે વ્યકિત પોતાની નાની મોટી સૃષ્ટિ સર્જે છે. કયારેક એ સૃષ્ટિ અનુપમ બનીને વિરાટ દર્શન કરાવે છે... અહીં હું જે વ્યકિતત્વનો ઉલ્લેખ કરવા જઈ રહ્યો છું તે સદ્‌ગૃહસ્થનું નામ દેવયોગે "અનુપ" શાહ છે જેમના આધ્યાત્મિક જ્ઞાનની વિશાળતા વાંચી જાણીને મેં તેમનું નામ "અનુપમ" શાહ પાડયું છે... વ્યવસાયે એંજીનિયર પણ છે જ પણ લોકપ્રસિદ્ધ અખબાર "ગુજરાતમિત્ર" ની દર સોમવારની લોકપ્રિય "સત્સંગ પૂર્તિ" માં છેલ્લા વર્ષ દરમ્યાન તેમણે ૐ પરની પ્રસ્તુતિની હેલી ચલાવી છે તે જોઈને તો "ત્રિભુવન" એમના પર વારી ગયું હશે. ૐ પર અનુપભાઈએ જે રીતે સંશોધનાત્મક વિશ્લેષણ કર્યું છે તે જોતા એમ જ લાગે કે કોઈ મરજીવા સમુદ્રમાં છેક પાતાળે વિષ્ણુલોકમાંથી ૐ નામના મોતી વીણી વીણીને આપણે માટે લાવ્યા છે. જે ૐ નામના મોતીને પુસ્તકમાં પરોવીને દરેક પેઢી વાંચી શકે અને સમજી શકે. તેમનું લેખન ઊંડાણ ૐ પૃથ્વીના પાંચેય તત્વોમાં કેવી રીતે વણાયેલો છે, સમાયેલો છે તેની પિછાણ કરાવે છે.

ખૂબ જ જ્ઞાની કથાકાર શ્રી ભુપેન્દ્રભાઈ પંડયા રૂબરૂ મુલાકાતમાં એક પ્રશ્નના જવાબમાં કહી ગયા હતા કે ભારતવર્ષનું ધર્મનું ઊંડાણ સાગર જેટલું ઊંડું છે તેને ચમચીથી ન માપી શકાય... એ ભૂદેવ ભુપેન્દ્રભાઈની વાતમાંનું સત્વ અને તત્વ કાઢવાનો શ્રેષ્ઠ પ્રયાસ મુરબ્બી શ્રી અનુપભાઈ શાહે કર્યો છે જે આપણા માટે બેશક પવિત્ર ચમચીમાં આવેલું આચમન બની રહેશે એવું હું અનુપભાઈની ૐ પરની લેખન શૃંખલા પરથી કહી શકું. એટલું જ નહિ દર સોમવારે સત્સંગમાં વાંચીને વોટ્સઅપ પર લખતો રહેતો હતો કે, અત્યાર સુધી તમે કયાં હતાં ?

સાચે જ અનુપભાઈ શાહ.... મળવા જેવા ઉચ્ચ સ્વભાવના માણસ તો છે જ, પણ ઉચ્ચકોટીનું લખનાર લેખક પણ છે. એમનું ૐ પરનું પુસ્તક વિશ્વની ભાષાઓમાં રૂપાંતરિત થશે તો મને વિશ્વાસ છે કે તે "Best Seller" પુસ્તકની શૃંખલામાં સ્થાન પામશે, દરેક પેઢી માટે "અનુપમ" બની રહેશે.

**- શ્રી હરેશ જાની**
વરિષ્ઠ આધ્યાત્મિક લેખક



આત્મીય મિત્ર શ્રી અનુપભાઈ,
જય સચ્ચિદાનંદ,

ગુજરાતમિત્રની સત્સંગપૂર્તિમાં છપાયેલા આપના લેખ પુસ્તકના માધ્યમથી પ્રકાશિત કરી રહ્યા છો તે જાણીને ખુબ આનંદ થયો. આપની એ લેખયાત્રા ખુબ અદ્ભુત હતી. અમારું આધ્યાત્મિક ગ્રુપ કે જે spiritual science group તરીકે ઓળખાય છે તે કેનેડા સહિત અન્ય ૨૨ દેશોમાં ફેલાયેલું છે. જેમાં લગભગ ૩૦૦૦ જેટલા આધ્યાત્મિક મિત્રો જોડાયેલા છે. આ બધા મિત્રોને આપના લેખ મોકલતો અને આ બધા મિત્રો આપના લેખોનો અભ્યાસ ખુબ ઝીણવટભરી રીતે કરતા. એમાંના પણ ઘણા મિત્ર એવી ઈચ્છા દર્શાવતા હતા કે આ લેખ શ્રેણી પુસ્તક રૂપે પ્રકાશિત થાય. આજે આપ જયારે આ ધ્યેય તરફ જઈ રહ્યા છો અને અગાઉ પ્રકાશિત થયેલા પુસ્તકોની જેમ જ સમાજના આધ્યાત્મિક ઉત્થાન માટે, સામાન્યજનોને અંધશ્રધ્ધા અને જડતાથી દુર રાખવા માટેના આ પ્રયત્નો કે જેમાં પુસ્તક પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાય તે ઉદાત ભાવના પણ ખુબ પ્રશંસનીય છે. મારા તેમજ મારા આધ્યાત્મિક ગ્રુપના તમામ મિત્રો વતી આપને ખુબ ખુબ શુભેચ્છાઓ. પુસ્તકની soft copy મોકલશો તો મારા ગ્રુપના તમામ સભ્યોને આનંદ થશે. INDIA આવીશ ત્યારે ચોકકસ રૂબરૂ મળીશ. અને આપની પાસે પુસ્તક મેળવીશ.

સહુને મારા જય શ્રી કૃષ્ણ

**- શ્રી કિશોર પાંચાણી**
ટોરોન્ટો, કેનેડા



## Anup P. Shah

B.E. (Civil); A.M.I.E.; M.I.G.S.; F.I.V.

### Life Achievements

- Recognised as "Competent Person" By Govt. of Gujarat
- Associate Member of Institute of Engineers (India)
- Member of Institute of Geotechnical Society
- Fellow of Institute of Valuers
- Licenced Engineer (S.M.C.)
- Life Member S. Guj. Chamber of Commerce & Industries
- Life Member Institute of Civil Engineers & Architects
- Recipient of "Vijayshree Award" from Internations Friendship Society
- Recipient of "Bharat Gaurav Award" from Global Publishing House
- Publication of Book on "Time Management"
- Publication of Book on "પુરાણો સમજવાની પૂર્વભૂમિકા"
- Publication of Book on "સર્વ સત્યનું છેવટનું સત્ય **પરમાત્મા**"
- Writer of "અધ્યાત્મ દર્શન" in Gujaratmitra Satsang Purti

# ૐ પ્રસ્તાવના

ૐ પરમાત્મને નમઃ

જય અંબે | કોટયર્ક પ્રસન્નોસ્તુ | જય શ્રીકૃષ્ણ

। ॐ ह्रीं अखण्ड् सच्चिदानंद परं ब्रह्मणे नमः ।

ૐ (પરમાત્મા) તથા હ્રીં (ચૈતન્ય બીજ શકિત) અખંડ સ્વરૂપે એટલે કે વિભાગ વિનાના (અર્થાત ઉભય સ્વરૂપ) સચ્ચિદાનંદ 'પરમબ્રહ્મ' ને હું નમન કરું છું.

મારા કુટુંબમાં બ્રહ્મ અને શકિતની અલગ અલગ રીતે થતી સેવા–પૂજાના વાતાવરણમાં ઉછરેલું મારું મન આ બંને તત્વોના રહસ્યો સમજવાનો પ્રયત્ન હંમેશા કરતુ રહેતું હતું. જેના ભાગરૂપે પુરાણો વાંચવાનો પ્રયત્ન કર્યો. પુરાણોમાં આવતી કથા વાર્તાના પાત્રોનો પરિચય, કાળનો પરિચય, વંશોનો પરિચય, વગેરેના અભ્યાસ વડે લોકહિત અર્થે "પુરાણો સમજવાની પૂર્વભૂમિકા" પુસ્તકનું સંકલન કર્યું. જે ખુબ પ્રસિદ્ધ થયું. પરમાત્માને સમજવાના ધ્યેયથી વધુ અભ્યાસ વડે "સર્વ સત્યનું છેવટનું સત્ય, પરમાત્મા" પુસ્તકનું સંકલન કર્યું. જેને પણ ખુબ સારો આવકાર મળ્યો.

અંતિમ સત્યની શોધમાં વેદની એવી સમજણ પ્રાપ્ત થઈ કે વેદ પણ, 'નેતિ નેતિ' કહી, બ્રહ્મ અને શકિત અલગ અલગ નથી, તેવા ઈશારા સાથે મૌન રહે છે. પરમાત્મા નિર્ગુણ, અનંત, એકરસ છે તેવી પ્રતીતિ હંમેશા રહી. મારા સતત વાંચનમાં બૃહદારણ્યક ઉપનિષદ અધ્યાય–પ નું વાકય "**ॐ पूर्णमद' पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते।।**" અર્થાત 'ૐ એ પૂર્ણ બ્રહ્મ છે. આ જગત પૂર્ણ છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે' અને કેન ઉપનિષદ ખંડ–૧, શ્લોક–૩ નું વાકય ' એ પરમાત્મા તત્વ આપણે જાણીએ તેનાથી જુદું છે અને જે નથી જાણતા તેનાથી પણ પર છે' વગેરે એ નવી સમજ આપી. વળી ગીતાજી (૧૨.૩–૪) શ્લોકોના શબ્દોએ નવી ક્ષિતિજો ખોલી. **अक्षरम्** (અવિનાશી), **अनिर्देश्यं** (નિર્દેશ નહિ કરી શકાય તેવું અથવા અકથનીય), **अव्यक्तम्** (નિરાકાર, વ્યકત નહિ થાય તેવું), **सर्वत्रगम** (સર્વવ્યાપી), **अचिन्त्यं** (ચિંતવી નહિ શકાય તેવું, મન અને બુદ્ધિથી પર), **कूटस्थः** (સદા એકત્વમાં રહેનાર), **अचलम्** (કદી ચલિત નહિ થાય તેવું), **ध्रुवम्** (નિત્ય પૂર્ણસ્વરૂપે), **सर्वत्र समबुद्धय** (સર્વત્ર સમ રહેલું), **सर्वभूतहिते रताः** (સર્વ ભૂતોના હિતમાં રત રહેલા), વગેરે શબ્દોની સમજણથી મારા વિચારને નવું બળ મળ્યું. જો પરમાત્મા આ બધા ગુણો ધરાવતા હોય તો પછી "**पूर्णस्य आहवानं कुत्र सर्वाधारस्य चासनम्**" અર્થાત સર્વ રહેલું હોવાથી પૂર્ણને આહવાન કેવી રીતે થઈ શકે ? "**स्वच्छस्य पाद्यं अर्घ्यं च शुद्धस्य आचमनं कुतः**" અર્થાત સ્વચ્છ ને પાધ્ય, અર્ધ્ય અને શુદ્ધને આચમન શું કામ અપાય? "**निर्मलस्य कुतः स्नानं वस्त्रं विश्वोदरस्य च**" અર્થાત નિર્મળ ને સ્નાન શું કામ ? વળી સમગ્ર વિશ્વને જેણે ઉદરમાં સમાવ્યું છે તેને વસ્ત્ર? "**अगोत्रस्य अवर्णस्य कुतः तस्य उपवितकं**" અર્થાત અગોત્ર અને અવર્ણિતને ઉપવીત ? "**निर्लेपस्य कुतो गन्धः पुष्पं निर्वासनं च**" અર્થાત નિર્લેપને સુગંધ ? વાસના રહીતને પુષ્પો?

"निर्विशेषस्य का भूषा को अलन्कारो निराकृतेः" અર્થાત નિર્વિશેષ ને શણગાર ? નિરાકારને અલંકાર ? "निरन्जनस्य किं धूप दिपेर्वा सर्व साक्षिणः", અર્થાત નિરંજનને ધૂપ ? સર્વના સાક્ષીને દિપ ? આવા અસંખ્ય સંસ્કૃત સુભાષિતોની મારા મન પર ઊંડી અસર થઈ. એક સુભાષિત જેમાં અદ્વય (અથવા ઉભય – અવ્યકત રીતે રહેલું યુગ્મ) નો ઉલ્લેખ છે કે "प्रदक्षिणा अनन्तस्य अद्वयस्य कुतो नतिः", અર્થાત અનંતની પ્રદક્ષિણા કેવી રીતે થાય ? અદ્વય ને નમસ્કાર કેવી રીતે થાય ? જેવી સમજે પરમાત્માના અદ્વય અથવા ઉભય સ્વરૂપને સમજવા માટેની તાલાવેલી પ્રાપ્ત થઈ. પરંતુ સાથે જ એ પણ મનોમંથન થયું કે શું સંપ્રદાયો જે રીતે પૂજા શણગારનું મહત્વ ધરાવે છે, તે મહત્વને અનુરૂપ કરાતી મૂર્તિપૂજા યોગ્ય નથી ? આ બધી અવઢવ વચ્ચે પરમાત્માને સમજવા કેવી રીતે ? પરમાત્માનો આશરો કેવી રીતે લેવો ? આ મનોમંથન દરમ્યાન સ્વામી વિવેકાનંદ નું વાકય "ૐ" એ પરમાત્માની અભિવ્યકિત છે" તે વાંચવામાં આવ્યું. ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાન દ્વારા ઉચ્ચરાયેલા ૐ નું મહત્વ દર્શાવતા વાકયો "હું ૐ કાર છું" (૯.૧૭) "અક્ષરોના પરમ સંયોજન ૐ કારનું ઉચ્ચારણ કરતા રહી, જો કોઈ મનુષ્ય પરમેશ્વરનું ચિંતન કરે છે અને દેહ ત્યાગ કરે છે તો તેની પરમગતિ થાય છે." (૮.૧૩) "જેઓ વેદોના જાણકાર છે, જેઓ ૐ નું ઉચ્ચારણ કરે છે, તેવા વિતરાગીઓ બ્રહ્મમાં પ્રવેશ કરે છે." (૮.૧૧), "બ્રહ્મની પ્રાપ્તિ માટે યોગીજનો શાસ્ત્રોકત વિધિ પ્રમાણે યજ્ઞ, દાન તથા તપની સર્વ ક્રિયાઓનો શુભારંભ હંમેશા ૐ થી કરે છે." (૧૭.૨૪),વૈદિક મંત્રોમાં હું ૐ કાર છું (૭.૮), "સર્જનની શરૂઆતથી ૐ, તત, સત આ ત્રણે શબ્દો પરમ સત્યોનો નિર્દેશ કરવા પ્રયુકત કરતા રહ્યા છે" (૧૭.૨૩). વગેરે થી ૐ અક્ષર પ્રત્યે ખેંચાણ ઉભું થયું. ૐ અક્ષરને સમજવાની તાલાવેલી થઈ. વળી સનાતન ધર્મમાં દર્શાવેલ પંચાયતન પૂજામાં એકાકાર રૂપ ૐ નું મહત્વ સમજાયું. વધું વાંચનમાં અન્ય મહાપુરુષોની સમજણ રૂપી વાકયો પણ વાંચવામાં આવ્યા. એમ માનો પરમાત્માની પ્રેરણા મળી અને ૐ ને અક્ષર તરીકે અને ધ્વનિ તરીકે વિગતવાર સમજી તે માટેનું લેખન કાર્ય શરૂ કર્યું. ગીતામાં આપેલ ધર્મનું સત્વ સમજવા માટે અને એ પ્રમાણેનું સાત્વિક જીવન માત્ર પરમાત્માની કૃપાથી જ શકય બની શકે જેમાં ૐ ના ઉચ્ચારણ દ્વારા પરમાત્મા અને એમની અવકાશી શકિતઓનો ઉપયોગ શકય બનાવી શકાય, એ ધ્યેયને ધ્યાનમાં રાખી સાત્વિક ઈચ્છાપૂર્તિ શબ્દને મહત્વ આપ્યું. યુવાનો અને વિદ્યાર્થીઓને રસ પડે તે રીતે કુદરતમાં સર્જાતા આકાર અને ગણિતના અંકોના ઉપયોગને પણ મહત્વ આપ્યું.

આ દરમ્યાન ગુજરાતમિત્રમાં વડીલ શ્રી સોલંકી સાહેબને અને આદરણીય શ્રી સનતભાઈ દવે ને મળવાનું થયું. મારા અગાઉ આપેલા પુસ્તકોનો સંદર્ભ એમની પાસે હતો જ. આથી તેમણે "ગુજરાતમિત્રની સત્સંગ પૂર્તિ"માં આપના વિચારો લખો તેવું સુચન કર્યું. મારું ૐ નું અધ્યયન અને લેખન ચાલુ જ હતું, આથી મેં એ પ્રસ્તાવ સહર્ષ સ્વીકાર્યો. પછી તો પરમાત્માની જેમ પ્રેરણા મળતી ગઈ તેમ લેખ લખતો ગયો. લેખોમાં રહેલ અઘરા વિષયને આકૃતિ દ્વારા સમજણ આપવા મારા સુપુત્ર શ્રી વરુણે ખુબ મહેનત કરી. લેખોની જોડણી તેમજ વાકય રચના સુધારવાના કાર્યમાં મારી ધર્મપત્ની નીતા નો સહયોગ રહ્યો. લેખ તૈયાર થયા પછી લેખ બાબતનો પહેલો પ્રતિભાવ પુત્રવધુ ઉર્વી, પુત્રી ડેઝી, જમાઈ મિતુલકુમાર તથા બહેન જયશ્રી પાસે મેળવતો. ગુજરાતમિત્ર સત્સંગપૂર્તિની સંકલન ટીમ અને મેનેજમેન્ટનો પણ સુંદર સહકાર મળ્યો. આ બધાના પરિપાક રૂપ ઘણા મિત્રોએ આ લેખનકાર્ય દરમ્યાન સુંદર પ્રતિભાવો પણ આપ્યા. કેનેડામાં રહેતા મારા મિત્ર એમના ૨૨ દેશોમાં રહેલા ૩૦૦૦ થી વધુ મિત્રોને આ લેખો મોકલતા હતા અને સુંદર પ્રતિભાવો આપતા હતા. જેમના કેટલાક Whatsapp Message ના સ્ક્રીન શોટ અહીં આપ્યા છે.

આ મિત્રો સહિત અન્ય ઘણા સ્થાનિક મિત્રોના સૂચનો હતા કે આ લેખમાળાને પુસ્તક રૂપે પ્રકાશિત કરો. કારણ કે દરેક લેખમાં અન્ય લેખોનો સંદર્ભ હોય છે. આ વિનંતીને ધ્યાને લઈ આ લેખમાળા 'સત્સંગપૂર્તિ'માં જે સ્વરૂપમાં પ્રકાશિત થઈ તેના સંકલન રૂપ પુસ્તક બનાવી પ્રકાશન કરવું તે નકકી કર્યું.

મારા માતુશ્રી અને પિતાશ્રીનો સિદ્ધાંત હતો "તત્ સિદ્ધયે તનુવિત્તજા" અર્થાત 'કોઈપણ કાર્ય માટે પોતાનું તન (શરીર) અને પોતાનું વિત્ત (ધન) ને એકી સાથે જોડવું પડે, તો જ એ કાર્ય સિદ્ધ થાય'. જેને મેં જીવનમાં હંમેશા અપનાવ્યો. મારા કુટુંબ પર માતાજીની અસીમ કૃપા છે. જેનાથી કોઈપણ સેવાકાર્ય બહારની વિત્ત સહાય વગર પૂર્ણ કરી શકું છું. અગાઉના પુસ્તકો એના દાખલા છે. આ પુસ્તક માટે પણ મેં એજ બીડું ઝડપ્યું છે. અંતે

ॐ सर्वेत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित्दुःखमाप्नुयात ।।

પ્રાર્થના સાથે આપ સહુને આ પુસ્તક અર્પણ કરતા ધન્યતા અનુભવું છું.

આનંદ અને આભાર....

।। ૐ તત્સત્ ।।

– અનુપ પી. શાહ

**यस्य कृत्यं न जानन्ति मन्त्रं वा मन्त्रितं परे ।**
**कृतमेवास्य जानन्ति स वै पण्डित उच्यते ।।**

अर्थात : दूसरे लोग जिसके कार्य, व्यवहार, गोपनीयता, सलाह और विचार को कार्य पूरा हो जाने के बाद ही जान पाते हैं, वही व्यक्ति ज्ञानी कहलाता है ।

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

અનુપ શાહ વ્યવસાયે એન્જીનીયર છે. તેઓની ધર્મ પ્રત્યેની નિષ્ઠાએ વેદ–પુરાણોનો ગહન અભ્યાસ કરી "પુરાણો સમજવાની પૂર્વભૂમિકા" અને છેવટનું સત્ય પરમાત્મા' જેવા સંશોધીત પુસ્તકો પ્રકાશિત કરી નિઃશુલ્ક ધર્મપ્રેમીઓની વહેંચ્યા છે. ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટીનો ભારત ગૌરવ એવોર્ડ, વિજયશ્રી એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. સત્સંગમાં પ્રારંભ થતી તેમની આ ધર્મકોલમ આશા છે આપ સૌ વાંચકોને જરૂર પસંદ આવશે.

શું તમે ધર્મમાં માનો છો ? તમારો જવાબ જો હા હોય તો મારી દ્રષ્ટિએ તમે તેને સંપૂર્ણ સ્વીકાર્યો છે. મારો હવેનો સવાલ એ છે કે શું તમે જે માન્યું છે, જે સ્વીકાર્યું છે તેના વિશે સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી છે ? કોઈ પણ વસ્તુને જાણવી, તે તેને માનવા પહેલાનું પગથિયું છે. કોઈ વસ્તુને જાણીએ, સમજીએ, તો જ તેનો સ્વીકાર કરવો શકય છે ને ? આનો અર્થ સ્પષ્ટ છે કે તમે તેને સંપૂર્ણ સમજીને સ્વીકાર્યો છે. આ રીતે જેણે ધર્મને માન્યો છે તેને મારા અભિનંદન. હું માનું છું કે આ અભિનંદન સ્વીકારવા દરેકે પોતાની જાતને પ્રામાણિકપણે પૂછવું પડશે.

આનું કારણ એ છે કે તમે જેને ધર્મ માનો છો તે એક સંપ્રદાય છે. આ સંપ્રદાય એટલે માર્ગ, રસ્તો, પંથ કે જે તમને ધર્મનું એટલે કે તમારી અંદર બેઠેલા આત્માનું જ્ઞાન કરાવી શકે, પરમાત્માનું જ્ઞાન કરાવી શકે, તમે માનેલા સંપ્રદાયે જો હજુ સુધી આ જ્ઞાન પ્રાપ્ત નહિ કરાવ્યું હોય તો સમજી લેજો કે તમે આ માર્ગમાં કયાંક ભૂલા પડયા છો. કયાંક અટવાયા છો. તમે ઘણી વખત વિચારો છો કે મેં જિંદગીમાં કેટકેટલી પૂજા કરી ? કેટલી પ્રાર્થના કરી ? કેટલાં વ્રત–ઉપવાસ કર્યા ? કેટલાં દાનદક્ષિણા આપ્યાં ? કેટલા ભજનકિર્તન કર્યા ? પ્રભુ તમને કેટલા અભિષેક, કેટલા શણગાર કર્યા ? કેટલા લાડ લડાવ્યા ? કેટલા જપ–હવન કર્યા ? છતાં પણ પ્રભુ આપની કૃપા કેમ નથી ? હું આટલો દુઃખી છું, સંકટમાં છું, છતાં પણ મારી સામે પ્રભુ તું જોતો કેમ નથી ?

જો તમારી આવી લાગણી હોય તો આનું કારણ સ્પષ્ટ છે કે તમે, તમારા માનેલા પંથમાં કયાંક અટવાયા છો. પરમાત્માને સમજયા વગર માત્ર ભૌતિક કાર્યપ્રણાલીને પ્રાધાન્ય આપ્યું છે. પરમાત્મા સાથે કયારેય આત્મીયતા કેળવી નથી. માત્ર દેખાદેખીથી સેવા–પૂજા કરી છે. દેખાદેખીથી ધાર્મિક કાર્યો કર્યા છે.



વાતમાં તથ્ય લાગતું હોય તો ચાલો આપણે આપણા ધર્મની આપણી અંદર જ ખોજ કરીએ. આપણા આત્માને ઓળખીએ. આપણે જે મૂળ તત્વથી છૂટા પડયા છીએ તે પરમાત્મા સાથે સંપર્ક કરવાનો પ્રયત્ન કરી ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ અને આ ખોજ માટે જ સૌ પ્રથમ એકાક્ષર મંત્ર ૐ ને સમજીએ.

ખૂબ સાચા અર્થમાં આપણે સૌ ૐ ને એક અક્ષર તરીકે ઓળખીએ છીએ કે જે ત્રણ અક્ષરોનું સંયોજન છે. અ + ઉ + મ પરંતુ આપણી પાસે ૐ અક્ષર વિશેની જે મહત્વની જાણકારી છે તે નથી. પહેલા આપણે ૐ અક્ષર વિશે, આપણને ઉપયોગી સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરીએ. વેદો, ઉપનિષદો, ગીતા વગેરેનાં પ્રમાણોને સમજીએ, 'ૐ અક્ષર હું જ છું' એવું શ્રી કૃષ્ણ ભગવાને ગીતા (૯.૧૭) માં કહ્યું છે, તેને સમજીએ. ઐતરેય ઉપનિષદ (પ્રથમ અધ્યાય, ત્રીજો ખંડ, શ્લોક ૧૬–૧૭ માં "ૐકાર વડે આત્માને જોઈ શકાય છે તેવું લખ્યું છે તે વાત અનુભવીએ" વળી કઠોપનિષદ (પહેલો અધ્યાય, બીજી વલ્લી, શ્લોક ૧૫) મુજબ " આ ૐ અક્ષર જ પરમ તત્વ છે. આ અક્ષરને જાણીને જે ઈચ્છા કરવામાં આવે તે મળે છે" તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણે આપણી આ ધાર્મિક સંવાદરૂપ યાત્રા દરમ્યાન શાસ્ત્રોનાં પ્રમાણો, આધ્યાત્મિક તથ્યો, વૈજ્ઞાનિક સ્વીકૃતિ, ગણિતીય સાબિતી વગેરે સમજવાનો પ્રયત્ન કરીશું. આપણે જયાં અટવાયા છીએ ત્યાંથી બહાર નીકળી ૐ અક્ષરના ઉપયોગ વડે પરમાત્માની ઝાંખી મેળવવાનો પ્રયત્ન કરીશું. પ્રાર્થના કરીશું અને આપણી કોઈપણ સાત્વિક ઈચ્છા તે પછી ભૌતિક હોય કે આધ્યાત્મિક તેની પૂર્તિ માટે પ્રયત્ન કરીશું. તો છો તમે તૈયાર ? તો આવતા અઠવાડીયે આજ કોલમમાં પાછા મળશું ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

લેખાંક – ૧ ગુજરાતમિત્ર પ્રસિધ્ધ તા. ૧૮–૧૦–૨૦૨૧

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

**અધ્યાત્મ દર્શન**

અનુપ શાહ

પહેલું પ્રકરણ વાંચ્યા પછી ઘણા મિત્રોના ફોન આવ્યા કે ૐ તો આધ્યાત્મિક શબ્દ છે. તો શું તેનો ભૌતિક ઈચ્છાની પૂર્તિ માટે પણ ઉપયોગ થઈ શકે ? આવું વિચારતા તમામ મહાનુભાવોને વિનંતી કે પહેલા પ્રકરણમાં મેં સ્પષ્ટ લખ્યું છે કે કોઈ પણ વસ્તુને માનતા પહેલાં એને સંપૂર્ણ જાણવી કે સમજવી જોઈએ. માટે ધીરજ રાખો, પહેલા ૐ ની સંપૂર્ણ સમજ કેળવીએ, આગળનો રસ્તો આપોઆપ દેખાવા માંડશે. ચાલો હવે આગળ વધીએ.

### ૐની સમજ

પહેલાં આપણે સૃષ્ટિ ઉત્પન્ન થતી વખતે ૐ નાદનો ઉદ્‌ભવ કેવી રીતે થાય તે ટૂંકમાં સમજીએ. તમને જાણીને કદાચ નવાઈ લાગશે કે ૐ એ કોઈ અક્ષર નથી પણ એક નાદ છે, એક ધ્વનિ છે. ૐ કોઈ પણ ભાષાની બારાખડીમાં નથી. છતાં પણ ૐનું ધ્વનિ અને અક્ષર બન્ને રીતે મહત્વ છે. જેમ ભગવાનને આપણે જોઈ શકતા નથી પરંતુ મૂર્તિ બનાવીને પૂજા દ્વારા અનુભવી શકીએ છીએ, તેમ ૐ ધ્વનિને આંખથી અનુભવવા અક્ષરનો ઉપયોગ કરવામાં આવે છે. હિંદુ ધર્મમાં “વેદો” સર્વ સ્વીકાર કરાયેલા મુખ્ય શાસ્ત્રો છે. કહેવાય છે કે, વેદ એ પ્રભુની એટલે કે નારાયણની ઉચ્ચારેલી વાણી છે. વેદોમાં પરમાત્માને નિરાકાર કહ્યા છે છતાં પણ આપણી આખી સૃષ્ટિની ઉત્પત્તિમાં પરમાત્મા મહત્વનો ભાગ ભજવે છે. જયારે પરમાત્મા નવી સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છાની “રેચક” ની સ્થિતિમાં આવે છે ત્યારે શ્રુતિમાં દર્શાવેલા “તત્સદબ્રહ્મ” માનું એકમાત્ર “તેજ” અથવા “સત” એકાકાર “મહતત્વ” રૂપે ઉત્પન્ન થાય છે. આ મહતત્વથી સોનેરી રંગનો દડો (હિરણ્યગર્ભ) ઉત્પન્ન થાય છે. આ હિરણ્યગર્ભમાં નારાયણીની ત્રિગુણાત્મક શકિતથી બ્રહ્મા અને વિષ્ણુનો પ્રવેશ થાય છે. એક વર્ષ પછી આ હિરણ્યગર્ભમાં “વિસ્ફોટ” થાય છે, અને તેના બે ભાગ થાય છે. પહેલા ભાગથી ભૂર્લોક અને પાતાળ, બીજા ભાગથી ભૂવર્લોક અને સ્વર્ગલોક અને વચ્ચે આકાશ ઉત્પન્ન થાય છે. (ભુર, ભુવ, સ્વહ). આ જે વિસ્ફોટ થાય છે, તેનાથી જે ‘નાદ’ અથવા ‘ધ્વનિ’ ઉત્પન્ન થાય છે તેને જ “ૐ” કહેવામાં આવે છે. આથી જ ૐને વેદોનું મૂળ, ખુદ નારાયણે ઉચ્ચારેલી વાણી. ગાયત્રીનું મૂળ અને વાણીનું મૂળ કહેવામાં આવે છે. પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી ૐ ધ્વનિ આપણી આજુબાજુના વાતાવરણમાં હંમેશા રહેલો છે. આથી ૐને **“ઉદગીથ”** કહેવામાં આવે છે. ૐ ધ્વનિ કોઈ પણ વસ્તુઓના ટકરાવ વગર કુદરતી રીતે જ અનુભવાય છે. આથી એને **‘અનાહટ નાદ’** પણ કહેવામાં આવે છે. ૐ ધ્વનિની કોઈ સીમા નથી. તેમ જ તેની કોઈ શરૂઆત અથવા કોઈ અંત નથી આથી એને **‘અનહદ નાદ’** પણ કહેવામાં આવે છે. આ નાદને આપણે થોડા અભ્યાસથી ગમે ત્યાં સાંભળી શકીએ છીએ. દરિયાની લહેરો, સૂસવાટા મારતો પવન, ઝરમર વર્ષા વગેરેમાં કુદરતી રીતે ૐ નાદ સાંભળી શકાય છે. એક લાંબું નળાકાર ભૂંગળું લઈને એક બાજુ કાન રાખી સાંભળવાથી પણ આ નાદની અનુભૂતિ કરી શકાય છે.

### ૐ નું મહત્વ:




વેદ, ઉપનિષદ, દરેક પુરાણો અને ગીતામાં ૐની ગાથા ગાવામાં આવી છે. ૐને ધ્યાન ધરવામાં અને વૈદિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. ૐ અક્ષર વડે, આત્મા દ્વારા પરમાત્માને સમજી શકાય છે. ૐ ને “એકાક્ષર મંત્ર” પણ કહેવામાં આવે છે. પરમાત્મા અને આ સૃષ્ટિને સમજવા માટેનો સંપૂર્ણ સાર આ ૐ અક્ષરમાં છે. વેદાધ્યાનમાં પ્રણવનો પહેલો ઉચ્ચાર ૐ એ જ મંગલ છે. અને એનાથી જ મંગલાચરણ થાય છે. ફકત હિંદુ ધર્મમાં જ નહીં પરંતુ જૈન, બૌદ્ધ, શીખ વગેરે ઘણા ધર્મોમાં ૐ નું મહત્વ સ્વીકારાયું છે. “નાસા” ના સંશોધન પ્રમાણે સૂર્યમાંથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે ૐ ને મળતો ધ્વનિ છે.

### ૐ અક્ષરની સમજ:

ૐ અક્ષરને અલગ અલગ સો (૧૦૦) થી વધુ રીતે સમજાવી શકાય છે. અહીં આપણે મુખ્ય સમજૂતીઓ પર વિચાર કરીશું.

**અક્ષરના સંયોજન રૂપેઃ (સાથે આકૃતિ સમજતા જવી)**

ૐ અક્ષર કુલ પાંચ ભાગમાં વહેંચાયેલો છે. ‘અ’કાર, ‘ઉ’કાર, ‘મ’કાર, ‘માત્રા’ અને ‘બિંદુ’. અહીં અ+ઉ+મ આ ત્રણ અક્ષરોને અડયા વગર ઉપર માત્રા છે. અને એને અડયા વગર ઉપર બિંદુ છે. આ જે બિંદુ છે તે જ પરમેશ્વર (પરમાત્મા, પરમબ્રહ્મ, અક્ષરાતીત) નું સ્થાન છે. તેની નીચે જે માત્રા છે તે અવિનાશી બ્રહ્મ (નારાયણ + નારાયણીનું ઉભય અને યુગ્મ સ્વરૂપ) નું સ્થાન છે. આ સ્થાનને ‘અક્ષર’ (એટલે કે જેનો નાશ નહિ થાય) કહેવામાં આવે છે. માત્રાની નીચે જે ૐ છે તેમાં જે ‘અ’કાર છે તે ઈશ્વરો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વરના અવતારો, શિવ–શકિતના અવતારો વગેરે) નું સ્થાન છે જે ‘ઉ’કાર અને ‘મ’ કારથી ઊંચુ પણ તેમની સાથે જોડાયેલ છે. સામાન્ય માણસો આ જ સ્થાનની ભકિત અને પૂજા કરે છે. આ જ સ્થાન અવિકારી કહેવાય છે કારણ કે ‘અ’ અક્ષર બોલવા માટે હોઠ, દાંત, જીભ કે કંઠનો આધાર લેવો પડતો નથી. આ જ સ્થાન “ઈશ્વરકોટી” પણ કહેવાય છે. ‘મ’ કારમાં પૃથ્વીથી ઉપરનું સ્થાન જેમાં તેજ, વાયુ, આકાશ અને તેની ઉપર સ્વર્ગ લોક, દેવલોક વગેરે સમાયેલા છે. આ સ્થાન ‘દેવકોટી’ પણ કહેવાય છે. ‘ઉ’ કારમાં આત્મા, મહાત્મા, હંસાત્મા, જીવ વગેરેનું સ્થાન છે જેને “જીવકોટી” પણ કહેવાય છે. આ ત્રણે સ્થાન ક્ષર કહેવાય છે. (એટલે કે જેનો નાશ થાય). શ્રી કૃષ્ણ ભગવાને ગીતા (૧૫–૧૬ અને ૧૫–૧૭) માં આની સ્પષ્ટ સમજૂતી આપી છે. આ જ ૐ અક્ષરમાં પાંચ વેદ સમાયેલા છે. એવું કહેવાય છે. વેદ નારાયણના મુખેથી બોલયેલા વેદને બ્રહ્માજીએ ગ્રહણ કર્યા પછી બ્રહ્માજીના પાંચ મુખ વડે જે પાંચ વેદ પ્રચલિત થયા તેમાં પૂર્ણ તરફના મુખેથી ‘રૂગવેદ’, પશ્ચિમ તરફના મુખેથી ‘સામવેદ’, દક્ષિણ તરફના મુખેથી ‘અથર્વવેદ’, ઉત્તર તરફના મુખેથી યજૂર્વેદ (માત્રા) અને ઉપરનું પાંચમું મુખ જે શિવ ભગવાને છેદન કર્યું હતુ (શિવ કપાલી કેમ કહેવાયા તે વાર્તા વાંચવા વિનંતી) તેને “સૂક્ષ્મવેદ” કહેવામાં આવે છે. આ “સૂક્ષ્મવેદ” જ બિંદુનું સ્થાન છે અને પરમાત્માને સમજવા માટેનું જ્ઞાન છે. બીજી રીતે સમજીએ તો ‘ઉ’ કાર અજ્ઞાન છે. ‘મ’ કાર જ્ઞાન+અજ્ઞાન છે, ‘અ’ કાર શુદ્ધ જ્ઞાન છે, માત્રામાં વિશિષ્ટ જ્ઞાન છે અને બિંદુમાં પરમાત્માને સમજવા માટેનું “તત્વજ્ઞાન” છે. વધુ સમજણ આવતા અંકમાં. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

લેખાંક – ૨ ગુજરાતમિત્ર પ્રસિધ્ધ તા. ૨૫–૧૦–૨૦૨૧

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

ગતાંક થી આગળ...

ગયા અઠવાડિયાનો લેખ વાંચ્યા પછી, ઘણા મિત્રો સાથે ચર્ચા થઈ તેમાં મુખ્યત્વે બે સવાલ સામે આવ્યા. પહેલો સવાલ હતો, ક્ષર અને અક્ષરની સમજૂતી બાબતનો. ઘણા મિત્રો ગીતામાં દર્શાવેલ આ સમજૂતીમાં સહમત હતા, પરંતુ અક્ષરાતીત શબ્દ ગીતામાં દર્શાવ્યો નથી તે બાબત પર વધુ પ્રકાશ પાડવા વિનંતી કરી હતી. આ તમામ મિત્રોને હું ત્યાર પછીના શ્લોકના ગૂઢાર્થ સમજવા વિનંતી કરું છું અને સાથે જ સ્વેતાશ્વતર ઉપનિષદ ૬.૩ તરફ ધ્યાન દોરું છું. તે મુજબ ''અક્ષરપુરુષ, સૃષ્ટિ રચવા રૂપ કર્મ કરીને તેમાંથી નિવૃત્ત થઈ જાય છે અને ફરીથી પોતાના અવ્યય (અક્ષરાતીત) તત્વમાં ભળી જાય છે.'' અક્ષરાતીત એ અક્ષરની ઉપરનું શ્રેષ્ઠ સ્થાન છે.

બીજો સવાલ હતો ''નાસા'' ની સ્વીકૃતિ બાબતનો. આના માટે હું આપ સૌને નાસાની official site જોવા વિનંતી કરું છું. સૂર્યમાંથી નીકળતા electromagnetic waves ને sound waves માં તબદીલ કરીને આ નાદને નાસાના સેન્ટર "Nasa Godard visiters center in greenbelt Maryland" માં મૂકવામાં આવ્યો છે.

હવે આગળ વધીએ..

આગળ વધતા પહેલાં આ લેખમાં રસ ધરાવનાર તમામને મારી નમ્ર વિનંતી કે 'સત્સંગ' ની દરેક ધારાવાહિકની પૂર્તિ સાચવી રાખે. દરેક લેખમાં આકૃતિ દ્વારા જે સમજાવવામાં આવશે તેનો બીજા લેખોમાં પણ ઉપયોગ કરવામાં આવશે.




**ગીતાજી અધ્યાય ૮ (૧૮, ૧૯, ૨૦) માં દર્શાવેલ 'વ્યકિત', 'વ્યકત' અને 'અવ્યકત' ની ૐ દ્વારા સમજ:**

ગીતાજીના આઠમા અધ્યાયના શ્લોક ૧૮ થી ૨૦માં સમજાવ્યું છે કે, ''બ્રહ્માના દિવસના આરંભ સમયે બધા 'જીવો' (વ્યકિત)', 'અવ્યકત' દશામાંથી 'વ્યકત' થાય છે અને પછી જયારે બ્રહ્માની રાત પડે ત્યારે પુનઃ 'અવ્યકત' દશાને પામે છે. આ સિવાય તેનાથી પર એક 'અવ્યકત પ્રકૃતિ' છે જે શાશ્વત (સનાતન) છે અને આ 'વ્યકત' થી પર છે. સર્વોપરી અને કદાપિ નષ્ટ નહીં થાય તેવી છે. જયારે આ જગતમાંનું બધું જ નાશ પામે છે ત્યારે પણ તે તેમ જ રહે છે.''

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

આ શ્લોકને ૐ અક્ષર દ્વારા અહીં આપેલ આકૃતિમાં સમજાવ્યો છે. આ સાથે આગાઉના લેખની આકૃતિ જોશો તો તેમાં જે જીવકોટિ છે તે જીવો અથવા વ્યકિતનું સ્થાન છે. દેવકોટિ અને ઈશ્વરકોટિમાં પરમાત્માના અવતારો કે જે પરમાત્માનું 'વ્યકત' સ્વરૂપ કહેવાય છે તેનું સ્થાન છે. આની ઉપર જે માત્રા છે તે 'અવ્યકત' પ્રકૃતિ અને જે બિંદુ છે તે 'અવ્યકત' એટલે કે પરમાત્માનું સ્થાન છે.

**વિવિધ લોક, વિવિધ મુકિત અને મોક્ષની ૐ અક્ષર દ્વારા સમજણ:**

આ સમજણ કેળવવા માટે પ્રથમ આપણે સ્થૂળ દેહ વિશે ટૂંકમાં સમજીએ. આપણું શરીર એટલે કે સ્થૂળ દેહ કુલ ૨૫ (પચ્ચીસ) તત્વોનો બનેલો હોય છે. પાચં મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી) + પાંચ જ્ઞાનેન્દ્રિય (હાથ, પગ, વાણી, પ્રજનન ઈન્દ્રિય, મળ ઈંદ્રિય) + પાંચ વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) + ચાર અંતઃકરણ (મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર) અને વાસના.

જયારે દેહનું મૃત્યુ થાય છે ત્યારે સૌ પ્રથમ શરીર છૂટે છે, અહીં અનુક્રમે ઉપર દર્શાવેલા જે પ્રથમ પંદર તત્વો છે તે છૂટે છે. જેને અગ્નિદાહ આપી તે દેહ પંચમહાભૂતમાં મળી ગયો તેમ કહીએ છીએ. હવે બાકી રહેલાં દસ તત્વોનો દેહ 'સૂક્ષ્મ દેહ' કહેવાય છે. જેનો કર્માનુસાર દેવલોક અથવા સ્વર્ગલોકમાં પ્રવેશ થાય છે જેને **'સાલોક્ય મુકિત'** (એટલે કે ભગવાનના નિત્યધામમાં નિવાસ) કહેવાય છે. અહીંથી વધુ સારાં કર્મોના આધારે જો પાંચ વિષયો પણ છૂટી શકે તો બાકી રહેલા દેહને 'કારણદેહ' કહેવાય છે. જેને **'સારૂપ્ય મુકિત'** (એટલે કે ભગવાન જેવું રૂપ) કહેવાય છે. બાકી રહેલાં પાચં તત્વોમાંથી જો ચાર કરણ (અંતઃકરણ) છૂટે તો **'સામીપ્ય મુકિત'** (એટલે કે બ્રહ્મના સાંનિધ્યમાં રહેવાનું સામર્થ્ય) કહેવાય છે. હવે છેલ્લી વાસના (એટલે કે વાસના દેહ) બાકી રહે છે, જો વાસના છૂટે તો તેને **'સાયુજય મુકિત'** (મોક્ષ) કહેવાય છે, પહેલી ત્રણ મુકિતઓને ફકત **મુકિત** કહેવાય છે એટલે કે ફરી જન્મ આપનારી કહેવાય છે જયારે ચોથી સાયુજયમુકિત, **મોક્ષ** કહેવાય છે. અહીં જ આત્માનો પરમાત્માના વિગ્રહમાં પ્રવેશ થાય છે. અહીં પ્રવેશ થયા પછી આત્માને નવો દેહ મળતો નથી. યોગીઓ, ધ્યાનીઓ, તપસ્વીઓ ૐ માં રહેલા આ બિન્દુ પર હંમેશા ધ્યાન કેન્દ્રિત કરે છે. આપણે પણ આગળ ઉપર સમજશું ૐ અક્ષરમાં રહેલા બિન્દુનું મહત્ત્વ અને તેના ઉપયોગથી સાત્ત્વિક ઈચ્છાપૂર્તિની રીતો.

આ તમામ સમજૂતી સાથે અહીં આપેલ આકૃતિનો અભ્યાસ કરવા વિનંતી. અભ્યાસ કરવાથી ૐ અક્ષરની સમજણ વધુ થશે. હજુ આગળ જેમ જેમ વધશું અને સમજશું, તેમ તેમ ૐ અક્ષરની સમજ માટેની નવી નવી ક્ષિતિજો ખૂલતી જશે અને પહેલા લેખમાં જણાવ્યું હતું તેમ, ૐ ને જાણવા પછી માનવા (અથવા માણવા) મકકમ બનીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**



લેખાંક–૪

સર્વે ને નુતનવર્ષ ની શુભ કામનાઓ....

અગાઉ ના લેખોમાં આપણે ૐ ને અલગ અલગ સાત રીતે સમજ્યા. લેખ – ૩ માં જે 'અવ્યકત', વ્યકત' અને 'વ્યકિત' ની સમજ ગીતાજીના શ્લોકના ઉદાહરણ દ્વારા દર્શાવી એમાં ઘણા વડીલ મિત્રો ને ખુબ જ આશ્ચર્ય થયું. એક વડીલે તો ત્યાં સુધી કહ્યું. કે ગીતા આખી મને કંઠસ્ત છે છતાં આ પ્રમાણેની સમજ મેં પહેલીવાર અનુભવી. વડીલો અને મહાનુભાવોની આવી લાગણી મારા માટે ઉત્સાહ પ્રેરક છે. એક વાત ખાત્રીપૂર્વક કહીશ કે આપે નહિ કલ્પેલી સમજૂતીઓ સાથે હું આગળ વધી રહ્યો છું, માટે દરેક ને મારી વિનંતી છે કે બધા લેખ સાચવી રાખજો. દરેક લેખનું કોઈક અનુસંધાન આગળ ઉપર મળશે. દા.ત. આ જે 'અવ્યકત', 'વ્યકત' અને 'વ્યકિત' ની સમજ છે તેનાથી એવું સમજાય કે **આપણે એટલે કે 'વ્યકિતઓ', આ 'અવ્યકત' ની એટલે કે 'પરમાત્મા' ની "અભિવ્યકિત" છીએ.** ખુબ જ અગત્યનું વાકય છે. ખુબ વિસ્તારથી હવે પછીના લેખોમાં સમજવાનો પ્રયત્ન કરીશું. તો ચાલો હવે થોડી વધુ સમજુતી સાથે આગળ વધીશું.

**ગીતાજી ના અધ્યાય ૧૫ માં દર્શાવેલ 'અશ્વત્થ વૃક્ષ' ની સમજણ:**

ગીતાજી ના અધ્યાય ૧૫, શ્લોક ૧ થી ૪ માં જે સમજ આપવામાં આવી છે તે મુજબ : " એમ કહેવાય છે કે એક શાશ્વત અશ્વત્થ વૃક્ષ છે. જેના મૂળ ઉપરની તરફ અને શાખાઓ નીચેની તરફ છે. તથા તેના પાંદડા વેદમંત્રો છે. જે મનુષ્ય આ વૃક્ષને જાણે છે તે વેદોનો જ્ઞાતા છે."

" આ વૃક્ષની શાખાઓ ઉપર તથા નીચે પ્રસરેલી છે, અને પ્રકૃતિના ત્રણ ગુણો દ્વારા પોષણ પામે છે. તેની ડાળખીઓ ઈન્દ્રીઓના વિષયો છે. આ વૃક્ષના મૂળ નીચે પણ વિસ્તરે છે જે મનુષ્ય લોકના કર્મોથી બંધાયેલા છે."

" આ વૃક્ષના વાસ્તવિક સ્વરૂપની અનુભૂતિ આ જગતમાં કરી શકાતી નથી. કોઈપણ કદી સમજ શકતું નથી કે આનો આદિ કયાં છે? અંત કયાં છે ? અને આધાર કયાં છે ? મનુષ્યે આ વૃક્ષને વિરકિત ના શસ્ત્ર વડે દઢતાથી કાપી નાખવું જોઈએ, અને એવા સ્થાનની શોધ કરવી જોઈએ જયાં ગયા પછી પાછા આવવાનું રહે નહિં."




અહી આકૃતિમાં દર્શાવ્યા મુજબ અને અગાઉ ના લેખો માં સમજયા મુજબ ૐ અક્ષર ની સમજમાં જે ઈશકોટિ, દેવકોટિ અને જીવકોટિ ના સ્થાનો છે તેમાં, ડાળો એટલે કે ઈશ્વરો, ડાળની શાખા એટલે દેવો, અને વૃક્ષ ના ફળ રૂપ મનુષ્યો–જીવો નો સમાવેશ થાય છે. 'માત્રા' નું સ્થાન સગુણ બ્રહ્મ (નારાયણ + નારાયણી) નું છે. જેને વિરકિત ના શસ્ત્રો વડે દઢતાથી કાપી નાખવાથી એટલે કે જેની સંપૂર્ણ સમજણ પછી બિન્દુ માં રહેલા પરમાત્માની સમજણ થાય અને અગાઉ સમજાવ્યું તે પ્રમાણે 'સાયુજય મુકિત' એટલે કે 'મોક્ષ' ની પ્રાપ્તિ થાય.

**વિવિધ અવસ્થાઓ વડે સમજણ :**

'માન્ડૂંકય ઉપનિષદ' શ્લોક ૪ થી ૭ અને 'ઐતરીય ઉપનિષદ' પ્રથમ અધ્યાય, ત્રીજો ખંડ, શ્લોક ૧૨ માં આપેલ સમજણ પ્રમાણે આત્માની ત્રણ અવસ્થા બતાવવામાં આવી છે. 'જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત".

"જેને 'બહારનું જ્ઞાન છે, સાત અંગ છે (માથું, આંખ, મોઢું, પ્રાણ, મધ્યભાગ), ઓગણીસ મુખ (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ – (પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન), અને ચાર કરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) છે, તેને 'વૈસ્વાનર' નામનો આત્મા કહેવાય છે, અને આત્માની આ 'જાગ્રત અવસ્થા' કહેવાય છે. જે "મ" અક્ષર રહેલ છે.

"જેને 'અંદરનું જ્ઞાન' છે, સાત અંગ છે, ઓગણીસ મુખ છે, વાસનારૂપી સુક્ષ્મ વિષયોને ભોગવવાવાળો છે, તેને 'તેજસ' નામનો આત્મા કહેવાય છે, અને આ આત્માની 'સ્વપ્ન અવસ્થા' છે, જે "ઉ" અક્ષરમાં રહેલ છે."

"ગાઢ નિંદ્રામાં રહેનારા, એકરૂપ બનેલા માનસિક જ્ઞાન (પ્રજ્ઞાન) વાળા, આનંદમય આત્મા એ **'પ્રાજ્ઞ'** નામનો આત્મા કહેવાય છે. જે આત્માની **'સુષુપ્ત અવસ્થા'** કહેવાય છે. જે "અ" અક્ષર માં રહેલ છે.

" જે આત્માને અંદરનું જ્ઞાન નથી, બહારનું જ્ઞાન નથી, પ્રજ્ઞાન પણ નથી, જ્ઞાનયુકત નથી તેમજ જ્ઞાનરહિત પણ નથી. જે અદ્રશ્ય છે. વાણીથી સમજાવી નહિ શકાય તેવું છે. મનથી ગ્રહણ નહિ કરી શકાય તેવું છે. નિશાનીથી પણ સમજાવી નહિ શકાય તેવું છે. ચિંતવી નહિ શકય તેવું છે. બતાવી નહિં શકાય તેવું છે. જે એક આત્માનુભવ ના સારરૂપ છે. જેમાં સંસારરૂપી પ્રપંચ શમી જાય છે. જે શાંત, કલ્યાણસ્વરૂપ અને દ્વૈત વિનાનું છે. તે **આત્માની તુરીય (અથવા સમાધિ) અવસ્થા** છે." જે માત્રાનું સ્થાન છે.

આ બધા થી ઉપર "બિન્દુ" માં રહેલ પરમાત્માને **"તુરીયાતીત"** કહેવાય છે.

આ સાથે આકૃતિ સમજવાથી આની સંપૂર્ણ સમજ કેળવાશે.


વધુ સમજણ સાથે આવતા અઠવાડિયે ફરી મળીશું. જેમાં વિવિધ યંત્રો ની રચનામાં ૐ નો ઉપયોગ કેવી રીતે થાય છે તે સમજશું. તાં સુધી...


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશ:)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ







## અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

લેખાંક–૫

અગાઉ આપણે લેખ ૧ થી ૪ માં ૐ અક્ષર વિશે ઘણી અગત્યની માહિતી મેળવી. હવે આગળ વધીએ. આ લેખમાં હજુ એક અગત્યની માહિતી મેળવીએ.

ૐ અક્ષર એ ત્રણ અક્ષરનું સંયોજન છે, અ + ઉ + મ જે અગાઉ આપણે સમજ્યા હતા. જેનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ મળે છે. ૐ ને બ્રહ્માંડની રચનામાં ભૂર, ભુવ, સ્વ ત્રણ ભાગની ઉત્પત્તિ તરીકે પણ સમજ્યા કારણ કે આ નાદ, આ વખતે જ ઉત્પન્ન થાય છે. આથી જ એને બ્રહ્માંડની ઉત્પત્તિકારક શક્તિ તરીકે પણ ઓળખાય છે. વધુ વિગતે સમજીએ તો 'અ' અક્ષર નો અર્થ છે આવિર્ભાવ અથવા ઉત્પન્ન થવું, "ઉ" અક્ષર નો અર્થ છે ઉઠવું, ઉડવું અર્થાત વિકાસ, 'મ' અક્ષર નો અર્થ છે મૌન થઈ જવું અર્થાત બ્રહ્મલીન થઈ જવું. સૃષ્ટિના રચયિતા બ્રહ્મા "અ" અક્ષરમાં, પાલક વિષ્ણુ "ઉ" અક્ષરમાં અને વિનાશ (હું વિનાશ નહિ પણ પરિવર્તન કરનાર તરીકે સમજાવીશ કારણ કે દરેક નાશ પછી નવી શરૂઆત થતી હોય છે.) કરનાર શિવ 'મ' અક્ષરમાં રહેલા કહેવાય છે. જેમને ત્રિદેવ તરીકે પણ ઓળખાય છે. અગાઉ સમજ્યા તેમ ભૂર, ભુવ અને સ્વ: ત્રણે લોકનું પ્રતીક ૐ છે. પ્રશ્ન ઉપનિષદ પ્રમાણે ૐ માં રહેલા આ ત્રણ અક્ષરો એકબીજા સાથે જોડાયેલા છે. તેને છૂટા પાડી શકાતા નથી.

આ ત્રણ અક્ષરો કે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના ત્રિગુણ, ત્રિદેવ સ્વરૂપ છે તેનું ફક્ત આપણા દેશના અલગ અલગ ધર્મો અને ભાષાપ્રતોમાં જ નહિ, પરંતુ અન્ય દેશોમાં પણ ઘણું મહત્વ છે. પ્રાચીન શિલાલેખો, મંદિરો, હસ્તપ્રતો, મોન્ટેસરી તેમજ ધાર્મિક સ્થાનોમાં ૐ નો ઉપયોગ જોવામાં આવે છે. ૐને ખૂબ પવિત્ર શબ્દ તરીકે ધાર્મિક પુસ્તકો, મંત્રો, પૂજા વગેરેમાં પહેલું સ્થાન આપવામાં આવે છે. આ ૐ અક્ષરના વિવિધ સંયોજનથી ધાર્મિક અને તાંત્રિક વિધિમાં ઉપયોગી વિવિધ યંત્રો બને છે. જેમ કે મહાલક્ષ્મી યંત્ર, શ્રી યંત્ર વગેરે. આ યંત્રો ૐ અક્ષરમાં રહેલી વિવિધ આકૃતિઓ જેવી કે ત્રિકોણ, ચોરસ (મંડળ), વર્તુળ, ષટકોણ, અષ્ટકોણ, કમળપાંદડીઓ, બિંદુ વગેરેનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. જેમાં બિન્દુ (પરમાત્મા) ને વચ્ચે રાખીને તેના કેન્દ્રમાંથી અલગ અલગ આકૃતિઓ, (કે જે વિવિધ દેવો અને ઈશ્વરોને સાંકેતિક રીતે દર્શાવે છે.) તેને જુદાં જુદાં સ્તરો (લેવલ) પર નીકળતી હોય એ રીતે સ્થાપવામાં આવે છે. ખૂબ ઉંડાણમાં ચર્ચા આ લેખની મર્યાદા બહારની છે છતાં પણ આપણે ટૂંકમાં સાદી રીતે સમજશું.

અહીં આકૃતિમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને (પુરુષ શક્તિ) સીધા ત્રિકોણ તરીકે દર્શાવ્યા છે અને અનુક્રમે સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી (પ્રકૃતિ, પરા શક્તિ) ને ઉંધા ત્રિકોણ તરીકે દર્શાવ્યા છે. ઈશ્વરોને આ રીતે દર્શાવવાની રીત હિંદુ ધર્મમાં ખુબ પ્રાચીન છે. મધ્યપ્રદેશમાં સોન નદીના કિનારે મળેલા બઘોર પથ્થરો કે જે ૯૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન કહેવાય છે તેમાં પણ આ સંરચના જોવા મળે છે. સિંધુ સંસ્કૃતિમાં પણ આનો ઉપયોગ જોવામાં આવે છે. આકૃતિમાં સમજાવ્યા પ્રમાણે દરેક સીધા અને ઊંધા ત્રિકોણના સંયોજન કે જેમાં બંનેનાં કેન્દ્રોને એકરૂપ કરવાથી જે આકૃતિ (ઉભય પછી યુગ્મ) બને છે, તે ૐમાં રહેલી માત્રા (પુરુષ+પ્રકૃતિ) નું સ્થાન દર્શાવે છે અને વચ્ચે કેન્દ્રમાં જે બિન્દુ બને છે, કે જે ઉપરના સ્તર પર હોય છે તે પરમાત્માનું સ્થાન બતાવે છે. આ પ્રકારની રચના યંત્રોની સંરચનામાં એક ખૂબ જ સાદી અને મૂળભૂત રચના કહેવાય છે. આમાં અન્ય આકૃતિના સંયોજનથી વિવિધ યંત્રો બનાવાય છે. ઉદાહરણ તરીકે આ રીતે બનતા 'શ્રીયંત્ર' ને અહીં રેખા ચિત્ર તેમ જ ૩–D ફોટો દ્વારા દર્શાવ્યો છે. આ જ રીતે અલગ અલગ યંત્રોની સંરચના કરવામાં આવે છે. માત્રાની નીચે રહેલી આકૃતિઓ દેવકોટિ અને ઈશકોટિનાં સ્થાનો છે. અહીં વાચકને સવાલ એ થશે કે આ ત્રિકોણ, વર્તુળ, ચોરસ, લંબચોરસ, ષટકોણ, અષ્ટકોણ બધી આકૃતિનો ઉપયોગ કરવાનું મહત્વ શું ? સીધા ત્રિકોણને તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઊંધા ત્રિકોણને સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી તરીકે તેમ જ યુગ્મ તરીકે સમજ્યા પરંતુ અન્ય આકૃતિઓનું મહત્વ શું ? અત્યારે ટૂંકમાં કહું તો **" આ દરેક આકૃતિઓ પૂર્ણાંક ૯ સાથે સંકળાયેલી છે કે જે અંતે પરમાત્મા સાથે સંકળાયેલી છે"** હમણાં કદાચ સમજ નહિ પડે તો આટલું જ યાદ રાખજો કારણ કે આવનાર લેખોમાં વિસ્તારથી આ વાત આપણે સમજવા પ્રયત્ન કરીશું.

મિત્રો ૐ અક્ષર કે જે દેવનાગરી, ગુજરાતી કે હિન્દી ભાષામાં જે રીતે લખાય છે અને આપણે જેનાથી પરિચિત છીએ તેને વિવિધ રૂપે સમજવાનો પ્રયત્ન પાંચ લેખ દ્વારા કર્યો. હજુ ઘણી રીતે સમજાવી શકાય તેમ છે પણ આપણા માટે આટલી સમજ ૐ ને 'અક્ષર' રૂપે સમજવા માટે પૂરતી છે. થોડી વધુ જરૂરી સમજ આ જ ૐ અક્ષરને અન્ય ભાષાઓ, સ્ક્રીપ્ટ, ધર્મો વગેરેમાં તથા 'ધ્વનિ' અથવા 'નાદ' તરીકે આગળ ઉપર સમજશું.

આવતા લેખમાં આપણે હિન્દુ ધર્મનાં સાહિત્યો વિશે ૐ શું કહે છે તે સમજવાનો પ્રયત્ન કરીશું.

ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

**અધ્યાત્મ દર્શન**

અનુપ શાહ

લેખાંક–૬

અગાઉના લેખોમાં આપણે ૐ ને અક્ષર તરીકે અલગ અલગ ઘણી રીતે સમજ્યા. વાચકમિત્રોને અગાઉના લેખોથી ઘણી સમજૂતી પ્રાપ્ત થઈ હશે તેવી મને શ્રદ્ધા છે. આ લેખમાં આપણે "હિંદુ ધર્મના ધર્મસાહિત્યો" માં ૐ વિશે શું સમજણ આપવામાં આવી છે તે સમજવાનો પ્રયત્ન કરીશું.

**ૐ વિશે ગીતામાં આપેલ સમજણ:**

**ગીતામાં કહ્યું છે :**

– "અક્ષરોના પરમ સંયોજન ૐ કારનું ઉચ્ચારણ કરતા રહી, જો કોઈ મનુષ્ય પરમેશ્વરનું ચિંતન કરે છે અને દેહ ત્યાગ કરે છે તો તેની પરમ ગતિ થાય છે." (૮.૧૩)

– "હું આ બ્રહ્માંડનો પિતા, માતા, આશ્રયદાતા તથા પિતામહ છું. હું જ્ઞાનનો વિષય, વિશુદ્ધ કર્તા તથા ૐકાર છું. ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું છું." (૯.૧૭)

– "જેઓ વેદોના જાણકાર છે, જેઓ ૐનું ઉચ્ચારણ કરે છે, તેવા વિતરાગીઓ બ્રહ્મમાં પ્રવેશ કરે છે." (૮.૧૧)

– "હું મહર્ષિઓમાં ભૃગુ છું, વાણીમાં દિવ્ય ૐકાર છું." (૧૦.૨૫)

– "બ્રહ્મની પ્રાપ્તિ માટે યોગીજનો શાસ્ત્રોકત વિધિ પ્રમાણે યજ્ઞ, દાન તથા તપની સર્વ ક્રિયાઓનો શુભારંભ હંમેશા ૐથી કરે છે." (૧૭.૨૪)

– "હું પાણીમાં સ્વાદ છું, સૂર્ય તથા ચંદ્રનો પ્રકાશ છું. વૈદિક મંત્રોમાં ૐ કાર છું, હું આકાશમાં શબ્દ તથા મનુષ્યોમાં સામર્થ્ય છું." (૭.૮)

– "સર્જનની શરૂઆતથી ૐ, તત, સત આ ત્રણે શબ્દો પરમ સત્યનો નિર્દેશ કરવા પ્રયુકત કરતા રહ્યા છે." (૧૭.૨૩)

**ૐ વિશે ઉપનિષદોમાં આપેલ સમજણ :**

– જે પદનું સર્વ વેદો વર્ણન કરે છે, જે બધી તપશ્ચર્યાઓનું ધ્યેય છે, અને જેની ઈચ્છા રાખીને લોકો જ્ઞાનની પ્રાપ્તિ પાછળ મંડયા રહે છે તે પદ ૐ છે. આ ૐ અક્ષર જ બ્રહ્મ છે. આ ૐ અક્ષર જ પરમ તત્ત્વ છે. આ ૐ અક્ષરને જાણીને જે જેની ઈચ્છા કરે છે તે તેને મળે છે. આ ૐ અક્ષરને આધાર જાણીને મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે. (કથોપનિષદ, પહેલો અધ્યાય, બીજી વલ્લી, શ્લોક ૧૫–૧૭)

– જે આ ૐ કાર છે તે જ પરબ્રહ્મ અને પરમબ્રહ્મ છે. આથી જ્ઞાની પુરુષ એ ૐકારના આશ્રય વડે બેમાંથી એકને મેળવે છે. તે જો "અ" એવી એકમાત્રા વાળા ૐ ની ઉપાસના કરે છે તો તેના વડે જ્ઞાન મેળવી જલ્દી આ પૃથ્વી પર જન્મે છે. 'અ' અને 'ઉ' એવી બે માત્રાવાળા ૐ કાર ની જે ઉપાસના કરે છે, તે અંતરીક્ષમાં રહેલ ચંદ્રલોકમાં ઊંચો ચઢે છે. ચંદ્રલોકમાં વૈભવ ભોગવીને પાછો આવે છે. જે મનુષ્ય "અ", "ઉ", "મ" એવી ત્રણ માત્રાવાળા ૐ અક્ષર વડે પરમ પુરુષનું ધ્યાન કરે છે, તે તેજોમય સૂર્યલોકને પ્રાપ્ત કરે છે. પાપથી છૂટી બ્રહ્મલોક તરફ ઊંચો ચઢે છે અને પરાત્પર (પરથી પણ પર પુરુષનો સાક્ષાત્કાર કરે છે. (પ્રશ્ન, ઉપનિષદ, પાંચમો પ્રશ્ન, શ્લોક ૨ થી ૫)



– ૐ કારની ત્રણ "અ", "ઉ", "મ" માત્રાઓ મૃત્યુ લક્ષણ (એટલે કે વિનાશી) છે અને તેઓ અમૃત લક્ષણ (એટલે કે અવિનાશી) અર્ધ માત્રામાં એટલે કે જે પરબ્રહ્મ આદ્ય સ્વરૂપ છે તેમાં જોડાયેલી છે. (પ્રશ્ન ઉપનિષદ, પાંચમો પ્રશ્ન, શ્લોક ૬)

– આ બધુ ૐ કાર રૂપ જ છે. ભૂત, વર્તમાન, ભવિષ્ય બધુ ૐ કાર રૂપ જ છે. જે કંઈ આ કાળથી પર છે, તે પણ ૐ કાર રૂપ જ છે. (માંન્ડુકય ઉપનિષદ શ્લોક ૧)

– આ આત્મા જ અક્ષર દ્રષ્ટિથી ૐ કાર છે, જે માત્રાઓના વિષયમાં સ્થિત છે. (માંન્ડુકય ઉપનિષદ, શ્લોક ૮)

– ૐ અક્ષર ત્રણ અક્ષરનું સંયોજન છે 'અ', 'ઉ' અને 'મ', અ નો અર્થ છે અપ્તિ (પામવું અથવા પહોંચવું). "ઉ" નો અર્થ છે ઉત્કર્ષ અથવા ઉભય તત્વ, "મ" નો અર્થ છે મિતિ (આગળ ધપાવવું, પરિવર્તન) (માંડુકય ઉપનિષદ શ્લોક ૯ થી ૧૨)

– જાગ્રત અવસ્થાનો વૈશ્વનાર આત્મા "અ" કાર રૂપ પહેલી માત્રા છે. સ્વપ્ન અવસ્થાનો તેજસ આત્મા 'ઉ' કાર રૂપ બીજી માત્રા છે. પ્રાજ્ઞ આત્મા 'મ' કાર રૂપ ત્રીજી માત્રા છે. માત્રા વિનાનો ચોથો આત્મા વાણીના વ્યવહારથી પર અને દ્વૈત વિનાનો છે. આ પ્રમાણે ૐ કાર જ આત્મા છે. (ઐતરીય ઉપનિષદ, પ્રથમ અધ્યાય, ત્રીજો ખંડ, શ્લોક–૧૨).

– આ શરીરમાં ૐ કાર વડે આત્માને જોઈ શકાય છે. જેમ નીચલી અને ઉપલી અરણી (અગ્નિ પ્રકટાવવાની લાકડી) ના ઘર્ષણ વડે અગ્નિ પ્રગટ થાય છે, તેમ પોતાનું શરીર અને ૐ કાર એ બેના ધ્યાનરૂપ ઘર્ષણના અભ્યાસ વડે ગૂઢ રહેલા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો. (ઐતરીય ઉપ. પ્રથમ અધ્યાય, ત્રીજો ખંડ, શ્લોક ૧૩–૧૪)

– આ સર્વ ભૂતોનો સારા પૃથ્વી છે, પૃથ્વીનો સાર પાણી છે, પાણીનો સાર અન્ન છે, અન્નનો સાર મનુષ્ય છે. મનુષ્યનો સાર તેની વાણી છે. વાણીનો સાર ઋક (ઋગવેદના મંત્રો) છે. ઋક નો સાર સામ (સામવેદના મંત્રો, સામ એટલે પ્રાણ) છે. અને સામનો સાર ઉદગીથ (ૐ મંત્ર) છે. આ જે આઠમો સાર ૐ મંત્ર છે, તે દરેક સારનો પણ સાર છે. તેથી પરમાત્માની જેમ તેની પણ પૂજા કરવી જોઈએ (છાંદોગ્ય ઉપ. પહેલો અધ્યાય, પહેલો ખંડ, શ્લોક ૨–૩)

– પ્રણવ ધનુષ્ય છે, આત્મા બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય છે. જેનું સાવધાનીપૂર્વક વેધન કરવું જોઈએ. (મૂંડક ઉપનિષદ–મૂંડક–૨, ખંડ–૨, શ્લોક–૪)

– ૐ ઈત્યેતત અક્ષરઃ! (અર્થાત ૐ અવિનાશી અને અવ્યય છે. – છાંદોગ્ય ઉપનિષદ)

– ૐ મંત્રની વિશેષતા એ છે કે પવિત્ર અથવા અપવિત્ર દરેક સ્થિતિમાં એના જપથી લક્ષ્યની પ્રાપ્તિ થાય છે. જેમ કમળપત્ર પર પાણીનું બિન્દુ રોકાતું નથી તેમ જપ કરવાવાળાને કોઈ દોષ નથી લાગતો. (ધ્યાનબિંદુ ઉપનિષદ)

– ૐ જ બ્રહ્મ છે. ૐ જ પ્રત્યક્ષ જગત છે. ૐ આ જગતની અનુકૃતિ છે. ૐ દ્વારા જ જ્ઞાનીઓ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. (તૈતરીય ઉપનિષદ, આઠમી વલ્લી, શિક્ષા વલ્લી – શ્વેતાસ્વતર ઉપનિષદ, ૧.૭ અને બૃહદારણ્યક ઉપનિષદ ૫.૧.૧).

અન્ય સાહિત્યો અને મહાપુરૂષોનાં વાકયોમાં ૐ ના મહત્વને હવે પછીના લેખાંક–૭ માં સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખમાં આપણે ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા ઉચ્ચારણ કરાયેલાં વાક્યો તથા ઉપનિષદો દ્વારા ૐ ની સમજ કેળવી. ચાલો હવે આજના લેખમાં આપણે અન્ય સાહિત્યો, સંતો અને મહાપુરુષોના અધ્યયનને સમજવાનો પ્રયત્ન કરીએ.

## હિન્દુ ધર્મના અન્ય સાહિત્યો ૐ વિશે શું કહે છે?

❖ તસ્ય વાચક: પ્રણવ! (અર્થાત તે ઈશ્વરનો વાચક ૐ છે, – પતંજલિ યોગસૂત્ર – ૧. ૨૭)

❖ સિદ્ધયન્તિ અસ્ય અર્થ: સર્વ કર્માની ચ ! (અર્થાત જે ૐ રૂપી મંત્રનો જપ કરે છે તેના બધાં કાર્યો સિધ્ધ થઈ જાય છે. – ગોપથ બ્રાહ્મણ ગ્રંથ)

❖ 'અ' ભગવાન કૃષ્ણ છે. 'ઉ' રાધારાણી છે. અને 'મ' જીવ છે. (ચૈતન્ય ચરિતામૃત અને ગરુડ પુરાણ)

❖ ૐ એટલે ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અથવા ત્રણ વેદ (વાયુ પુરાણ)

❖ શકિતમાર્ગ પ્રમાણે ૐ એટલે ત્રિદેવી, 'અ', 'ઉ' અને 'મ' ને જુદી રીતે ગોઠવીએ તો 'ઉ' + 'મ' + 'અ' અથવા 'ઉમા' અને દેવી ભાગવત બારમા અધ્યાય પ્રમાણે આદ્યશકિત વેદોની માતા છે.

❖ આખું વિશ્વ કંપન શકિતથી બનેલું છે. જેને વૈશ્વિક ઊર્જા પ્રાપ્ત થાય છે. આ ઊર્જા 'પ્રકાશ' અને 'ધ્વનિ' એમ બે રીતે પ્રસરે છે. ૐમાં આ બંને સમાયેલા છે. (કથક સંહિતા–કૃષ્ણ યજુર્વેદ– ૧૨.૭. ૨૭.૧) (ખૂબ જ અગત્યનું વાકય છે. જેનું મહત્વ આગળ ઉપર સમજશું.)

❖ પ્રણવ એ આત્મા અને બ્રહ્મ બંને છે. એ બન્ને એકબીજા સાથે જોડાયેલા છે. (નરસિંહતાપીની ઉપનિષદ)


## સંતો અને મહાપુરુષો ૐ વિશે શું કહે છે?

❖ ૐ એ પરમાત્માની અભિવ્યકિત છે. (સ્વામી વિવેકાનંદ)

❖ કોઈ અક્ષર કે ચિહ્ન કોઈ એક વસ્તુને દર્શાવવા માટેની અભિવ્યકિત છે, જે વસ્તુને દર્શાવવાની હોય તેનું અસ્તિત્વ મોજૂદ હોય અને આપણને જો ખબર હોય કે એ અક્ષર કે ચિહ્ન એ વસ્તુને વારંવાર દર્શાવે છે, ત્યારે આપણે સમજવું જોઈએ કે એ બે વચ્ચે ગાઢ સંબંધ છે. (સ્વામી વિવેકાનંદ)

❖ ભારતમાં વેદાન્તી, દ્વૈત, અદ્વૈત, નાસ્તિક વગેરે જે સાંપ્રદાયિક વિચારો છે તે દરેક ૐ ની આસપાસ મંડરાયેલા છે. ૐ બધા સંપ્રદાયોની અને વિશાળ માનવ સમુદાયની આસ્થાનું કેન્દ્ર છે. (સ્વામી વિવેકાનંદ)

❖ જો કોઈ પણ દેવી દેવતાનું મંદિર બનાવવામાં આવે તો અન્ય પંથો અંદરો અંદર ઝગડે પરંતુ આપણે એક બિનસાંપ્રદાયિક ૐનું મંદિર બનાવવું જોઈએ. હિન્દુનો જો કોઈ પંથ ૐ ને માનતો ન હોય તો તેને હિન્દુ કહેવડાવવાનો કોઈ અધિકાર નથી. (સ્વામી વિવેકાનંદ).



❖ આ સૃષ્ટિમાં ફકત એક જ ભગવાન છે – 'ૐ'. ફકત એક જ ધર્મ છે – 'વૈદિક ધર્મ'. ફકત એક જ ધાર્મિક સાહિત્ય છે – 'વેદો', ફકત એક જ જાતિ છે – 'આર્યો', ભગવાનને ભજવાની એક જ પધ્ધતિ છે. 'સંધ્યા' (સ્વામી દયાનંદ સરસ્વતી)

❖ ૐ સત્યનામ જપવાવાળો પુરુષ નિર્ભય, વેર વગરનો અને અકાલ પુરુષ જેવો બની જાય છે. (ગુરુ નાનકજી)

❖ ઓ ૐ કાર આદિ મેં જાના ! લિખી ઓ મિટે તાહી ના માના !!
ઓ ૐ કાર લિખે જો કોઈ ! સોઈ લિખી મેટના ન હોઈ !! (કબીરજી)

❖ જયારે આપણે ૐનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે આપણે ફકત પરમાત્માને જ મહત્વ નથી આપતા પરંતુ આપણે પોતાને પણ મહત્વ આપીએ છીએ. પરમાત્મા અને આત્મા વચ્ચેના સંબંધને મહત્વ આપીએ છીએ. (સ્વામી યોગેશ્વરાનંદ)

❖ ૐ તમારો જન્મસિદ્ધ અધિકાર છે. વિશ્વના લોકોની આધ્યાત્મિક સંપત્તિ છે. શબ્દ શકિત છે. તેને જયારે આસ્થાથી ઉચ્ચારવામાં આવે ત્યારે એક નવી આધ્યાત્મિક ઉર્જા અને શકિતનો અનુભવ થાય છે. (સ્વામી શિવાનંદ).

❖ ૐ ના બે ઉચ્ચારણ વચ્ચે જે શાંતિ છે, તેને અનુભવીને અનંત પરમાત્મા અને આપણી અંદર રહેલા આત્મા (અંતરાત્મા) ની ઓળખ થાય છે. (સ્વામી ચિન્મયાનંદ)

❖ ૐ વગર કોઈ પણ મંત્રનું એટલું જ મહત્વ છે, જેટલું શ્વાસ વગર જીવતા માણસનું (સ્વામી ચિન્મયાનંદ)

❖ એકાક્ષર ૐ દરેક મનુષ્યોના હૃદયમાં આત્મા તરીકે સ્થાયી છે. (શ્રી રમણ મહર્ષિ)

❖ એક વખત પરમાત્મા અંગેનું ડહાપણભર્યું જ્ઞાન થયા પછી, દેવો અને ઈશ્વરો એ બધા માયાના જ સ્વરૂપો છે એવું સમજાય છે. ઉપનિષદ, ગીતા, યોગસૂત્રો વગરે ફકત ૐ નું ધ્યાન કરવાનું જ સમજાવે છે. (શ્રી મા શારદા દેવી)

❖ જે કોઈ ૐ ને સમજી શકે છે, તેને ગુરૂની મદદ વગર દૈવી જ્ઞાન પ્રાપ્ત થાય છે. (સ્વામી મુખ્યાનંદ)

❖ ૐ હિન્દુ ધર્મમાં પરમાત્માનું નામ છે. એક આધ્યાત્મિક સૂત્ર છે. જેને બીજાં સૂત્રોની શરૂઆતમાં લગાડવાથી પરમાત્માના બધા અવતારોના દર્શન થાય છે. ૐ વગરના ભગવાનને વિચારી શકાય નહિ અને એવા દેવને પૂજી શકાય નહિ. (સ્વામી શ્રદ્ધાનંદ)

❖ હું ૐ ધ્વનિને ઘંટના અવાજ સાથે સરખાવું છું. જેનો અવાજ એને વગાડયા પછી વાતાવરણમાં ઓગળી જાય છે અને શાંતિમાં પરિણમે છે. ૐ ઉચ્ચારણ પછીની શાંતિમાં પણ, પૂર્ણતત્વમાં મન એકાકાર થયાની લાગણી અનુભવાય છે. (શ્રી રામકિષ્ણ)

❖ શ્રી રામ પાસે ભગવાનના સગુણ અવતાર તરીકેની જે શકિત છે, તે ૐ ના ઉચ્ચારણમાં છે. આ કારણે જ ભારતમાં રામનામ સૌથી લોકપ્રિય છે. (સંત રામદાસ)

❖ ૐ આ સમગ્ર વિશ્વનો પ્રથમ અને પ્રાથમિક ધ્વનિ છે કે જે કોઈનાથી ઉત્પન્ન થતો નથી અને જે શકિતનું સાંભળી શકાય તેવું સ્વરૂપ છે. (સ્વામી સ્વાહાનંદ)

આવાં ઘણાં વાકયો આપણને સચોટ રીતે ૐ વિશે સમજણ આપે છે. અહીં આપણે ફકત હિન્દુ સાહિત્યો વિશે સમજ્યા, અન્ય ધર્મોમાં ૐ નું મહત્વ સમજશું આવતા લેખમાં.

ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશ:)


# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખાંક–૬ અને ૭ માં આપણે મુખ્યત્વે હિન્દુ ધર્મ અને સાહિત્યોમાં ૐ નું મહત્ત્વ સમજયા. આપ સૌને જાણીને આશ્ચર્ય થશે કે ૐ માત્ર હિન્દુ ધર્મમાં નહિ, પરંતુ જૈન, શીખ, બૌધ્ધ, યહૂદી, ઈસ્લામ વગેરે અનેક ધર્મોમાં અલગ અલગ રીતે મહત્વ ધરાવે છે. કદાચ સમજાવટ થોડી અલગ હોય, પરંતુ બધાનું ધ્યેય એક જ જણાય છે. આ લેખમાં આપણે જૈન અને શીખ ધર્મો ૐ વિશે શું સમજાવે છે, તે સમજવાનો પ્રયત્ન કરીશું.

### જૈન ધર્મમાં ૐ:

જૈન ધર્મ આમ તો હિન્દુઓની વૈદિક સમજૂતીઓને સ્વીકારતો નથી. છતાં પણ કોઈ સુપ્રિમ તત્ત્વ દ્વારા ઉત્પન્ન થયેલા ધ્વનિ તરીકે મહત્ત્વ બતાવે છે. જૈન ધર્મમાં આ સૃષ્ટિને ઉત્પન્ન કરનાર કોઈ દેવતાનો ઉલ્લેખ નથી. પરંતુ આત્મા પાસે અમર્યાદિત શકિત છે, જેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી આ વિશ્વમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય તેવી માન્યતા છે. જૈન ધર્મમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એટલે કે મુનિરૂપ પાંચ પરમેષ્ઠી ને આરાધ્ય માનવામાં આવે છે. આમાં પ્રથમ પરમેષ્ઠી ‘અરિહંત’ અથવા ‘અર્હંત’ નો પ્રથમ અક્ષર ‘અ’ સાથે બીજા પરમેષ્ઠી જે સિદ્ધ થઈ ગયા છે અથવા જે શરીર વગરના હોવાથી ‘અશરીરી’ કહેવાય છે, તેનો પ્રથમ અક્ષર ‘અ’ સાથે મળીને અ+અ = આ બને છે. જેમાં ત્રીજા પરમેષ્ઠી ‘આચાર્ય’ નો પહેલો અક્ષર ઉમેરવાથી આ + આ = ‘આ’ શેષ રહી જાય છે. આમાં ચતુર્થ પરમેષ્ઠી ‘ઉપાધ્યાય’ નો ‘ઉ’ મેળવવાથી આ + ઉ = ‘ઓ’ થઈ જાય છે. પાંચમાં પરમેષ્ઠી ‘મુનિ’ ના પ્રારંભિક અક્ષર ‘મ’ સાથે મળીને ઓ + મ = ઓમ અથવા ઓં બને છે. જૈન ધર્મના પ્રાચીન લેખોમાં નવકારમંત્રની પ્રથમ પાંચ લીટીઓ ને દૈનિક પ્રાર્થના માં ખૂબ અગત્યની માનવામાં આવી છે. ‘દ્રવ્યસંગ્રહ’ નામના અગત્યના ગ્રંથ પ્રમાણે ओम एकाक्षर पंच्चपरमेषिठनामादिपम् तत्कथ्यमिति चेत अरिहंता असरीरा आयरिया तह उवन्झाया मुणिया “ અર્થાત અરિહંત, અશરીરા, આયરીયા, ઉવાજ્જયા, મુનિય” આ પાંચ પરમેષ્ઠી ૐ એકાક્ષરમાં સમાયેલા છે. પૂજામાં વપરાતા મંત્રોનો અભ્યાસ કરીએ તો ‘જલાભિષેક’ વખતે ‘ૐ હ્રીં શ્રીં કલીમ ઐમ અર્હમ જલાભીશેકમ્ કરોમીતી સ્વાહા’. ‘તરોપા ના પાણીથી અભિષેક વખતે ‘ૐ હ્રીં શ્રીં કલીમ ઐમ અર્હમ નારીયેલ રસભીશેકમ કરોમીતી સ્વાહા’. આવેલી ઉપાધિઓ ને દૂર કરવા માટે ‘ૐ હ્રીં અર્હમ અસીઔસા નમઃ. સર્વ વિધ્નમશાંતિમ કુરુ કુરુ સ્વાહા’. જેવા મંત્રોમાં ૐ નું ઉચ્ચારણ થાય છે. આ ઉપરાંત જૈન પરંપરાની અનેક મૂર્તિઓ પ્રાચીન લિપિ વગેરેમાં ૐ નું મહત્ત્વ છે.











### શીખ ધર્મ અને પંજાબીમાં ૐ:





પંજાબી ભાષામાં ગુરુમુખી લિપિનો ઉપયોગ થાય છે. ગુરુમુખીનો અર્થ છે ગુરુઓના મુખેથી નીકળેલી વાણી. ગુરુ નાનકજીનો ‘ઈક ૐ કાર સતનામ’ ખૂબ જ પ્રચલિત છે. પંજાબીમાં – શીખમાં સતપ્રતિશત સત્ય કહેવાય છે. ગુરુ નાનકજી સમજાવે છે કે રામ, કૃષ્ણ વગેરે ફળદાયી નામો છે. જે ૐ કાર પર આધારિત છે. ૐ કાર ના કારણે જ એમનું મહત્વ છે. આ બધા શબ્દો આપણે બનાવ્યા છે. પરંતુ ૐ કાર સ્વયંભૂ છે. દરેક ધ્વનિમાં ૐ શબ્દ મોજૂદ હોય છે. ગુરુમુખી લિપિમાં ‘ઈક ઓનકારા’ આ શબ્દ માં રહેલા ‘ઈક’ (એટલે કે એક) થી ગુરુ નાનકજી સમજાવે છે કે એક જ સુપ્રિમ તત્ત્વનું હયાતીપણું છે. એક જ ભગવાન છે. એ જ સત્ય છે. એ જ સૃષ્ટિનો કર્તા છે. એક એટલે ફકત એક જ. એની સરખામણી બીજા કોઈ સાથે થઈ નહિ શકે. એ વેર, ધૃણા, કાળ, જન્મ–મરણ વગેરેથી મુકત છે. શીખ ધર્મ નો આ મુખ્ય સાર છે. ગુરુ નાનકજી ને ૩૦ વર્ષની ઉંમરે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે ઉચ્ચારાયેલા સૌથી પહેલા શબ્દો “મૂલ મંતર” (મૂળ મંત્ર) કહેવાય છે. શીખોના પવિત્ર ગ્રંથ ‘ગુરુ ગ્રંથ સાહેબ’ કે જે કુલ ૧૪૩૦ પાનાનો ગ્રંથ છે અને “મૂળ મંત્ર” ની વિસ્તૃત સમજ છે, તેમાં ‘ઈક ઓનકારા’ પહેલો શબ્દ છે. ‘ઈક ઓનકારા’ ગુરુમુખી લિપિનો વિશિષ્ટ શબ્દ છે. જે ઘણા શીખ સાહિત્યોમાં અને ગુરુદ્વારાઓમાં અંકિત કરવામાં આવ્યો છે. જે અહીં દર્શાવેલા ફોટોમાં પ્રતિત થાય છે. આ મંત્ર ગુજરાતીમાં આ રીતે સમજી શકાય.

“ ઈક ઓંકાર સત નામ કર્તા પૂરખ નિર્ભાવ નિર્વૈર અકાલ મુરત અજુની સૈભાગ ગુરુપ્રસાદ”

અર્થાત “વિશ્વનો કર્તા એક જ ભગવાન (ઓંકાર) છે જેનું નામ સત્ય છે. જે પોતે અભિવ્યકત થઈને સૃષ્ટિ રચે છે. જેને કોઈ ભય નથી, કોઈ ધૃણા નથી. જે અજન્મા અનાદિ છે. જેને ગુરુની કૃપાથી જાણી શકાય છે.”

મિત્રો ૐ અક્ષરનું બૌધ્ધ ધર્મમાં મહત્વ તથા અન્ય ધર્મો માં બોલાતા ‘અહુમ’, આમેન’ અને ‘આમીન’ ને સમજવા હવે પછીના લેખો જરૂર વાંચશો. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

સોમવાર ૨૦ ડિસેમ્બર, ૨૦૨૧
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ
સત્સંગ

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ


લેખાંક–૯ (ગતાંકથી ચાલુ...)

આગાઉના લેખાંક–૮ માં આપણે જૈન અને શીખ ધર્મમાં ૐનું મહત્વ સમજ્યા. આજે આપણે બૌદ્ધ ધર્મમાં ૐનું મહત્વ સમજીએ. યાદ રાખીએ કે ૐ દરેક ધર્મોમાં અલગ અલગ રીતે મહત્ત્વ ધરાવે છે. કદાચ સમજાવટ થોડી અલગ હોય પરંતુ બધાનું ધ્યેય એક જ હોય તેવું જણાય છે. આ લેખમાં આપણે જુદા જુદા દેશોમાં ફેલાયેલા બૌદ્ધ ધર્મો ૐ વિશે શું સમજાવે છે, તે સમજવાનો પ્રયત્ન કરીશું.

**બૌદ્ધ ધર્મમાં ૐ:**

બૌદ્ધ ધર્મ ઘણા દેશોમાં ફેલાયેલો છે. આપણે મુખ્યત્વે ભારતના ઉત્તર રાજ્યો અને તિબેટમાં ફેલાયેલા બૌદ્ધ ધર્મ વિશે ચર્ચા કરીશું. 'ગૌતમ બુદ્ધ' કોઈ પણ મંત્ર કે તાંત્રિક અથવા જાદુઈ વિદ્યાઓમાં માનતા નહોતા. છતાં પણ તેઓએ ધ્યાન અવસ્થામાં ૐ નાદ સાંભળ્યો હતો તેમ કહેવાય છે. ગૌતમ બુદ્ધ પછી સ્થપાયેલ મહાયાના અને વાજ્યાના સ્કૂલ ઓફ બુધ્ધિઝમમાં વેદ દ્વારા સ્થપાયેલ સિદ્ધાંતો અને મંત્રોને ધ્યાન, વિચાર અને શરીરની પવિત્રતા માટે ઉચ્ચારણ કરવાનું અનુમોદન અપાયું. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ માટે શરીર, વાણી અને મનની સંવેદનશીલતાને કાબૂમાં રાખવા માટે ૐ નું ઉચ્ચારણ કરવાનું સ્વીકારવામાં આવ્યું. બૌદ્ધ ધર્મમાં મણિમંત્ર "ૐ મણિ પદમેહુમ" નું ઉચ્ચારણ કરવામાં આવે છે. બૌદ્ધ ધર્મના છ મુખ્ય મંત્રો કે જે બૌદ્ધિસત્ત્વ તરીકે ઓળખાય છે તેમાંનો એક છે. (બૌદ્ધિસત્વ એટલે કે જેનો માર્ગ બુદ્ધ તરફનો હોય). આ મંત્ર પ્રમાણે ૐને મણિપુર ચક્રમાં નિવાસ બનાવાય છે. આ ચક્ર દસ પાંદડીઓવાળા કમળ જેવું છે. આ મંત્ર જોરથી, ધીરેથી, મનમાં અથવા લખેલો વાંચવાથી પણ ધાર્યું ફળ પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. આ કારણથી આ મંત્રને પથ્થરની શિલાઓ પર પણ કોતરવામાં આવે છે.

૧૪ માં દલાઈ લામા પ્રમાણે 'અ', 'ઉ', 'મ' અક્ષરો જે ત્રણ અપવિત્ર શરીર, વાણી અને મનને દર્શાવે છે તેમને આ મંત્રના ઉચ્ચારણ દ્વારા પવિત્રતા તરફ લઈ જવાય છે. ૐ પૂર્ણતા અને અનંતતા દર્શાવે છે. આ મંત્રનો સંબંધ અવલોકિતેશ્વર (બૌદ્ધિસત્વ જે કરૂણા દર્શાવે છે) સાથે છે, ભારતનાં પૂર્વોત્તર રાજ્યો, નેપાળ અને તિબેટમાં ફેલાયેલા બૌદ્ધ ધર્મનો આ મૂળ મંત્ર છે. આ મંત્રને પૂજાચક્ર પર લખવામાં આવે છે. કહેવાય છે કે જેટલી વાર આ ચક્ર ને ફેરવવામાં આવે એટલી વાર એ મંત્ર ઉચ્ચારણનું ફળ પ્રાપ્ત થાય છે. (ઘણા મિત્રોએ પ્રવાસ દરમ્યાન આ ચક્રો કે જે પિત્તળના ડ્રમ જેવા હોય છે તે ફેરવ્યા હશે)




**તિબેટમાં ફેલાયેલા બૌદ્ધ ધર્મ :**

તિબેટમાં ફેલાયેલા બૌદ્ધ ધર્મમાં ૐ ને અન્ય મંત્રો અને ધરણી (બુદ્ધધર્મીઓની મંત્ર ઉચ્ચારણની રીત) ની આગળ લગાડવામાં આવે છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ મણિમંત્ર "ૐ મણિ પદમે હુમ" ને કમળ ની પાંદડીઓ વડે દર્શાવી વચ્ચે કેન્દ્રમાં હ્રીં નામનો પવિત્ર બીજમંત્ર લખવામાં આવે છે. (પદ્મ એટલે કમળ). ૐ ને સૌથી ઉપર તિબેટિયન ભાષામાં લખવામાં આવે છે, જે અહીં આકૃતિમાં સફેદ અક્ષરથી બતાવ્યું છે.

**જાપાનમાં ફેલાયેલ બૌદ્ધ ધર્મ:**

જાપાનીસ બૌદ્ધ ધર્મમાં 'અ' અને 'ઉમ' નો ઉપયોગ કરવામાં આવે છે. જે બંને અક્ષરો અનુક્રમે આ વિશ્વની ઉત્પત્તિ અને વિનાશ દર્શાવે છે. જાપાન, ચીન અને કોરિયામાં બુદ્ધ મંદિરો અને જાહેર સ્થળો પર "કોમેનું" નામની પ્રતિમાનો ઉપયોગ કરવામાં આવે છે. જેની પ્રતિકૃતિ સિંહ અને કૂતરાના મિશ્રણની બનેલી હોય છે. લગભગ મંદિરોના મુખ્ય દ્વાર પર મુકાતી બે પ્રતિમાઓમાંથી એક પ્રતિમાનું મુખ ખુલ્લું હોય છે, જે 'અ' અક્ષર એટલે કે ઉત્પત્તિ દર્શાવે છે અને બીજી પ્રતિમાનું મુખ બંધ હોય છે જે 'ઉમ' અક્ષર એટલે કે વિનાશ બતાવે છે. આ રીતે ૐ નો સાંકેતિક ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત બૌદ્ધધર્મ અનુસરતા અન્ય દેશો જેવા કે બાલી, બ્રહ્મદેશ (બર્મા), જાવા, કંબોડિયા, થાઈલેન્ડ, ચીન, મોંગોલિયા વગેરે દેશોમાં પણ ત્યાંના રીતરિવાજ અનુસાર બૌદ્ધધર્મનો ફેલાવો છે. દરેક દેશોમાં ૐ નું મહત્ત્વ છે. દરેક નું વર્ણન શક્ય નથી, પરંતુ આ દરેક દેશોમાં ૐને જે અલગ અલગ રીતે દર્શાવાય છે તેની આકૃતિઓ અહીં દર્શાવી છે.

મિત્રો ૐ અક્ષરનું બૌદ્ધ ધર્મમાં મહત્ત્વ સમજ્યા પછી ભારતના અન્ય રાજ્યોમાં અને અન્ય ભાષાઓમાં ૐનું મહત્વ સમજવા હવે પછીના લેખો જરૂર વાંચશો. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

લેખાંક–૧૦


**ૐ – આમેન – આમીન – અસમવોહું – અહુનવર**

અગાઉ ના લેખાંક – ૮ અને ૯ માં આપણે જૈન, શીખ અને બૌદ્ધ ધર્મમાં ૐ નું મહત્વ સમજ્યા. આજે આપણે યહૂદી, પારસી અને ઈસ્લામ ધર્મમાં ૐ જેવો ધ્વનિ કઈ રીતે મહત્વ ધરાવે છે તે સમજીએ. અગાઉ પણ મેં સમજાવ્યું હતું તેમ ૐ દરેક ધર્મોમાં અલગ અલગ રીતે મહત્વ ધરાવે છે. કદાચ સમજાવટ થોડી અલગ હોય, પરંતુ બધાનો ધ્યેય એક જ હોય તેવું જણાય છે. વિલિયમ શેકસપિયર જેવા મહાન સાહિત્યકારે એમના નાટક "HAMLET" માં એક સરસ વાકય કહ્યું છે. "Brevity is the soul of wit" (clever people can express intelligent things using very few words અથવા 'સંક્ષિપ્તતા એ બુદ્ધિ ની આત્મા છે'). આવું જેઓ સમજે છે અને એમ માને છે કે, આ સૃષ્ટિનો કર્તા એક જ છે, ઈશ્વર, અહુરમજદ, અલ્લાહ, ગોડ એક જ છે. તેઓ આ લેખ જરૂર પસંદ કરશે, તેવી મને શ્રદ્ધા છે. કોઈ એક ધર્મમાંથી બીજા ધર્મમાં કોઈ વિચાર, ચિન્હ કે ઓળખ રૂપાંતરિત થઈ હોય એવું હું બિલકુલ સમજાવવા નથી માંગતો, પરંતુ હું માનું છું કે હિંદુઓનો "ૐ", યહુદીનો "આમેન", પારસીઓનો "અસમવોહું" અને ઈસ્લામનો "આમીન" બોલવાથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે ધ્વનિનું એક વિજ્ઞાન છે. જે સૃષ્ટિના ઉત્પતિકાળથી અસ્તિત્વ ધરાવે છે. તેનો માનવસમુદાયના ફાયદા માટે એવી રીતે ઉપયોગ કરવો જાઈએ, કે જેવી રીતે આપણે હવા, પાણી, સૂર્યપ્રકાશ નો ઉપયોગ કરીએ છીએ. હકીકતમાં વૈજ્ઞાનિકોએ આ બધા વચ્ચેના તથ્યોને, મૂળ ધ્વનિમાંથી નીકળતા જુદા જુદા ધ્વનિ, શબ્દો, ભાષા વગેરેના સંબંધથી વિશ્વના ધર્મો વચ્ચેની મૂળભૂત સામ્યતા ઉજાગર કરવી જાઈએ.

**યહૂદી માં આમેન :**

ઈસાઈ અને યહૂદીઓ 'આમેન' શબ્દનો પ્રયોગ કરે છે. 'આમેન' ઈજીપ્તના ભગવાન 'આમુન' પરથી આવ્યો હોય તેવું અનુમાન છે. 'આમેન' નો અર્થ છે ચોકકસ, વિશ્વાસુ, સ્વીકાર્ય અથવા તથાસ્તુ. બાઈબલ પેસેજ જ્હોન ૧.૧ પ્રમાણે "શરૂઆતમાં તે (આમેન) શબ્દ હતો જે ગોડ સાથે સંકળાયેલો હતો, આ શબ્દ જ ગોડ હતો" યહૂદીમાં દરેક પ્રાર્થનાને અંતે આ શબ્દ વપરાય છે.

અંગ્રેજી ભાષાના સુપ્રિમતત્ત્વ ને સંબોધતા શબ્દો તપાસીએ – OMNISCIENT (સર્વજ્ઞ), OMNIPRESENT (સર્વવ્યાપી), OMNIPOTENT (સર્વશકિતમાન), OMNIVOROUS (સર્વસમાવેશી), OMNIFARIOUS (સર્વ પ્રકારનું), OMNIFICENT (સર્વના રચઈતા) વગેરે... આ ઉપરાંત પૃથ્વીના કોઈપણ વસ્તુના નાનામાં નાના કણ ને ATOM (AT → OM, ૐ તરફ ) કહેવાય છે. મને વધુ સમજાવવાની જરૂર લાગતી નથી. આલબર્ટ આઈન્સટાઈને સૂત્ર આપેલું કે પૃથ્વી પર શકિત (ENERGY) નો કુલ જથ્થો અચળ છે. $E=MC^2$. જે વસ્તુ




(MATTER) અને શકિત સાથે સંબધિત છે. આ એજ શકિત છે કે જે પૃથ્વીની ઉત્પત્તિ વખતે (સ્ફોટ વખતે, જુઓ પહેલો લેખ) ઉત્પન્ન થાય છે, જેમાં ૐ નાદ સમાયેલો છે.

**ઈસ્લામમાં આમીન :**

કુરાનની શરૂઆતમાં ઉપરની બાજુ ત્રણ અક્ષર લખ્યા છે. અલીફ (અ), લામ (લ) અને મિમ (મ). મુસ્લિમ બિરાદરો આ શબ્દોને પવિત્ર માને છે. તેઓ માને છે કે અલ્લાહે આનું રહસ્ય પોતાની પાસે રાખ્યું છે. જો પવિત્ર કુરાન અલ્લાહે માનવસમુદાયના ઉદ્ધાર માટે ખુલ્લું મુકયું હોય, તો આને રહસ્ય રાખવાનું શું કામ ? ઉંડાણથી સમજીએ તો આ અક્ષરો છે 'અ', 'ઉ', 'મ'. કોઈ સવાલ કરશે કે આ 'ઉ' કયાંથી આવ્યો ? તો મિત્રો, અરેબિક ગ્રામરમાં જયારે 'લ', સ્વર અને વ્યંજનની વચ્ચે આવે ત્યારે 'લ' નો ઉચ્ચાર 'ઉ' તરીકે થાય છે. દા.ત. લખાય SHAMSALDIN, પરંતુ ઉચ્ચારણ થાય શમશુદ્દીન વગેરે. કોઈપણ દુઆ અથવા કુરાનની પહેલી સુરા 'અલ ફતીહા' ના અંતે અને બીજી પ્રાર્થના (સલત, નમાઝ) ની શરૂઆતમાં 'આમીન' એ રીતે વપરાય છે, કે જે રીતે હિંદુઓ ૐ નો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ઈસ્લામમાં ૭૮૬ ને પવિત્ર માનવામાં આવે છે. ઘણા એને લકકી નંબર તરીકે પણ ઓળખે છે. એવું કહેવાય છે કે 'બિસ્મિલ્લાહ અલ રહેમાન અલ રહીમ' કે જે કુરાનનું શરૂઆતનું વાકય છે તેને જયારે અરેબિક ઉર્દુની અંક પધ્ધતિ જે 'અબ્જાદ' તરીકે ઓળખય છે તે પ્રમાણે અંકોમાં લખવામાં આવે ત્યારે આ અંકો નો કુલ સરવાળો ૭૮૬ થાય છે. રફેલ પતાઈ નામના દાર્શનિકે પોતાના પુસ્તક "THE JEWISH MIND" માં તંત્રવિદ્યા અને કબાલા ને સમજાવ્યા છે.

દાખલાઓ સાથે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે તાંત્રિકો અને કબાલા વચ્ચે ગાઢ સંબંધ છે. અરેબિક અક્ષર અ, લ, મ અને સંસ્કૃત અ, ઉ, મ બંનેનો અર્થ વિશ્વના સર્જન સાથે છે.

**પારસી ("Zorastrian) માંઅસમવોહું :**

પારસીઓ જેમને ભગવાન તરીકે પૂજે છે તે 'અહુરમજદ' ઈરાનમાં આદિકાળથી પૂજાય છે. અશો જરથુષ્ટ્ર કે જેમનું ગ્રીક નામ 'ઝોરોસ્ટર' હતું. તેમને 'ઓર્મીઝ્દ' અથવા 'ઓર્માઝ્દ' થી પણ સંબોધન થાય છે. અશો જરથુસ્ટ્ર પ્રમાણે આ વિશ્વને 'અહુરમજદ' દ્વારા રચવામાં આવ્યું છે. 'અહુરમજદ' દ્વારા બે શકિતઓ 'સ્પેનટામેન્યુ' અને 'અંગ્રમેન્યુ' ને ઉત્પન્ન કરવામાં આવી. જેમાં પહેલી સત્ય, પ્રકાશ, જીવન અને બીજી વિનાશ, અંધકાર, મૃત્યુ સાથે સંકળાયેલી છે. પારસીમાં 'અસમવોહું' અગત્યની પ્રાર્થના કહેવાય છે. 'અહુનવર' પછી એક અગત્યનો મંત્ર કહેવાય છે. 'અસમવોહું વનીસ્તમ અસ્તિ, ઉસ્તા ઓસ્તી ઉસ્તા અહમાઈ, હયાત અસાઈ વહીસ્તાઈ અસમ' (Holiness is the best of all good, it is also happiness, Happy is the man who is holy with performing best deeds for holiness)

ૐ, આમેન, આમીન અને અસમવોહું વચ્ચેનો સંબંધ ઘણા દાર્શનિકો પણ સ્વીકારે છે. ચોકકસપણે કહી શકાય કે આ સંબંધ કોઈ સંયોગ નથી. મેં અગાઉ કહ્યું તેમ આ સંબંધોના વ્યવસ્થિત અભ્યાસથી આ વિશ્વના ધર્મોની સામ્યતા એક જ છે તે પ્રતિપાદિત થવું જોઈએ.

આજનો લેખ લખવામાં મેં ખૂબ મર્યાદા અનુભવી છે. જો કોઈ ભૂલ થઈ હોય તો ગોડ, ખુદા, ખોદાયજી પાસે ક્ષમાં માંગું છું. હવે પછીના લેખોમાં આપણે ભારતમાં જુદા જુદા રાજયો અને ભાષામાં ૐ નું મહત્વ સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ


અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

**તામિલ ભાષામાં ૐ**


અગાઉ ના લેખોમાં આપણે હિન્દુ ઉપરાંત અનેક ધર્મોમાં ૐ જેવા ધ્વનિનું મહત્વ સમજ્યા, કે જે ઉત્પત્તિ કાળથી મહત્વ ધરાવે છે. હવે આપણે ભારતના વિવિધ રાજયો અને ભાષાઓમાં ૐ નું મહત્વ સમજશું. આ લેખમાં તામિલ (તમિલ) ભાષામાં ૐ શું વિશેષ મહત્વ ધરાવે છે. તે સમજવાનો પ્રયત્ન કરીશું. તામિલ ભાષામાં ૐ અક્ષરને ત્રણ અલગ અલગ રીતે સમજાવવામાં આવે છે. દરેક ને સમજવાનો પ્રયત્ન કરીશું.

**ૐ અને ગણેશજી :**

તામિલ ભાષા તમિલનાડુમાં વપરાય છે. 'સમ્રાટ અશોક' ના શિલાલેખ તામિલ–બ્રાહ્મી લિપિમાં લખાયેલા છે. ૪ થી સદીમાં 'પલ્લવો' નું રાજય હતું ત્યારથી આ લિપિમાં થોડો ફેરફાર થયો અને હાલની ભાષા અસ્તિત્વમાં આવી. તામિલ ભાષામાં લખાતા 'અ', 'ઉ' અને 'મ' ના સંયોજનથી સૌ પ્રથમ ૐ અક્ષર અસ્તિત્વમાં આવ્યો તેવું તામિલમાં મનાય છે. આ સંયોજનથી એ આકૃતિ બને છે તે માતાના ગર્ભમાં રહેલા બાળકને (એટલે કે સર્જન અવસ્થાને) દર્શાવે છે, આ ઉપરાંત વૈષ્ણવોના કપાળનું તિલક (વિસ્તૃત અર્થમાં પાલક) ને તેમજ શિવભકતોના કપાળના તિલક (ત્રિપુંડ) ને પણ દર્શાવે છે. આ રીતે સર્જન, પાલન અને વિસર્જન એમ ત્રણે ૐ અક્ષરમાં સમાયેલા છે એવી શ્રદ્ધા તામિલમાં છે જે આકૃતિમાં બતાવ્યા છે. આ ઉપરાંત તામિલ ભાષામાં ૐ નું ગણેશજી તરીકે વિશેષ મહત્વ છે. તેઓ ૐ ને સૃષ્ટિના સર્જનના ચિન્હ તરીકે તો માને જ છે, પરંતુ ૐ ને વિદ્યા તરીકે માને છે. વેદો અને પુરાણોએ સ્વીકારેલ પહેલા દેવ કે જેમની પાસે વેદવ્યાસે પણ મહાભારત લખાવ્યું, તેવા ગણેશજીને પરમાત્માએ સંપૂર્ણ જ્ઞાન પ્રદાન કર્યું છે, એવી માન્યતા સાથે ૐ ને મહત્વ આપે છે. તામિલમાં વપરાતા ૐ માટેના ચિન્હમાં આ માન્યતાની પ્રતીતિ થાય છે. ૧૩ મી સદીમાં થયેલા મરાઠી સંત ''જ્ઞાનેશ્વર'' ની ગણેશજી માટેની સંપૂર્ણ સમજણ તામિલ ભાષાએ સ્વીકારી છે. 'ગ' 'ણે' 'શ' અક્ષરો સંસ્કૃતમાં બાવન પૈકી એવા ત્રણ અક્ષરો છે, જેનો વ્યંજન નો ભાગ સ્વરથી અલગ હોય છે. ખૂબ આશ્ચર્ય થાય કે તામિલના ૐ ચિન્હમાં ગણેશજીનું મુખ અનુભવી શકાય છે, જે આકૃતિમાં દર્શાવ્યું છે. સંયોગ કહો તો સંયોગ, પરંતુ એમ માનવું જ પડે કે આ એક દિવ્ય અનુભૂતિ છે. અને આથી જ આપણે ગુજરાતીમાં શુભ કાર્યની શરૂઆતમાં જેમ 'ૐ શ્રી ગણેશાય નમઃ' લખીએ છીએ, તેમ તામિલમાં કોઈપણ લખાણની શરૂઆતમાં ''પીલ્લીઈયાર સુઝી'' લખાય છે. (Pilliaiyar Suzhi - 'ગણેશજીની સૂંઢ સાથે સંકળાયેલો વણાંક', લગભગ એવો અર્થ ગુજરાતીમાં થાય). આ ચિન્હને અહીં આકૃતિમાં દર્શાવ્યું છે.




ૐ- ગર્ભસ્થ બાળક- તિલક- ત્રિપુંડ


ૐ અને ગણેશજી


પીલ્લીઈયાર સુઝી


ૐ અને કાર્તિકેય (મુરુગન)


સ્વામીમાંલાઈ મંદિર


ૐ અને મનુષ્યનું મગજ

**ૐ અને કાર્તિકેય :**

તમિલનાડુ ભગવાન કાર્તિકેયના ૬ તીર્થસ્થાનો માટે પ્રસિદ્ધ છે. કાર્તિકેયને ''મુરુગન'' (Lord Murugan) કહેવાય છે. જેમનું કાવેરી નદીના કિનારે, કુંભકોણમ પાસે આવેલ 'સ્વામીમાંલાઈ' મંદિર મુખ્ય છે. આ મંદિરની કથા એવી છે કે એક વખત ભગવાન કાર્તિકેયે બ્રહ્માજીને 'પ્રણવ' (ૐ) નું રહસ્ય પૂછ્યું. બ્રહ્માજી આનો જવાબ આપી શકયા નહિં. બ્રહ્માજીની વિહવળતા જોઈને બધા દેવો બ્રહ્માજી સાથે ભગવાન શિવજી પાસે ગયા અને બ્રહ્માજીની ચિંતાનું નિવારણ કરવા પ્રાર્થના કરી. કાર્તિકેયે એમના પિતાશ્રી ભગવાન શંકરને કહ્યું કે, મેં 'પ્રણવ' નું રહસ્ય સમજાવવા બ્રહ્માજીને કહ્યું હતું પરંતુ તેઓ સમજાવી શકયા નથી. હવે આપ સમજાવો'. આથી બધા આપની પાસે આવ્યા છે. ભગવાન શિવે પણ આ બાબતે ચુપકીદી બતાવી. આથી ભગવાન કાર્તિકેયે પ્રણવને સમજાવવા તૈયારી બતાવી. ભગવાન શિવ કે જેઓ કાર્તિકેયના પિતા હતા, છતાં પણ આ વિષયના એમના ગુરુ કાર્તિકેય પાસે ઘૂંટણીયે બેસીને પ્રણવનું રહસ્ય સમજયા. આથી ભગવાન કાર્તિકેય 'સ્વામીનાથન' કહેવાયા. અને આ સ્થાન 'સ્વામીમાંલાઈ' તરીકે ઓળખાયું. અહીં આપેલા ફોટોમાં આ મંદિરના દર્શન થાય છે.

**ૐ અને મનુષ્યનું મગજ :**

ૐ ને તામિલમાં મનુષ્યના મગજ સાથે પણ સાંકળવામાં આવે છે. આગાઉ જણાવ્યું તેમ ૐ એટલે જ વિદ્યા અને ૐ એટલે જ ગણેશ. અહીં દર્શાવેલ આકૃતિમાં મનુષ્યના મગજમાં આવેલ વિવિધ ભાગો જેવાકે પિનીયલ ગ્રંથી કે જે ત્રીજી આંખ સાથે સંકળાયેલી મનાય છે, મોટું મગજ, નાનું મગજ, અસ્થીમજ્જા વગેરે જે વિચારો અને બુદ્ધિ સાથે સંકળાયેલા મગજના ભાગો છે તે ૐ ના અહીં દર્શાવેલા તામિલ ભાષામાં લખાતા ચિન્હ સાથે સંકળાયેલા છે.

મિત્રો ૐ અક્ષરનું તામિલમાં મહત્વ સમજયા પછી ભારતના અન્ય રાજયોમાં અને અન્ય ભાષાઓમાં ૐ નું મહત્વ સમજવા હવે પછીના લેખો જરૂર વાંચશો. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

૫

સોમવાર ૧૭ જાન્યુઆરી, ૨૦૨૨
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ

સત્સંગ

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

લેખાંક–૧૨

**ભારતની અન્ય ભાષાઓમાં ૐ ચિહ્નો**

અગાઉના લેખોમાં આપણે હિન્દુ ઉપરાંત અનેક ધર્મોમાં ૐ જેવા ધ્વનિનું મહત્વ સમજ્યા, કે જે ઉત્પત્તિ કાળથી મહત્વ ધરાવે છે. હવે આપણે ભારતના વિવિધ રાજ્યો અને ભાષાઓમાં ૐ નું મહત્વ ફકત ચિન્હ રૂપે સમજશું.

**દેવનાગરી, સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ૐ :**

દેવ એટલે ઈશ્વર અને નાગરી શબ્દ 'નગર' પરથી ઉદભવેલો છે. આનો અર્થ થાય 'દેવોનું નગર' અથવા 'દિવ્ય નગરની ભાષા'. 'ૐ' નું ચિન્હ દેવનાગરી, સંસ્કૃત હિન્દી, ગુજરાતી અને ઉત્તર ભારતની અનેક ભાષાઓમાં વપરાય છે, જે આકૃતિમાં બતાવ્યું છે. જેને વિસ્તૃત રીતે આપણે લેખાંક ૧ થી ૬ માં સમજ્યા હતા.

**આસામી અને બંગાળી લીપીમાં 'ૐ':**

હાલમાં આસામ, બંગાળ અને પૂર્વના અમુક રાજયોમાં વપરાતી આધુનિક ભાષા મૂળ બ્રાહ્મિક 'ગૌડી' પરથી ઉદભવેલી છે. જેને 'ઈસ્ટર્ન નાગરી' ભાષા પણ કહેવાય છે. આ ભાષામાં વપરાતા ૐ ચિન્હને આકૃતિમાં દર્શાવ્યું છે.

**મોડી (મરાઠી) લીપીમાં ૐ :**

'મોડી' લીપીનો ઉપયોગ મરાઠી ભાષા લખવામાં થાય છે. મહારાષ્ટ્રની પ્રાથમિક ભાષા ઉપરાંત આજુબાજુના કેટલાક રાજ્યોમાં આનો ઉપયોગ થાય છે. 'મોડી' લીપીમાં લખાતા 'ૐ' ચિન્હને આકૃતિમાં દર્શાવ્યું છે.

**ઓડિયા લીપીમાં ૐ :**

ઓડિયા લીપી ઓરિસ્સાની ભાષામાં વપરાય છે. જે ૧૦૦૦ વર્ષ કરતા પણ જૂની હોવાનું મનાય છે. આ લીપી 'સિધ્ધમ' લીપી પરથી ઉતરી આવી હોવાનું કહેવાય છે. હિન્દીમાં જેમ દરેક અક્ષરનું મથાળું સીધી લીટીથી બાંધવામાં આવે છે તેમ ઓડિયા લીપીમાં ઉંધો (curve) લખવામાં આવે છે. પહેલાના વખતમાં સિધ્ધમ લીપી પાંદડાઓ પર લખાતી હતી, જેની અસર આ લીપીમાં જોવામાં આવે છે. ઓડિયા લીપીમાં લખાતા 'ૐ' ચિન્હને આકૃતિમાં દર્શાવ્યુ છે.




**'પ્રચલિત' લીપીમાં ૐ :**

આ લીપી મૂળ નેપાળની કહેવાય છે. પરંતુ સિકકીમમાં વધુ પ્રચલિત છે. સિકિકમ સરકારનું 'સિકિકમ હેરાલ્ડ બુલેટીન' પણ આ જ લીપીમાં પ્રસારિત થાય છે. પ્રચલિત લીપીમાં લખાતા 'ૐ' ચિન્હને આકૃતિમાં દર્શાવ્યું છે.

**'શારદા' લીપીમાં ૐ :**

આ લીપીનો કાશ્મીરમાં ૮ મી સદીથી ૧૨ મી સદી સુધી ઉપયોગ થતો હતો. હાલમાં ફકત કાશ્મીરના પંડિતો આ લીપીનો ઉપયોગ કરે છે. 'માતા શારદા' અથવા 'માં સરસ્વતી' પરથી આ લીપીનું નામ પડયું છે. કાશ્મીરમાં નીલમવેલીમાં આવેલ શારદાપીઠના મુખ્યદેવી શારદા દેવી છે. આકૃતિમાં આ લીપીમાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'સિધ્ધમ' લીપીમાં ૐ :**

આસામ અને બંગાળમાં આ લીપીનો ઉપયોગ થાય છે. સંસ્કૃતમાં સિધ્ધમનો અર્થ થાય છે સફળતા મેળવવી. ઘણી બૌદ્ધ ભાષાઓમાં પણ સિધ્ધમ લીપીનો ઉપયોગ કરવામાં આવે છે. આકૃતિમાં આ લીપીમાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'ટકરી' લીપીમાં ૐ :**

શારદા લીપી પરથી ઉદ્‌ભવેલી આ લીપીનો ઉપયોગ જમ્મુમાં 'ડોગરા' અને 'ચંબા' જાતિના લોકો કરે છે. હિમાચલ પ્રદેશમાં પણ આનો ઉપયોગ થાય છે. આકૃતિમાં આ લીપીમાં લખાતા 'ૐ' ને દર્શાવ્યું છે.

**'મૈથિલી' લીપીમાં ૐ :**

૧૪ મી સદીની ભાષા કહેવાય છે. આ લીપીનું ત્યારપછી પરિવર્તન દેવનાગરીમાં થયું તેમ મનાય છે. આ લીપીને ઈ.સ. ૨૦૦૩ માં ભારતના બંધારણમાં સત્તાવાર ભાષા તરીકે સ્થાન મળ્યું. આકૃતિમાં આ લીપીમાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'કન્નડ' ભાષામાં ૐ :**

કર્ણાટક અને મહારાષ્ટ્રના કેટલાક ભાગમાં આ ભાષાનો ઉપયોગ થાય છે. આ ભાષા મૂળ દ્રવિડિયન ભાષા પરથી ઉતરી આવેલ છે. આકૃતિમાં આ ભાષામાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'મલયાલમ' ભાષામાં ૐ :**

કેરાલામાં વપરાતી ભાષા છે. એક અંદાજ પ્રમાણે દુનિયામાં ફેલાયેલા લગભગ ૫ કરોડ લોકો આ ભાષા બોલે છે. કેરાલા ઉપરાંત લક્ષદ્વીપ અને પૉંડિચેરીમાં આ ભાષાનો ઉપયોગ થાય છે. મૂળ દ્રવિડિયન ભાષા પરથી ઉતરી આવેલ છે. આકૃતિમાં આ ભાષામાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'તેલુગુ' ભાષામાં ૐ :**

આન્ધ્રપ્રદેશ અને તેલાંગણામાં આ ભાષા વપરાય છે. 'ચાલુકય' રાજાઓના જમાનાથી આ ભાષા અસ્તિત્વમાં છે. ભારતમાં એને 'કલાસિક ભાષા'નું બિરુદ મળ્યું છે. આ ભાષા મૂળ દ્રવિડિયન ભાષા પરથી ઉતરી આવેલ છે. આકૃતિમાં આ ભાષામાં લખાતા 'ૐ' ચિન્હ ને દર્શાવ્યું છે.

**'આર્યસમાજમાં ૐ :**

આર્યસમાજની સ્થાપના ૧૦ એપ્રિલ ૧૮૭૫ ના દિને સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા થઈ. આ સમાજ વેદો અને ઉપનીષદો સિવાયના કોઈપણ હિન્દુ સાહિત્યો, પુરાણો વગેરેને સ્વીકારતો નથી કારણ કે આ ગ્રંથોમાં ઘણી ભેળસેળ થઈ છે એવું તેઓનું મંતવ્ય છે. આ સમાજના મત પ્રમાણે યજુર્વેદ (૪૦.૧૭) માં આપેલ સમજૂતી પ્રમાણેનું ૐ ચિન્હ આકૃતિમાં દર્શાવ્યું છે.

મિત્રો ૐ અક્ષરનું મહત્વ ઘણા ધર્મોમાં, ઘણા દેશોમાં, ભારતના રાજયોની મુખ્ય ભાષાઓમાં સમજયા. હવે પછી સનાતન ધર્મમાં ૐ નું મહત્વ સમજવા આવતો લેખ જરૂર થી વાંચશો. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

**અધ્યાત્મ દર્શન**

અનુપ શાહ

લેખાંક-૧૩

**ૐ - હિન્દુ સનાતન ધર્મ - પંચાયતન (ભાગ-૧)**

અગાઉના લેખોમાં આપણે હિન્દુ ઉપરાંત અનેક ધર્મો અને ભાષાઓમાં ૐનું મહત્ત્વ સમજ્યા કે જે ઉત્પત્તિ કાળથી મહત્ત્વ ધરાવે છે. પહેલા લેખથી જ મેં આપને જણાવ્યું હતું કે કોઈ પણ માન્યતાને અનુસરતા પહેલાં એને જાણવી સમજવી ખૂબ જરૂરી છે. આજે આપણે હિન્દુઓ માટે ખૂબ અગત્યતા ધરાવતા મૂળ હિન્દુ સનાતન ધર્મમાં ૐ નું મહત્ત્વ સમજીએ. આજનો લેખ વાંચતા પહેલાં હું દરેકને વિનંતી કરીશ કે તેઓ અગાઉના લેખાંક-૫ થી લેખાંક-૭ નું ફરી એક વખત અધ્યયન કરે કારણ કે આજના અને આવતા લેખને સમજવા માટે આ અધ્યયન ખૂબ જરૂરી છે. આજે **"પંચાયતન" (પંચદેવ)** ને ધ્યાનમાં રાખીને સમજવાનો પ્રયત્ન કરીશું.

સનાતન ધર્મ એ વૈદિક ધર્મ છે. હિન્દુઓનું મૂળ છે. તેના સિદ્ધાંતો ઉચ્ચકોટિના અને સૂક્ષ્મ વિચારયુક્ત છે. સનાતન વૈદિક ધર્મને પ્રતિપાદન કરનાર વેદો, દર્શનશાસ્ત્રો, ઉપનિષદો, પુરાણો અને ઈતિહાસો એ દરેક આર્ય ગ્રંથો ગણાય છે. ૐ કાર ને પરમાત્મા સ્વરૂપ ગણાવતા વેદો, ઉપનિષદો, પુરાણો, ગીતા તેમજ સંતોનાં વાકયો અગાઉ લેખાંક ૬ અને ૭ માં આપણે સમજ્યા. સનાતન ધર્મ, પરમાત્માની ૐ કાર સ્વરૂપે ગણેશ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શકિતની અભેદરૂપી ઉપાસના અને પ્રેમભકિત સમજાવી છે. (અભેદરૂપી એટલે કે જુદા જુદા નહિ પરંતુ એક જ રૂપે. ૐ અક્ષરને છૂટો પાડી શકાતો નથી એવું ઉપનિષદનું વાકય આપણે અગાઉ લેખાંક - ૫ માં સમજયા હતા). આ બધા નિરાકાર પરમાત્માના સાકાર સ્વરૂપો છે. સનાતન ધર્મમાં "એકાનેકાદિ વર્જિતમ" એટલે કે એકાત્મક સત સ્વરૂપ (સૌરબ્રહ્મ, સૂર્ય), અનેકાત્મક અનાદિ સ્વરૂપ (શકિત બ્રહ્મ) તથા આદિ પદ વડે સમાત્મક સ્વરૂપ (વિષ્ણુબ્રહ્મ) અને સહજાત્મક સ્વરૂપ (શિવબ્રહ્મ) વગેરે "અભેદ પંચાયતન" સ્વરૂપે ૐકારમાં સમાયેલા હોય, ૐકારને પરમાત્મા જ સમજવા તેવી સમજૂતી છે. તેમાં જ તુરિયાતીત, તુરિય (સમાધિ અવસ્થા), વ્યાપક, દેહી અને દેહ આવા પાંચ પદને સમજવા એવું સમજાવવામાં આવ્યું છે. પંચાયતનનો સંબંધ પંચમહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) સાથે છે.



સૂર્યદેવ 'વાયુ' તત્ત્વના અધિપતિ છે, આથી તેમની પૂજા અર્ધ્ય અને નમસ્કાર દ્વારા કરવામાં આવે છે. ગણેશજી 'જળ' તત્ત્વના અધિપતિ છે, આથી એમની સૌથી પહેલી પૂજા કરવી એવું વિધાન. કારણ કે આ સૃષ્ટિના ઉદ્‌ભવ પહેલાં ફકત પાણી જ હતું. શકિત (આદ્યશકિત, જગદંબા) 'અગ્નિ' તત્ત્વના અધિપતિ છે, આથી તેમની પૂજા અગ્નિકુંડમાં હવન દ્વારા કરાય છે. શિવજી 'પૃથ્વી' તત્ત્વના અધિપતિ છે, આથી તેમની શિવલિંગ તરીકે પાર્થિવ પૂજા કરવામાં આવે છે. વિષ્ણુ આકાશ તત્ત્વના અધિપતિ છે, આથી તેમની પૂજા શબ્દો અને સ્તુતિ દ્વારા કરવામાં આવે છે.

પંચાયતનના ઉપર દર્શાવેલ નામોમાં યોગ્ય અનુક્રમથી સનાતન બંધુઓ પોતાના અધિકારપૂર્વકની ઉપાસના કરે છે. (સ્વધીકારાનુંસારેણ માર્ગ સ્ત્રેધા ફલાય હિ). આ ઉપાસનાના યોગે જે જે નામમાં ઈષ્ટ ભાવના બંધાય તે તે નામથી મહત્તાપૂર્વક અનુભવ મેળવવાને તે તે નામના પુરાણોનો પાઠ - અભ્યાસ કરે છે અને તે તે નામથી પરમાત્મામાં, આત્માને, એકાકાર કે પૂર્ણ થયેલ સમજે છે. 'ૐકાર' સ્વરૂપ પરમાત્માના 'અભેદ પંચાયતન' ના અમૃત સિદ્ધાંતથી પરમાત્માને નવધા ભકિત (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન) વડે આત્મ નિવેદન કરીને પોતાને ધન્ય અનુભવે છે.

પુરાણો તરફ સત્ય દ્રષ્ટિથી જોતા જણાય છે કે, રજો અને તમોગુણી આસુરી સંપત્તિવાળા રાવણ આદિ રાક્ષસોએ જયારે પોતાની અસુરીમતિથી આસુરી રાજય સ્થાપન કર્યું ત્યારે દેવો અને મુનિઓએ પોતાના અભિમાનનો ત્યાગ કરી પરમાત્માની સહાય માંગી છે. દરેક પુરાણોને રચનાર મહર્ષિ વેદ વ્યાસજીએ દરેક પુરાણોમાં તે તે નામોના જ્ઞાનની પ્રાપ્તિ માટે ગીતાઓ રચી છે. ગણેશ પુરાણમાં 'ગણેશ ગીતા' (૧૩૮ થી ૧૪૮ - ક્રીડા ખંડ), શિવ પુરાણમાં 'શિવ ગીતા' (ઉત્તરકાંડ પદ્મ પુરાણ), મહાભારતમાં 'ભાગવદ ગીતા', દેવી પુરાણ અને માર્કંડેય પુરાણમાં 'દેવી ગીતા (દુર્ગા સપ્તશતી)', 'સૂર્યગીતા' (સૂર્ય પુરાણ-બ્રહ્મપુરાણ) વગેરે પોતાના નામના જ્ઞાનરૂપ મહત્ત્વને પ્રતિપાદિત કરે છે. આટલુ જ નહિ પરંતુ આ સર્વ ગીતાઓ મૂળરૂપ પરમાત્મા ૐકાર ને જ સિદ્ધ કરે છે.

એટલે કે દેવીનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર, સૂર્યનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર, વિષ્ણુનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર, શિવનું મૂળ સ્વરૂપ તે પણ ૐકાર. તેમજ ગણપતિનું મૂળ સ્વરૂપ તે પણ ૐ આકૃતિ રૂપી ૐકાર છે. આથી જ આપણે કોઈ પણ ઉપાસનામાં, કોઈ પણ મંત્રોમાં ૐને પહેલું સ્થાન આપીએ છીએ. જેમ કે **"ૐ ઐં હ્રીં કલીમ ચામુંડાયે વીચ્યે", "ૐ આદિત્યાય નમઃ", "ૐ નમો ભગવતે વાસુદેવાય", "ૐ નમઃ શિવાય", "ૐ ગં ગણપતયે નમઃ"** વગરે. આમ ૐકાર ને પરમાત્માના મૂળરૂપે, 'અભેદપણા'થી વર્ણવાયેલું છે. અર્થાત પુરાણોની દ્રષ્ટિએ સામાન્ય વ્યકિતને ભેદ-ભેદ લાગે, પણ ઉપર દર્શાવેલા પંચાયતનના સર્વ નામો અને સર્વ પુરાણોનું અંતિમ બિન્દુ તુરિયાતીત - પરમાત્મા ૐકાર જ છે. આમ પુરાણની એકરસ ભાવનાને સમજીને, અનુભવીને, ૐકાર પરમાત્માનું જેવી રીતે વર્ણન કર્યું છે, તેવી જ રીતે સગુણ - નિર્ગુણની સમાનતા સમજીને, દ્વૈત - અદ્વૈતની સમાનતા સમજીને, પંચાયતનની 'અભેદતા' સમજીને, ૐકારમાં સર્વ સમાયેલા છે તેમ સમજીને, પ્રભુ ભકિતમાં પ્રવેશ કરવો જોઈએ તેવું ૐકારનું મહત્ત્વ સમજવાનું દર્શાવ્યું છે.

આવતા લેખમાં પંચાયતન, તેના વિવિદા પદો અને "એકાનેકાદિ વર્જિતમ" ને વધુ સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

સોમવાર ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ
સત્સંગ

# સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

## ૐ–હિન્દુ સનાતન ધર્મ–પંચાયતન (ભાગ–૨)

અગાઉ ના લેખમાં 'ૐ–હિન્દુ સનાતન ધર્મ–પંચાયતન' (પંચદેવ) ને ધ્યાનમાં રાખીને જે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો તેને આગળ ધપાવીએ.

શ્રુતિમાં કહ્યું છે.

અપૂર્વ અનન્તરો અબાહ્યોઅન્પર પ્રણવો અવ્યયઃ।

સર્વસ્ય પ્રણવો આદિ મધ્યમન્તસ્તથૈયદય॥

અર્થાત " આ પ્રણવ જ અપૂર્વ એટલે કારણરહિત, અનન્તર એટલે ભિન્નતારહિત, અબાહ્ય એટલે બહાર કંઈ પણ નથી તેવો તથા અનપર એટલે જેનાથી પરે કંઈ નથી તેવો અવિનાશી, અવ્યય છે. સર્વના આદિમાં, સર્વના મધ્યમાં અને સર્વના અંતમાં તે ૐકાર જ પરમાત્મા છે. આ પ્રણવ જ સર્વના હૃદયમાં સ્થિત છે." આમ ૐકાર ને "અભેદ પંચાયતન" સ્વરૂપે જાણવું, તે પરમાત્માને જાણવું જ છે. ગીતા (૮.૯ અને ૧૩.૧૭) માં પણ કહ્યું છે. કે ભિન્નતાથી નહિ પરંતુ બધાને એકરૂપ જાણીને એકબીજાથી વિરુદ્ધ થયા વગર ઉપાસના કરવી જોઈએ કારણ કે 'સર્વ ઉપાસ્યો ઈશ્વરનાં જ સ્વરૂપો છે.'

કઠ ઉપનિષદ ત્રીજી વલ્લીમાં પણ સમજાવ્યું છે. "પરમાત્માની આજ્ઞાથી જ અગ્નિ, વરૂણ, વાયુ, ઈન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર ઈત્યાદિ દેવો જગતના કલ્યાણ કર્મમાં પ્રવૃત થાય છે."

વિષ્ણુ પુરાણ (૧.૯.૬૯) પ્રમાણે "હે પરમાત્મા, આપની સન્મુખ જે કોઈ આવે તે દેવ હોય કે અન્ય કોઈ તે આપનું જ સર્જન છે."

ૐકાર જ ઉપાસ્ય છે એ વાત વેદોમાં પણ સ્પષ્ટ છે. "ૐ મિત્યેતદક્ષર મુદ્રીયમુપાસીત" અર્થાત ૐ એવું પરમાત્માનું નામ અને તે જ પરમાત્માની મૂર્તિ રૂપ. એમ અસ્તિ–ભાતી, પ્રિય, નામ, રૂપ વગેરે એકસરખો જ ૐકાર છે. આ ૐકાર પરમાત્મા જ "એકાનેકાદિ વર્જિતમ" થી પ્રતિપાદિત છે. અગાઉના લેખમાં સમજયા તેમ ચાર પાદો સહિત અથવા ચાર પાદો સ્વરૂપ 'સ્વ' ને આનંદ આપનાર બ્રહ્મ છે. આ ચાર પાદોમાં

૧. 'અસત રૂપમય' (ન હોવાપણું) બ્રહ્મ તે વેદમાં "શકિતબ્રહ્મ" કહેવાય છે. અને તે 'સર્વ અખિલમ બ્રહ્મ' શ્રુતિથી પ્રતિપાદિત છે. વેદોમાં, પુરાણોમાં કોઈ પણ જગ્યાએ આદ્યશકિતનો જન્મ કે મરણ બતાવ્યા નથી. 'પ્રગટ થયા અને અંતર્ધ્યાન થયા' તેવું જ દર્શાવ્યું છે.

૨. ઉપર બતાવેલા 'અસત રૂપનો આત્મા' કે જે અસત રૂપના અહંકાર રૂપે સત ભાવનો પ્રકાશક છે તેને વેદમાં "સૂર્યબ્રહ્મ" કહેવાય છે અને તે 'એકમેવા દ્વિતીયમ બ્રહમેતી' શ્રુતિ વડે પ્રતિપાદિત છે.



૩. અસત અને સત એવા ઉપર બતાવેલા બે સ્વરૂપને આધાર આપનાર એટલે કે બીજી રીતે સમજીએ તો દેહી અને દેહ એ બંને નું અભેદાત્મક પ્રિય સમસ્વરૂપ અથવા બંનેથી રહિત વ્યાપક ભાવથી 'વિષ્ણુબ્રહ્મ' નામનું આનંદ બ્રહ્મ છે અને તે 'વિજ્ઞાનમાનંદ બ્રહ્મ' આ શ્રુતિ વડે પ્રતિપાદિત છે.

૪. ઉપર વર્ણવેલા ત્રણે થી રહિત એવો ચોથા શિવ બ્રહ્મ 'શિવ તૂરીયમ ચતુર્થ મન્યતે' એમ પ્રતિપાદિત છે. આ શિવ અથવા ઈશ્વરનું પદ નિર્મોહી છે.

૫. ઉપર વર્ણવેલા ચારેય બ્રહ્મના અભેદપણાથી, ચારેય બ્રહ્મથી રહિત અને જેમાં ચાર પાદનો વિલય છે એવો પાંચમો બ્રહ્મ કે જે બિંદુમાં છે, તે ૐકાર સ્વરૂપ પરમાત્મા છે. આ પરમાત્મા જ શાશ્વત અને અવિનાશી છે અને તેનાથી જ નીચેનું ચતુષ્પાદવાળું (ત્રણ ગુણ સત્ત્વ, રજો, તમો અને ચોથી પ્રકૃતિ) વિશ્વ એટલે કે જગત 'અભિવ્યકત' થાય છે. (પરમાત્માની અભિવ્યકિત ખૂબ વિસ્તારથી હવે પછીના લેખોમાં પણ સમજીશું.)

આમ ૐ કાર જ સગુણ, નિર્ગુણ અને અભેદ પ્રકારે 'એક છે' "એકમેવાદ્વિતીયમ બ્રહ્મ" એટલે કે તે એક અને અદ્વિતીય બ્રહ્મ છે. આ એક અને અદ્વિતીય સંજ્ઞાના પાદને જ શાસ્ત્રોમાં તુરિયપાદ કહેવાય છે. આ જ અભેદ પાંચમાં પાદ રૂપી છે. અને તે જ મેં આપને અગાઉના લેખોમાં જણાવ્યું હતું, તેમ "એકોહમ બહૂસ્યામ." (છાંદોગ્ય ઉપનિષદ ૬.૨.૩) શ્રુતિથી સમજાવેલ, 'હું એક છું તે બહુરૂપે થાઉં' તેમ ઉતરતા ઉતરતા ચાર પાદ રચે છે. આમ પાંચ પાદવાળો અભેદાત્મક ૐકાર સ્વતઃ સિદ્ધ પરમાત્મા છે. તે પોતે જ વેદ સ્વરૂપે છે. (બધા વેદ પરમાત્માના શ્વાસોચ્છવાસમાંથી ઉદભવ્યા છે. – બૃહદારણ્યક ઉપનિષદ ૪.૫.૧૧, ગીતા – ૩.૧૫) સ્પષ્ટ છે કે પંચાયતનમાંના કોઈ એક નામને ઈષ્ટ માનતા, અન્ય નામમાં ભેદ રાખનારા અને નિંદા કરનારા આડકતરી રીતે પોતાના ઈષ્ટની જ નિંદા કરે છે. પહેલું, બીજું, ત્રીજું, ચોથું ધોરણ ભણ્યા પછી જ પાંચમા ધોરણમાં જવાય છે અને તે વખતે નીચેનાં ચાર ધોરણોની નિંદા નહિ કરાય કારણ કે આ ચાર ધોરણના બળરૂપ અનુભવથી જ પાંચમા ધોરણની પ્રાપ્તિ છે. તે ચાર ધોરણના ઐકય રૂપ, અભેદ આ પાંચમું ધોરણ છે.

**આમ પરમાત્મા કે જે શબ્દાતીત, અક્ષરાતીત, ત્રિકાલાતીત અને સ્વયમ રૂપથી સિદ્ધ ૐકાર છે કે જેને પ્રણવ કહે છે કે તે જ સર્વનું ઉપાસ્ય બ્રહ્મ છે.** એવું સનાતન ધર્મ સ્પષ્ટ સમજાવે છે. અંતે "યુન્જિત પ્રણવે ચેતઃ પ્રણવો બ્રહ્મ નિર્ભયમ" અર્થાત ૐકારમાં જેની બુદ્ધિ જોડાઈ તેને કદાપિ ભય થતો નથી. એવી શ્રુતિની સમજૂતી સાથે સનાતન ધર્મની સમજૂતીને અહીં વિરામ આપીએ.

આવતા લેખમાં ૐ અને ગાયત્રી મંત્ર સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને ગાયત્રી મંત્ર

અગાઉના લેખમાં "ૐ – હિન્દુ સનાતન ધર્મ – પંચાયતન" (પંચદેવ) ને ધ્યાનમાં રાખીને મૂળ સનાતન ધર્મમાં ૐ અંગેનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો. આજે તેને આગળ ધપાવીને 'ગાયત્રીમંત્ર' કે જેનું મહત્ત્વ દરેક વેદો, ઉપનિષદો, પુરાણોમાં દર્શાવવામાં આવ્યું છે તેની સાથે ૐ નું મહત્ત્વ સમજીએ.

ગાયત્રીમંત્ર અથવા સાવિત્રીમંત્રનો મહિમા અનંત છે. આ મંત્રમાં અદભુત શકિત રહેલી છે. આ મંત્રનાં ઉચ્ચારણો સમજવાથી ઈશ્વરની પ્રાપ્તિ થાય છે તેવું માનવામાં આવે છે. એક અદભુત ફળ આપતા મંત્ર તરીકે પણ ગાયત્રીમંત્રને માનવામાં આવે છે. અમેરિકાના ડૉ. હાવર્ડના સંશોધન પ્રમાણે ગાયત્રી મંત્ર પ્રતિ સેકન્ડ ૧૦૦૦૦૦થી વધુ તરંગ ઉત્પન્ન કરે છે. ગાયત્રી વેદમાતા છે અને ત્રણે વેદના અર્થનું પ્રતિપાદન કરે છે. ગાયત્રી એક છંદ પણ છે. ગીતા ૧૦.૩૫ માં કહ્યું છે કે "સામવેદ મંત્રોમાં હું બૃહત્સામ છું અને સર્વ છંદોમાં હું ગાયત્રી છું." ઋગ્વેદના સાત પ્રસિદ્ધ છંદોમાં (ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, બૃહતી, વિરાટ, ત્રિષ્ટુંપ અને જગતી) ત્રિષ્ટુંપને બાદ કરતાં સૌથી વધુ ઉપયોગ ગાયત્રી છંદનો છે. ગાયત્રી છંદમાં આઠ આઠ અક્ષરના ત્રણ ચરણ હોય છે. ગાયત્રીના ત્રણ પદ છે. ત્રિપદા એટલે ગાયત્રી. જ્યારે છંદ અથવા વાણીના રૂપમાં સૃષ્ટિના પ્રતીકની કલ્પના કરવામાં આવે ત્યારે આ વિશ્વને ત્રિપદા ગાયત્રી સ્વરૂપ માનવામાં આવે છે. ઋગ્વેદ મંડળ ૩.૬૨.૧૦ માં આપેલા મંત્ર સાથે 'ૐ ભૂર ભુવઃ સ્વહઃ' ઉમેરવાથી આ મંત્ર બન્યો છે. (ભૂર ભુવઃ સ્વઃ: ને લેખાંક – ૧ માં સમજ્યા) ગાયત્રીમંત્રનું ૐ સાથેના ઉચ્ચારણનું મહત્ત્વ તૈતરીય અરણ્યક (૨.૧૧.૧–૮) માં સમજાવ્યું છે. યજુર્વેદ (૪૦.૧૭) માં પરમાત્મા ૐની પ્રાર્થના માટે આ મંત્રનું મહત્ત્વ દર્શાવ્યું છે.



આ ઉપરાંત સામવેદ (૨.૮૧૨), તૈતરીય સંહિતા (૧.૫.૬.૪, ૧.૫.૮.૪) વગેરેમાં પણ આ મંત્રનું મહત્ત્વ સમજાવ્યું છે. શ્રીમદ ભાગવતના પ્રથમ સ્કંધના, પ્રથમ અધ્યાયના, પ્રથમ શ્લોકમાં જ મહર્ષિ વ્યાસમુનીએ "સત્યમ પરમ ધીમહિ" પદ મૂકી ગાયત્રીમંત્ર ભાગવતનું બીજ છે એમ પ્રતિપાદન કર્યું છે અને સાથે જ એવું સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને શ્રીમદ ભાગવત ફળ છે. આ મંત્ર દેવી સાવિત્રીને સમર્પિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 'સવિતર' એટલે કે વૈદિક સૂર્ય ભગવાનની પ્રાર્થનામાં પણ આ મંત્ર વપરાય છે. આ મંત્રની શરૂઆતમાં ૐ નું ઉચ્ચારણ થાય છે. હું માનું છું કે ગાયત્રી પરિવારના સભ્યો આ મંત્રને વધુ સારી રીતે સમજાવી શકે પરંતુ અહીં ૐ ના અનુસંધાનમાં આપણે સમજવાનો પ્રયત્ન કરીશું. મંત્ર તો બધા જાણતા જ હશે એટલે મંત્ર અહીં નથી લખતો. પરંતુ મંત્રનો ગુજરાતીમાં ભાવાર્થ લગભગ આવો થાય " આ પ્રાણસ્વરૂપ, દુ:ખનાશક, સુખસ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પાપનાશક, દેવસ્વરૂપ પરમાત્માને અમે અંતરાત્મામાં ધારણ કરીએ છીએ. પરમાત્મા અમારી બુદ્ધિને સદમાર્ગમાં પ્રેરિત કરે"

તૈતરીય અરણ્યકમાં વધુ ૨ મંત્રો બતાવ્યા છે જે કદાચ બધાને ખબર ન પણ હોય, આથી અહીં લખું છું. આ બંને મંત્રો નીચે મુજબ છે.

ૐ ભૂઃ ૐ ભુવઃ ૐ સ્વઃ

"ૐ મહઃ ૐ જનઃ ૐ તપઃ, ૐ સત્યમ" ૐ તત્સવિતુવેરણ્યમ ભર્ગો

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

દેવસ્ય ધીમહિ।

ધિયો યોનઃ પ્રચોદયાત॥

ૐ આપો જયોતિ રસોમૃતમ બ્રહ્મ ભૂર્ભુવઃ સ્વરોમ।

આ ઉપરાંત એક ધ્યાન મંત્ર પણ છે. જે નીચે મુજબ છે.

"મુકત–વિદ્રુમ–હેમ–નીલ–ધવલચ્છારયેમુખસ્ત્રીક્ષણે – યુકતામિન્દુ–નિબદ્ધ–રત્નમુકુંટા–તત્વાર્થ–વર્ણાત્મિકામ।

ગાયત્રીમ વરદા–અભયઃ –અંકુશ–કશાઃ–શુભ્રમ કપાલમ ગુણ – શંખચક્રમતારવિન્દુયુગલમ હસ્તેર્વહંતી ભજે॥"

અર્થાત "મોતી, મૂંગા, સુવર્ણ નીલમ તથા હીરા વગેરે રત્નોથી જેમનું મુખમંડળ ઉલ્લાસિત થઈ રહ્યું છે, ચંદ્રમા રૂપી રત્ન જેમના મુગટમાં શામેલ છે, જે આત્માતત્ત્વનો બોધ કરાવે છે, જેમણે વરદ મુદ્રાથી યુકત બંને હાથોમાં અંકુશ, અભય, ચાબુક, કપાલ, વીણા, શંખ, ચક્ર, કમળ ધારણ કર્યા છે, એવા ગાયત્રીદેવીનું અમે ધ્યાન કરીએ છીએ."

મૂળ મંત્રમાં કુલ ૨૪ અક્ષરોનાં ઉચ્ચારણ છે. 'તત્', 'સ', 'વિ', 'તુર', 'વ', 'રે', 'ણ', 'યમ', 'ભર', 'ગો', 'દે', 'વ', 'સ્ય', 'ધી', 'મ', 'હિ', 'ધી', 'યો', 'યો', 'નઃ', 'પ્ર', 'ચો', 'દ', 'યાત'.

આ ૨૪ અક્ષર, ચોવીસ શકિતનાં પ્રતીકો છે. પ્રત્યેક અક્ષરના અલગ અલગ દેવતા છે. આ પ્રત્યેક દેવતાઓ અને શકિતઓના ૐ સાથે સંકળાયેલા અલગ અલગ મંત્રો છે. આ દરેક મંત્રો અને તેના ઉપયોગો આવતા લેખમાં સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને ગાયત્રી મંત્ર

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખમાં "ૐ અને ગાયત્રીમંત્ર" સમજ્યા કે જેમાંના ૨૪ અક્ષર, ચોવીસ શકિતના પ્રતીકો છે, અને આ શકિતઓના ૐ સાથે સંકળાયેલા અલગ અલગ મંત્રો છે. બ્રહ્મની જેટલી મહિમા છે, તે બધી જ ગાયત્રીમાં માનવામાં આવી છે. આ કારણે જ ઋષિઓએ નીચે દર્શાવેલા ૨૪ મંત્રો મનોકામના પૂર્ણ કરવાવાળા બતાવ્યા છે. આ દરેક મંત્રો અને તેના ઉપયોગોને આ લેખમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

**૧. ૐ અને ગણેશ ગાયત્રી :**
સર્વ વિધ્નોના નિવારણ માટે.
॥ ૐ એક દન્તાય વિદ્મહે વક્રતુન્ડાય ધીમહિ । તન્નો બુદ્ધિઃ પ્રચોદયાત ॥

**૨. ૐ અને નરસિંહ ગાયત્રીઃ**
પુરુષાર્થ અને પરાક્રમની વૃદ્ધિ માટે.
॥ ૐ ઉગ્રનૃસિંહાય વિદ્મહે વજ્રનખાય ધીમહિ । તન્નો નૃસિંહઃ પ્રચોદયાત ॥

**૩. ૐ અને વિષ્ણુ ગાયત્રીઃ**
પારિવારિક શાંતિ માટે.
॥ ૐ નારાયણ વિદ્મહે વાસુદેવાય ધીમહિ । તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત ॥

**૪. ૐ અને શિવ ગાયત્રીઃ**
સર્વ પ્રકારના કલ્યાણ માટે.
॥ ૐ પંચવકત્રાય વિદ્મહે મહાદેવાય ધીમહિ । તન્નો રુદ્રઃ પ્રચોદયાત ॥



**૫. ૐ અને કૃષ્ણ ગાયત્રીઃ**
દરેક કાર્યો (કર્મો) ની સફળતા માટે.
॥ ૐ દેવકીનંદનાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ । તન્નો કૃષ્ણ પ્રચોદયાત ॥

**૬. ૐ અને રાધા ગાયત્રીઃ**
પ્રેમનો અભાવ દુર કરી પૂર્ણતા બક્ષે છે.
॥ ૐ વૃષભાનુંજાયૈ વિદ્મહે કૃષ્ણ પ્રીયાયૈ ધીમહિ । તન્નો રાધાઃ પ્રચોદયાત ॥

**૭. ૐ અને લક્ષ્મી ગાયત્રીઃ**
પદ, પ્રતિષ્ઠા, યશ, ઐશ્વર્ય અને ધનની પ્રાપ્તિ માટે.
॥ ૐ મહાલક્ષ્મ્યે વિદ્મહે વિષ્ણુપ્રીયાયૈ ધીમહિ । તન્નો લક્ષ્મીઃ પ્રચોદયાત ॥

**૮. ૐ અને અગ્નિ ગાયત્રીઃ**
ઈન્દ્રિયોની તેજસ્વીતા વધારવા માટે.
॥ ૐ મહાજ્વાલાય વિદ્મહે અગ્નિદેવાય ધીમહિ । તન્નો અગ્નિઃ પ્રચોદયાત ॥

**૯. ૐ અને ઈન્દ્ર ગાયત્રીઃ**
દુશ્મનોના હુમલાથી બચવા માટે.
॥ ૐ સહસ્ત્રનેત્રાયે વિદ્મહે વજ્રહસ્તાય ધીમહિ । તન્નો ઈન્દ્રઃ પ્રચોદયાત ॥

**૧૦. ૐ અને સરસ્વતી ગાયત્રીઃ**
જ્ઞાન, બુદ્ધિ અને સ્મરણશકિત વધારવા માટે.
॥ ૐ સરસ્વત્યૈ વિદ્મહે બ્રહ્મપુત્રેય ધીમહિ । તન્નો દેવીઃ પ્રચોદયાત ॥

**૧૧. ૐ અને દુર્ગા ગાયત્રીઃ**
શત્રુનાશ, વિઘ્નો પર વિજય, દુઃખ પીડા દુર કરે.
॥ ૐ ગિરિજાયૈ વિદ્મહે શિવપ્રિયાયે ધીમહિ । તન્નો દુર્ગાઃ પ્રચોદયાત ॥

**૧૨. ૐ અને હનુમાન ગાયત્રીઃ**
કર્મ પ્રત્યે નિષ્ઠા જાગૃત થાય.
॥ ૐ અંજની સુતાય વિદ્મહે વાયુપુત્રાય ધીમહિ । તન્નો મારુતિઃ પ્રચોદયાત ॥

**૧૩. ૐ અને પૃથ્વી ગાયત્રીઃ**
દઢતા, ધૈર્ય અને સહિષ્ણુતા વધારે.
॥ ૐ પૃથ્વીદેવ્યે વિદ્મહે સહસ્ત્રમત્યે ધીમહિ । તન્નો પૃથ્વીઃ પ્રચોદયાત ॥

**૧૪. ૐ અને સૂર્ય ગાયત્રીઃ**
સર્વ રોગોના નિવારણ માટે.
॥ ૐ ભાસ્કારાય વિદ્મહે દિવાકરાય ધીમહિ । તન્નો સૂર્યઃ પ્રચોદયાત ॥

**૧૫. ૐ અને રામ ગાયત્રીઃ**
માન, પ્રતિષ્ઠા વધારો થાય.
॥ ૐ એક દશરથાય વિદ્મહે સીતાવલ્લભાય ધીમહિ । તન્નો રામઃ પ્રચોદયાત ॥

**૧૬. ૐ અને સીતા ગાયત્રીઃ**
તપની શકિતમાં વધારો કરે.
॥ ૐ જનકનંદીણ્યે વિદ્મહે ભૂમિજાયે ધીમહિ । તન્નો સીતાઃ પ્રચોદયાત ॥

**૧૭. ૐ અને ચંદ્ર ગાયત્રીઃ**
નિરાશાથી મુકિત અને પ્રબળ માનસિકતા માટે.
॥ ૐ ક્ષીરપુત્રાય વિદ્મહે અમૃતતત્વાય ધીમહિ । તન્નો ચંદ્રઃ પ્રચોદયાત ॥

**૧૮. ૐ અને યમ ગાયત્રીઃ** મૃત્યુ નો ભય સમાપ્ત થાય.
॥ ૐ સુર્યપુત્રાય વિદ્મહે મહાકાલાય ધીમહિ । તન્નો યમઃ પ્રચોદયાત ॥

**૧૯. ૐ અને બ્રહ્મા ગાયત્રીઃ**
વેપારમાં આવેલા સંકટો દુર થાય.
॥ ૐ ચતુર્મુખાય વિદ્મહે હંસા રુધાય ધીમહિ । તન્નો બ્રહ્માઃ પ્રચોદયાત ॥

**૨૦. ૐ અને વરૂણ ગાયત્રીઃ** પ્રેમ અને લાગણી ની ભાવના ઉત્પન્ન કરે.
॥ ૐ જલબીમ્બાઈ વિદ્મહે નીલ પુરુષાય ધીમહિ । તન્નો વરુણઃ પ્રચોદયાત ॥

**૨૧. ૐ અને નારાયણ ગાયત્રીઃ**
સત્તાપ્રાપ્તિ અને પ્રભાવ માટે ઉપયોગી.
॥ ૐ એક નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહિ । તન્નો નારાયણઃ પ્રચોદયાત ॥

**૨૨. ૐ અને હયગ્રીવ ગાયત્રીઃ**
ભયના નાશ માટે.
॥ ૐ વાગીશ્વરાય વિદ્મહે હયગ્રીવાય ધીમહિ । તન્નો હયગ્રીવઃ પ્રચોદયાત ॥

**૨૩. ૐ અને હંસ ગાયત્રીઃ**
વિવેક શકિત અને બુદ્ધિ નો વિકાસ થાય.
॥ ૐ પરમહંસાય વિદ્મહે મહાહંસાય ધીમહિ । તન્નો હંસઃ પ્રચોદયાત ॥

**૨૪. ૐ અને તુલસી ગાયત્રીઃ**
પરમાર્થની ભાવના જાગૃત થાય.
॥ ૐ શ્રી તુલસ્યે વિદ્મહે વિષ્ણુ પ્રીયાયે ધીમહિ । તન્નો વૃંદાઃ પ્રચોદયાત ॥

આવતા લેખમાં "ૐ અને કુંડલીની – પ્રાથમિક સમજૂતી" ને અધ્યયન કરવાનો પ્રયત્ન કરીશું... ત્યાં સુધી....


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ॐ અને કુંડલિની

**પ્રાથમિક પરિચય (ભાગ–૧)**

અગાઉના લેખમાં "ॐ અને ગાયત્રીમંત્ર" સમજ્યા. જેમાં ૨૪ અક્ષર, ચોવીસ શકિતનાં પ્રતીકો અને આ શકિતઓના ॐ સાથે સંકળાયેલા અલગ–અલગ મંત્રોને સમજ્યા. આજના અને આવતા લેખમાં 'કુંડલિની' નો પ્રાથમિક પરિચય કેળવીએ. આ પરિચય ખૂબ જરૂરી છે કારણ કે હવે પછીના લેખોમાં જયારે પરમાત્માની અભિવ્યકિત અને ॐ ના ઈચ્છાપૂર્તિ માટેના ઉપયોગ વિશે અધ્યયન કરશું, ત્યારે આ પરિચય ખૂબ મદદરૂપ થશે. આ લેખમાં હું ખૂબ જ પ્રાથમિક સ્તરનો પરિચય આપીશ. 'કુંડલિની' નો વિષય અત્યંત સૂક્ષ્મ પરંતુ ખૂબ જ વિશાળ છે. આપણા અધ્યયનમાં આપણે, આપણા ધ્યેય પુરતું જ સમજીશું.




કુંડળ' અથવા 'ચક્રો' ને આપણા સૂક્ષ્મ શરીરમાં કલ્પવામાં આવ્યા છે, જેની સંખ્યા સાત બતાવવામાં આવી છે. આ એક કલ્પનાનો વિષય છે જેથી ઈન્દ્રિયો વડે અનુભવી શકતા નથી, પરંતુ વ્યવસ્થિત શિક્ષા અને જ્ઞાનરૂપી અનુભવ દ્વારા અનુભવી શકાય છે. "યોગ" ની પ્રક્રિયામાં આ ચક્રોનો ઉપયોગ થાય છે. વેદ મુજબ બ્રહ્માંડમાં ચેતનાના સાત સ્તરો (અથવા સાત લોક) છે. જે 'ભૂ:' 'ભુવ:' 'સ્વ:' 'મહ:', 'જન:', 'તપ:', 'સત્ય' આ સાત નામથી ઓળખાય છે. ( જે ગાયત્રીમંત્રમાં પણ સમજ્યા હતા). 'પિંડે સો બ્રહ્માંડે' આ શ્લોક મુજબ આપણા શરીરમાં પણ સાત સ્તર બતાવવામાં આવ્યા છે. અને જેને બ્રહ્માંડના સાત સ્તર સાથે જોડી શકય અથવા જોડાયેલા હોય એવું માનવામાં આવે છે. **આ સાત બિન્દુ અથવા સાત કેન્દ્રોને સાત ચક્રો કહેવામાં આવે છે.** આ સાત ચક્રોને મેરુંદંડ (કરોડરજ્જુ) ની અંદર સ્થાયી માનવામાં આવે છે. આ ચક્રો ચેતનાનાં કેન્દ્રો કહેવાય છે.

**૧. મૂલાધારચક્ર: (બ્રહ્માંડની ચેતનાનું 'ભૂ': સ્તર અથવા ભૂલોક) –** SACRAL OR PELVIC PLEXUS.

ગુદાથી બે આંગળી ઉપર અને જનેન્દ્રિયના મૂળથી બે આંગળી નીચે આનું સ્થાન બતાવવામાં આવ્યું છે. આ ચક્રની નીચે ત્રિકોણ અકારનું સૂક્ષ્મ યોનિમંડળ છે જેના ખૂણાઓમાંથી ઈડા, પિંગલા અને સુષુમ્ણ નાડી નીકળે છે. આ ત્રિકોણની મધ્યમાં લાલ રંગનો કંદર્પ નામનો સ્થિર વાયું છે. તેના મધ્યમાં સ્વયંભુ લિંગ છે અને તેની આજુબાજુ કંડલિની શકિત વીંટળાયેલી છે તેવું મનાય છે. સામાન્ય સંજોગોમાં આ શકિત સાડા ત્રણ આવર્તન (વર્તુળ) બનાવીને પડી રહે છે. જે તેની 'સુષુપ્ત અવસ્થા' કહેવાય છે. આથી આ ચક્રને સ્થૂળ ચેતનાનું કેન્દ્ર પણ કહેવાય છે. આ ચક્ર શકિતનો મૂળ આધાર હોવાથી 'મૂલાધારચક્ર' કહેવાય છે અને ખૂબ જ અગત્યનું ચક્ર કહેવાય છે.

**૨. સ્વાધિષ્ઠાનચક્ર: (ભુવ: લોક) – કામ વગેરે વાસનાનું કેન્દ્ર –** PROSTATIC PLEXUS.

મૂલાધારચક્રથી બે આંગળી ઉપર, કરોડરજ્જુમાં આ ચક્ર આવેલું છે. 'સ્વ' અથવા 'પ્રાણ' નો આધાર હોવાથી આ ચક્ર સ્વાધિષ્ઠાન ચક્ર કહેવાય છે.

**૩. મણિપુરચક્ર: (સ્વ: લોક) – પ્રાણમય ચેતનાનું કેન્દ્ર –** SOLAR PLEXUS.

યોગ માર્ગના પ્રવાસીઓ માટે આ ચક્ર ખૂબ મહત્ત્વનું છે, કારણ કે તે નાભિ સાથે જોડાયેલું મનાય છે. (ગર્ભમાં રહેલ બાળક નાભિ દ્વારા માતા સાથે જોડાયેલું હોય છે.) બધી નાડીઓનું ઉદગમ સ્થાન કહેવાય છે.

**૪. અનાહતચક્ર: (મહ: લોક) – ઉર્ધ્વ પ્રાણ અને પ્રેમ – ભાવનું કેન્દ્ર. –** CARDIAC PLEXUS.

હૃદય આ ચક્રનું સ્થાન છે. અંત:કરણ (મન, બુદ્ધિ, ચિત, અહંકાર) નું ઉદગમ સ્થાન છે. અનાહત ધ્વનિ કે જે પરબ્રહ્મ સુધી લઈ જાય છે, તેનું સ્થાન છે. તેથી તેને 'અનાહતચક્ર' કહેવાય છે. આ ચક્ર, ભાવ અને પ્રેમનું ઉદગમ અને આધાર સ્થાન છે. આથી પ્રેમમાર્ગ કે ભકિતમાર્ગના સાધકો માટે ખૂબ અગત્યનું કહેવાય છે.

**૫. વિશુદ્ધચક્ર: (જન: લોક) – વિશુદ્ધ મનનું કેન્દ્ર. –** LARYNGEAL OR CAROTID PLEXUS

કંઠ આ ચક્રનું સ્થાન છે. ચેતનાની ગતિ આ સ્થાન પર આવતા વિશુદ્ધ બને છે આથી આ ચક્રને

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

'વિશુદ્ધચક્ર' કહેવાય છે.

**૬. આજ્ઞાચક્ર: (તપ: લોક) – આંતર પ્રેરણાત્મક મનનું કેન્દ્ર –** MEDULA PLEXUS.

કપાળમાં બંને ભ્રમરોની વચ્ચે આ ચક્રનું સ્થાન છે. આ ચક્રમાં ચિત્ત અને પ્રાણ સ્થિત થવાથી સમાધિ અવસ્થાની પ્રાપ્તિ થાય છે. મુલાધારમાંથી નીકળેલી ઈડા (ગંગા), પિંગલા (યમુના) અને સુષુમ્ણ (સરસ્વતી) નાડીઓ આ સ્થાનમાં આવીને મળે છે. આથી આ ચક્રને પ્રયાગરાજ પણ કહેવામાં આવે છે. આ ચક્રને દિવ્ય દ્રષ્ટિનું સ્થાન પણ કહેવામાં આવે છે.

**૭. સહસ્ત્રારચક્ર (સત્ય લોક) – મનથી દુર, ચેતનાનું કેન્દ્ર -** PINEAL GLAND OR CERELRAL PLEXUS.

મસ્તકમાં તાળવાની ઉપર આ ચક્રનું સ્થાન છે. આ સ્થાનને 'બ્રહ્મરન્દ્ર' પણ કહેવાય. આ સ્થાનમાં ચિત્ત અને પ્રાણ સ્થિર થવાથી સર્વ વૃત્તિઓના નિરોધ રૂપ સમાધિની પ્રાપ્તિ થાય છે. જેને 'અસંપ્રજ્ઞાત સમાધિ' પણ કહેવાય છે. બ્રહ્મરન્દ્રના ઉપયોગ દ્વારા પરમાત્માની આકાશી શકિત સાથે તાદાત્મય સાધી શકાય છે. મૃત્યુ વખતે આત્મા બ્રહ્મરન્દ્ર દ્વારા ઉર્ધ્વગમન કરી શરીરની બહાર નીકળે છે તેવું મનાય છે. ॐ ના મંત્રોચ્ચાર માટે અગત્યનું મનાય છે.


આવતા લેખમાં ॐ અને કુંડલિની પ્રાથમિક સમજૂતી અંતર્ગત કુંડલિની જાગ્રત થવી એટલે શું ? વગેરે થોડી વધુ રસદાયક જાણકારી પ્રાપ્ત કરીશું, ત્યાં સુધી...

॥ ॐ તત્સત્ ॥

(ક્રમશ:)

# ૐ અને કુંડલિની

**પ્રાથમિક પરિચય (ભાગ–૨)**
**અગાઉના લેખમાં 'કુંડલિની' અંતર્ગત સાત ચક્રો વિષેનો પરિચય કેળવ્યો. આગાઉ પણ મેં કહ્યું હતું તેમ આ વિષય ખૂબ જ સૂક્ષ્મ પરંતુ ખૂબ જ વિશાળ છે. યોગિક ગ્રંથોમાં આ ચક્રો વિશે વિગતવાર વર્ણન થયેલું છે. જેમાં વિવિધ ચક્રોનાં પ્રતીકો, રંગ, તત્ત્વ, બીજમંત્ર, યંત્ર, દેવતા વગેરેનું વર્ણન છે. જે સાધકો અને યોગીઓ માટે જરૂરી છે. આપણે ૐ ને સમજવાના ધ્યેય પૂરતું જ ચક્રોને સમજીશું.**




આગાઉ સમજ્યા તેમ આ સાત ચક્રોને આપણા સૂક્ષ્મ શરીરમાં કલ્પવામાં આવ્યા છે. તે ઈન્દ્રિયો વડે અનુભવી શકાતા નથી પરંતુ વ્યવસ્થિત શિક્ષા અને જ્ઞાનરૂપી અનુભવ દ્વારા જ અનુભવી શકાય છે. આ ચક્રોને જો ગુણની ભાષામાં સમજીએ તો તેના ત્રણ ભાગ કરી શકાય. 'મૂલાધાર' અને 'સ્વાધિષ્ઠાન' આ બંને ચક્રો 'તમોગુણ' ના સ્થાન છે. 'મણિપુર' અને 'અનાહત' એ બંને 'રજોગુણ' ના સ્થાન છે. 'વિશુદ્ધ' અને 'આજ્ઞા' ચક્રો 'સત્ત્વગુણ' ના સ્થાન છે. જયારે 'સહસ્ત્રારચક્ર (બ્રહ્મરન્દ્ર)' 'ગુણાતીત' છે. આ વાત મેં અગાઉ ૐ માં રહેલા બિન્દુ દ્વારા પણ સમજાવી હતી.

આ સાત ચક્રો વિકસિત થતી જતી ચેતનાનાં કેન્દ્રો છે. સામાન્ય વ્યકિતઓને પિંડમાં રહેલ ચક્રો અને બ્રહ્માંડમાં રહેલાં ચક્રોની એકતા વિષેની સમજ નથી હોતી. પણ જયારે 'કુંડલિની શકિતનું જાગરણ' થાય અને ચક્રોને ભેદતા આ શકિત જેમ જેમ ઉર્ધ્વગામી થતી જાય, તેમ તેમ આ ચક્રો અને ચેતનાનાં સ્તરો વિષે સમજ આવતી જાય. યોગ પુરુષો અને મહાત્માઓ કહે છે કે જયારે કુંડલિની શકિતનું જાગરણ થાય ત્યારે જ તેનો અનુભવ કરી શકાય છે. જેમની અંદરની દિવ્ય દ્રષ્ટિ ખૂલે તેઓ જ આ અનુભવ કરી શકે છે. સ્થૂળ દ્રષ્ટિથી અનુભવી શકતા નથી.

### કુંડલિની શકિતનું જાગરણ એટલે શું?

અગાઉ 'મૂલાધારચક્ર' ના વર્ણનમાં આપણે સમજ્યા હતા કે મૂલાધારચક્રની નીચે ત્રિકોણ આકારનું સૂક્ષ્મ યોનિ મંડળ છે. જેના ખૂણાઓમાંથી 'ઈડા', 'પિંગલા' અને 'સુષુમ્ણા' નાડી નીકળે છે. આ જે ત્રણ નાડીઓ છે તેમાં 'સુષુમ્ણા' નાડી દરેક ચક્રને મધ્યમાંથી ભેદીને સીધી ઉપરની તરફ જાય છે. સુષુમ્ણા નાડીની ડાબે અને જમણે રહેલી ઈડા અને પિંગલા નાડી સીધી ઉપર ન જતા દરેક ચક્રની એક પ્રદક્ષિણા કરીને અને એકબીજાને ઓળંગીને ઉપરની તરફ આગળ વધે છે. 'મૂલાધાર' થી 'સહસ્ત્રાર' સુધી રહેલાં ચક્રોને ચેતનાની દ્રષ્ટિએ વિચારીએ તો આ ચેતના જેમ ઉર્ધ્વગામી થાય તેમ વધુ ને વધુ વિકસિત થતી જાય છે. આ ઉપરાંત અગાઉના લેખમાં સમજ્યા તેમ મૂલાધારચક્રમાં, ત્રિકોણ યોનિ મંડળની મધ્યમાં લાલ રંગનો કંદર્પ નામનો સ્થિર વાયુ છે. તેના મધ્યમાં સ્વયંભૂ લિંગ છે અને તેની આજુબાજુ કુંડલિની શકિત વીંટળાયેલી છે. સામાન્ય સંજોગોમાં આ શકિત સાડા ત્રણ આવર્તન (વર્તુળ) બનાવીને પડી રહે છે. જે તેની 'સુષુપ્ત અવસ્થા' કહેવાય છે. જે આકૃતિમાં દર્શાવી છે.

જેમ બ્રહ્માંડમાં 'શિવ–શકિત' અથવા 'પુરુષ–પ્રકૃતિ' ની લીલા છે, તેમ પિંડ (શરીર) માં પણ આ લીલા છે. શરીરમાં પુરુષ અથવા શિવ અથવા બ્રહ્મનું સ્થાન મસ્તિષ્કમાં આવેલા 'સહસ્ત્રારચક્ર' અથવા 'બ્રહ્મરન્દ્ર' માં છે. અને પ્રકૃતિ (મહાશકિત) નું સ્થાન 'મૂલાધારચક્ર'માં છે. ૐના ઉચ્ચારણથી, પ્રાણાયમથી અને ભગવત કૃપાથી આ કુંડલિની જાગ્રત થાય છે. જાગ્રત થવાનો અર્થ એ છે કે સામાન્ય રીતે બંધ રહેતા સુષુમ્ણા નાડીના દ્વાર ખોલીને, સુષુમ્ણા નાડીના માર્ગમાં આવતાં તમામ ચક્રો ભેદીને, આ શકિત ઉપરની તરફ ગમન કરે છે. આનાથી ચેતનાનું ઉર્ધ્વિકરણ થાય છે. જયારે આ શકિત સહસ્ત્રારચક્ર સુધી પહોંચે, ત્યારે બ્રહ્મરન્દ્રમાં રહેલા પુરુષ અથવા શિવ સાથે તેનું મિલન થાય છે. દ્વૈત ફરી અદ્વૈત બને છે. (દ્વૈત, અદ્વૈત અને શુદ્ધ અદ્વૈત હવે પછીના લેખોમાં વિસ્તારથી સમજશું). આને જ

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

**સમાધિના વિશેષ પ્રયત્નોથી ''કૈવલ્ય'' અથવા 'તુરીયાતીત' અવસ્થા અથવા 'પરમાત્મા પ્રાપ્તિ' ના લક્ષ્ય સુધી પહોંચી શકાય છે અને આ લક્ષ્ય ૐ ધ્વનિના અભ્યાસ અને પ્રયોગ દ્વારા શક્ય બનાવી શકાય છે.**

સમાધિ અવસ્થા કહેવાય છે. સમાધિના વિશેષ પ્રયત્નોથી 'કૈવલ્ય' અથવા 'તુરિયાતીત' અવસ્થા અથવા 'પરમાત્મા પ્રાપ્તિ' ના લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. અને આ લક્ષ્ય ૐ ધ્વનિના અભ્યાસ અને પ્રયોગ દ્વારા શકય બનાવી શકાય છે.

આકૃતિમાં આ શકિતને વિશેષરૂપે 'સર્પ' ના સ્વરૂપમાં બતાવી છે. આનું કારણ એ છે કે, પૃથ્વીને 'શેષનાગ' ના મસ્તક પર ટકેલી હોય તેવી કલ્પના કરવામાં આવે છે. આ શેષ (અથવા બીજા શબ્દોમાં બાકી રહેલા) નાગને પૃથ્વી સર્જન પછી બચેલી શકિત તરીકે પણ ગણવામાં આવે છે. જેના આધારે આ પૃથ્વીને ટકેલી ગણવામાં આવે છે. જેમ બ્રહ્માંડમાં આ શેષ શકિત છે, તેમ આપણા શરીરમાં (પિંડમાં) પણ આ કુંડલિની શકિત શેષના પ્રતીક રૂપે ગણાય છે. બંને શકિતમાં સમાનતા છે. આથી 'બ્રહ્માંડ' માં રહેલી શકિતને 'સર્પ' અને 'પિંડ' માં રહેલી શકિતને 'સર્પિણી' કહેવામાં આવે છે. જે આકૃતિમાં દ્રશ્યમાન છે.

આવતા લેખથી ખૂબ જ અગત્યની સમજૂતી **''ૐ અને પરમાત્માની અભિવ્યકિત''** સમજવાનો પ્રયત્ન કરીશું. જે ઈચ્છાપૂર્તિના આપણા ધ્યેય માટે તેમજ આધ્યાત્મિક ઉત્થાન માટે ખૂબ જ જરૂરી છે. આપ સૌને કદાચ હજુ સુધી કોઈ સંપ્રદાયો દ્વારા પરમાત્મા માટેની અપાયેલી સમજ પછી પણ સમજણ નહિ પડી હોય, આપને આપના આધ્યાત્મિક ઉત્થાનમાં રસ હોય તો આ લેખની શ્રેણીમાં જોડાયેલા રહો. આવતા લેખોમાં હું ખૂબ જ સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરીશ. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧)

મારા એક ચુસ્ત ધાર્મિક વડીલને મારાથી અનાયાસે જ પુછાઈ ગયું કે, વડીલ 'ૐ' વિષય પર હું લેખ લખું છું તે વાંચો છો કે નહિં ? વડીલે ઉદાસીન ભાવથી કહ્યું કે થોડો પ્રયત્ન કર્યો પણ અઘરું લાગ્યું. કારણ કે તારી વાતો 'જ્ઞાનમાર્ગ' ની છે અને અમારો પંથ 'ભકિતમાર્ગ' નો છે. ભકિતમાર્ગમાં આ બધું સમજવાની કોઈ જરૂર નથી. અમારા માર્ગમાં માત્ર અમારા ઈષ્ટદેવની જ સેવા થાય. અન્ય વાતો સાંભળવી અમારા માટે 'અન્યાશ્રય' છે. પછી તો આ વડીલ સાથે મેં લગભગ અડધો કલાક ચર્ચા કરી, આ ચર્ચા અહીં અપ્રસ્તુત છે પરંતુ એમની વાતનો જે 'અર્થ' અને 'અર્ક' હતો તે સમજવાનો પ્રયત્ન કરીએ.

વહેલી સવારથી ઊઠીને, ભગવાનને 'ઉઠાડીને' એમની સેવા કરવી. જલાભિષેક, કેસરસ્નાન, દૂધનો અભિષેક, ઋતુ પ્રમાણેનાં સુંદર વસ્ત્રો, ફૂલમાળા, શણગાર કરવો, ભોગ ધરાવવો, ભગવાનના સુખનો ખ્યાલ રાખવો, આ બધી દરરોજની સેવા હતી. પરંતુ મેં જયારે વડીલને બે સવાલો પૂછ્યા કે આ બધું જાતે કરો છો કે કોઈએ સમજાવ્યું ? અને તમે જે મૂર્તિની સેવા કરો છો તેમાં ભગવાન છે તેવું જ્ઞાન તો તમને કોઈએ આપ્યું હશે ને ? ત્યારે તેમણે કહ્યું કે 'અમારા સંપ્રદાયવાળા બધા આવી જ રીતે ભકિત કરે છે એટલે હું પણ કરું છું.'

મિત્રો, તમારામાંના ઘણા આજ રીતે પ્રભુને ભજતા હશે અને આમાં કઈ ખોટું પણ નથી. આ અગાઉ સનાતન ધર્મના લેખમાં મેં નવધા ભકિતનો ઉલ્લેખ કર્યો જ




છે. હું મારાં પુસ્તકોમાં પણ હંમેશા સમજાવું છું. કે 'તમે જે માર્ગમાં ત્યાં યોગ્ય જ છો' પરંતુ સાથે એ વાત પણ સમજો, કે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં ભકિતયોગ (અધ્યાય–૧૨) ને સમજાવતા પહેલાં કર્મયોગ (અધ્યાય–૩ થી ૫) અને જ્ઞાનયોગ (અધ્યાય ૭ થી ૧૦) ની સમજણ આપી તેનું કોઈ પ્રયોજન તો હશે જ ને ? શ્રી કૃષ્ણ ભગવાને આખી સૃષ્ટિની રચનાનું જ્ઞાન, આત્મા અને પરમાત્માનું જ્ઞાન, નિયત કર્મો કરતા રહીને ભકિત કરવાનું જ્ઞાન આપ્યું છે. ગીતામાં કોઈ પણ જગ્યાએ જ્ઞાન અને કર્મોનાં શાસ્ત્રો મૂકીને, પલાયનવાદી બનીને ભકિત કરવાનું દર્શાવવામાં નથી આવ્યું. વળી 'સંભવામિ યુગે યુગે' વાળી શીખથી એ પણ સમજાવ્યું છે કે જયારે મારી રચેલી સૃષ્ટિના પલડામાં અધર્મનું પ્રમાણ ધર્મ કરતાં વધી જશે ત્યારે ત્યારે ધર્મની સ્થાપના કરવા હું અવતરીશ.

આટલી સાદી ધર્મની સમજ, પરમાત્મા અંગેનું જ્ઞાન, સૃષ્ટિ અંગેનું જ્ઞાન, આત્મા અને તેના નિયત કર્મો અંગેનું જ્ઞાન વગેરેની સમજથી દૂર રહીને કોઈ પણ ભગવાનની ભકિત કરવાનો મતલબ ખરો ? જ્ઞાન પ્રાપ્ત કર્યા વગરની ભકિત કરવામાં તમને ખબર જ નથી પડતી કે જેને આપણે કોઈ દિવસ જોયા નથી, તે ભગવાનની મૂર્તિ કે જે માત્ર કોઈ કલાકાર કે મૂર્તિકારે પુરાણોના વર્ણનની કલ્પનાથી બનાવેલી છે, તેની આપણે દરરોજ આવી રીતે સેવાપૂજા શા માટે કરીએ છીએ ? શ્રદ્ધા પૂરેપૂરી રાખવી જોઈએ પરંતુ એ સાથે જ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની જે ખુબ બારીક ભેદરેખા છે તેને સમજવાનું જ્ઞાન પ્રાપ્ત નહિ કરાય તો મારા વડીલે જેમ કહ્યું તેમ 'અન્યાશ્રય' નામના કોશેટોમાં જ જીવન પરું થઈ જાય. બનાવટી ફૂલો અને શણગારોથી ભગવાનના સુખનો બનાવટી ખ્યાલ રાખવામાં આપણું અસ્તિત્વ 'ભકત' માંથી 'ગ્રાહક' માં કયારે ફેરવાઈ જાય તેનો ખ્યાલ જ નહિ રહે. (થોડામાં ઘણું સમજજો અને વડીલ મને માફ કરજો.)

માટે જ મિત્રો, તમે જે કોઈ પણ ભગવાનની સેવાપૂજા કરો છો તેમનું જ્ઞાન તમને હોવું જ જોઈએ. ભકિતમાર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે તે હું પણ માનું છું અને એવું જ સમજાવવાનો હંમેશા પ્રયત્ન કરું છું, છતાં પણ ભકિતમાર્ગને અનુસરતા પહેલાં પરમાત્મા વિષેનું જ્ઞાન પ્રાપ્ત કરવું ખૂબ જ જરૂરી છે, આ વાત પણ સ્પષ્ટપણે સમજાવું છું. શાસ્ત્રોનાં વાકયોથી થોડી સમજણ આપવાનો પ્રયત્ન કરું છું.

(ઈશ. ઉપ. ૯.૧૩) "અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંને જે એકીસાથે જાણે છે તે 'જ્ઞાન' વડે અમરપણું મેળવે છે."

(કઠ. ઉપ–૧.૨.૧) "આત્મકલ્યાણ (શ્રેય) જુદી વસ્તુ છે અને જે પ્રિય (પ્રેય) લાગે તે જુદી વસ્તુ છે. જે પ્રિય વસ્તુને પસંદ કરે છે તે પોતાના જીવનનું ધ્યેય ચૂકી જાય છે."

(મુંડક ઉપ.–૧.૧.૫) "જે તત્ત્વ જ્ઞાનેન્દ્રિયથી સમજી શકાતું નથી, કર્મેન્દ્રીયથી ગ્રહણ કરી શકાતું નથી, ઉત્પત્તિ રહિત, રંગરૂપ રહિત, આંખ–કાન વિનાનું, હાથપગ વિનાનું, નિત્ય, વ્યાપક સર્વમાં રહેલું અને અત્યંત સૂક્ષ્મ છે તે અવિનાશી તત્ત્વને જ્ઞાન વડે જાણી શકાય છે."

(ગીતા–૧૩.૧૮) "પરમાત્મા પ્રકાશના સ્ત્રોત, અંધકારથી પર છે. તેઓ જ્ઞાન છે. જ્ઞાનના વિષય છે."

(ગીતા–૪.૩૬) "પાપીમાં પાપી હોય તે પણ જો જ્ઞાનરૂપી નૌકામાં સ્થિત થશે તો

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

દુઃખોના સાગર પાર કરી શકશે."

(ગીતા–૧૫.૫) "જેઓ મોહરહિત થઈ પરમાત્માને શરણાગત કેવી રીતે થવું તેનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તે અવિનાશી પદને પ્રાપ્ત કરે છે."

(ગીતા–૧૮.૨૨) "તે કાર્ય તામસી કહેવાય છે કે જે અલ્પ જ્ઞાનથી કોઈ એક કાર્યને સર્વેસર્વા માનીને તથા સત્ય જાણ્યા વિના તેમાં જ આસકત રહે છે"

આવા તો અસંખ્ય વાકયોનાં ઉદાહરણથી સમજાવી શકાય કે સેવાપૂજા કરતા પહેલાં તે બાબતનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. વળી મૂર્તિપૂજા બાબતે પણ થોડી ચર્ચા અસ્થાને નથી. નીચે દર્શાવેલાં વાકયો સમજીએ.

ભાગવત (૧૦.૮૪.૧૩) "માટી, પથ્થર, લાકડાં વગેરેના પાર્થિવ વિકારોને જે ઈષ્ટદેવ માને છે, તીર્થસ્થાનની યાત્રા માત્ર જળસ્નાન માટે કરે છે, તે મનુષ્યોમાં નિમ્ન શ્રેણીનો છે.

મૈત્રેય ઉપનિષદઃ "પથ્થર, સોનું કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા મોક્ષની ઈચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે. આથી ફરી જન્મ ન આવે તેવું ઈચ્છનારે બહારની પૂજા છોડી પોતાના હૃદયમાં જ પૂજા કરવી"

ભાગવત (૩.૨૯.૨૧) : "હું આત્મા રૂપે બધા જીવોમાં સદૈવ સ્થિત છું. તેથી જે મનુષ્યો મુજ સર્વભૂત સ્થિત પરમાત્માનો અનાદર કરીને કેવળ મૂર્તિમાં જ મારું પૂજન કરે છે તેનું તે પૂજન આડંબર માત્ર છે."

આનો અર્થ એવો બિલકુલ નથી કે મૂર્તિપૂજાનો હું વિરોધી છું. પરંતુ મૂર્તિપૂજા વખતે એટલું જ્ઞાન તો હોવું જ જોઈએ કે આ રીતે જેની પૂજા કરીએ છીએ તેનું પ્રયોજન તેમાં મન લગાડીને કૃતાર્થ થવાનું છે. પરમાત્મા પ્રત્યે વિશ્વાસ દઢ કરવાનું છે. સગુણમાંથી આપણું મન નિર્ગુણ બ્રહ્મને વિચારતા કરવાનું છે, કે જે અંતિમ સત્ય છે, કે જે એકમાત્ર ઉધ્ધારક છે, કે જે દરેકના હૃદયમાં રહેલો છે. આવી બુદ્ધિ શકિત ખીલવવાના શ્રેષ્ઠ માર્ગ તરીકે મૂર્તિપુજાનું મહત્ત્વ સમજવાનું છે.

આ બધી ચર્ચાનું મારું ધ્યેય કોઈપણ પંથ કે સંપ્રદાયથી પર રહીને, ખૂબ જ તટસ્થ રીતે, માત્ર પરમાત્મા અને તેમની અભિવ્યકિતને ૐ અક્ષર અને ધ્વનિ દ્વારા સમજાવવાનું છે. આવતા લેખોમાં બધા ભગવાન, દેવો, પ્રકૃતિ, હું અને તમે પણ પરમાત્માની અભિવ્યકિત છીએ એવું સમજાવવાનો પ્રયત્ન કરીશ. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૨)

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

આગાઉના ૧૮ લેખોમાં જુદા જુદા માધ્યમ દ્વારા આપણે ૐ અને પરમાત્માને સમજવા માટેના પ્રયત્નો કર્યા. આ તમામ પ્રયત્નો જ્યાં સુધી ''પરમાત્માની અભિવ્યકિત'' નહિ સમજીએ ત્યાં સુધી અધૂરા છે. ૐ ધ્વનિ તેમજ ૐ અક્ષરનો સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ માટે ''પ્રાયોગિક'' ઉપયોગ કરતા પહેલા, આ 'તત્ત્વજ્ઞાન' ને સમજવું ખૂબ જરૂરી છે. આમ તો આ વિષય ઉપર ૧૦ દળદાર ગ્રંથો પણ ઓછા પડે. ખૂબ જ ઊંડું અધ્યયન છે. મારી પાસે જ્ઞાનરૂપી દરિયાના પાણીમાંથી ભરેલી માત્ર એક આચમની છે. જેનો ઉપયોગ કરીને ખૂબ ટૂંકમાં, સરળ શબ્દોમાં, ૐ ને જાણવાના, માનવાના અને માણવાના હેતુ માત્રથી સમજાવવાનો પ્રયત્ન કરીશ. જો તમને લેખની આ શ્રેણીમાં રસ પડતો હોય, કોઈને પોતાના આધ્યાત્મિક ઉત્થાનમાં રસ હોય, અલગ અલગ સંપ્રદાયો અને પંથોની વાતોએ તમને મૂઝવણમાં મૂકી દીધા હોય, તો તમારે 'પરમાત્માની અભિવ્યકિત' સમજવી ખૂબ જરૂરી છે.

વેદો અને ઉપનિષદોમાં એવું કહેવાયું છે કે પરમાત્મા અનાદિ, અનંત. અજર, અમર, અવિનાશી, અવિચળ, અદ્વૈત, અભેદ, અકર્તા, અખંડાનંદ, સ્વયંપ્રકાશિત, નિરામય, અવર્ણનીય, નિરંજન, નિરાકાર, નિર્લેપ, નિર્દોષ, નિશ્ચલ, ગુણાતીત, માયાતીત, અક્ષરાતીત છે. સાથે જ એમ પણ કહેવાયું છે કે પરમાત્મા સર્વ શકિતમાન, સર્વેશ્વર, સર્વવ્યાપી, સર્વાત્મા, સનાતન છે. શ્વેતા. ઉપ. ૬.૮ મુજબ ''તેમની શકિતઓ એટલી તો વ્યાપક છે કે તેઓ જગતમાં બધાનું પાલન કોઈપણ ક્ષતિ વિના સુવ્યવસ્થિતપણે કરે છે.'' ખુબ મુંઝવણ થાય છે આ વિરોધાભાસથી.

અહીં થોડું થોભીએ અને વિચારીએ કે આ જગતને ધારણ કોણ કરતું હશે ? આ પૃથ્વીને ફેરવતું કોણ હશે ? હજારો વર્ષોથી ઝળહળતા સૂર્યમાં અગ્નિ કોણ ઉમેરતું હશે ? પવનને કોણ બળ આપે છે ? વાદળોની રચના કોણ કરે છે ? વરસાદ કોણ વરસાવે છે ? દીવાસળી સળગાવીએ ત્યારે અગ્નિ કોણ પ્રગટ કરતું હશે ? બે હાથથી તાળી પાડીએ ત્યારે ધ્વનિ કોણ ઉત્પન્ન કરતું હશે ? અનાજ, ફળ, ફૂલ, તેલીબિયાં વગેરે કોણ ઉગાડતું હશે ? આવા તો ઢગલાબંધ સવાલો છે.

હજી વધુ વિચારીએ કે આપણે રોજબરોજ જે ચીજ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં આપણી કેટલી ? તમે કોઈપણ વસ્તુ વિશે વિચારો તો તેનો 'કાચો માલ' અથવા તેમાં વપરાયેલા 'મૂળ ઘટક' કુદરતમાંથી મેળવાયેલા હશે. તો આ કુદરત એટલે શું ? દેવી–દેવતા એટલે કોણ ? ઈશ્વર એટલે કોણ ? પ્રકૃતિ અથવા શકિત એટલે શું ? બ્રહ્મ એટલે શું ? પરમાત્મા એટલે કોણ ? પડી ગયા ને મુંઝવણમાં ?

તમે કદાચ કહેશો કે પરમાત્મા




સર્વશકિતમાન છે માટે આ બધું પરમાત્મા કરે છે. તો પછી શું વેદનાં વિશેષણો ખોટાં કે જેમાં પરમાત્માને અકર્તા, નિરંજન, માયાતીત, અક્ષરાતીત વગેરે દર્શાવ્યા છે. તમે કહેશો કે યાર તમે તો બહું મૂંઝવણ ઉભી કરો છો.

થોડા વધુ આગળ ચાલીએ અને ચાર વેદોના ચાર વાકયો સમજીએ.

૧. અહં બ્રહ્માસ્મિ । (હું બ્રહ્મ છું– યજુર્વેદ)
૨. અયમાત્મા બ્રહ્મ । (આ આત્મા બ્રહ્મ છે – અથર્વવેદ)
૩. તત્વમસી । (તું જીવ તે બ્રહ્મ છે – સામવેદ)
૪. પ્રજ્ઞાનમ બ્રહ્મ । (પ્રાણ બ્રહ્મ છે – ઋગવેદ)

વળી છાંદોગ્ય ઉપનિષદ (૩.૧૪.૧) પ્રમાણે ''સર્વ ખલ્વીદમ બ્રહ્મ'' એટલે કે આ સઘળું જગત બ્રહ્મ છે.

હવે વિચારો કે બ્રહ્મ કેટલા ? બ્રહ્મ તો વેદ પ્રમાણે એક જ અને અનાદિ છે. છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૧) માં કહ્યું છે, '' એકમેવાદ્વિતીયમ બ્રહ્મ''. તે એક અને અદ્વૈત છે.

થઈ ને ફરી મૂંઝવણ ? બસ આ મૂંઝવણ ને સમજવી એ જ હવે આપણું લક્ષ્ય છે. આ મૂંઝવણ સમજવા માટે જ 'પરમાત્માની અભિવ્યકિત' સમજવી પડે અને આ અભિવ્યકિતને સમજવા માટે જ ૐ ને ધ્વનિ રૂપે તેમજ અક્ષર રૂપે સમજવો પડે. અત્યાર સુધીના લેખોમાં મેં થોડી પૂર્વધાર રૂપી વાતો કરી છે. આ વાતોને ફરી એકવાર વાગોળીને 'પરમાત્માની અભિવ્યકિત' ને ૐ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ અને આ લેખોમાં અપાતી આકૃતિઓને ખુબ ધ્યાનથી સમજીએ.

સ્વામી વિવેકાનંદે ૐ માટે કહ્યું છે કે ૐ પરમાત્માની અભિવ્યકિત છે. ("His Manifesting Word"). આ વાકયને સમજવાનો પ્રયત્ન કરીએ. શ્રી કૃષ્ણ ભગવાને ગીતા (૯.૧૭) માં કહ્યું છે કે 'ૐ કાર હું જ છું.', વળી (૭.૮) માં કહ્યું છે કે 'વૈદિક મંત્રોમાં ૐ કાર હું જ છું.' તેને સમજવાનો પ્રયત્ન કરીએ. યજુર્વેદમાં દર્શાવ્યા પ્રમાણે 'હું બ્રહ્મ છું.' તૈતરીય ઉપનિષદ (૨.૯) માં જણાવ્યા મુજબ '' પરમેશ્વરની શકિતનુ પ્રગટીકરણ વિવિધ રૂપે થાય છે.'' ગીતા (૧૭.૨૩) માં સમજાવ્યા મુજબ સર્જનની શરૂઆતથી 'ૐ તત સત' શબ્દો બ્રહ્મનો નિર્દેશ કરવા માટે પ્રયુકત કરાયા છે (કે જેનો હું દરેક લેખના અંતે નિર્દેશ કરું છું), તેને પણ સમજવાનો પ્રયત્ન કરીએ.

આવતા લેખથી ખૂબ જ અગત્યની સમજૂતિ ''ૐ અને પરમાત્માની અભિવ્યકિત'' ને વેદો, પુરાણો, ગીતા વગેરે શાસ્ત્રોના પ્રમાણો સહિત, શીરાના પ્રસાદની જેમ ગળે ઉતરી જાય તેવા સરળ શબ્દોમાં અને સરળ આકૃતિઓ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું. એની શરૂઆત કરીશું નિર્ગુણ પરમાત્માને સમજવાથી. આપ સૌને હજુ સુધી જુદા જુદા માધ્યમો દ્વારા પરમાત્મા માટેની અપાયેલી સમજ પછી પણ જો મુંઝવણ હોય તો 'stay in touch', આ લેખ વાંચતા રહો કારણ કે ઈચ્છાપૂર્તિના આપણા ધ્યેય માટે પણ આ સમજ ખૂબ જ જરૂરી છે. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ (ભાગ-૩)

## ભાગ– ૩ નિર્ગુણ પરમાત્માઃ

લેખાંક ૨૦ માં જણાવ્યા મુજબ

વેદ પ્રમાણે પરમાત્મા નિર્ગુણ, નિરાકાર છે. તો ચાલો પ્રથમ સમજીએ નિર્ગુણ, નિરાકાર પરમાત્માને શાસ્ત્રોના પ્રમાણો દ્વારા.

(પ્રમાણ : ૧ – ગીતા – ૭.૧૩) "ત્રણ ગુણોથી મોહ પામેલું જગત મને ગુણોથી રહિત (ગુણાતીત) જાણતું નથી."


(પ્રમાણઃ૨ – ગીતા – ૧૩.૧૫) "પરમાત્મા સર્વ ઈન્દ્રિયોના આદિ સ્ત્રોત છે. છતા તેઓ ઈન્દ્રિય રહિત છે. તઓ સર્વ જીવોનું પાલન કરનારા હોવા છતા અનાસકત છે."

(પ્રમાણઃ૩–ગીતા ૧૪.૧૯) "સર્વ કાર્યોમાં પ્રકૃતિના ત્રણ ગુણો સિવાય કોઈ કર્તા નથી. અને પરમાત્મા આ ત્રણ ગુણોથી પર છે."

(પ્રમાણઃ૪–બ્રહ્મસંહિતા–૫.૩૩) " પરમાત્મા અદ્વૈત, નાશ ન થાય તેવા, અનાદિ અનંતરૂપ છે."

(પ્રમાણઃ૫ – કૈવલ્ય ઉપ.–૧.૬) "પરમાત્મા અચિંત્ય, અવ્યકત, અનંતરૂપ, પ્રશાંત, અમૃત, અનાદિ, એકજ, નિરાકાર, અદભુત છે."

હવે સવાલ એ છે કે પરમાત્મા અકર્તા, અવ્યકત, અદ્વૈત હોય તો પછી આ સૃષ્ટિની રચના કરે છે કોણ? છાંદોગ્ય ઉપનિષદ પ્રમાણે માત્ર એક તત્વ અનંત, શાશ્વત, અપરિવર્તનશીલ, સર્વસ્વરૂપ છે. તેમાંથી જ સઘળું પ્રગટ થાય છે અને




એમાં જ લય થાય છે. જ્ઞાનીઓ, ઋષીઓ તેને એક તત્વ તરીકે જ ઓળખે છે. **"એકમ સત વિપ્રા બહુધા વદંતિ"**

ઘણા સંપ્રદાયો અને ઘણા વિવેચકો એમ સમજાવે છે કે આ સૃષ્ટિની રચના પરમાત્મા દ્વારા થઈ, જો પરમાત્મા આ સૃષ્ટિના કર્તા હોય તો શું વેદોના ઉપર જણાવેલા વિશેષણો ખોટા, કે જેમાં પરમાત્માને અકર્તા કહ્યા છે ? વળી કર્તા માટે વેદમાં ચાર દોષ બતાવ્યા છે.

**૧. નૈઘુર્ણઃ** (નિર્દયપણું) : એટલે કે જીવોને ઉત્પન્ન કરી તેને ભય, નિંદ્રા, રોગ, પીડા વગેરે આપી, દુઃખમાં નાખી નિર્દયપણું કર્યું.

**૨. વૈષમ્યઃ** (વિષમ ભાવ) : એક ને નિર્બળ બીજાને બળવાન બનાવ્યો, એક ને રાજા બીજાને રંક વગેરે.

**૩. કૃત નાશઃ** (કર્મ નાશ) : જયારે પ્રલય થાય ત્યારે પાપી અને પુણ્યશાળી બધા જ નાશ પામે. અહીં સારા કર્મોનું ફળ પણ નાશ પામે.

**૪. અભ્યાગમઃ** (કર્મો કર્યા વગર ફળ) : પહેલી સૃષ્ટિ બની ત્યારે પહેલીવાર જન્મેલા જીવોએ કર્મ ન કર્યા હોવા છતા કોઈને માણસ, કોઈને પશુ બનાવ્યા વગેરે.

જો આ ચાર દોષ લાગતા હોય તો વેદમાં જે પરમાત્મા માટે દર્શાવેલ 'નિર્દોષ' પ્રમાણ છે તે ખોટું ?

પરમાત્માના નિર્ગુણ, નિરાકાર અથવા અપ્રગટ સ્વરૂપને અને પ્રગટ સ્વરૂપ અથવા સગુણને સમજવા માટે જ આપણે અહીં પરમાત્મામાંથી નીકળતા 'બીજ' દ્વારા સમજૂતી કેળવી છે, કે જે આકૃતિમાં બતાવી છે. હમણાં ટૂંકી સમજણથી માની લો કે નિરાકાર 'પરમાત્મા' માંથી સૃષ્ટિ રચવાની કુદરતી પ્રક્રિયાના ભાગરૂપે એક 'બીજ' છૂટું પડે છે. સમજી લો કે પાણીના ઘડામાંથી એક ટીપું પડે છે અથવા ઝાડ પરથી એક બીજ પડે છે. આ એ જ 'બીજ' છે કે જયારે આ અગાઉની સૃષ્ટિ સમેટાઈ ત્યારે પરમાત્મામાં 'બીજ રૂપે' સમાયું હતું. આ એ જ બીજ છે કે જે, 'મહાકલ્પ' ના પ્રલય વખતે પરમાત્મામાં ગુણોની સાથે સમાયું હતું. પરમાત્મા નિર્દોષ છે. પરંતુ બધા દોષ આ બીજમાં છે. આ સમજૂતી માટે થોડા શાસ્ત્રોના પ્રમાણ સમજીએ.

(પ્રમાણઃ ૧– ગીતા – ૯.૭) " હે કુંતીપુત્ર, 'કલ્પ' ના અંતે સમગ્ર ભૌતિક સર્જન મારી અંદર પ્રવેશે છે અને બીજા 'કલ્પ' ના આરંભમાં હું તેમને મારી શકિતથી પુનઃ ઉત્પન્ન કરું છું."

(પ્રમાણઃ ૨– ગીતા ૯.૧૮) " હું સર્જન તથા પ્રલય, સર્વનો આશ્રય તથા અવિનાશી બીજ છું."

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

(પ્રમાણઃ ૩ – ગીતા ૧૦.૪૧) " સમગ્ર સત્ય, ઐશ્વર્ય, સૌંદર્ય તથા તેજસ્વી સર્જનો મારા તેજના એકમાત્ર અંશથી અભિવ્યકત થાય છે."

(પ્રમાણઃ ૪ – કૈવલ્ય ઉપનિષદ – ૧૩, ૧૪) "સુષુપ્તિ કાળે સઘળા જીવો વિલીન થઈ જાય છે અને તે જ જીવો પૂર્વજન્મના કરેલા કર્મ અનુસાર જાગ્રત અવસ્થામાં આવે છે."

(પ્રમાણઃ ૫– તૈતરીય ઉપનિષદ ૩.૧૧) "જેમાંથી આ સમગ્ર જગતનો જન્મ થયો છે, જેના વડે આ સમગ્ર જગત અસ્તિત્વ ધરાવી રહ્યું છે અને જેમાં પ્રલયકાળે આ સર્વ જીવો અને જગત પ્રવેશ કરે છે એનું તું જ્ઞાન પ્રાપ્ત કર. એનું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કર. એ જે તત્વ છે તે જ બ્રહ્મ છે."

અહીં "કલ્પ", "અવિનાશી બીજ", "સુષુપ્તિ કાળ" વગેરે થોડા અઘરા શબ્દો છે જે 'સમય' અથવા 'કાળ' માટે વપરાયા છે. કાળની થોડીઘણી પણ સમજણ વગર આખી સૃષ્ટિ રચના અને પ્રલય વગેરેને નહિ સમજી શકાય. આવતા લેખમાં કાળને ટૂંકમાં સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

સોમવાર ૪ એપ્રિલ, ૨૦૨૨
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ
સત્સંગ

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ (ભાગ-૪)

### કાળની સમજ

કાળ” ની સમજ વગર કોઈપણ ધર્મ કે સંપ્રદાયનું જ્ઞાન અધૂરું છે. બધા પુરાણો અને ઉપનિષદોએ ‘કાળ’ નો મહિમા ગાયો છે. મહર્ષિ વેદવ્યાસે તમામ ૧૮ પુરાણોની રચના કરી તેમનો પણ મુખ્ય ભાર ‘કાળ’ ને સમજાવવા પર રહ્યો છે. આપણે પણ આપણા ધ્યેય માટે પહેલા ‘કાળ’ ની સમજ કેળવવી પડે. ખુબ વિસ્તૃત સમજ છે, જેને ૐ ના માધ્યમથી ખુબ જ ટૂંકમાં સમજશું.

પૃથ્વી વગેરેનો જે સુક્ષ્મતમ અંશ છે કે જેનું વિભાજન થઈ શકતું નથી તેને “પરમાણું” કહે છે. ૨ પરમાણું = ૧ અણુ અને ૩ અણુ = ૧ ત્રસરેણું (સૂર્યના કિરણબિંબમાં દેખાતો ઉડતો કણ)

આવા ૩ ત્રસરેણું ને પાર કરવામાં સૂર્યપ્રકાશને જે સમય લાગે તેને “ત્રુટી” કહેવાય.

૧૦૦ ત્રુટી = ૧ વેધ, ૩ વેધ = ૧ લવ, ૩ લવ = ૧ નિમેષ (આંખના પલકારા જેટલો સમય)

૩ નિમેષ = ૧ ક્ષણ અને ૫ ક્ષણ = ૧ કાષ્ઠા (કષ્ઠ)

૧૫ કાષ્ઠા = ૧ લઘુ, ૩૦ કાષ્ઠા = ૧ કળા

૧૫ લઘુ = ૧ નાડીકા (દંડ), ૨ નાડીકા = ૧ મૂર્હત (બીજી રીતે ૩૦ કળા = ૧ મૂર્હત)

૩૦ મૂર્હત = ૨૪ કલાક = મનુષ્યનો ૧ દિવસ + ૧ રાત્રી




૧૫ દિવસ = ૧ પખવાડિયું (અથવા પક્ષ) અને ૨ પક્ષ (શુકલ અને કૃષ્ણ) = ૧ માસ

૬ માસ = ૧ અયન (ઉત્તરાયણ અને દક્ષિણાયન)

૨ અયન = ૧ મનુષ્ય વર્ષ (૩૬૫ દિવસ), સંવત્સર

૧ મનુષ્ય વર્ષ = ૧ દેવ અહોરાત્ર (દેવોનો ૧ દિવસ + ૧ રાત્રી)

૩૬૦ દેવ અહોરાત્ર = ૧ દેવ વત્સર (દેવોનું વર્ષ)

૧૨૦૦૦ દેવવત્સર = ૧ ‘ચતુર્યુગ’ (સતયુગ ૪૮૦૦ + ત્રેતાયુગ ૩૬૦૦ + દ્વાપરયુગ ૨૪૦૦ + કલિયુગ ૧૨૦૦)

૭૧ ચતુર્યુગ = ૧ ‘મન્વન્તર’ (જેને “નિત્ય પ્રલય” કહેવાય જ્યાં ધરતીના જીવોનો અંત અને પ્રારંભ થાય અને જેનો અધિપતિ ‘મનુ’ હોય છે. દરેક મન્વરન્તરના ‘મનુ’ અલગ હોય છે.)

નોંધ : અહિંથી સાથે આપેલી આકૃતિ સમજતા જવી.

૧૪ મન્વન્તર = ૧ ‘કલ્પ’ = ‘બ્રહ્મા’ નો ૧ દિવસ (આમ ૧ કલ્પમાં ૧૪ ‘મનુ’ હોય છે.)

‘બ્રહ્મા’ ના ૩૬૦ દિવસ = ‘બ્રહ્મા’ નું ૧ વર્ષ (જેને “નૈમિતિક પ્રલય” કહેવાય. દેવોનો અંત અને આરંભ થાય. જેનો અધિપતિ ‘ઈન્દ્ર’ હોય છે.)

‘બ્રહ્મા’ ના ૫૦ વર્ષ = ૧ પરાર્ધ અને ૨ પરાર્ધ (બ્રહ્માના ૧૦૦ વર્ષ) = ‘બ્રહ્મા’ નું આયુષ્ય, ‘બ્રહ્મા’ નો લય અને આરંભ, અધિપતિ ‘બ્રહ્મા’ (“પૃથ્વી પ્રલય”)

આના પછી “મહાપ્રલય” (વિષ્ણુ કલ્પ) અને “આત્યંતિક પ્રલય” (પરબ્રહ્મનું આધિપત્ય– બીજનો પરમાત્માથી છૂટા પડવાથી ફરી પરમાત્મામાં વિલીનીકરણ થાય ત્યાં સુધીનો સમય) ની કલ્પના છે. “આત્યંતિક પ્રલય” વખતે બધું સમેટાય છે. અને બીજ પોતાના ગુણધર્મો સાથે ફરીથી નિર્ગુણ પરમાત્મામાં સમાય છે. આને “મહાકલ્પ” પણ કહેવાય છે. આકૃતિમાં લાલ રેખાથી આ વાત સમજાવી છે.

### થોડા પ્રમાણ સમજીએ.

(બે પરાર્ધની સંખ્યાથી મપાયેલ કાળ આવે છે, ત્યારે પોતે જગતકર્તા હોવા છતાં બ્રહ્માના એક દિવસમાં ચાર યુગો થઈ જાય છે.

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

ચૌદ ઈન્દ્રો સ્વર્ગલોકમાંથી પડી જાય છે. તે જ પ્રમાણે બ્રહ્માથી બે ગણા કાળે વિષ્ણુ મરવા તૈયાર થાય છે. અને તેના બે ગણા કાળે શંકર શાંતિ પામે છે. દે.ભા.પ. ૩૧. ૧૦–૧૨)

(સૃષ્ટિનો ક્રમ બધા કલ્પોમાં એકસરખો છે. જુદાપણું છે તો માત્ર એટલુ જ કે “મહાકલ્પ” ના પ્રારંભમાં પ્રકૃતિમાંથી ક્રમશઃ મહતત્વ વગેરેની ઉત્પત્તિ થાય છે અને “કલ્પો” ના પ્રારંભમાં પ્રાકૃત સૃષ્ટી તો જેમની તેમ જ રહે છે, ચરાચર પ્રાણીઓની વૈકૃત સૃષ્ટી નવા રૂપે થાય છે – ભા. ૨. ૧૦.૪૬)

(જે સમયે બ્રહ્માનું પુરું આયુષ્ય – બે પરાર્ધ સમાપ્ત થઈ જાય છે ત્યારે કાલશકિતના પ્રભાવથી બધા લોક નષ્ટ થઈ જાય છે. પંચભૂતો અહંકારમાં, અહંકાર મહતત્વમાં અને મહતત્વ પ્રકૃતિમાં લીન થઈ જાય છે. તે સમયે એકમાત્ર આપ જ શેષ રહો છો. તેથી જ આપનું એક નામ શેષ પણ છે. – ભા.૧૦.૩.૪૭)

આ બધું સમજાવવાનું પ્રયોજન એટલું જ હતું કે યુગ, મન્વન્તર, કલ્પ, મહાકલ્પ અને વિવિધ પ્રલયોની આછી જાણકારી પ્રાપ્ત થાય, કારણ કે ૐ અને પરમાત્માની અભિવ્યકિત સમજવા માટે આ જાણકારી ખુબ ઉપયોગી છે.

આવતા લેખમાં સમજીશું પરમાત્માની અભિવ્યકિતનો પહેલો તબકકો – ‘ઉભય’, ‘અદ્વૈત’, ‘દ્વૈત’ અવસ્થા, કે જેમાં સંપ્રદાયો મતભેદ ધરાવે છે. ત્યાં સુધી...


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ (ભાગ-૫)

### ભાગ – ૫ ઉભય–અદ્વૈત–દ્વૈત

અગાઉના લેખમાં આપણે 'કાળ' ની સમજ કેળવી. અને તે દરમ્યાન સમજ્યા કે 'મહાકલ્પ' ના અંતે બધું પરમાત્મામાં બીજ બની સમાઈ જાય છે. હવે સૃષ્ટિમાં કઈ બાકી નથી. રહ્યા છે તો એકમાત્ર અનાદિ, અવિનાશી, અજર, અમર, નિરંજન, નિરાકાર પરમાત્મા. લેખાંક–૨૧ માં સમજ્યા તેમ આ નિરાકાર 'પરમાત્મા' માંથી ફરી સૃષ્ટિ રચવાની કુદરતી પ્રક્રિયાના ભાગરૂપે એક 'બીજ' છૂટું પડે છે. આ એ જ 'બીજ' છે કે જયારે, આ અગાઉના "મહાકલ્પ" ના અંતે સૃષ્ટિ સમેટાઈ ત્યારે પરમાત્મામાં 'બીજ રૂપે' સમાયું હતું. અને જેના શાસ્ત્રોના પ્રમાણો પણ આપણે લેખાંક–૨૧ માં સમજ્યા હતા.




હવે આગળ સમજીએ. અગાઉના લેખોમાં મેં તમને વારંવાર સમજાવ્યું હતું તેમ ૐ અક્ષરમાં જે બિંદુ છે તે પરમાત્માનું સ્થાન છે. અહીંથી આગળ 'આ બિન્દુને જ પરમાત્માથી છૂટું પડેલું બીજ છે તેમ સમજીએ' અને અહીંથી જ 'સર્વ પ્રથમ પરમાત્માની અભિવ્યક્તિ' સમજીએ. આ બીજ શરૂઆતમાં "એકાકાર", "ઉભય" અથવા "અદ્વય" સ્વરૂપ' માં હોય છે. પછી તે 'યુગ્મ સ્વરૂપ' (અદ્વૈત) માં ફેરવાય છે અને પછી તે બે ભાગમાં (દ્વૈત) વહેંચાય છે. ખુબ ઊંડી સમજ છે. મોટા મોટા ગ્રંથો આ સમજણ આપવા માટે લખાયા છે. મેં તમને માત્ર થોડા વાક્યોમાં અને આકૃતિ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. હા, તમારી સમજણ માટે કદાચ આ ઉભય સ્વરૂપ, અદ્વૈત, દ્વૈત વગેરે શબ્દો સમસ્યા ઉભી કરી શકે, કારણ કે ભલભલા જ્ઞાનીઓ, આચાર્યો, પંથના વડાઓ પણ આ બાબતમાં મતમતાંતર ધરાવે છે. આ બધી જ વ્યાખ્યા હું તમને ૐ ના માધ્યમ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરીશ. હમણાં ટૂંકમાં સમજીએ તો ભારતીય દર્શન શાસ્ત્રોમાં મુખ્યત્વે ૬ શાસ્ત્રો બતાવ્યા છે. જે 'સાંખ્ય દર્શન', 'યોગ દર્શન', 'ન્યાય દર્શન', વૈશેષિક દર્શન', 'પૂર્વ મીમાંસા દર્શન' અને 'ઉત્તર મીમાંસા દર્શન' તરીકે ઓળખાય છે. આ દર્શનશાસ્ત્રોમાં 'ઋષિ'ઓને એમની સમાધિ અવસ્થા દરમ્યાન આંતરચક્ષુ દ્વારા પરમાત્મા બાબતે જે સમજાયું છે, તેનું વર્ણન છે. આ પૈકી સાંખ્ય દર્શનને 'દ્વૈતદર્શન' અથવા 'દ્વૈતવાદ' કહેવાય છે. આ દર્શનમાં "પુરુષ" અને "પ્રકૃતિ" એમ બે ભેદ પાડેલા છે. ઉત્તર મીમાંસા દર્શનને "અદ્વૈતવાદ" કહેવાય છે. આ દર્શનની સમજુતી પ્રમાણે "પ્રકૃતિ" જગતનું કારણ છે. અને સાથે જ ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કે પરમાત્મા ભલે આ જગતનું "ઉપાદાન કારણ" નહિ હોય પરંતુ "નિમિત્ત કારણ" જરૂર છે. અને પેલું જે ઉભય સ્વરૂપ છે તે "શુદ્ધ અદ્વૈતવાદ" કહેવાય છે. જે ઉત્તર મીમાંસા દર્શન અંતર્ગત "બ્રહ્મસૂત્ર" માં દર્શાવ્યું છે.

માથું ખંજવાળવાની જરૂર નથી. અહીં તમને આ આખી પ્રક્રિયા ફકત એક આખી 'શીંગ' (ભોયશીંગ, મગફળી) થી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. કલ્પી લો કે આખી મગફળી પરમાત્મા છે. તેમાંથી નીકળતો એક દાણો અથવા એક બીજ પરમાત્માથી છૂટું પડેલું બીજ છે. આ બીજ અત્યારે 'ઉભય' અથવા 'અદ્વય સ્વરૂપનું કહેવાય. આને જ 'શુદ્ધ અદ્વૈત' અથવા 'શુદ્ધાદ્વૈત' કહેવાય. હવે આપણે આ બીજનું ઉપરનું છોતરું કાઢી નાખીને નિરીક્ષણ કરીએ તો છોતરા વગરનું બીજ બે ભાગમાં અનુભવાય છે. બંને એકબીજા સાથે જોડાયેલા છે. બીજની આ અવસ્થા એટલે જ "અદ્વૈત" અથવા "યુગ્મ". હવે આ બીજના બંને ભાગને છૂટા કરીએ બીજની આ અવસ્થાને "દ્વૈત" કહેવાય. અહીં બારીક નિરીક્ષણ કરશો તો જણાશે કે છૂટા પડેલા એક ભાગમાં એક ઉપસેલો કાંટા જેવો ભાગ છે. આ ભાગને 'ભ્રૂણ' કહેવાય. આ ભાગથી જ જયારે બીજ રોપીએ ત્યારે નવો છોડ ઉત્પન્ન થાય. અને બીજો ભાગ નવા છોડના વિકાસની પ્રારંભિક અવસ્થામાં મદદરૂપ થાય. પરમાત્માથી છૂટા પડેલા બીજમાં પણ આવી જ સમજણ છે. હવે લાગે છે ને કે કેટલી સરળ સમજણ છે દ્વૈત, અદ્વૈત અને શુદ્ધાદ્વૈત ની ? બધું એક જ છે. માત્ર અલગ અલગ અવસ્થાથી પડેલા અગલ અલગ નામોથી, અલગ અલગ વાદનું અસ્તિત્વ છે.

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અહીં એક અગત્યની વાત સમજવાની જરૂર છે કે પેલા ભ્રૂણનું અસ્તિત્વ બીજમાં હંમેશા રહેલું છે. "ઉભય" સ્વરૂપમાં તે "અવ્યક્ત" રીતે અથવા "ભીતર" માં રહેલું છે. "યુગ્મ" અથવા "અદ્વૈત" સ્વરૂપમાં અનુભવી શકાય એટલું વ્યક્ત હોય છે અને 'દ્વૈત' સ્વરૂપમાં પૂર્ણ રીતે વ્યક્ત છે. 'પરમાત્માની અભિવ્યક્તિ' ની સમજુતીમાં આ ભ્રૂણ સાથેનો જે ભાગ છે, તે ભાગને આપણે "પ્રકૃતિ" તરીકે ઓળખીએ. આ પ્રકૃતિ ઉભય સ્વરૂપમાં નિર્ગુણ હોય છે, જેને 'મૂળપ્રકૃતિ' અથવા 'પરાપ્રકૃતિ' કહેવાય. 'મૂળ પ્રકૃતિ' અદ્વૈત સ્વરૂપમાં પણ પ્રથમ તબકકે નિર્ગુણ હોય છે, પછી સગુણ થાય છે અને 'પરમાત્માની અભિવ્યક્તિ' માં અગત્યનો ભાગ ભજવે છે. જે હવે પછીના લેખોમાં સમજશું. અત્યારે થોડા શાસ્ત્રોના પ્રમાણ સમજીએ.

(પ્રમાણ: ૧–ગીતા–૮.૨૦) " મારી એક 'અવ્યક્ત પ્રકૃતિ' છે જે 'શાશ્વત' છે. અને 'વ્યક્ત' તથા 'અવ્યક્ત' થી પર છે. તે સર્વોપરી અને કદાપિ નષ્ટ નહિ થનારી છે."

(પ્રમાણ: ૨ –ગીતા – ૭.૨૪) "અજ્ઞાની મનુષ્યો સમજી શકતા નથી કે હું પહેલા અપ્રગટ હતો. અને મારી સર્વોપરી (મૂળ) પ્રકૃતિને પણ જાણતા નથી"

(પ્રમાણ: ૩ – ગીતા–૧૩.૧૪) "પરમાત્મા સર્વ ઈન્દ્રિયોના આદિ સ્ત્રોત છે. છતાં તેઓ ઈન્દ્રિય રહિત છે. અને નિર્ગુણ પ્રકૃતિના સ્વામી છે."

મૂળ પ્રકૃતિ, મહદબ્રહ્મ પ્રકૃતિ, ભૌતિક પ્રકૃતિ, બ્રહ્મ, નારાયણ, વિરાટ પુરુષ વગેરેને ૐ ના માધ્યમ દ્વારા આવતા લેખોમાં સમજવાનો વધુ પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥


(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યકિત

## ભાગ-૬ પુરુષ - પ્રકૃતિ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

પરમાત્માની અભિવ્યકિત અંતર્ગત અગાઉના લેખમાં સમજ્યા તેમ નિર્ગુણ, નિરાકાર પરમાત્માથી જે બીજ છૂટું પડે છે, તે શરૂઆતમાં 'ઉભય સ્વરૂપ' (સિંગનો છોતરા સાથેનો દાણો) કે જે ૐ ના બિંદુમાં રહેલું છે, ત્યારબાદ 'અદ્વૈત સ્વરૂપ' (સિંગના છોતરા વગરનો દાણો) કે જે ૐ ની માત્રામાં રહેલું છે અને છેલ્લે 'દ્વૈત સ્વરૂપ' (વિભાજીત દાણો) હોય છે, કે જે ૐ માં, અ+ઉ+મ સ્વરૂપે આખી સૃષ્ટિ રૂપે રહેલું છે. જેને સ્પષ્ટ રૂપે સમજવા માટે ફરી એકવાર આકૃતિમાં દર્શાવ્યું છે. અહીં જે 'ઉભય' અને 'અદ્વૈત' સ્વરૂપ છે તેને આપણે ''પરબ્રહ્મ'' અથવા ''પરાત્મા'' તરીકે ઓળખીએ કે જેમાં, 'બ્રહ્મ' અને 'મૂળપ્રકૃતિ' (અથવા 'પરાપ્રકૃતિ' અથવા 'મહદબ્રહ્મપ્રકૃતિ' અથવા 'આદ્યશકિત') બંનેનું ભેગું અસ્તિત્વ સમાયેલું છે. હવે આ 'ઉભય' અથવા 'અદ્વૈત' બંનેમાંથી કોઈપણ અવસ્થા દરમ્યાન બ્રહ્મનું 'ચૈતન્ય' જાગૃત થાય છે. અને આ ચૈતન્યથી 'અદ્વૈત' માં રહેલી મૂળપ્રકૃતિમાં ક્ષોભ થાય છે. (સમજી લો કે કોઈ બીજને માટીમાં દબાવ્યું હોય અને પાણી તેમજ અનુકુળ હવામાન મળે તો તેમાંથી અંકુર ફૂટવાની જે પ્રક્રિયા હોય લગભગ એવુ જ). આ ક્ષોભના કારણે અહંકાર ઉત્પન્ન થાય છે. અને આ 'અદ્વૈત બીજ' નું ધીમે ધીમે 'દ્વૈત સ્વરૂપ' માં પરિવર્તન થાય છે. એટલે કે 'બ્રહ્મ' અને 'પ્રકૃતિ' (મહદબ્રહ્મ પ્રકૃતિ અથવા તો બ્રહ્મમાં રહેલી પ્રકૃતિ) છૂટા પડે છે. અહીં જે 'અદ્વૈત સ્વરૂપ' છે, તેના એક ભાગને આપણે 'વિરાટ પુરૂષ' અથવા 'બ્રહ્મ' અથવા 'નારાયણ' તરીકે અને બીજા ભાગને 'નિકૃષ્ટ પ્રકૃતિ' અથવા 'નારાયણી' તરીકે ઓળખીએ. આ સ્વરૂપને જ રાધા–કૃષ્ણ યુગ્મ, શિવ–પાર્વતી યુગ્મ અથવા અર્ધનારીશ્વર કહેવાય. અદ્વૈત સ્વરૂપની શરૂઆતમાં આ પ્રકૃતિ 'નિકૃષ્ટ પ્રકૃતિ' હોય છે પણ પછીથી,




પુરુષ (બ્રહ્મ) ની ચેતના શકિતના સંસર્ગથી જેમ જેમ તે પ્રવૃતિમય થાય છે, તેમ તેમ તેમાં ગુણો ઉમેરાતા જાય છે. અત્યાર સુધી 'અવ્યકત' હતી, તે હવે 'વ્યકત' થાય છે. અત્યાર સુધી તે 'નિર્ગુણ' હતી, તે હવે 'સગુણ' થાય છે. તેનું 'દ્વૈત' માં (એટલે કે પુરુષ અને પ્રકૃતિ છૂટા પડે) પરિવર્તન થાય છે. હવે તેને 'ભૌતિકપ્રકૃતિ' અથવા 'અપરાપ્રકૃતિ' કહેવાય છે. આ ભૌતિક પ્રકૃતિ જ જગતની ઉત્પત્તિના એટલે કે 'પરમાત્માની અભિવ્યકિતના' કાર્યમાં અગત્યનો ભાગ ભજવે છે. અને આ 'અભિવ્યકિત' ને જ પુરાણોની ભાષામાં 'સર્ગ' કહેવાય છે.

અહીં થોડી અગત્યની સમજુતી બરાબર સમજવાની જરૂરિયાત છે કે,

૧. જ્યાં સુધી અદ્વૈત સ્વરૂપ હતું ત્યાં સુધી નિર્ગુણ હતું. દ્વૈત બન્યા પછી તેમાં ગુણો ઉમેરાય છે.

૨. ઉભય, અદ્વૈત અથવા દ્વૈત ત્રણે અવસ્થામાં અભિવ્યકિતની પ્રક્રિયા ચાલુ રહે છે. કોઈ વખતે આ પ્રક્રિયા આંતર સ્વરૂપે હોય છે, અને કોઈ વખતે બાહ્ય સ્વરૂપે હોય છે. પરંતુ દરેક અવસ્થા દ્વૈતમાં પરિણમે છે, એટલે કે ઉભયનું પણ અને અદ્વૈતનું પણ દ્વૈત અવસ્થામાં પરિવર્તન થાય છે. જે આવતા લેખમાં સમજીશું.

૩. ઘણા વિવેચકો 'મૂળપ્રકૃતિ' ને પણ 'માયા' તરીકે ઓળખે છે. પરંતુ એ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે ''ભૌતિકપ્રકૃતિ'' અથવા 'સગુણપ્રકૃતિ' ને જ માયા કહેવાય. કારણ કે 'મૂળબ્રહ્મ' ને ભૌતિકપ્રકૃતિના ગુણો લાગુ પડતા નથી. જે અગાઉના લેખમાં પ્રમાણે દ્વારા સમજ્યા.

૪. શુદ્ધ અદ્વૈતવાદમાં એવું મનાય છે કે બ્રહ્મ સિવાય કોઈ અસ્તિત્વ નથી. અહીં આપણે વિસ્તૃત રીતે જોયું કે દરેક અવસ્થામાં પ્રકૃતિનું મહત્વ છે. ઉભય સ્વરૂપમાં પણ તેનું મહત્વ છે પરંતુ તે અવ્યકત રહે છે. તેથી સમજી શકાતું નથી.

૫. પુરાણોમાં દરેક જગ્યાએ પરમાત્માના અવતારોનો જન્મ અને લય બતાવ્યો છે, પરંતુ 'મૂળપ્રકૃતિ' માટે 'પ્રગટ થયા' અને 'અંતર્ધ્યાન' થયા એમ જ લખવામાં આવ્યું છે.

દા.ત. રાધા, સીતા વગેરે.

થોડા પ્રમાણો સમજીએ.

(પ્રમાણ: ૧ – ગીતા – ૧૩.૨૦) ''પુરુષ – પ્રકૃતિને અનાદિ સમજવા અને તેના વિકાર તથા ગુણોને પ્રકૃતિ જન્ય જાણવા''

(પ્રમાણ: ૨ – ગીતા – ૭.૬) '' સર્વ જીવોનો ઉદભવ આ બંને શકિતઓમાં રહેલો છે.''

(પ્રમાણ: ૩ – દે. ભા. ૫.૧૦.૩૨) '' હું પુરુષ છું અને પુરુષના સ્વભાવવાળી છું. અવિનાશી બ્રહ્મ સ્વરૂપ મારામાં પુરુષ – પ્રકૃતિ ઉભયપણે વસેલા છે.''

(પ્રમાણ: ૪ – દે. ભા. ૫.૧૨.૭–૮) '' મારો પતિ સગુણ વિગ્રહે સર્વ કર્તા, સર્વ સાક્ષી અને નિર્ગુણ વિગ્રહે અકર્તા, નિસ્પૃહ, નિર્ગુણ, મમતા રહિત, અનંત, નીરાશ્રય, સર્વવ્યાપી એક જ પરમાત્મા છે.''

(પ્રમાણ: ૫ – દે. ભા. ૫.૧૬.૩૫–૩૮) '' હું તે પરમેશ્વરની ઈચ્છારૂપ છું. સમગ્ર જગતને રચું છું. એ વિશ્વાત્મા મને જોયા કરે છે. હું તેની કલ્યાણમયી પ્રકૃતિ છું. તેના સામીપ્યને લીધે જ મારામાં હંમેશા ચૈતન્ય રહે છે.''

(પ્રમાણ: ૬ – ભા. ૩.૨૬.૧૦) '' જે ત્રિગુણાત્મક, નિત્ય અને કાર્ય કારણરૂપ છે તથા પોતે નિર્વિશેષ હોવા છતાં પણ વિશેષ ધર્મોનો આશ્રય છે, તે પ્રધાન તત્વને પ્રકૃતિ કહે છે.''

(પ્રમાણ: ૭ – ભા. ૧૦.૩.૪૭) '' તે જ સમયે નંદ પત્ની યશોદાના ગર્ભથી તે યોગમાયાનો જન્મ થયો, જે પરમાત્માની શકિત હોવાના કારણે તેમના જેવી જન્મ રહિત છે.''

વધુ પ્રમાણો સહિત ઉભય, દ્વૈત અને અદ્વૈત બીજમાંથી પ્રગટ થતી અભિવ્યકિત ને ૐ ના માધ્યમ દ્વારા આવતા લેખમાં સમજીશું. ત્યાં સુધી...


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશ:)

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ

## ભાગ-૭ ત્રણે અવસ્થાની અભિવ્યક્તિ

અગાઉના લેખમાં 'ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ' અંતર્ગત, નિરાકાર પરમાત્મામાંથી, સૃષ્ટિના સર્જનના ભાગરૂપે જે બીજ છૂટું પડે છે તેને, અને તેની વિવિધ અવસ્થાઓ 'શુદ્ધઅદ્વૈત', 'અદ્વૈત' અને 'દ્વૈત' તથા 'પુરુષ' અને 'પ્રકૃતિ' ને સમજવા પ્રયત્ન કર્યો. હવે આગળ નારાયણ, બ્રહ્મ અને સૃષ્ટિની ઉત્પત્તિ વગેરે વાતોને ૐ ના માધ્યમ દ્વારા સમજવાની છે. તે પહેલા આ લેખમાં ઉદાહરણ દ્વારા આપણે એ સમજવાનો પ્રયત્ન કરીએ કે 'પરમાત્મામાંથી નીકળેલા બીજ થી 'શુદ્ધઅદ્વૈત', 'અદ્વૈત' અને 'દ્વૈત' અવસ્થાઓ દ્વારા પરમાત્મા અભિવ્યકત કેવી રીતે થાય છે? આ સમજુતી અહી ૐ ના માધ્યમથી જે આકૃતિ તૈયાર કરી છે તે દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.




યાદ કરો એ સ્વયંવરની વાર્તા કે જેમાં થાંભલાની ટોચ પર ગોળ ફરતી એક માછલી છે. નીચે પાણી છે. પાણીમાં માછલીનું પ્રતિબિંબ જોઈને તીર ચલાવવાનું છે. અહીં અર્જુનને સવાલ પુછાય છે કે તને શું દેખાય છે ? લગભગ આવો જ સવાલ અત્યાર સુધી આપણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તેના આધારે હું તમને પૂછું છું. કે અહિં આકૃતિમાં ૐ ના બિંદુની જમણી બાજુ ત્રણ બિન્દુ બનાવ્યા છે. એટલે કે કુલ ચાર બિંદુ અથવા બીજ છે. જેમાનું એક સિંગદાણાનું બીજ, બીજું સફરજનનું બીજ, ત્રીજું દૂધીનું બીજ અને ચોથું વીર્યનું ટીપું બતાવ્યા છે. આ ચારે બિંદુરૂપી એટલે કે બીજરૂપી આકૃતિઓમાં તમને શું દેખાય છે ? તમારો જવાબ આવો જ હશે કે પહેલા બિંદુમાંથી સિંગદાણાનો છોડ, બીજા બિંદુમાંથી સફરજનનું ઝાડ, ત્રીજા બિંદુમાંથી દુધીનો વેલો અને ચોથા બિંદુમાંથી બાળકની ઉત્પત્તિ અમને દેખાય છે. આ જ જવાબ આ ચારે બીજની અભિવ્યક્તિ છે, સામાન્ય માણસની સમજુતી માટે આ જવાબ સ્વીકાર્ય છે, પરંતુ આમાં જે ગુઢ સત્ય છે તેને માછલીની આંખ તરીકે સમજવાનું છે, અને તે છે 'અલગ અલગ અવસ્થાની અભિવ્યક્તિ'.

પહેલું સિંગદાણાનું બીજ છે જે આપણે અગાઉ સમજ્યા તેમ ઉભય સ્વરૂપમાં છે. આ સ્વરૂપમાં પણ તેમાં પુરુષ અને પ્રકૃતિનું અસ્તિત્વ હોય છે. ઉભય સ્વરૂપમાં આપણે તેને અનુભવી નથી શકતા. પરંતુ તેમાંથી ઉત્પન્ન થતા છોડ દ્વારા આને સમજી શકાય. આ છોડમાંથી સીધેસીધી બીજી 'ભોયશીંગ' (મગફળી) જમીનની અંદર તૈયાર થાય, જેના ગુણધર્મો રોપેલા બીજ જેવા જ હોય. આ અભિવ્યક્તિને ઉભય સ્વરૂપમાં રહેલા બીજની અભિવ્યક્તિ કહેવાય. આ અભિવ્યક્તિ માટે પણ ઉભય ને દ્વૈત સ્વરૂપમાં પરિવર્તિત થવું પડે.

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

બીજું જે સફરજનનું બીજ છે તેમાંથી સફરજનનું ઝાડ બને. યોગ્ય રીતે વૃદ્ધિ પામે ત્યારે તેના પર ફૂલ બેસે. આ ફૂલમાં 'સ્ત્રીકેસર' અને 'પુંકેસર' એક જ ફૂલમાં સાથે હોય છે. પવનના ઉપયોગથી પરાગરજ, સ્ત્રીકેસર પર પડે અને એક જ ફૂલમાં ફલીકરણ થાય, પરિણામે સફરજન અભિવ્યકત થાય. આ અભિવ્યક્તિને અદ્વૈત અથવા યુગ્મ પ્રકારની અભિવ્યક્તિ કહેવાય કારણ કે બંને ઘટક એજ જ ફૂલમાં સમાયેલા છે. આ પ્રકારની અભિવ્યક્તિ માટે પણ અદ્વૈતને દ્વૈત સ્વરૂપમાં પરિવર્તિત થવું પડે.

ત્રીજું જે દૂધીનું બીજ છે, તે અનુકૂળ સંજોગો મળતા દુધીના વેલામાં પરિણમે અને તેના પર ફૂલો બેસે. પુંકેસર (નર) વાળા ફૂલો અને સ્ત્રીકેસર (નારી) વાળા ફૂલો અલગ અલગ થાય. હવા, પતંગિયા, કીટક જેવા કુદરતી માધ્યમો દ્વારા ફલીકરણ થાય અને દુધી અભિવ્યકત થાય. આ અભિવ્યક્તિ દ્વૈત પ્રકારની કહેવાય કારણ કે બંને ઘટકો એક જ બીજમાં સમાયા હોવા છતાં, અભિવ્યકત થવા પહેલા તેઓ એક જ વેલ પર જુદી જુદી રીતે પાંગરે છે, દ્વૈત બને છે, ત્યારબાદ દુધી અભિવ્યકત થાય છે. આમ અદ્વૈતમાંથી દ્વૈતમાં, અવસ્થાનું પરિવર્તન થાય.

આ જ રીતે ચોથા અગત્યના દાખલામાં વીર્યનું ટીપું લઈએ. તે પોતાના 'એકય સ્વરૂપ' માં કંઈ પણ કરી શકતું નથી. વીર્યમાં રહેલા શુક્રાણુઓને ફલીકરણ માટે સ્ત્રીબીજની જરૂરિયાત પડે જેનું અસ્તિત્વ અલગ જગ્યાએ હોય છે. આજ રીતે સ્ત્રીબીજના એકય સ્વરૂપનું અસ્તિત્વ પણ કોઈ પણ મહત્વ વગરનું છે. આ ઉદાહરણ દ્વારા જ પરમાત્માના બીજમાંથી ઉત્પન્ન થયેલા પુરુષ (બ્રહ્મ) અને પ્રકૃતિ (અપરા) ના દ્વૈત અવસ્થાનું મહત્વ સમજી શકાય છે.

પુરુષનો ચૈતન્ય અંશ એટલે આત્મા અને પ્રકૃતિ દ્વારા કરાતી શરીર રચના. આમ દ્વૈત અવસ્થા એટલે 'પુરુષ' અને 'પ્રકૃતિ' બંનેના છુટા પડેલા અસ્તિત્વો છે, કે જે સૃષ્ટિ રચનામાં મહત્વનો ભાગ ભજવે છે અને મનુષ્યો તથા પ્રાણીઓના શરીરમાં અલગ અલગ રીતે (દ્વૈત સ્વરૂપે) રહેલા છે.

'શુદ્ધ અદ્વૈત', 'અદ્વૈત' અને 'દ્વૈત' ત્રણે અવસ્થાની અભિવ્યક્તિ ખૂબ સરળ રીતે ૐ ના માધ્યમ અને સુંદર ઉદાહરણો દ્વારા સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો. આ જ 'ત્રણ' શબ્દો છે કે જેમાં પંથો અને સંપ્રદાયો વિભિન્ન વિચારો ધરાવે છે. અભિવ્યક્તિના અત્યાર સુધીના લેખોની સમજુતી માટેના થોડા પ્રમાણ સમજીએ.

(પ્રમાણ: ૧ – ગીતા ૫.૪) "અજ્ઞાની મનુષ્યો સાંખ્યયોગમાં ભેદ સમજે છે. જેઓ વાસ્તવમાં જ્ઞાની છે તેઓ કોઈ એક માર્ગનું અનુસરણ કરે તો બંનેનું ફળ પ્રાપ્ત કરે છે."

(પ્રમાણ: ૨ – શ્વે. ઉપ. ૧.૯) "સૃષ્ટિના ઉપાદાન કારણરૂપે રહેલું બ્રહ્મ "ક્ષર" બ્રહ્મ છે. તેના નિમિત્ત કારણ તરીકે રહેલું બ્રહ્મ " અક્ષર" બ્રહ્મ છે. અને સૃષ્ટિથી પર રહેલું અસંગ એવું બ્રહ્મ, 'બ્રહ્મઅવ્યય' અથવા 'પરબ્રહ્મ' છે. આ ત્રણથી પર એવું 'પરાત્પર' (પર થી પણ પર) 'પરમબ્રહ્મ' (પરમાત્મા) છે."

(પ્રમાણ: ૩ – ગીતા – ૧૫.૧૬ થી ૧૮) "આ જગતમાં જીવના બે પ્રકાર છે. ક્ષર અને અક્ષર. ભૌતિક જગતમાં દરેક જીવ ક્ષર હોય છે અને એકત્વમાં (એટલે કે અદ્વૈતમાં) અક્ષર. આ બંને ઉપરાંત એક પરમ પુરુષ છે જેઓ સાક્ષાત અવિનાશી ભગવાન છે."

આ ત્રણે અવસ્થાની અભિવ્યક્તિનું પ્રતિપાદન છાંદોગ્ય ઉપનિષદ ૬.૨.૩ ના ખુબ અગત્યના શ્લોક. "એકોહમ બહુસ્યામ" દ્વારા કરવામાં આવ્યું છે. જે આવતા લેખમાં સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યકિત

## ભાગ–૮
## એકોહમ બહુસ્યામ




**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

આગાઉના લેખમાં ૐ ના માધ્યમ દ્વારા ઉભય, અદ્વૈત અને દ્વૈત અવસ્થામાંથી પરમાત્માથી છૂટા પડેલા બીજની અભિવ્યકિત સમજ્યા, જેમાં ખૂબ સ્પષ્ટ રીતે સમજણ કેળવી કે,

૧. દરેક અવસ્થામાં પ્રકૃતિનું અસ્તિત્વ છે. ઉભય અવસ્થામાં અવ્યકત હોય છે જયારે અદ્વૈત અવસ્થામાં પ્રથમ અવ્યકત ત્યાર બાદ વ્યકત થાય છે. અંતે બંને દ્વૈત અવસ્થામાં પરિવર્તન પામે છે.

૨. કોઈ પણ અવસ્થામાંથી અભિવ્યકિત થાય ત્યારે તે અવસ્થાનું રૂપાંતરણ દ્વૈત અવસ્થામાં થાય છે એટલે કે ઉભયનું પણ દ્વૈતમાં અને અદ્વૈતનું પણ પ્રથમ દ્વૈત અવસ્થામાં રૂપાંતરણ થાય છે અને ત્યાર બાદ અભિવ્યકત થાય છે.

અહીંથી આગળ સૃષ્ટિ રચના સમજીએ.

અહીં આ જે દ્વૈત અવસ્થાનું સ્વરૂપ છે તે બે ભાગમાં વહેંચાયેલું છે. 'વિરાટ પુરૂષ' અને 'પ્રકૃતિ'. જે આપણે લેખાંક – ૨૪ માં સમજ્યા, હવેના લેખોમાં આ દ્વૈત અવસ્થાના પહેલા ઘટક 'વિરાટ પુરૂષ' અથવા ટૂંકમાં 'પુરૂષ' ને સમજવાનો પ્રયત્ન કરીએ. આ જ વિરાટ પુરૂષ ને આપણે 'બ્રહ્મ' તરીકે ઓળખીએ. અગાઉ સમજ્યા તેમ અહીંથી પરમાત્માની અભિવ્યકિતનો બીજો તબકકો શરૂ થાય. મૂળ પરમાત્મા નિરાકાર છે અને અહીં અભિવ્યકત થયેલા 'બ્રહ્મ' અથવા 'વિરાટ પુરૂષ' અથવા 'નારાયણ' આકાર સહિત છે. **આ જ બ્રહ્મ 'સગુણ' અને 'ચૈત્યન્ય રૂપ' છે. જેનું પુરાણોમાં આ પ્રમાણે વર્ણન છે. "તેને હજારો મસ્તક છે. હજારો નેત્રો અને પગ છે. તે વિશ્વ વ્યાપ્ત છે અને વિશ્વથી દસ આંગળી ઊંચો છે"** આ વિરાટ પુરૂષ જ 'અવિનાશી બ્રહ્મ' તરીકે ઓળખાય છે કારણ કે આત્યાંતિક પ્રલયના અંતે જ્યારે બધું સમેટાય છે, ત્યારે આ બ્રહ્મ પોતાના ગુણધર્મો સાથે બીજ રૂપે પરમાત્મામાં સમાય છે. (જે લેખાંક–૨૧ માં આકૃતિના માધ્યમથી સમજ્યા.) બધા વિકારો તેમનામાં જ રહે છે અને નવી સૃષ્ટિમાં, આ જ ગુણધર્મો સાથે પ્રકૃતિને બીજ પ્રદાન કરે છે. મૂળ પ્રકૃતિનું, ભૌતિક પ્રકૃતિમાં પરિવર્તન પણ આ બ્રહ્મ ને કારણે થાય છે. આ જ બ્રહ્મ "એકોહમ બહુસ્યામ" (એટલે કે હું એક છું તે અનેક રૂપે થાઉ – છાંદોગ્ય ઉપનિષદ ૬.૨.૩) ની ભાવના વ્યકત કરે છે, અને તેમાં ચૈતન્ય ઉત્પન્ન થાય છે, અને આ ચૈતન્ય દ્વારા સાથે રહેલી મૂળ પ્રકૃતિમાં અહંકાર ઉત્પન્ન કરે છે, જેના પરિણામે આ મૂળપ્રકૃતિમાં ત્રિગુણાત્મક ગ્રંથિ પડે છે. જે સત્વ, રજ અને તમો તરીકે ઓળખાય છે. અને અહીંથી પ્રકૃતિ ભૌતિક રૂપમાં પરાવર્તિત થાય છે. જેની સમજૂતી પરમાત્માની પ્રકૃતિ તરીકે અભિવ્યકિતના લેખોમાં મેળવીશું.

હમણાં બ્રહ્મની સમજ આપતા થોડા પ્રમાણ સમજીએ.

(પ્રમાણઃ ૧ – ભા. ૩.૮.૮) "આ વિરાટ પુરૂષ જ પ્રથમ જીવ હોવાને કારણે સમસ્ત જીવોનો આત્મા, જીવરૂપ હોવાને કારણે પરમાત્માનો અંશ અને પ્રથમ અભિવ્યકત થવાને કારણે ભગવાનનો આદિ અવતાર છે."

(પ્રમાણઃ ૨ – ભા. ૩.૫.૨૫) " સર્વવ્યાપી પરમાત્મા કે જે પ્રાણીમાત્રના આત્મા છે. આ સૃષ્ટિના નિર્માણ પૂર્વે એકમાત્ર તેઓ જ હતા. પરમાત્માએ સંકલ્પ કર્યો કે 'હું અનેક રૂપે થઈ જાઉ' ત્યારે એમની ઈચ્છાનું અનુકરણ કરતું એમનું સ્વરૂપ અનેક રૂપોમાં થઈ ગયું. તેમના દ્રષ્ટા રૂપે (સાકાર રૂપે) અનેક રૂપો થયા. આ પ્રમાણેના સંકલ્પથી ભગવાનના સંકેત ઝીલનારી શકિતએ, આ જડ ચેતનાત્મક વિશ્વનું નિર્માણ કર્યું."

(પ્રમાણઃ ૩ – ગીતા ૭.૭) " મારાથી પર બીજું કોઈ શ્રેષ્ઠ નથી. જેવી રીતે મોતી દોરામાં ગુંથાયેલા રહે છે. તેવી રીતે સર્વ કોઈ મારા આધારે રહેલું છે."

(પ્રમાણઃ ૪ – ગીતા ૧૪.૩) "બ્રહ્મ નામનો પદાર્થ જન્મનો સ્ત્રોત કહેવાય છે અને હું આ બ્રહ્મનું જ ગર્ભાધાન કરું છું તેનાથી સર્વ જીવોનો જન્મ શકય બને છે."

(પ્રમાણઃ ૫ – માંડુ. ઉપ, – ૨ અને મુંડક ઉપ. ૧.૨.૧૦) " દરેક વસ્તુ બ્રહ્મની જ અભિવ્યકિત છે"

(પ્રમાણઃ ૬ – ભા. ૧.૨.૧૧) "પરમ સત્યની ત્રણ અવસ્થાઓ પરમાત્મા, બ્રહ્મ અને ભગવાન આ ત્રણ શબ્દો વડે વ્યકત થાય છે જે એકરૂપ છે."

(પ્રમાણઃ ૭ – ગીતા ૧૪.૨૭) " હું જ તે બ્રહ્મનો આશ્રય છું કે જે અમૃત સ્વરૂપ, સનાતન, અવિનાશી છે."

(પ્રમાણઃ ૮ – કે. ઉપ. ૧.૧૯) "મારામાં જ સઘળું જન્મેલું છે. મારામાં જ સર્વ પ્રતિષ્ઠિત છે. મારામાં જ સર્વ લય પામે છે. તે અદ્વય (ઉભય) બ્રહ્મ હું છું."

**આ જ બ્રહ્મનું ચૈતન્ય એટલે આપણામાં રહેલ આત્મા અને આ જ બ્રહ્મને 'સત', ચિત', 'આનંદ' તરીકે વર્ણવાય છે.**

(પ્રમાણઃ ૯ – ગીતા ૮.૩) "અવિનાશી તથા દિવ્ય જીવને બ્રહ્મ કહેવાય છે અને તેના સ્વભાવને આત્મા કહેવાય છે."

આ જ 'બ્રહ્મ' અથવા 'નારાયણ' અથવા 'વિરાટ પુરૂષ' અગાઉ જણાવ્યું તે યજુર્વેદ નું વાકય બોલે છે.

"અહં બ્રહ્માસ્મિ। (હું બ્રહ્મ છું.)"

આવતા લેખોમાં બ્રહ્મના "સચ્ચિદાનંદ" (સત+ચિત+આનંદ) સ્વરૂપને અને 'અહં બ્રહ્માસ્મિ' ને સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યકિત

## ભાગ–૯
## સચ્ચિદાનંદ અને અહં બ્રહ્માસ્મિ

આગાઉના લેખમાં 'એકોહમ બહુસ્યામ' ની સમજણ પ્રાપ્ત કરી કે જે બ્રહ્મની 'એકમાંથી અનેક' થવાની એટલે કે અભિવ્યકત થવાની ભાવના છે. આના જ અંતર્ગત પ્રથમ ઉભય સ્વરૂપનું અદ્વૈતમાં અને ત્યાર બાદ દ્વૈત સ્વરૂપમાં વિભાજન સમજ્યા. આ દ્વૈત સ્વરૂપ એટલે જ પુરુષ અને પ્રકૃતિ, અને આ પુરુષ અથવા વિરાટ પુરુષ અથવા નારાયણ એટલે જ બ્રહ્મ. આ બ્રહ્મના ચૈતન્યનો અંશ એટલે આપણો આત્મા. આ જ બ્રહ્મને સચ્ચિદાનંદ એટલે કે સત + ચિત્ત + આનંદ સ્વરૂપનો કહેવાય.




**સર્વ પ્રથમ સમજીએ સત, ચિત્ત અને આનંદને :**

"સત" એટલે કે જે ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ત્રણે કાળમાં કોઈ પણ પ્રક્રિયાથી રહિત અને કોઈ પણ પ્રકારના પરિવર્તનથી મુકત એટલે 'સત' તેનો કોઈ જન્મ નથી, તેનામાં કોઈ વિકાર નથી, તેનું મૃત્યુ પણ નથી. ગીતા ૨.૧૩ પ્રમાણે "કૌમાર, યૌવન, વૃદ્ધાવસ્થા વગેરે પ્રક્રિયા દેહમાં છે. સતરૂપી બ્રહ્મ આ પ્રક્રિયાથી રહિત છે."

"ચિત્ત" એટલે જ્ઞાન, જાગ્રત અવસ્થામાં 'હું છું' નું ભાન સતત રહેતુ હોય છે. 'હું શું છું?' કે 'હું કેવો છું?' તે બદલાયા કરે છે. પરંતુ 'હું છું' તે સતત રહે છે. આ ભાવના બ્રહ્મના ચૈતન્યરૂપી આત્માના 'ચિત્તરૂપી જ્ઞાન' ના કારણે સ્વયંભૂ રહે છે.

"આનંદ" એટલે સુખ અને આ સુખ એટલે જ આનંદની અનુભૂતિ. આપણને કોઈ પ્રિય વસ્તુથી અથવા કોઈના પ્રેમથી સુખની જે અનુભૂતિ થાય છે તે જ 'આનંદ'. બૃહદારણ્યક ઉપનિષદ ૪–૫–૬ પ્રમાણે "કોઈ પણ વસ્તુ મને પ્રિય લાગે છે, આનંદદાયક લાગે છે તે એટલા માટે કે મારો આત્મા આનંદ સ્વરૂપ છે."

(પ્રમાણઃ ૧ – માંડુ, ઉપ.– ૭)" સર્વ પ્રપંચની, દ્વૈતની જ્યાં ઉપસમ કે નિવૃત્તિ થઈ જાય છે તે શાંત, ઉપદ્રવરહિત, આનંદ સ્વરૂપ અદ્વૈત છે."

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

(પ્રમાણઃ ૨ ભા – ૧.૨.૧૧)

"તત્વવેત્તાઓ અદ્વૈતના જ્ઞાનને જ તત્વ કહે છે. એને જ કોઈ બ્રહ્મ, કોઈ પરમાત્મા અને કોઈ ભગવાન કહે છે."

માટે જ યજુર્વેદ પ્રમાણે નારાયણ કહે છે 'અહં બ્રહ્માસ્મિ' એટલે કે આ 'અવિનાશી સચ્ચિદાનંદ બ્રહ્મ હું છું.' વળી અથર્વવેદ પ્રમાણે 'અયમાત્મા બ્રહ્મ' એટલે કે 'આ આત્મા કે જે બ્રહ્મના ચૈતન્યનો અંશ છે તે બ્રહ્મ છે.' વળી આત્મા અથવા ચૈતન્ય દરેક જીવમાં છે એટલે સામવેદમાં કહેવાયું છે 'તત્વમસી' અર્થાત 'તું (જીવ) તે (બ્રહ્મ) છે. અને શરીરમાં પ્રાણનું અસ્તિત્વ પણ આ ચૈતન્ય (અથવા પ્રજ્ઞા) ને કારણે જ હોય છે, આથી ઋગવેદ મુજબ 'પ્રજ્ઞાનમ બ્રહ્મ' એટલે કે 'પ્રાણ બ્રહ્મ' છે.

આ જ બ્રહ્મના ચૈતન્યના કારણે મૂળ પ્રકૃતિમાં અહંકાર ઉત્પન્ન થાય છે અને પ્રકૃતિ પરિવર્તિત થાય છે અને તેનાથી 'અંડ' અથવા 'દડો' ઉત્પન્ન થાય છે, જે બ્રહ્માંડ (બ્રહ્મ + અંડ) તરીકે ઓળખાય છે. આ જ અંડ (દડો) પ્રથમ લેખાંકમાં સમજ્યા તેમ "સોનેરી દડા અથવા હિરણ્ય ગર્ભનું સ્વરૂપ છે. જેમાં સ્ફોટ થાય છે અને ભૂર, ભુવ, સ્વ એવા ત્રણ ભાગ પડે છે. આ સ્ફોટ વખતે જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે જ ૐ નાદ કહેવાય છે. આથી જ ૐ નાદને સૃષ્ટિના ઉત્પત્તિકાળથી અસ્તિત્વ ધરાવતો નાદ કહેવાય છે. અને આ જ બ્રહ્મ માટે બૃહદારણ્યક ઉપનિષદ અધ્યાય – ૫ માં જણાવ્યું છે,

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદમ પૂર્ણાત્પૂર્ણ મુદચ્યતે
। પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષયતે ॥

અર્થાત "ૐ એ પૂર્ણ બ્રહ્મ છે. આ જગત પૂર્ણ છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે".

કેન ઉપનિષદ ૧.૩ મુજબ " એ તત્વ આપણે જાણીએ તેનાથી જુદું છે અને જે નથી જાણતા તેનાથી પણ પર છે."

ભાગવત ૯.૧૪.૪૧ મુજબ 'ત્રેતાયુગ પહેલા સતયુગમાં 'એકમાત્ર પ્રણવ (ૐ) જ વેદ' હતો. બધાં વેદશાસ્ત્રો તેના જ અંતર્ભૂત હતા. દેવતા એકમાત્ર નારાયણ જ હતા, બીજું કોઈ ન હતું."

વળી વેદોને અનુલક્ષીને જ શ્રુતિમાં કહ્યું છે "સર્વ વેદા યત્પદ મામનંતિ" (બધા વેદો ભગવનના પદનું જ વર્ણન કરે છે.)

આ બધા પ્રમાણો વડે ૐ, પરમાત્મા અને બ્રહ્મની સમજૂતી સ્પષ્ટ સમજી શકાય છે.

હવે પછીના લેખમાં બ્રહ્મના ચૈતન્યરૂપી અંશ આત્મા અથવા જીવાત્માને સમજવાનો પ્રયત્ન કરીશું. જેમાં આત્મા શરીરમાં કયાં રહે છે? આત્મા શરીરમાં હોવા છતાં દેખાતો કેમ નથી? આત્મા કયા આવરણથી ઢંકાયેલો રહે છે ? આ બધા સવાલોના જવાબ ૐ ના માધ્યમ દ્વારા સમજવાનો પ્રત્યન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

## ભાગ –૧૦ ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ

# બ્રહ્મ અને આત્મા (જીવાત્મા)




**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

આગાઉના લેખાંક–૨૬ અને ૨૭ માં બ્રહ્મ અને પ્રકૃતિ જુદા પડી દ્વૈત અવસ્થામાં આવે છે તે વાત આપણે સમજ્યા. આ જ બ્રહ્મ "અકોહમ બહુસ્યામ" (એટલે કે હું એક છું તે અનેક રૂપે થાઉં– છાંદોગ્ય ઉપનિષદ ૬.૨.૩) ની ભાવના વ્યકત કરે છે, અને તેમાં 'ચૈતન્ય' ઉત્પન્ન થાય છે. આ જ બ્રહ્મ દરેક જીવોમાં (એટલે કે ભૌતિક પ્રકૃતિએ રચેલા શરીરોમાં) ચૈતન્ય રૂપી અંશોનું સ્થાપન કરે છે. બ્રહ્મના ચૈતન્યના આ અંશને આપણે 'આત્મા' અથવા 'જીવાત્મા' અથવા 'પ્રાણ' તરીકે ઓળખીએ છીએ. આત્મા માટે ગ્રંથોમાં કહેવાયું છે. "આત્મા સત–સ્વરૂપ, અસ્તિત્વ સ્વરૂપ છે. ચિત્ત–જ્ઞાનસ્વરૂપ, પ્રકાશ સ્વરૂપ છે. આનંદ એટલે કે અનંત, અપરિછિન્ન છે. દેહ સ્વયં પ્રકાશિત નથી, આત્માંથી પ્રકાશિત થાય છે. દેહથી સ્વતંત્ર, સાક્ષીરૂપ સચ્ચિદાનંદ જે છે તે આત્મા કહેવાય." 'બ્રહ્મ' જીવંત સંચારથી દરેક 'આત્મા' અથવા 'ચૈતન્યના અંશ' સાથે જોડાઈ તેનું સંચાલન કરે છે. આ આત્મા અને બ્રહ્મના સંબંધને અલગ અલગ રીતે સમજાવવાનો પ્રયત્ન કરીશ.

**ઘટાકાશ અને મહાકાશ દ્વારા સમજૂતી :** માટીનો એક ખાલી ઘડો લઈએ. તેના અંદરના પોલાણમાં આકાશ જેવો જ ખુલ્લો ભાગ હોય છે. જેને 'ઘટાકાશ' કહેવાય અને આપણી ઉપરના ખુલ્લા આકાશને 'મહાકાશ' કહેવાય. અહીં ઘટાકાશ, માટીના આવરણથી, મહાકાશથી અલગ પડે છે. જો માટીનું આવરણ તૂટી જાય તો આ ઘટાકાશ, મહાકાશમાં મળી જઈને એક જ બની જાય છે. આ જ રીતે બ્રહ્મનો ચૈતન્યરૂપ આત્મા, ઘટાકાશ એટલે કે શરીરમાં હોય છે અને મહાકાશ બ્રહ્મથી ઓળખાય છે.

શરીરરૂપી આવરણથી તે અલગ હોય તેમ લાગે છે. પરંતુ શરીર નહિ રહેવાથી અંતે આત્મા, બ્રહ્મમાં જ વિલીન થાય છે. આમ જેમ જુદા જુદા ઘડાઓમાં એ જ આકાશ રહે છે પરંતુ તે જુદા જુદા ઘટાકાશ તરીકે અલગ અલગ દેખાય છે, તેમ જુદા જુદા શરીરોમાં રહેલ આત્મા પણ જુદો જણાય છે.

**પ્રમાણ:** ભગવાનના ઉદરમાં આ સઘળું બ્રહ્માંડ રહેલું છે. તેથી અહીં રહેનાર જ્ઞાનીજનો, સર્વાત્મા હરિથી પોતાનો કોઈ તફાવત જોતા નથી. બલકે મહાકાશમાં ઘટાકાશની જેમ, પોતાનો અંતરભાવ જુએ છે. (ભા. ૩.૧૫–૩૩)

**પાણીના પરપોટા દ્વારા સમજૂતી:** જેમ પાણીમાંથી ઉત્પન્ન થયેલ પરપોટો પાણીથી જુદો હોય તેમ દેખાય છે, પરંતુ પરપોટો ફૂટી જવાથી ફકત પાણી જ રહે છે. તેમ શરીરના પ્રપંચનો નાશ થવાથી શરીરમાં રહેલો આત્મા બ્રહ્મમાં વિલીન થઈ જાય છે.

**સૂર્યના પ્રકાશ દ્વારા સમજૂતી :** સૂર્યનો પ્રકાશ એક જ છે. પરંતુ જો આ પ્રકાશ કોઈ કાણાવાળી જાળીમાંથી પસાર થાય તો અનેક અલગ અલગ પ્રકાશબિંબ રૂપે દેખાય છે. આ રીતે સર્વવ્યાપી બ્રહ્મ એ જ છે. પણ જુદા શરીરોમાં તે અનેક હોય તેવું લાગે છે.

**સૂર્યના પ્રતિબિંબ દ્વારા સમજૂતી :** સૂર્ય એક જ છે. પરંતુ પાણી ભરેલાં જુદાં જુદાં વાસણોમાં

> **સૂર્ય એક જ છે પરંતુ પાણી ભરેલાં જુદાં જુદાં વાસણોમાં અલગ અલગ પ્રતિબિંબ પડવાથી તે અનેક હોય તેવો જણાય છે. આ રીતે બ્રહ્મ એક જ છે. પરંતુ અલગ અલગ જણાય છે. જેને આપણે આત્મા અથવા જીવાત્મા કહીએ છીએ. જો મૂળ સૂર્ય નહિ હોય તો પ્રતિબિંબ કયાંથી આવે?**

અલગ અલગ પ્રતિબિંબ પડવાથી તે અનેક હોય તેવો જણાય છે. આ રીતે બ્રહ્મ એક જ છે. પરંતુ અલગ અલગ જ જણાય છે. જેને આપણે આત્મા અથવા જીવાત્મા કહીએ છીએ. જો મૂળ સૂર્ય નહિ હોય તો પ્રતિબિંબ કયાંથી આવે ? વળી પાણીની સપાટીનું ચચલપણું હોવાથી તે પ્રતિબિંમ્બિત થયેલ સૂર્ય અસ્થિર દેખાય છે, પરંતુ મૂળ સૂર્યમાં એવું અસ્થિરપણું નથી. (તાત્પર્ય એટલું કે બ્રહ્મ સ્થિર અને અચળ છે. આત્મા તેમનો અંશ હોવા છતાં શરીરના કારણે તેનામાં વિકાર હોય તેમ જણાય છે.)

**આધુનિક સમજૂતી :** મોબાઈલનો સીમકાર્ડ અને ટાવર. આ બે વચ્ચે જે કોર્ડલેસ જીવંત સંચાર છે, તે રીતે બ્રહ્મ દરેક આત્મા સાથે જીવંત સંચારથી જોડાઈ તેનું સંચાલન કરે છે.

આ રીતે ખૂબ સરળતાથી પરમાત્માની અભિવ્યકિત કે જે 'બ્રહ્મ' થી 'આત્મા' સુધી વિસ્તાર પામી છે. તેને ઉદાહરણો દ્વારા સમજ્યા. આત્મા, બ્રહ્મનો અંશ હોવાથી જ ગીતામાં કહેવાયું છે,

"જે આ જીવાત્માને હણનારો સમજે છે તથા જે હણાયેલો માને છે, તે બંને અજ્ઞાની છે. આત્મા નથી હણતો કે નથી હણાતો (૨.૧૯)"

"આત્મા અજન્મા, સનાતન, ચિરસ્થાયી તથા પુરાતન છે. જયારે શરીર હણાય ત્યારે પણ તે હણાતો નથી. (૨/૨૦)"

" જેવી રીતે મનુષ્ય જૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે, તેવી રીતે આત્મા, વૃદ્ધ થતા નકામા શરીરો ત્યજીને નવા ધારણ કરે છે. (૨/૨૨)"

" આ આત્માને કોઈ પણ શસ્ત્રથી છેદી શકાતો નથી, પાણીથી ભીંજવી શકાતો નથી, પવનથી સૂકવી શકાતો નથી. (૨.૨૩)"

"હું જીવમાત્રના હૃદયમાં સ્થિત આત્મા છું." (૧૦.૨૦)

આ આત્મા એવો શાંત અને અનુકૂળ છે કે પોતાના મૂળ સ્વરૂપમાં કયારેય દર્શન દેતો જ નથી કારણ કે આપણા શરીરમાં રહેલા પાંચ કોશ વડે તે હંમેશા આવૃત રહે છે. વળી તેના આપણા શરીરમાં રહેઠાણ પણ અલગ અલગ જગ્યાએ હોય છે. આ બધી સમજૂતી આવતા લેખમાં ૐ ના માધ્યમથી સમજીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

ભાગ–૧૧

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

**શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે ''મમૈવાંશો જીવલાકે'' એટલે કે જગતમાં જીવ મારો જ અંશ છે. અગાઉના લેખમાં બ્રહ્મના અંશનો એટલે કે જીવાત્મા અથવા આત્માનો વિવિધ સમજૂતી દ્વારા પરિચય કેળવ્યો. આ લેખમાં આત્માને લગતા અગત્યના ચાર સવાલોના જવાબ સમજીએ.**

### ૧. 'આત્મા' આપણા શરીરમાં ક્યાં રહે છે?

ઐતરીય ઉપનિષદ ૧.૩.૧૨ પ્રમાણે આત્માનાં ત્રણ રહેઠાણો છે : 'જમણી આંખ', 'કંઠ' અને 'હૃદય' અને ત્રણ અવસ્થાઓ છે : 'જાગ્રત' 'સ્વપ્ન' અને 'સુષુપ્ત'. જાગ્રત અવસ્થામાં આત્મા જમણી આંખમાં રહે છે, તેને બહારનું જ્ઞાન હોય છે. તેને ''વૈસ્વાનર આત્મા'' તરીકે પણ ઓળખાય છે. સ્વપ્ન અવસ્થામાં આત્મા કંઠમાં રહે છે. તેને અંદરનું જ્ઞાન હોય છે. તેને '' તેજસ આત્મા'' તરીકે પણ ઓળખાય છે. સુષુપ્ત અવસ્થા (ગાઢ નિદ્રા) માં આત્મા હૃદયમાં રહે છે. તે એકરૂપ બનેલો, આનંદમય, એકત્રિત બનેલા માનસિક જ્ઞાનવાળો હોય છે. જેને ''પ્રાજ્ઞ આત્મા'' તરીકે પણ ઓળખાય છે.

### ૨. 'આત્મા' શરીરનું સંચાલન કેવી રીતે કરે છે?

આ સવાલનો જવાબ સમજતા પહેલાં ઉપનિષદના કેટલાક શ્લોક સમજીએ.

કેન ઉપ. ૧.૮ ''પ્રાણ અથવા શ્વાસ વડે જે જીવતું નથી, પણ જેના વડે જ પ્રાણ પોતે હલનચલન કરી શકે છે તેને જ તું આત્મા જાણ.''

પ્રશ્ન ઉપ. ૩.૧૧ '' પ્રાણની ઉત્પત્તિ, આગમન અને સ્થિતિ તેમ જ પાંચ સ્વરૂપે વ્યાપકતા જાણીને અમરપણું મેળવે છે.''

મૂંડક ઉપ. ૨.૧.૯ ''જેમાં પ્રાણ પાંચ રૂપે રહેલો છે તે આ સૂક્ષ્મ આત્મા ચિત્ત વડે જણાય છે. લોકોનું આખું ચિત્ત આ પાંચ પ્રાણ વડે ઓતપ્રોત થયું છે. એ ચિત્તની શુદ્ધિ થવાથી આત્મા પ્રગટ થાય છે.''

ઉપરના શ્લોક પરથી એ સ્પષ્ટ છે કે આત્મા શરીરના ચૈતન્ય અને સંચાલન માટે 'પ્રાણ' નામના તત્વનો ઉપયોગ કરે છે. આ પ્રાણ એ વાયુ છે જે શરીરમાં પાંચ રૂપે રહેલો છે. 'પ્રાણ', 'અપાન', 'સમાન' 'વ્યાન' અને 'ઉદાન'




પ્રશ્ન ઉપ. પ્રશ્ન–૩ શ્લોક ૧ થી ૭ મુજબ ''પ્રાણનું પાંચ સ્વરૂપે વ્યાપકપણું હોય છે એટલે કે પાંચ ભાગમાં જુદી જુદી રીતે વહેંચાઈને પ્રાણ અલગ અલગ અધિકાર ભોગવે છે. આંખ, કાન, મુખ અને નાકમાં 'પ્રાણ', ગુદા અને ગુહ્યેન્દ્રિય માં 'અપાન', પ્રાણ અને અપાનની વચ્ચે 'સમાન' નામનો પ્રાણ છે. એને સમાન કહેવાનું કારણ એ છે કે એ જ હોમેલું (ખાધેલું) અન્ન સમાન રીતે લઈ જાય છે. 'વ્યાન' નામનો પ્રાણ નાડીઓમાં રહે છે. હૃદયમાં ૧૦૧ નાડી છે. તે દરેકની ૧૦૦–૧૦૦ શાખાઓ છે. જે દરેકની ૭૨૦૦૦ પ્રતિશાખાઓ છે. આ બધામાં 'વ્યાન' નામનો પ્રાણ રહે છે. 'ઉદાન' નામનો પ્રાણ સુષુમ્ણા નામની નાડી વડે દરેક જીવને તેણે ઉપાર્જિત કરેલા પુણ્યો વડે પુણ્યશાળીઓના લોકમાં, પાપ વડે પાપીઓના લોકમાં અને બંને વડે મનુષ્ય લોકમાં લઈ જાય છે.''

**આંખ, કાન, મુખ અને નાકમાં 'પ્રાણ', ગુદા અને ગુહ્યેન્દ્રિયમાં 'અપાન', પ્રાણ અને અપાનની વચ્ચે 'સમાન' નામનો પ્રાણ છે. એને સમાન કહેવાનું કારણ એ છે કે એ જ હોમેલું (ખાધેલું) અન્ન સમાન રીતે લઇ જાય છે. 'વ્યાન' નામનો પ્રાણ નાડીઓમાં રહે છે.**

### ૩. 'આત્મા દેખાતો કેમ નથી?'

આત્મા આપણને દેખાતો નથી કારણ કે તે હંમેશાં આવરણોથી ઢંકાયેલો (આવૃત થયેલો) હોય છે. જેવી રીતે મ્યાનમાં રહેલી તલવારને, મ્યાન આવરણ બની તેને ઢાંકી દે છે તેમ શરીરમાં રહેલા પાંચ 'કોશ' અથવા પાંચ 'આવરણ' આત્માને ઢાંકી દે છે એટલે કે આત્માની હાજરીથી અથવા બીજી રીતે સમજીએ તો આત્માના 'યથાર્થ જ્ઞાન' થી આ પાંચ કોશ આપણને વંચિત રાખે છે. આ પાચં કોશને 'અન્નમય કોશ', 'પ્રાણમય કોશ', 'મનોમય કોશ', 'વિજ્ઞાનમય કોશ' અને 'આનંદમય કોશ' કહેવાય છે.

**અન્નમય કોશ :** અન્નરસમાંથી જ જે જન્મે છે, અન્નરસથી જ જે વૃદ્ધિ પામે છે અને અન્નરૂપ પૃથ્વીમાં જે વિલીન થાય છે તે સ્થૂળ શરીર અન્નમય કોશ છે.

**પ્રાણમય કોશ :** પ્રાણ વગેરે પાંચ વાયુ અને વાણી વગેરે પાચં કર્મેન્દ્રિયો મળીને પ્રાણમય કોશ બને છે.

**મનોમય કોશ :** મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને મનોમય કોશ બને છે.

**વિજ્ઞાનમય કોશ :** બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને વિજ્ઞાનમય કોશ બને છે.

**આનંદમય કોશ :** કારણરૂપ શરીરમાં અવિદ્યામાં રહેલ મલીન સત્ત્વ જે પ્રિય, પ્રેમ વગેરે વૃત્તિ ઉપજાવે છે તે આનંદમય કોશ છે.

ઉપર જણાવેલા પાંચ કોશના તાદાત્મ્યને લીધે આત્મા ઢંકાયેલો રહે છે, એટલે કે આત્માના સ્વરૂપનું ગ્રહણ થતું નથી. અને આના કારણે માનવમાત્ર સહજ ભૂલો કરે છે.

### ૪. 'આત્મા' ના દર્શન કેવી રીતે થાય?

ઊંડું જ્ઞાન છે. ટૂંકમાં સમજાવીશ. ઉપનિષદોમાં ત્રણ શબ્દો આપ્યા છે. 'શ્રોતવ્ય:!', 'મન્તવ્ય:!', 'નિદિધ્યાસિતવ્ય:!'. એટલે કે અત્માના જ્ઞાનનું શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ અને એકાગ્ર ચિત્તથી નિરંતર આત્મ સ્વરૂપનું અનુસંધાન કરવું જોઈએ. 'હું સચ્ચિદાનંદ આત્મા છું.' એ જ્ઞાનને હંમેશાં સ્થાપિત કરવું જોઈએ. મનુસ્મૃતિ ૧૨.૧૧૯ પ્રમાણે ''આત્મા જ સર્વ દેવતાસ્વરૂપ છે. સર્વ સાર આત્મામાં રહેલો છે.''


અહીં સુધી આપણે દ્વૈતના પહેલા ઘટક 'બ્રહ્મ' ને અને તેના ચૈતન્ય રૂપ અંશ આત્માને સમજ્યા. હવે પછીના લેખોમાં દ્વૈતના બીજા ઘટક 'ભૌતિક પ્રકૃતિ' અને તેના દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિને ૐના માધ્યમ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ

## ભાગ-૧૨ બ્રહ્માંડની ઉત્પત્તિ




### અધ્યાત્મ દર્શન
**અનુપ શાહ**

અગાઉના લેખોમાં સમજૂતી કેળવી હતી કે પરમાત્માથી ઉત્પન્ન થતા બીજની દ્વૈત અવસ્થાના બે ભાગ હોય છે, બ્રહ્મ અને પ્રકૃતિ અને તેના પહેલા ભાગ 'બ્રહ્મ' અને તેના ચૈતન્ય અંશ 'આત્મા' વિશે વિસ્તૃત માહિતી સમજવાનો પ્રયત્ન કર્યો હતો. અહીં થી આગળ ચાલીને આ લેખમાં દ્વૈત અવસ્થાના બીજા ભાગને સમજીએ. જેમાં ભૌતિક પ્રકૃતિ, બ્રહ્માંડની ઉત્પત્તિ અને વિવિધ શરીરોની ઉત્પત્તિ કેવીરીતે થાય તે સમજવાનો પ્રયત્ન કરીએ. અગાઉ સમજ્યા તેમ 'સોનેરી દડા' ના 'સ્ફોટ' થી ત્રણ ભાગ થાય છે. અહીં એક અગત્યની સમજ જરૂરી છે કે સૌ પ્રથમ વખતે થતી સૃષ્ટિની ઉત્પત્તિ (આત્યંતિક પ્રલય પછી) અને વચ્ચે આવતા પ્રલયો (નિત્ય, પ્રલય, પૃથ્વી પ્રલય વગેરે) પછીની ઉત્પત્તિ વચ્ચે ફરક હોય છે, પરંતુ આપણી સાદી સમજણ માટે 'સ્ફોટ' પછી દડો ભૂર, ભુવ, સ્વઃ ત્રણ ભાગમાં વહેંચાય છે, તે સમજૂતી પૂરતી છે. (પ્રલયોની સમજૂતી માટે કાળની સમજ લેખાંક–૨૨ વાંચવા વિનંતી).

અહીં જે સ્ફોટ થાય છે તેમાં ત્રણ ઘટના બને છે.

૧. બ્રહ્મના ચૈતન્યને કારણે 'અહંકાર' ઉત્પન્ન થવાથી 'મૂળ પ્રકૃતિ' ની સામ્યાવસ્થાનો ભંગ થાય છે અને તેનું 'ભૌતિક પ્રકૃતિ' અથવા 'સગુણ પ્રકૃતિ'માં (ત્રણ ગુણો રજસ, સત્ત્વ, તમસ) રૂપાંતરણ થાય છે. જે શરીરની ઉત્પત્તિમાં ભાગ ભજવે છે.

૨. આ જ 'અહંકાર' થી અને સત્ત્વગુણ વડે ચાર 'કરણ' (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર), પાંચ જ્ઞાનેન્દ્રિયો (કાન, નાક, આંખ, જીભ, ચામડી) અને પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, વાણી, પ્રજનનઈન્દ્રિય, મળ ઈન્દ્રિય) ઉત્પન્ન થાય છે.

૩. આ જ 'અહંકાર' થી અને તમોગુણ વડે પાંચ 'મહાભૂત' તત્ત્વો (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી) અને તેના પાંચ વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ઉત્પન્ન થાય છે.

ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણો પૈકી 'રજોગુણ' થી બ્રહ્મા' (એટલે કે જગતનું સર્જન કરવાનું માધ્યમ), 'સત્ત્વગુણ થી વિષ્ણુ' (એટલે કે જગતનું પાલન પોષણ કરવા માટેનું ઈશ્વરીય સ્વરૂપ) અને તમોગુણથી રુદ્ર અથવા 'મહેશ' (એટલે એવું ઈશ્વરીય સ્વરૂપ કે જે જગતના અસ્તિત્વનો અંત લાવે) ઉત્પન્ન થાય છે. વિદ્યાર્થીઓને વિજ્ઞાનની ભાષામાં સમજાવુ તો આ ત્રણ ગુણ એટલે Motion, Rhythm અને Inertia. **આમ પરમાત્માનું અથવા બ્રહ્મનું સગુણ સ્વરૂપ ત્રિવિધ સ્વરૂપે અભિવ્યક્ત થાય છે.** જે અહીં આપેલી આકૃતિ દ્વારા સમજી શકાય છે. આ જ સમજૂતી મેં અગાઉના લેખોમાં અ, ઉ, મ, અક્ષરો દ્વારા સમજાવી હતી.

અહીં થોડું થોભીએ, થોડા પ્રમાણ સમજીએ ત્યાર બાદ આવતા લેખમાં વધુ સમજશું.

(પ્રમાણઃ ૧– ભા ૭.૧.૧૦) " જ્યારે પરમાત્મા વિવિધ શરીરોનું નિર્માણ કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાની માયાથી રજોગુણનું અલગ સર્જન કરે છે, જ્યારે તેઓ ચિત્ર વિચિત્ર યોનિઓમાં રમણ કરવાની ઈચ્છા કરે છે ત્યારે સત્ત્વગુણનું સર્જન કરે છે અને જ્યારે વિશ્વનો વિનાશ કરવાની ઈચ્છા કરે છે ત્યારે તમોગુણને વધારી દે છે."

(પ્રમાણઃ ૨ – ગીતા ૭.૧૪) "ત્રણ ગુણોથી બનેલી મારી આ દૈવી પ્રકૃતિને જીતવી અત્યંત દુષ્કર છે."

> **'સોનેરી દડા' ના 'સ્ફોટ' થી ત્રણ ભાગ થાય છે. અહી એક અગત્યની સમજ જરૂરી છે કે સૌ પ્રથમ વખતે થતી સૃષ્ટિની ઉત્પત્તિ (આત્યંતિક પ્રલય પછી) અને વચ્ચે આવતા પ્રલયો (નિત્ય પ્રલય, પૃથ્વી પ્રલય વગેરે) પછીની ઉત્પત્તિ વચ્ચે ફરક હોય છે, પરંતુ આપણી સાદી સમજણ માટે 'સ્ફોટ' પછી દડો ભૂર, ભુવ, સ્વ ત્રણ ભાગમાં વહેંચાય છે.**

(પ્રમાણઃ ૩ – ગીતા ૧૩.૧૭) "પરમાત્મા સર્વે જીવોમાં વિભાજીત હોય તેમ જણાય છે. પરંતુ તેઓ એક તરીકે જ સ્થિત છે. તેઓ દરેક જીવના પાલનકર્તા હોવા છતાં સર્વના સંહારક અને જન્મ આપનાર છે."

(પ્રમાણઃ ૪ – ગીતા ૧૩.૨૧) "પ્રકૃતિ સર્વ ભૌતિક કારણો તથા કાર્યોની હેતુ કહેવાય છે, અને પુરુષ (જીવ) આ જગતમાંના વિવિધ સુખો અને દુઃખો ભોગવવાનું કારણ કહેવાય છે."

(પ્રમાણઃ ૫ – ગીતા ૧૮.૪૦) " આ પૃથ્વીલોકમાં, સ્વર્ગલોકમાં કે દેવોમાં કોઈ પણ વ્યક્તિ એવી નથી કે જે પ્રકૃતિના ત્રણ ગુણોથી મુક્ત હોય."

(પ્રમાણઃ ૬ – ગીતા ૭.૪) "પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર એ ૮ મારી વિભિન્ન ભૌતિક શક્તિઓ છે."

(પ્રમાણ ૭ – ગીતા ૭.૨૪) "ઓછી બુદ્ધિવાળા મનુષ્યો એવું માને છે કે હું પહેલા અપ્રગટ હતો, હવે પ્રગટ થયો છું. તેઓ મારી અવિનાશી અને સર્વોપરી પ્રકૃતિને જાણતા નથી."

(પ્રમાણઃ ૮ – ગીતા ૧૪.૪) " સર્વ યોનિઓ આ ભૌતિક પ્રકૃતિમાં જન્મ દ્વારા શક્ય બનાવાય છે અને હું તેમનો બીજ પ્રદાન કરનાર પિતા છું."

(પ્રમાણઃ ૯ – ભા ૪.૩૧.૧૭) "આ ત્રણ ગુણવાળી શક્તિ ક્યારેક 'પરબ્રહ્મ' માંથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તેમનામાં જ લીન થઈ જાય છે."

(પ્રમાણઃ ૧૦ – ગીતા ૯.૧૦) "મારી અધ્યક્ષતામાં મારી ભૌતિક પ્રકૃતિ સર્વ ચર અને અચર જીવોને ઉત્પન્ન કરે છે."

(પ્રમાણઃ ૧૧ ભા. ૩.૨૬.૨૫) "પરબ્રહ્મની વિર્યરૂપી ચિત્ત શક્તિથી ઉત્પન્ન થયેલા મહતત્ત્વના વિકૃત થવાથી તેમાંથી ક્રિયા–શક્તિ પ્રધાન અહંકાર ઉત્પન્ન થયો. તે વૈકારીક, તેજસ અને તમસ એવા ત્રણ પ્રકારનો છે."

(પ્રમાણઃ ૧૨– ગીતા–૧૩.૨૨) " જે મનુષ્ય પ્રકૃતિ, જીવ તથા પ્રકૃતિના પ્રાકૃત ગુણોના તત્ત્વજ્ઞાનને સમજી લે છે તે નિશ્ચિત મુક્તિ પામે છે."

હવે સૃષ્ટિ રચવાનું કાર્ય બ્રહ્માજીને સોંપાયું છે. તેઓ ત્રિગુણાત્મક પ્રકૃતિના રજોગુણનો ઉપયોગ કરીને વાસનિક જીવોને બે રીતે ઉત્પન્ન કરે છે. 'ઈચ્છાથી' તેમ જ 'માયાથી'.

બ્રહ્માજી દ્વારા જીવોની ઉત્પત્તિ (પ્રજોત્પત્તિ) સમજશું આવતા લેખમાં. ત્યાં સુધી...

|| ૐ તત્સત્ ||

(ક્રમશઃ)

ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૩)

# બ્રહ્માજી દ્વારા પ્રજોત્પત્તિ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અગાઉના લેખમાં સમજ્યા તેમ પરમાત્માનું અથવા બ્રહ્મનું સગુણ સ્વરૂપ ત્રિવિધ સ્વરૂપે અભિવ્યકત થાય છે. જેને ભૌતિક પ્રકૃતિ કહેવાય અને આ ભૌતિક પ્રકૃતિના રજોગુણથી 'બ્રહ્માજી' ની ઉત્પત્તિ થાય છે. 'બ્રહ્મ' દ્વારા સૃષ્ટિ રચવાનું કાર્ય બ્રહ્માજીને સોપાયું છે. તેઓ ત્રિગુણાત્મક પ્રકૃતિના 'રજોગુણ' નો ઉપયોગ કરીને વાસનિક જીવોને બે રીતે ઉત્પન્ન કરે છે – 'ઈચ્છાથી' તેમ જ 'માયાથી'.

અહીં જે જીવો 'ઈચ્છાથી' ઉત્પન્ન થાય છે, તેમની થોડી સમજૂતી આ લેખમાં સમજશું અને બાકીની આવતા લેખમાં સમજશું. આ પહેલાં થોડા પ્રમાણ સમજીએ.

પ્રમાણ : ૧. – ગીતા ૮.૧૭ – " એક હજાર યુગ મળીને બ્રહ્માજીનો એક દિવસ થાય. વળી તેમની રાત્રીની અવધિ પણ એટલી જ હોય છે."

પ્રમાણ : ૨. – ગીતા ૮.૧૮ – "બ્રહ્માના દિવસના આરંભકાલે બધા જીવો (અથવા વ્યકિતઓ), 'અવ્યકત' દશામાંથી 'વ્યકત' થાય છે અને પછી જયારે બ્રહ્માની રાત પડે, ત્યારે તેઓ પુનઃ 'અવ્યકત' દશાને પામે છે."

પ્રમાણ : ૩ – ગીતા ૮.૧૯ – "વારંવાર જ્યારે બ્રહ્માનો દિવસ ઉદય પામે છે, ત્યારે બધા જીવો પ્રગટ થાય છે અને બ્રહ્માની રાત્રી શરૂ થતા જ તેઓ અસહાયપણે નાશ પામે છે."

**બ્રહ્માજીની ઈચ્છાથી પ્રજોત્પત્તિ :**

ઉપરોકત પ્રમાણોથી સ્પષ્ટ છે કે જ્યારે બ્રહ્માના દિવસની શરૂઆત થાય એટલે કે નવી સૃષ્ટિની શરૂઆત થાય ત્યારે કોઈ જીવનું અસ્તિત્વ હોતું નથી. "બધા જીવો બ્રહ્માજીના પ્રજોત્પત્તિના કાર્ય દ્વારા ઉત્પન્ન થાય છે." આપણે અગાઉ સમજ્યા તેમ 'એકોહમ બહુસ્યામ' રૂપી બ્રહ્મની અભિવ્યકિત, સૃષ્ટિની રચના માટે સર્વપ્રથમ બ્રહ્માજીના માધ્યમ દ્વારા થાય છે.

પ્રજોત્પત્તિ કાર્યના ભાગરૂપે બ્રહ્માજીએ સર્વ પ્રથમ પોતાના શરીરમાંથી પાંચ વેદ ઉત્પન્ન કર્યા કે જે નારાયણના મુખેથી સાંભળ્યા હોય છે. જે 'યજુર્વેદ', 'ઋગ્વેદ', 'સામવેદ', 'અથર્વવેદ' અને 'તત્ત્વવેદ' (અથવા સૂક્ષ્મ વેદ) તરીકે ઓળખાય છે.

ત્યાર બાદ ૪ કુમારોને ઉત્પન્ન કર્યા જે 'સનકકુમાર', 'સનંદન', 'સનાતન' અને 'સનતકુમાર' અથવા ટૂંકમાં "સનકાદિક કુમારો" તરીકે ઓળખાય છે. જેમનું અસ્તિત્વ આખા 'કલ્પ' દરમ્યાન અચળ રહે છે. ત્યાર બાદ તેમના કપાળમાંથી ૧૧ રુદ્રો ઉત્પન્ન થાય છે, જે 'હર', 'બહુરૂપ', 'ત્ર્યંબક', 'અપરાજિત', 'વૃશ્કાપી', 'શંભુ', 'કપાર્દી', 'રૈવત', 'મૃગવયાધ', 'શર્વા' અને 'કપાલી' તરીકે ઓળખાય છે. "સનકાદિક કુમારો" એ પ્રજોત્પત્તિના કાર્યમાં રસ દાખવ્યો નહિ. આથી બ્રહ્માજીએ તેમને કુમારો તરીકે જ રહો તેવો શ્રાપ આપ્યો. આના પછી બ્રહ્માજીએ ૧૦ 'માનસપુત્રો' ઉત્પન્ન કર્યા. જે 'મરીચિ', 'વશિષ્ઠ', 'ક્રતુ' (રીતુ), 'પુલાહા', 'પુલત્સ્ય', 'અંગીરા' (અંગીરસ), 'અત્રિ', 'ભૃગુ', 'દક્ષ' અને 'નારદ' તરીકે ઓળખાય છે. જેમાંથી પ્રથમ ૯ માનસપુત્રો પ્રજોત્પત્તિના કાર્યમાં જોડાય છે, જ્યારે 'નારદજી' ભગવત ભકિત સ્વીકારે છે. અહીં જે અનુક્રમ દર્શાવ્યો છે, તે પ્રમાણે પ્રથમ ૭ માનસપુત્રો પહેલા 'મન્વન્તર' ના "સપ્તર્ષિ" કહેવાય છે. (નોંધ : કલ્પ, મન્વન્તર વગેરે શબ્દો ચોકકસ સમયગાળો દર્શાવે છે, જેની સમજણ 'કાળની સમજ' લેખાંક – ૨૨, તા. ૪–૪–૨૦૨૨ માં કેળવી.)




**બ્રહ્માજીએ માનસપુત્રો ઉત્પન્ન કર્યા પછી વિચાર્યુ કે મૈથુન ક્રિયા વગર પ્રજોત્પત્તિ શકય નથી. આથી તેમણે ડાબા હાથમાંથી સ્ત્રી અને જમણા હાથમાંથી પુરુષ ઉત્પન્ન કર્યા, જે 'શતરૂપા' અને 'મનુ' તરીકે ઓળખાય છે.**

બ્રહ્માજીએ માનસપુત્રો ઉત્પન્ન કર્યા પછી વિચાર્યું કે મૈથુન ક્રિયા વગર પ્રજોત્પત્તિ શકય નથી. આથી તેમણે ડાબા હાથમાંથી સ્ત્રી અને જમણા હાથમાંથી પુરુષ ઉત્પન્ન કર્યા, જે 'શતરૂપા' અને 'મનુ' તરીકે ઓળખાય છે, જે પ્રથમ મન્વન્તરની પ્રથમ જોડી કહેવાય છે. અને અહીંથી ભૌતિક પ્રકૃતિથી સૃષ્ટિનું કાર્ય શરૂ થાય છે. ત્યાર બાદ બ્રહ્માજીએ પોતાની છાયામાંથી 'કર્દમ' (પ્રજાપતિ) ને ઉત્પન્ન કર્યા, જેમના લગ્ન મનુ અને શતરૂપાની પુત્રી 'દેવહુતિ' સાથે થયા. જે પ્રથમ મન્વન્તરના 'પ્રથમ લગ્ન' કહેવાય છે. આ ઉપરાંત બ્રહ્માજીએ પોતાની 'છાતીમાંથી ધર્મ' અને હૃદયમાંથી 'કામદેવ' ને ઉત્પન્ન કર્યા.

મનુસ્મૃતિ ૧૨.૧૨૪ પ્રમાણે – "કેટલાક એને અગ્નિ કહે છે, કેટલાક મનુ કહે છે, કેટલાક પ્રજાપતિ કહે છે, કેટલાક ઈન્દ્ર કહે છે."

મુંડક ઉપનિષદ ૨.૧ પ્રમાણે – "તેમનામાંથી અનેક દેવો સંપ્રસારણ પામે છે. સાધ્યો, મનુષ્યો, પશુઓ અને પક્ષીઓ એમાંથી જ જન્મે છે.".

ભાગવત ૨.૧૦.૩ પ્રમાણે – "પરમાત્માની પ્રેરણાથી ગુણોમાં ક્ષોભ થતા રૂપાંતરો થવાથી જે આકાશ વગેરે પાંચ મહાભૂતો, શબ્દ વગેરે તન્માત્રાઓ, ઈન્દ્રિયો, અહંકાર અને મહતત્વની ઉત્પત્તિ થાય છે, તેને 'સર્ગ' કહે છે અને તે વિરાટ પુરુષથી ઉત્પન્ન બ્રહ્માજી વડે જે વિભિન્ન જડ – ચેતન સૃષ્ટિઓનું નિર્માણ થાય છે તેનું નામ છે 'વિસર્ગ'.

ઉપર દર્શાવેલા ૧૦ માનસપુત્રો તેમ જ મનુ, શતરૂપા અને કર્દમ પ્રજાપતિ દ્વારા સૃષ્ટિની અભિવ્યકિતના કાર્યમાં અપાયેલા યોગદાનને ખૂબ જ ટૂંકમાં આવતા લેખોમાં ૐના માધ્યમ દ્વારા સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

સોમવાર ૧૩ જૂન, ૨૦૨૨
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ
સત્સંગ

ઊઁ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૪)

# બ્રહ્માંડની ઉત્પત્તિ - માનસપુત્રો




અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખમાં બ્રહ્માજીની ઈચ્છા દ્વારા ૧૦ માનસપુત્રોની ઉત્પત્તિની વાત સમજ્યા. આ લેખમાં ૧૦ માનસપુત્રોની વિગતો ટૂંકમાં સમજીએ.

**પહેલા માનસપુત્ર 'મરીચિ'** નો અર્થ પ્રકાશનું કિરણ. તેઓ પહેલા મન્વંતરના સપ્તર્ષિ કહેવાયા. શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં (૧૦.૨૧) કહ્યું છે કે 'મરુતમાં હું મરીચિ છું.' તેમના પુત્ર 'કશ્યપ' કે જેઓ ''કશ્યપ સંહિતા'' ના પણ રચયિતા છે, તેઓ 'કશ્યપ પ્રજાપતિ' કહેવાયા અને હાલના મન્વન્તરના સપ્તર્ષિ છે. તેમની અને દક્ષ પ્રજાપતિની ૧૩ પુત્રીઓથી હાલના મન્વન્તરની સમગ્ર સૃષ્ટિ ઉત્પન્ન થઈ. જેમાં

૧. 'અદિતિ' થી '૧૨ આદિત્યો'.
૨. 'દીતી' થી 'દૈત્યો'.
૩. 'કુદ્રુ' થી 'નાગની પ્રજાતિઓ'.
૪. 'સુરસા' થી 'સાપની પ્રજાતિઓ'.
૫. 'દનુ' થી 'દાનવો'.
૬. 'અરીષ્ઠા' થી 'કિન્નરો'.
૭. 'સુરભી' થી 'ગાય અને ભેંસની પ્રજાતિઓ'.
૮. 'વિનતા' થી 'પક્ષીઓની પ્રજાતિઓ'.
૯. 'તમરા' થી 'ખૂંધવાળા પ્રાણીઓ, પશુઓ, જળચર' વગેરે.
૧૦. 'ક્રોધાવસ' થી 'પિશાચો'.
૧૧. 'ઈરા' થી 'ઝાડ, વેલા, વનસ્પતિ, ઘાસ, ઐરાવત હાથી'.
૧૨. 'મુની' થી 'ગાંધર્વો' ઉત્પન્ન થયા.

આમ, દરેકની ઉત્પત્તિના છેડા કશ્યપ સાથે જોડાયેલા છે.

**બીજા માનપુત્ર 'વશિષ્ઠ'** હાલના (૭મા) મન્વન્તર, કે જે ''વૈવસ્વત મન્વન્તર'' તરીકે ઓળખાય છે. તેના સપ્તર્ષિમાંના એક છે. તેઓ હાલમાં આકાશમાં તેમની પત્ની 'અરુંધતી' સાથે ચમકે છે. તેમના પુત્ર 'પરાશર' પુરાણોમાં 'પરાશર મુનિ' તરીકે જાણીતા છે. આ જ 'પરાશરમુનિ' ને મત્સ્યગંધા તરીકે ઓળખાતી 'સત્યવતી' થી 'વેદવ્યાસ' નો પ્રાદુર્ભાવ થયો, જેમણે તમામ પુરાણોની રચના કરી. આ જ વેદવ્યાસના આશીર્વાદથી ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ઉત્પન્ન થયા. આમ પરાશર મુનિ મહાભારતના બંને પક્ષોના દાદા થયા. આ જ વેદવ્યાસથી 'શુકદેવજી' નો પ્રાદુર્ભાવ થયો, જેમણે વેદવ્યાસે રચેલા 'શ્રીમદ ભાગવત' પુરાણનું વર્ણન કર્યું.

**ત્રીજા માનસપુત્ર 'ક્રતું'** પહેલા મન્વન્તરના સપ્તર્ષિમાંના એક છે. જે બ્રહ્માજીના અત્યંત ગર્વિષ્ઠ પુત્ર ગણાય છે. તેમના બાળકો 'વાલ્કીલ્ય' તરીકે ઓળખાય છે.

**ચોથા માનસપુત્ર 'પુલાહા'** ને સપ્તલોકની કાળજી રાખવાનું કામ બ્રહ્માજીએ સોંપ્યું છે. તેમના પુત્રો 'કર્મ શ્રેષ્ઠ', 'મુનિ શ્રેષ્ઠ' અને 'સહિષ્ણુ' થયા.

**પાંચમા માનપુત્ર 'પુલત્સ્ય'** જેમણે પુરાણો બ્રહ્માજી પાસે પ્રાપ્ત કરી પરાશર મુનિને સોંપ્યાં અને દુનિયામાં ખ્યાતનામ કર્યા. તેમના પુત્રો 'અગત્સ્ય' અને 'વિશ્રવ'. 'અગત્સ્ય' હાલના સપ્તર્ષિ છે. 'વિશ્રવ' ની પહેલી પત્ની 'કેકાસી' થી 'રાવણ', 'કુંભકર્ણ' અને 'વિભીષણ' થયા. બીજી પત્ની 'મંદાકિની' થી 'કુબેર' થયા, જે સંપતિના રાજા કહેવાય છે. આ જ કુબેરના ૨ પુત્રો 'નલકુબેર' અને 'મણીગ્રીવ' જેમને નારદજીએ ઝાડ બની જવાનો શ્રાપ આપ્યો. શ્રી કૃષ્ણ ભગવાને તેમને શ્રાપમાંથી છોડાવ્યા.

**છઠા માનસપુત્ર 'અંગીરા' અથવા 'અંગીરસ'.** અથર્વવેદના રચયિતા મનાય છે. વૈદિક મંત્રોની રચનામાં પણ એમનો ખૂબ ફાળો છે. તેઓ ડહાપણ, શકિત અને દેવત્વનો ભંડાર છે. ભૃગુ ઋષિ સાથે મળીને તેમણે યજ્ઞપૂજાની સ્થાપના કરી, જે આખી દુનિયા માટે આશીર્વાદરૂપ છે. તેમને ૭ પુત્રો થયા, જેમાંના ત્રીજા પુત્ર 'બૃહદબ્રહ્મ' અથવા 'ભારદ્વાજ' હાલના સપ્તર્ષિ છે. જેઓ પાંડવોના 'ગુરુ દ્રોણાચાર્ય' ના પિતા છે. ૭ મા પુત્ર 'બૃહસ્પતિ' ને આપણે 'ગુરુ' ગ્રહ તરીકે ઓળખીએ છીએ. અંગીરસના વંશમાં 'રાહુગણ' ના પુત્ર 'ગૌતમઋષિ' ની ૬૦ વર્ષ લાંબી તપસ્યા મહાભારતમાં 'શાંતિપર્વ' તરીકે ઓળખાય છે.

બ્રહ્માજીના હૃદયમાંથી 'કામદેવ' નો જન્મ થયો. કામદેવ ઈન્દ્રને અનુસરે છે તેમ માનવામાં આવે છે. કામદેવને ભગવાન શિવે પોતાના ત્રીજા લોચનથી ભસ્મ કર્યા હતા.

**સાતમા માનસપુત્ર 'અત્રિ'.** હાલના સપ્તર્ષિમાંના એક છે. સોમ (ચંદ્ર), દત્તાત્રેય અને દુર્વાષા એમના પુત્રો છે. જેઓ અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના અવતાર કહેવાય છે.

**આઠમા માનસપુત્ર 'ભૃગુ'** ભૃગુસંહિતા (જ્યોતિષ વિદ્યા) ના પ્રણેતા. તેમની પત્ની 'ખ્યાતિ' થી તેમના કુળમાં અસુરોના ગુરુ 'શુક્રાચાર્ય' અને 'માર્કંડેય' ઋષિ ઉત્પન્ન થયા આ જ 'માર્કંડેય' ઋષિએ 'મહામૃત્યુંજય' જપ બનાવ્યો. 'દેવીસ્તોત્ર' પણ એમણે રચ્યું. તેમની બીજી પત્ની 'પુલોમા' થી 'ચ્યવન' નામના પુત્ર થયા. આ ચ્યવનઋષિના પુત્ર 'જમદગ્નિ' હાલના સપ્તર્ષિ છે અને તેમના પુત્ર 'પરશુરામ' થયા.

**નવમા માનસપુત્ર 'દક્ષ'.** તેમની ૧૩ પુત્રીઓએ પ્રજોત્પત્તિના કાર્યમાં 'કશ્યપ' સાથે અગત્યનો ભાગ ભજવ્યો. જે આપણે અગાઉ પહેલા માનસપુત્ર 'મરીચિ' ના પુત્ર તરીકે સમજ્યા.

**દસમા માનસપુત્ર 'નારદજી'.** માહિતીના મુખ્ય સ્ત્રોત. પૃથ્વીના પહેલા પત્રકાર. શ્રી કૃષ્ણના વિરાટ સ્વરૂપનું તેમણે દર્શન કર્યું હતું. 'નારદસ્મૃતિ' ના રચયિતા.

આ ઉપરાંત 'કર્દમ પ્રજાપતિ' કે જે બ્રહ્માજીની છાયામાંથી ઉત્પન્ન થયા હતા. તેમના લગ્ન 'મનુ' અને 'શતરૂપા'ની પુત્રી 'દેવહુતિ' સાથે થયા. તેમની ૯ પુત્રીઓના લગ્ન બ્રહ્માજીના ૯ માનસપુત્રો સાથે થયા. 'કલા–મરીચી'. 'અનસૂયા–અત્રિ'. 'શ્રદ્ધા–અંગીરસ'. 'હવિષ્ણુ–પુલત્સ્ય', 'ક્ષમા–પુલાહા', 'સંતતિ–ક્રતું'. 'ખ્યાતિ–ભૃગુ'. 'અરુંધતી–વશિષ્ઠ' કર્દમ પ્રજાપતિના પુત્રનું નામ 'કપીલાચાર્ય' અથવા 'કપીલમુની'. જેઓ વિષ્ણુના અંશાવતાર કહેવાય છે. બ્રહ્માજીના હૃદયમાંથી 'કામદેવ' નો જન્મ થયો. કામદેવ ઈન્દ્રને અનુસરે છે તેમ માનવામાં આવે છે. કામદેવને ભગવાન શિવે પોતાના ત્રીજા લોચનથી ભસ્મ કર્યા હતા. ત્યાર બાદ બીજા દેવતાઓની વિનંતીથી તેમણે આશીર્વાદ આપ્યા હતા કે કામદેવનો બીજો જન્મ દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ અને રુકમણીજીના પુત્ર તરીકે થશે. 'પ્રદ્યુમ્ન' કામદેવનો અવતાર કહેવાય છે.

ગીતા ૧૦.૬ પ્રમાણે – ''સપ્તર્ષિઓ તથા તેમની પૂર્વે ૪ મહર્ષિઓ તેમ જ બધા મનુઓ મારા મનથી ઉત્પન્ન થયેલા છે. જગતના સર્વ જીવો તેમનામાંથી આવે છે.''


માનસપુત્રોની સમજૂતી પછી પરમાત્માની અભિવ્યકિત સ્વરૂપ, ખૂબ અગત્ય ધરાવતા 'સૂર્યવંશ' અને 'ચન્દ્રવંશ' ને ઊઁ ના માધ્યમ દ્વારા આવતા લેખોમાં સમજશું. ત્યાં સુધી...

॥ ઊઁ તત્સત્ ॥

(ક્રમશઃ)

## ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૫)

# સૂર્યવંશ - રઘુવંશ




**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

આગાઉના લેખમાં બ્રહ્માજી દ્વારા માનસપુત્રોની ઉત્પત્તિની સમજૂતીમાં પહેલા માનસપુત્ર 'મરીચિ થી 'કશ્યપ' થયા અને કશ્યપના લગ્ન 'દક્ષ પ્રજાપતિ'ની ૧૨ પુત્રીઓ સાથે થયા તે સમજ કેળવી. દક્ષ પ્રજાપતિની પ્રથમ પુત્રી 'અદિતિ' અને 'કશ્યપ' વડે ૧૨ પુત્રો થયા, જે ૧૨ 'આદિત્યો' કહેવાય છે. જેઓ 'સૂર્યદેવ' તરીકે દર મહિને આકાશમાં અલગ અલગ હોય છે. જેમના નામ આસોથી ભાદરવા મહિનામાં અનુક્રમે ઈન્દ્ર, ધાતા, મિત્ર, પૂષા, ભગ, ત્વસ્થ, વિષ્ણુ, આર્યમ, વિવાસ્વાન, અંશુમાન, પર્જન્ય અને વરુણ છે. જેઠ મહિનમાંના ૯મા આદિત્યને 'વિવાસ્વાન' (માર્તંડદેવ) કહેવાય છે અને આ વિવાસ્વાનને 'સંજ્ઞા' નામથી પત્નીથી 'વૈવસ્વત', 'યમ', 'યામિ(યમુના)' અને 'અશ્વનીકુમારો'નો જન્મ થયો તથા 'છાયા' થી 'સવર્ણમનુ', 'શનિ', 'તાપી' અને 'વિષ્ટિ' નો જન્મ થયો. આ જ વૈવસ્વતને આપણે 'વૈવસ્વત મનુ' તરીકે ઓળખીએ છીએ. હાલના (૭મા) મન્વન્તરનું નામ તેમના નામ પરથી "વૈવસ્વત મન્વન્તર" પડ્યું છે. સુરત શહેરનું અસલ નામ 'સૂર્યપુર' હતું. આમ તો પુરાણોની કોઈ પણ કથાનું વર્ણન કરવાનું આ શ્રેણીમાં મેં ટાળ્યું છે છતાં પણ અસલ સુરતી હોવાને કારણે એક રસદાયક વાત જણાવું.

સૂર્યની પત્ની 'સંજ્ઞા' થી સૂર્યનો તાપ સહન નહિ થવાથી, તેમના જેવી જ બીજી 'છાયા' ઉત્પન્ન કરી અને પોતાની ગેરહાજરીમાં સૂર્યની પત્ની બની રહેવા આદેશ આપ્યો. ત્યાર બાદ સંજ્ઞા 'ઉત્તરકુરૂ' નામના સ્થળે ગયા અને ત્યાં ઘોડી રૂપે રહ્યા. આ બાજુ સૂર્યને છાયાથી ૨ પુત્રો 'સવર્ણ મનુ' અને 'શનિદેવ' નો પ્રાદુર્ભાવ થયો. તદુપરાંત ૨ પુત્રીઓ 'તાપી' અને 'વિષ્ટિ' નો જન્મ થયો. હવે પોતાના પુત્રો થવાથી 'છાયા' ના વ્યવહારમાં ફરક પડ્યો અને તે વૈવસ્વત, યમ અને યમુના કે જે 'સંજ્ઞા' ના પુત્રો હતા તેમની સાથે દુર્વ્યવહાર કરવા માંડી. વૈવસ્વત સહનશીલ હતા પરંતુ યમથી સહન થયું નહિ. તેમણે છાયાને લાત મારવા પગ ઉગામ્યો ત્યારે છાયાએ શ્રાપ આપ્યો કે તારો પગ પડી જશે. સૂર્યને લાગ્યું કે માતા કોઈ દિવસ પુત્રને શ્રાપ આપે નહિ. આથી ગુસ્સે થઈ છાયાના વાળ ખેંચી સાચી હકીકત પૂછી ત્યારે છાયાએ સાચી હકીકત જણાવી. આથી સૂર્ય ગુસ્સાથી વિશ્વકર્મા (સંજ્ઞાના પિતા) પાસે ગયા. વિશ્વકર્માએ સમજાવ્યું કે તમારી ગરમી સહન નહિ થવાથી આ બધું બન્યું છે. પરવાનગી આપો તો ગરમી ઓછી કરી દઉં. સૂર્ય સહમત થયા. વિશ્વકર્મા એ વિષ્ણુચક્ર ઉત્પન્ન કર્યું અને ગરમી ઓછી કરી. સૂર્ય એ ઉત્તરકુરૂમાં સંજ્ઞાને ઘોડી રૂપે જોઈ. પોતે ત્યાં ઘોડા રૂપે ગયા. ત્યાં સંજ્ઞા સાથે બે પુત્રો થયા જે 'અશ્વિનીકુમારો' તરીકે ઓળખાયા. (અશ્વ એટલે ઘોડો) આ અશ્વિનીકુમારો 'દેવ ચિકિત્સક' બન્યા. સુરત (સૂર્યપુર) માં આવેલ 'તાપી' નદીને સૂર્યપુત્રી' અને તેના કાંઠે અશ્વિનીકુમારોનું મહત્વ આ કથામાં છે. આ જ અશ્વિનીકુમારોના આશીર્વાદ વડે 'માદ્રી' થી 'નકુલ' અને 'સહદેવ' થયા. સૂર્યની કૃપાથી કુંતીને 'કર્ણ' નામનો પુત્ર પ્રાપ્ત થયો. તાપીના લગ્ન 'ચન્દ્રવંશ'ના 'સવર્ણ' સાથે થયા. એમનો પુત્ર 'કુરૂ' કહેવાયો. વધુ ચંન્દ્રવંશના લેખમાં સમજશું.

હવે આગળ વધીએ. આ 'વૈવસ્વત મનુ' ને નવ પુત્રો અને એક પુત્રી. જેમનાં પહેલા પુત્ર 'ઈસ્વાકુ'. આ ઈસ્વાકુનો વંશ "સૂર્યવંશ" તરીકે ઓળખાય છે. ઈસ્વાકુના વંશમાં પ્રસિદ્ધ રાજાઓ થયા. દરેકના નામ અહીં અપ્રસ્તુત છે, પરંતુ જે અગત્યના નામો પુરાણોમાં છે તે ઉતરતી પેઢીના અનુક્રમે વીકુક્ષી (શશદ), કાકુત્સ(પુરંજય), પ્રીથું, કુશાસ્ય (અનેન્ય), બૃહદ્સ્વ, કુબાલાસ્વ (શ્રી વિષ્ણુ ભગવાન ત્રિવિક્રમ કેમ કહેવાયા તે કથા સંકળાયેલી છે), પ્રસન્જિત, મધાંતા, અંબરીષ (સત્રાજીત), પુરૂકુત્સ (જેના બે દીકરા મુચુકુન્દ અને ધર્મસેનાની કથા શ્રીકૃષ્ણ અને જરાસંધ સાથે સંકળાયેલી છે), સંભૂતિ (ત્રસ્દાસ્ય), સત્યવ્રત (ત્રિશંકુ), હરિશ્ચંદ્ર, રોહિત, હરિત, ચંચુ, વિજય (પુરવ–પંચાલ રાજ્યની સ્થાપના કરી – દ્રુપદ પંચાલ રાજ્યના હતા. તેની પુત્રી દ્રૌપદી), રુરુક, બાહુ, સાગર, અસમંજ, અંશુમન, દિલીપ, ભગીરથ (ગંગા અવતરણ કરાવ્યું), સુહોત્ર, નાભાગ (શિવના કૃષ્ણદર્શનની કથા), ઋતુપર્ણ (કૌશલ રાજ્યની સ્થાપના કરી) વગેરે ખૂબ લાંબું લિસ્ટ છે. અહીં એ સમજવાની જરૂર છે કે આ રાજાઓના આયુષ્ય ખૂબ લાંબા હતા. તેઓ હજારો વર્ષો સુધી રાજ્ય કરતા હતા. આ જ વંશમાં એક અભ્યાસ પ્રમાણે ૬૨ મી પેઢીમાં 'રઘુ' થયા. અહીંથી સૂર્યવંશને 'રઘુવંશ' તરીકે ઓળખાય છે. રઘુના પુત્ર અજા અને અજાના પુત્ર 'દશરથ'. ભગવાન શ્રી રામનો જન્મ રાજા દશરથને ત્યાં થયો.

> **સૂર્યને છાયાથી ૨ પુત્રો 'સવર્ણ મનુ' અને 'શનિદેવ' નો પ્રાદુર્ભાવ થયો. તદુપરાંત ૨ પુત્રીઓ 'તાપી' અને 'વિષ્ટિ' નો જન્મ થયો. હવે પોતાના પુત્રો થવાથી 'છાયા' ના વ્યવહારમાં ફરક પડ્યો અને તે વૈવસ્વત, યમ અને યમુના કે જે 'સંજ્ઞા' ના પુત્રો હતા તેમની સાથે દુર્વ્યવહાર કરવા માંડી.**

વૈવસ્વત મનુના બીજા પુત્ર નીમી હતા. આંખોના પલકારા જેને આપણે 'નિમેષ' તરીકે ઓળખીએ છીએ, તેની શરૂઆત નીમીના સમયથી થઈ. નીમીના વંશમાં 'જનક રાજા' થયા. તેમના લગ્ન પૃથ્વી (ધન્યા) સાથે થયા. હળ ખેડતા પુત્રી મળી. તેનું નામ 'સીતા'. જેઓ ભગવાન શ્રી રામના પત્ની બન્યા. ગીતા ૧૦.૨૧ માં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે, "આદિત્યોમાં હું વિષ્ણુ છું. સર્વ જ્યોતિઓમાં હું તેજસ્વી સૂર્ય છું."

ખુબ જ રસદાયક છે આ બધો ઈતિહાસ. આપણે માત્ર ૐને સમજવાના ધ્યેયથી, પરમાત્માની અભિવ્યકિત સમજવાના ભાગરૂપે ખૂબ જ ટૂંકમાં વિગતો પ્રાપ્ત કરી. વધુ વિગતો આ લેખની મર્યાદાની બહાર છે. એક વાત ચોકકસપણે જણાવું કે આ બધા રાજાઓ વગેરેની કથાઓ પુરાણોમાં વાંચવી ખૂબ રસદાયક હોય છે. જો કોઈને વધુ રસ હોય તો 'પુરાણો સમજવાની પૂર્વભુમિકા' નામનું મારું પુસ્તક જે વિનામૂલ્યે ઉપલબ્ધ છે તે વાંચવા વિનંતી કરું છું. આવતા લેખમાં પરમાત્માની અભિવ્યકિત રૂપ 'ચન્દ્રવંશ' ને ૐ ના માધ્યમ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)


## ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૬)

# ચંદ્રવંશ, યદુવંશ, પુરૂવંશ, કુરુવંશ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

'સૂર્યવંશ' ની સમજુતી પછી હવે 'ચંદ્રવંશ' ને સમજીએ. અગાઉ બ્રહ્માજીના માનસ પુત્રોમાંના એક 'મહર્ષિ અત્રિ' ની જાણકારી આપણે પ્રાપ્ત કરી હતી કે જેઓ હાલના મન્વન્તરના સપ્તર્ષિ પણ છે. હાલમાં કેટલાક બ્રાહ્મણ, પ્રજાપતિ, ક્ષત્રિય અને વૈશ્યના 'ગોત્ર' ના નામ તેમના નામ પરથી 'અત્રિ' છે. આ જ અત્રિઋષિ ને 'અનસુયાદેવી' નામની પત્ની કે જેઓ કર્દમ પ્રજાપતિના પુત્રી થાય, તેમનાથી ૩ પુત્રો થયા. જે 'સોમ', 'દત્તાત્રેય' અને 'દુર્વાસા' કહેવાયા. આ ત્રણે પુત્રો અનુક્રમે ભગવાન 'બ્રહ્મા', 'વિષ્ણુ' અને 'શિવ' ના અવતાર કહેવાય છે. મહાભારતના યુદ્ધમાં જ્યારે 'દ્રોણાચાર્ય' ખૂબ માનવ સંહાર કરી રહ્યા હતા, ત્યારે તેમને સમજાવવા 'અત્રિ' અન્ય ઋષિ સાથે આવ્યા હતા. ભગવાન શ્રી રામ વનવાસ દરમ્યાન અત્રિ ઋષિના આશ્રમમાં આવ્યા હતા. અત્રિએ તેમને દંડકારણ્યનો રસ્તો બતાવ્યો હતો તેવો ઉલ્લેખ મળે છે.

'સોમ' અથવા 'ચંદ્ર' ના જન્મની કથા એવી છે કે મહર્ષિ અત્રિએ ખૂબ આકરી તપસ્યા કરી. તેના તેજથી આકાશ ભરાઈ ગયું. આ તેજથી જે શકિત ઉત્પન્ન થઈ તેમાંથી સોમ (ચંદ્ર) નો જન્મ થયો. બ્રહ્માજી એ ચંદ્રને એમના રથમાં બેસાડી ૨૧ વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરાવી. એમાંથી જે શકિતઓ ઉત્પન્ન થઈ તેમાંથી 'જડીબુટ્ટી' ઓનો ઉદ્દભવ થયો. ચંદ્રના ગુરુ 'બૃહસ્પતિ' હતા. બૃહસ્પતિને 'તારા' નામની પત્ની હતી, જેની સાથે ચંદ્ર પ્રેમમાં પડયા. આ બાબતે ચંદ્ર અને બૃહસ્પતિ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. દૈત્યોના ગુરુ 'શુક્રાચાર્ય' ચંદ્ર તરફથી લડયા. 'ભગવાન શિવ' બૃહસ્પતિ તરફથી લડયા. આ યુદ્ધ પુરાણોમાં 'તારાકામ્યા સંગ્રામ' તરીકે ઓળખાય છે. 'ચંદ્ર' અને 'તારા' થી એક પુત્ર ઉત્પન્ન થયો, જેનું નામ – 'બુધ'. બુધના લગ્ન 'વૈવસ્વત મનુ' ની પુત્રી 'ઈલા' સાથે થયા. બુધ અને ઈલાથી થયેલ પુત્ર એટલે 'પુરૂરવા' રાજા. **"આ પુરૂરવા રાજાના વંશને ચન્દ્રવંશ કહેવાય છે."** આ જ 'ઈલા' ને 'મિત્રવરૂણ' થી મળેલા વરદાનથી ત્યાર બાદ પુરૂષત્વ પ્રાપ્ત થયું, અને તેનું નામ 'સુધ્યુમ્ન' પડયું. જે ખૂબ પ્રસિધ્ધ રાજા થયા અને જેમની અનેક કથાઓ પુરાણોમાં છે. સુધ્યુમ્નના ૩ પુત્રો થયા. 'ઉત્કલ' જેમણે ઓરિસ્સામાં રાજ્ય કર્યું, 'ગયા' જેમણે ગયામાં રાજ્ય કર્યું અને 'વિનત્સવા' જેમણે પશ્ચિમમાં રાજ્ય કર્યું.




'પુરૂરવા' ને ઉર્વશી સાથેના લગ્નથી ૬ પુત્રો થયા. 'આયુ (આયુષ)', 'અમાવાસુ', 'વિસ્વવાસુ', 'શ્રુતાયું', 'શતાયુ' અને 'આયુતાયું'. પ્રથમ પુત્ર 'આયુ' ના ખૂબ જ બળવાન પુત્ર 'નહુસ'. જેમણે પૃથ્વી પર ૧ લાખ વર્ષ સુધી રાજ્ય કર્યું હોવાનું કહેવાય છે. નહુસના ૬ પુત્રોમાં મુખ્ય પુત્ર 'યયાતિ' કે જેઓ વિષ્ણુ ભકત હતા અને તેમણે પણ પૃથ્વી પર ૧ લાખ વર્ષ રાજ્ય કર્યું હોવાનું અને આખી દુનિયા જીતી હોવાનો ઉલ્લેખ છે. યયાતિના ૫ પુત્રો 'યદુ', 'તુર્વાસુ', 'દ્રહય', 'અનુ' અને 'પુરૂ' થયા. જેઓ 'પંચજન્ય' તરીકે ઓળખાય છે.

'યદુ'ના વંશજો 'યાદવો' કહેવાયા. યદુ પછીનો વંશ 'યદુવંશ' કહેવાયો. આ જ વંશમાંથી 'વૃષણીવંશ' અને 'કોષ્ઠુંવંશ' થયા. જેમાં 'વાસુદેવ' અને 'દેવકી' નો જન્મ થયો. વાસુદેવ અને દેવકીને ત્યાં 'ભગવાન શ્રી કૃષ્ણ' નો પ્રાદુર્ભાવ થયો. જે હવે પછીના લેખમાં સમજશું. 'તુર્વાસુ' એ પહેલા બલુચિસ્તાનમાં રાજ્ય કર્યું, ત્યાર બાદ દક્ષિણ અને દક્ષિણ – પૂર્વની ભૂમિ મળવાથી આન્ધ્ર (ત્યારે અંધીરા કહેવાતું) માં રાજ્ય કર્યું. તુર્વાસુના પુત્રોએ 'ચોલા', 'પાંડય' અને 'કેરાલા'ની સ્થાપના કરી.

> 'સોમ' અથવા 'ચંદ્ર ના જન્મની કથા એવી છે કે મહર્ષિ અત્રિએ ખૂબ આકારી તપસ્યા કરી. તેના તેજથી આકાશ ભરાઈ ગયું. આ તેજથી જે શકિત ઉત્પન્ન થઈ તેમાંથી સોમ (ચંદ્ર) નો જન્મ થયો.

'દ્રહય' અથવા દ્રહાયું એ પહેલા અફઘાનિસ્તાનમાં રાજ્ય કર્યું. જે ત્યારે 'ગાંધાર' તરીકે ઓળખાતું. ગાંધાર દેશના રાજાઓ 'દ્રહયવંશ' ના થયા. દ્વાપરયુગમાં તેમના વંશજ 'શકુનિ' અને શકુનિના બહેન 'ગાંધારી.' જેમના લગ્ન 'ધૃતરાષ્ટ્ર' સાથે થયા. જેમના પુત્રો 'કૌરવો' કહેવાયા. 'અનુ' નો વંશ 'અનવાસ' કહેવાયો. તેમણે પશ્ચિમમાં 'સીવી', 'સૌવીહા', 'કેકયા' અને 'મદ્ર' રાજ્યોની સ્થાપના કરી. રાજા દશરથની પત્ની 'કૈકયી' કેકયાથી અને પાંડુ રાજાની પત્ની 'માદ્રી' મદ્રથી હતા. યયાતિના પાંચમાં પુત્ર 'પુરૂ.' જેમનો વંશ 'પુરૂવંશ' કહેવાયો. આ જ 'પુરૂવંશ' માંથી 'કુરૂવંશ' થયો. આ જ પુરૂવંશમાં 'રાજા દુષ્યંત' થયા. 'દુષ્યંત' અને 'શકુંતલા' ના પુત્ર 'ભારત' થયા. ભારતે ૧૮૦૦ અશ્વમેધ યજ્ઞ કર્યા. ૧૦૦ રાજસુર્ય યજ્ઞ કર્યા. આખી દુનિયા જીતી. એમના નામ પરથી આપણા દેશનું નામ 'ભારતવર્ષ' પડયું. આ વંશ પછીથી 'ભારતવંશ' તરીકે ઓળખાયો.

ભારતવંશમાં 'હસ્તિ' નામના રાજા થયા, જેમણે હસ્તિનાપુર બનાવ્યું. 'હસ્તિ'ના પુત્ર 'અજામીદ'ની પુત્રી 'અહલ્યા'ના લગ્ન ગૌતમઋષિ સાથે થયા. એમના વંશમાં પુત્ર 'કૃપ' અને પુત્રી 'કૃપી' થયા. કૃપીના લગ્ન 'દ્રોણાચાર્ય' (કૌરવ અને પાંડવોના ગુરૂ) સાથે થયા. તેમના પુત્ર 'અશ્વત્થામા' થયા. અજામીદના અગત્યના પુત્ર 'રીકસ'. જેમના પુત્ર 'સંવર્ણ' ના લગ્ન સૂર્યપુત્રી તાપી સાથે થયા. (જે સુર્યવંશમાં પણ સમજ્યા) એમના પુત્ર 'કુરૂ' કે જેમનો વંશ 'કુરુવંશ' કહેવાયો. આ કુરુવંશમાં 'પ્રતિપ' નામના રાજાને ત્રણ પુત્રો થયા. જેમાંથી બીજા પુત્ર 'શાંતનુ' પૂર્વજન્મના બંધનને કારણે 'ગંગા' સાથે પ્રેમમાં પડયા અને 'ભીષ્મ' (ભીષ્મ પિતામહ) નો પ્રાદુર્ભાવ થયો. 'શાંતનુ' ના લગ્ન સત્યવતી (મત્સગંધા – જેની સમજુતી આપણે માનસપુત્રો અંતર્ગત પરાશરમુનિ વખતે કેળવી) સાથે થયા. આ જ સત્યવતીને અગાઉ 'પરાશરમુનિ' થી 'મહર્ષિ વેદવ્યાસ' નો પ્રાદુર્ભાવ થયો હતો.

હવે પછીના લેખમાં પરમાત્માની અભિવ્યકિત રૂપ યદુવંશ, વૃષ્ણીવંશ, શ્રીકૃષ્ણ, કૌરવો અને પાંડવોની ઉત્પતિને ૐના માધ્યમ દ્વારા સમજશું. ત્યાં સુધી...


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

## ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૭)

# યદુવંશ, શ્રીકૃષ્ણ, કૌરવો, પાંડવો

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ




અગાઉના લેખમાં સમજ્યા તેમ 'કુરુવંશી', 'શાન્તનુ'ના લગ્ન 'સત્યવતી' (મસ્યગંધા) સાથે થયા. આ જ સત્યવતીને અગાઉ 'પરાશર મુનિ' થી 'મહર્ષિ વેદવ્યાસ'નો પ્રાદુર્ભાવ થયો હતો અને આ જ 'શાન્તનુ'થી અગાઉ 'ગંગા' વડે 'ભીષ્મ પિતામહ'નો પ્રાદુર્ભાવ થયો હતો. 'પરમાત્માની અભિવ્યકિત' ને હવે આગળ સમજીએ.

'શાન્તનુ' અને 'સત્યવતી' થી 'ચિત્રાંગદ' અને 'વિચિત્રવિર્ય' થયા. જેમાંથી ચિત્રાંગદ યુવાનીમાં મૃત્યુ પામ્યા. વિચિત્રવિર્યના લગ્ન કાશીની પુત્રીઓ 'અંબિકા' અને 'અંબાલિકા' સાથે થયા. વિચિત્રવિર્ય તેમની પત્નીઓને પુત્ર આપવા સક્ષમ નહોતા. આથી વંશને ચાલુ રાખવા સત્યવતીએ તેમના પુત્ર 'વેદવ્યાસ' ને પ્રાર્થના કરી. વેદવ્યાસ પ્રગટ થયા. સત્યવતીએ અંબિકા અને અંબાલિકાને વેદવ્યાસ સમક્ષ હાજર થઈ આશીર્વાદ લેવા જણાવ્યું. વેદવ્યાસ પાસે જતી વખતે અંબિકાએ શરમથી આંખો બંધ કરી દીધી. આથી તેમનો પુત્ર અંધ થયો, જે 'ધ્રુતરાષ્ટ્ર' તરીકે ઓળખાય છે. વેદવ્યાસ પાસે જતી વખતે અંબાલિકા શરમથી પીળી પડી ગઈ. આથી તેમનો પુત્ર પાંડુ રોગવાળો થયો, જે 'પાંડુ' તરીકે ઓળખાય છે. આ બંને પુત્રથી સંતોષ નહિ થતા સત્યવતીએ દાસી વિનતાને વેદવ્યાસ સમક્ષ હાજર થવા ફરમાવ્યું. વિનતા સંકોચ વગર ગઈ. તેમના પુત્ર 'વિદુર' કહેવાયા. 'ધ્રુતરાષ્ટ્ર' થી કૌરવો અને 'પાંડુ' થી પાંડવો થયા.

'કુરુ' ના વંશજ 'ધ્રુતરાષ્ટ્ર'ના લગ્ન 'ગાંધારી' સાથે થયા. તેમના પુત્રો 'કૌરવો' કહેવાયા. પાંડુના લગ્ન યાદવ વંશના 'શૂરસેન' ની પુત્રી 'કુંતી' અને મદ્ર દેશની 'માદ્રી' સાથે થયા. પાંડુ શ્રાપના કારણે પુત્રો ઉત્પન્ન કરવા સમર્થ નહોતા. આથી પાંડુને જે પુત્રો થયા, તે અન્ય દેવોના આશીર્વાદથી થયા. જેમાં 'ધર્મ'થી 'યુધિષ્ઠિર', 'વાયુ'થી ભીમ, 'ઈન્દ્ર'થી 'અર્જુન', 'અશ્વનીકુમારો'થી 'નકુલ' અને 'સહદેવ' થયા. આ ઉપરાંત કુંતીને વરદાનને કારણે 'સૂર્ય' થી એક પુત્ર પ્રાપ્ત થયો, જે 'કર્ણ' તરીકે ઓળખાય છે. 'દ્રૌપદી' ના લગ્ન પાંડવો સાથે થયા. 'યુધિષ્ઠિર'થી 'પ્રતીવિધ્ય', 'ભીમ'થી 'શ્રુતસેન', 'અર્જુન'થી 'શ્રુતકીર્તિ', 'નકુલ'થી 'શ્રુતનીક', 'સહદેવ'થી 'શ્રુતકર્મ' થયા. જે બધાને મહાભારતના યુદ્ધમાં કુમારાવસ્થામાં હણી નંખાયા

આ ઉપરાંત 'યુધિષ્ઠિર'ને 'યુધેયી'થી 'દેવક', 'ભીમ'ને 'હિડમ્બા'થી 'ઘટોત્ગચ્છ' અને 'કાશી'થી 'સર્વક', 'અર્જુન'ને 'ઉલુપી'થી 'ઈશવન', 'ચિત્રગન્ધા' થી 'વભ્રુવહન' તથા 'સુભદ્રા (શ્રી કૃષ્ણના બહેન) થી 'અભિમન્યુ' થયા. 'સહદેવ'ને 'વજયા'થી 'સુહોત્ર' અને 'નકુલ' ને 'રેણુમતિ'થી 'નીરમિત્ર' નામના પુત્રો થયા. મહાભારત યુદ્ધ પછી અર્જુન અને સુભદ્રાના પુત્ર 'અભિમન્યુ'ના પુત્ર 'પરિક્ષિતે' વંશ આગળ ધપાવ્યો. તેઓ શ્રાપને કારણે તક્ષક નાગ કરડવાથી મૃત્યુ પામ્યા. તેમણે કળિયુગને થોભાવવાની કુચેષ્ટા કરી, પરંતુ નિષ્ફળ ગયા. તેમના પુત્ર 'જનમેજય' થયા.

**પરમાત્માની અભિવ્યકિત – પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ.** અગાઉના લેખમાં સમજ્યા તેમ 'યદુવંશ' માંથી, 'વૃષણીવંશ' અને 'કોષ્તુંવંશ' થયા. વૃષણીવંશના 'વાસુદેવ' અને કોષ્તુંવંશના 'દેવકી' થી 'ભગવાન શ્રીકૃષ્ણ'નો પ્રાદુર્ભાવ થયો. શ્રી કૃષ્ણની કથાઓ બધાએ વાંચી હશે, છતાં જાણકારી માટે ખૂબ જ ટૂંકમાં સમજીએ. 'શ્રી કૃષ્ણ' ને ૮ મુખ્ય પટરાણી ઉપરાંત ૧૬૦૦૦ રાણી હતી. ૮ પટરાણીમાં 'રૂકમણી' (વૈદર્ભી), જેઓ લક્ષ્મીના અવતાર કહેવાય છે. અન્ય

> **વ્રજનાભે સૌ પ્રથમ ઉત્તરાએ કરેલા વર્ણન પરથી 'શ્રીકૃષ્ણ' ની ૩ મૂર્તિઓ બનાવી પરંતુ તેમણે 'શ્રીકૃષ્ણ' ને કયારેય જોયા નહોતા આથી એક પણ મૂર્તિ આબેહૂબ બની નહિં. 'ગોવિંદજી' નું માથું, 'મદનમોહન' નો નાભિથી નીચે ચરણકમળ સુધીનો ભાગ અને 'ગોપીનાથ' નો નાકથી નાભિ સુધીનો ભાગ 'શ્રીકૃષ્ણ' ને મળતો હતો.**

પટરાણીઓ 'સત્યભામા', 'જામ્બવતી', 'કાલિન્દી' (યમુના), 'નાગ્નાજીતી' (સત્યા અથવા કૌશલ્યા), 'મિત્રવૃંદ (શૈવ્યા), 'ભદ્રા' (સુશીલા) અને 'સુલક્ષણા' (લક્ષ્મણા). આમ તો 'શ્રીકૃષ્ણ'ના દરેક પુત્રોની વંશાવલી છે, પરંતુ બધું અહીં અપ્રસ્તુત છે. મુખ્ય પુત્ર 'પ્રધુમ્ન'. પ્રધુમ્નના પુત્ર 'અનિરુદ્ધ' અને તેમના પુત્ર 'વ્રજનાભ' થયા. વ્રજનાભે સૌ પ્રથમ ઉત્તરા (કે જેઓ અર્જુન + સુભદ્રાના પુત્ર, અભિમન્યુના પત્ની થાય તથા પરિક્ષિતના માતા થાય) એ કરેલા વર્ણન પરથી 'શ્રીકૃષ્ણ' ની ૩ મુર્તિઓ બનાવી પરંતુ તેમણે 'શ્રી કૃષ્ણ'ને કયારેય જોયા નહોતા. આથી એક પણ મૂર્તિ આબેહૂબ બની નહિ. 'ગોવિન્દજી' નું માથું, 'મદનમોહન' નો નાભિથી નીચે ચરણકમળ સુધીનો ભાગ અને 'ગોપીનાથ' નો નાકથી નાભિ સુધીનો ભાગ 'શ્રી કૃષ્ણ' ને મળતો હતો. ત્યાર બાદ વ્રજનાભે, વ્રજ નામના પથ્થરમાંથી ૧૬ મૂર્તિઓ બનાવી અને મંદિરો બનાવ્યા. જેમાં 'વ્રજ મંડળ' થી ઓળખાતા 'હરિદેવ' (ગોવર્ધન), 'શ્રી કેશવદેવ' (મથુરા), 'શ્રી બલદેવ' (બાલાદેવ) અને 'ગોવિંદજી' (વૃદાવન). 'નાથ' થી ઓળખાતા 'શ્રીનાથજી' (નાથદ્વારા – પહેલા ગોવર્ધન) અને 'શ્રી ગોપીનાથ' (જયપુર). 'ગોપાલ' થી ઓળખાતા 'મદનમોહન' (કરોલી) અને 'સાક્ષીગોપાલ' (ઓરિસ્સા, જગન્નાથપુરી).

ગીતા – ૧૦.૩૭ માં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે " વૃષણીવંશીઓમાં હું વાસુદેવ તથા પાંડવોમાં હું અર્જુન છું. હું સર્વ મુનિઓમાં વ્યાસ છું તથા મહાન વિચારકો કવિઓમાં ઉશના (શુક્રાચાર્ય) છું."

મિત્રો, બ્રહ્માજીની ઈચ્છા દ્વારા પ્રજોત્પત્તિ અંતર્ગત માનસપુત્રોની ઉત્પત્તિ થી માંડીને ભગવાન શ્રી કૃષ્ણના પ્રાદુર્ભાવ સુધીની, અહીં અપાયેલ બધી સમજણ પછી 'પરમાત્માની અભિવ્યકિત' પુરાણોમાં સમજવી ખૂબ આસાન બની રહે એ હેતુથી આ બધી માહિતી આપી છે.

બધા જ દેવો અને મનુષ્યનો સદેહ જન્મ થાય છે. સદેહ એટલે શરીર સાથેનો. આ શરીરની રચના પ્રકૃતિના ગુણો દ્વારા થાય છે. જેને આપણે બ્રહ્માજીની "માયા દ્વારા પ્રજોત્પત્તિ" તરીકે ઓળખશું. આવતા લેખમાં "ભૌતિક ત્રિગુણાત્મક પ્રકૃતિ" અથવા "માયા" દ્વારા પરમાત્માની અભિવ્યકિતને ૐ ના માધ્યમ દ્વારા વિવિધ શરીરો (દેહો) ની ઉત્પત્તિરૂપે સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

## ૐ અને પરમાત્માની અભિવ્યક્તિ (ભાગ-૧૮)

# ભૌતિક પ્રકૃતિ અને શરીર (દેહ)




અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

થોડું સિંહાવલોકન કરીને ફરી એક વખત લેખાંક-૨૭ (૯-૫-૨૦૨૨) ની વાત સમજીએ. જેમાં સમજ્યા હતા કે 'સોનેરી ઈંડા' ના 'સ્ફોટ' થી ૩ ભાગ થાય છે. આ જ 'સ્ફોટ' થી ૐ ધ્વનિ ઉત્પન્ન થાય છે. અહીં ૩ ઘટના બને છે.

૧. બ્રહ્મના ચૈતન્યને કારણે 'અહંકાર' ઉત્પન્ન થવાથી 'મૂળ પ્રકૃતિ' ની સામ્યાવસ્થાનો ભંગ થાય છે અને તેનું 'ભૌતિક પ્રકૃતિ' અથવા 'સગુણ પ્રકૃતિ' માં (એટલે કે ૩ ગુણો – રજ, સત્ત્વ, તમસ) રૂપાંતરણ થાય છે.

૨. આ જ 'અહંકાર' થી ચાર 'કરણ' (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) ઉત્પન્ન થાય છે.

૩. આ જ 'અહંકાર' થી પાંચ 'મહાભૂત' તત્ત્વો (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી) અને તેના પાંચ વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ઉત્પન્ન થાય છે.

ભૌતિક પ્રકૃતિના ૩ ગુણો પૈકી રજોગુણથી 'બ્રહ્મા', સત્ત્વ ગુણથી 'વિષ્ણુ' અને તમોગુણથી 'રૂદ્ર' અથવા 'મહેશ' અભિવ્યક્ત થાય છે. આમ, પરમાત્માનું અથવા બ્રહ્મનું 'સગુણ સ્વરૂપ' ત્રિવિધ સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. (વિશાળ દ્રષ્ટિકોણથી જોઈએ, તો આ બધી પરમાત્માની જ અભિવ્યક્તિ છે. સામાન્ય મનુષ્યો ને સમજ નહિ હોવાથી અલગ અલગ પંથોમાં વહેંચાય છે.) ત્યાર બાદ જગતનું સર્જન કરવાની જવાબદારીના ભાગરૂપે બ્રહ્માજી દ્વારા માનસપુત્રોની ઉત્પત્તિ અને જુદા જુદા વંશોને ભગવાન શ્રી કૃષ્ણના વંશ સુધી સમજ્યા. અહીં અગત્યની સમજણ એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ સહિત આ બધા વંશો, બધા માનસપુત્રો વગેરે 'સદેહે' થયા. કહેવાનું તાત્પર્ય એ કે બધા શરીર સાથે હતા. તો આપણા સહિત આ બધાના શરીર કેવી રીતે બન્યા ?

આ વાત સમજવા માટે આપણે "ભૌતિક પ્રકૃતિ દ્વારા વિવિધ દેહો અને શરીરરચના" અને તે દ્વારા પરમાત્માની અભિવ્યક્તિ સમજવાનો પ્રયત્ન કરીશું. અગાઉ લેખાંક – ૩૦ (૩૦-૫-૨૦૨૨) માં આપેલ આકૃતિને ફરી અહીં વિસ્તૃત રીતે સમજાવી છે તે સમજતા જવી.

'બ્રહ્મ' અથવા 'નારાયણ'ની ઈચ્છાથી (એકોહમ બહુસ્યામ) ઉત્પન્ન થયેલ અહંકારથી 'ત્રિગુણાત્મક પ્રકૃતિ' પોતાનું કાર્ય 'બ્રહ્માજી'ના માધ્યમ દ્વારા શરૂ કરે છે. જેમાં સર્વ પ્રથમ 'વાસનિક જીવાત્મા' ઉત્પન્ન થાય છે. આ તે જ જીવો છે કે જે વાસના અને કર્મો સાથે આત્યંતિક પ્રલય વખતે, 'બીજ'ની સાથે પરમાત્મામાં સમાયા હતા. આ જીવાત્માને **'મહાકારણ દેહ'** કહેવાય છે કે જે માત્ર 'વાસના' નો બનેલો હોય છે.

આ મહાકારણ દેહ 'ચાર અંતઃકરણ' (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) ના સંપર્કમાં આવવાથી **'કારણ દેહ'** બંધાય છે. આમ, કારણ દેહ ચાર અંતઃકરણ + વાસના એમ ૫ તત્ત્વોનો બનેલો હોય છે.

આ કારણ દેહ 'પાંચ વિષયો' (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) ના સંપર્કમાં આવવાથી **'સૂક્ષ્મ દેહ'** બંધાય છે. આમ સૂક્ષ્મ દેહ કુલ ૧૦ તત્ત્વો – પાંચ વિષયો + ચાર અંતઃકરણ + વાસનાનો બનેલો હોય છે.

આ સૂક્ષ્મ દેહના ૧૦ તત્ત્વોમાં પાંચ મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી), પાંચ જ્ઞાનેન્દ્રિય (આંખ, કાન, નાક, જીભ, ચામડી) અને પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, વાણી, પ્રજનન ઈન્દ્રિય, મળ ઈન્દ્રિય) વગેરે પંદર તત્ત્વો મળવાથી "સ્થૂળ દેહ" બંધાય છે. આમ **સ્થૂળ દેહ** કુલ ૨૫ તત્ત્વોનો બનેલો હોય છે. (આકૃતિ બરાબર સમજવી)

> **જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલી બધી વાસનાઓ દૂર થઈ જાય છે ત્યારે હૃદયની બધી ગાંઠો તૂટી જાય અને ત્યારે તે અમર બને છે**

**આ જ ક્રમને વિસ્તૃત રીતે સમજવા ઊંધી રીતે સમજીએ.** જ્યારે મૃત્યુ થાય ત્યારે સૌ પ્રથમ 'સ્થૂળ દેહ' ના ૧૫ તત્ત્વો છૂટે છે, જેને આપણે મડદું કહીએ છીએ. જેને અગ્નિદાહ આપી તે 'પંચમહાભૂત' માં મળી ગયો તેમ કહીએ છીએ. હવે બાકી રહેલો 'સૂક્ષ્મ દેહ' જો પાંચ વિષયો છોડે તો તેને દેવલોકમાં પ્રવેશ મળે છે. જે પાંચ વિષયો છૂટે છે, તેમાં દેવલોકમાં રહેલા 'દિગપાલ' માં 'શબ્દ', 'અશ્વનિકુમાર'માં 'ગંધ', 'વાયુદેવ'માં 'સ્પર્શ' અને 'વરુણદેવ'માં 'રસ' સમાય છે અને હવે ૫ તત્ત્વોનો **'કારણ દેહ'** બાકી રહે છે. આ 'કારણ દેહ' જો ચાર 'કરણ' છોડી શકે તો ઈશ્વરલોકમાં પ્રવેશ થાય છે. અહીં 'ચિત્ત', 'શક્તિ'માં સમાય છે. 'અહંકાર' શિવમાં સમાય છે. 'બુદ્ધિ', 'વિષ્ણુ'માં સમાય છે અને 'મન', 'બ્રહ્મા'માં સમાય છે. હવે બાકી રહેલા 'મહાકારણ દેહ'માં રહેલી વાસના જો પૂર્ણ રીતે છૂટે તો તે દેહ 'પરબ્રહ્મ'માં સમાય અને મોક્ષ પામે.

**થોડા પ્રમાણ સમજીએ.**

"સ્થૂળ ઈન્દ્રિયો કરતાં તેને ઉત્પન્ન કરનારા પાંચ મહાભૂતો, મહાભૂતો કરતાં મન, મન કરતાં બુદ્ધિ, બુદ્ધિ કરતાં અહંકાર, અહંકાર કરતાં મહત્તત્વ, મહત્તત્વ કરતાં અવ્યક્ત પ્રકૃતિ અને અવ્યક્ત પ્રકૃતિ કરતાં પરમાત્મા ચઢિયાતો છે. (કઠ. ઉપ. ૧.૩.૯)"

"જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલી બધી વાસનાઓ દૂર થઈ જાય છે ત્યારે હૃદયની બધી ગાંઠો તૂટી જાય અને ત્યારે તે અમર બને છે. (કઠ. ઉપ. ૨.૨.૧૫)"

"હે ભગવતી, આપ જ સ્થાવર, જંગમ સર્વ પ્રાણીઓને ભોગ આપનાર છો કારણ કે પોતાના અંશરૂપ ૨૪ તત્ત્વોથી આપ જ દરેકને જીવન આપો છો. (દે.ભા. ૫.૧૯.૮)"

અહીં દેહ ૨૫ તત્ત્વોનો બનેલો છે તે આપણે સમજ્યા, જે સામાન્ય સમજ હતી. ખરેખર દેહ આ તત્ત્વોના 'પંચીકરણ' દ્વારા બનેલો હોય છે. જે ચર્ચા આ લેખની મર્યાદા બહાર છે.

આ લેખમાં 'ભૌતિક પ્રકૃતિ' નું કાર્ય સમજ્યા કે જે દેહ અથવા શરીર ઉત્પન્ન કરે છે. અત્યાર સુધીના લેખોમાં ૐ ની આધ્યાત્મિક સમજણ કેળવી. હવે પછીના લેખમાં આ "આધ્યાત્મિક સમજનો સારાંશ" સમજશું. ત્યાર પછીના લેખોમાં "પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ" ૐ ના માધ્યમ દ્વારા માણીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

## ૐ અને પરમાત્માની અભિવ્યકિત (ભાગ-૧૯)

# આધ્યાત્મિક સારાંશ




અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

ૐ અને પરમાત્માની અભિવ્યકિત અંતર્ગત આપણે કુલ અઢાર લેખોમાં નિર્ગુણ, નિરાકાર પરમાત્મા, સૃષ્ટિની રચના માટે બીજની ઉત્પત્તિનું મહત્વ, આ બીજના સ્ફોટ દ્વારા થતા ભાગ, આ સ્ફોટ દરમિયાન ઉત્પન્ન થતો ધ્વનિ એટલે કે પ્રણવ અથવા ૐ, કે જે આ સૃષ્ટિમાં હંમેશાં મોજૂદ હોય છે તે સમજ્યા.

ત્યાર બાદ આ બીજની ત્રણ અવસ્થા ઉભય (શુદ્ધ અદ્વૈત), અદ્વૈત (યુગ્મ) અને દ્વૈતને ખૂબ સરળ રીતે મગફળીના ઉદાહરણ દ્વારા અને ૐ ના માધ્યમ દ્વારા સમજ્યા. બીજની દ્વૈત અવસ્થામાં રહેલા બે ભાગને પુરુષ અને પ્રકૃતિ તરીકે સમજ્યા. 'પુરુષ' અથવા બ્રહ્મનું ચૈતન્ય એટલે જ આત્મા. જેનો વિવિધ સમજૂતીઓ દ્વારા અભ્યાસ કર્યો અને આ બધી સમજૂતી દ્વારા વેદના પાંચ અગત્યના વાકયો, "અહં બ્રહ્માસ્મિ", "અયમાત્મા બ્રહ્મ", "તત્વમસી", "પ્રજ્ઞાનમ બ્રહ્મ" અને "સર્વ ખલ્વીદમ બ્રહ્મ" સમજ્યા.

ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણો દ્વારા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિની સમજણ પણ કેળવી અને બ્રહ્માજી દ્વારા માનસપુત્રોની ઉત્પત્તિ, સૂર્યવંશ, ચન્દ્રવંશથી લઈને ભગવાન શ્રી કૃષ્ણના પ્રાદુર્ભાવ સુધીની તમામ સમજૂતી ખૂબ સરળ રીતે અધ્યયન કરી અને તેના જ પચ્ચીસ તત્ત્વોના પંચીકરણથી વિવિધ શરીરો અથવા દેહો ઉત્પન્ન થાય છે તે જ્ઞાન પણ આકૃતિના માધ્યમ દ્વારા પ્રાપ્ત કર્યું.

આપણે એક પુરાણોકત વાત ઘણી વાર સાંભળી છે. "યથા પિંડે તથા બ્રહ્માંડે" અર્થાત જે શરીરમાં જે તે જ બ્રહ્માંડમાં છે. આ ઉકિતને આપણી સમજૂતીના સારરૂપ ફરી સમજીએ. બીજમાંથી પ્રાદુર્ભાવ થતા પુરુષનો જે 'અંશ' અથવા 'ચૈતન્ય' છે તે જ આપણા શરીરમાં રહેલ 'જીવ' અથવા 'આત્મા' અથવા ગીતાની ભાષામાં 'દેહી' છે અને બીજમાંથી પ્રાદુર્ભાવ થતી 'ભૌતિક પ્રકૃતિ' એટલે જ આપણું 'શરીર' અથવા 'દેહ'. માટે જ આપણા શરીરમાં બ્રહ્મ અને પ્રકૃતિ (બીજી રીતે દેહી અને દેહ અથવા આત્મા અને શરીર) બે અલગ અલગ રીતે એટલે કે દ્વૈત સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે.

બ્રહ્મના ચૈતન્યના કારણે શરીરમાં ચૈતન્ય રહે છે અને તેનો વિકાસ થતો રહે છે. શ્વેતાસ્વતર ઉપનિષદમાં શરીરના આ વિકાસની અવસ્થાઓના છ (૬) તબકકા બતાવ્યા છે.

૧ જાયતે (જન્મ લેવો). ૨ અસ્તિ (જન્મીને). ૩. વર્ધતે (વૃદ્ધિ પામે તે). ૪. વિપ્રીનાયતે (યૌવન અવસ્થા પામે તે). ૫. અપક્ષીયતે (નાશ થવાની તૈયારી). ૬. નશ્યતિ (નાશ પામે તે)

મનુષ્ય અવતારમાં શરીરનો નાશ થાય તે પહેલા થોડા પ્રયત્નોથી અને વિચારવાની સમદ્રષ્ટિથી આ બધી સમજણ કેળવી શકાય છે.

જો પરમાત્માને પામવાનો પ્રયત્ન કરવો હોય તો આપણે અત્યાર સુધી જે સમજ્યા તેના ઊંધા રસ્તે જવું પડે એટલે કે આપણા શરીરમાં દેહ અને દેહીનો અથવા શરીર અને આત્માનો જે દ્વૈત છે તેને અદ્વૈતમાં અને ત્યાર બાદ શુદ્ધ અદ્વૈતમાં ફેરવવા માટે પ્રયત્નો કરવા જોઈએ. બ્રહ્મનું ચૈતન્ય 'આત્મા' એ અવિનાશી છે, તે જ બ્રહ્મ છે અથવા તે જ પરમાત્મા છે અને શરીર વિનાશી છે, તે સમજવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

> **બ્રહ્મનું ચૈતન્ય 'આત્મા' એ અવિનાશી છે, તે જ બ્રહ્મ છે અથવા તે જ પરમાત્મા છે અને શરીર વિનાશી છે. તે સમજવા માટે પ્રયત્નો કરવા જોઈએ.**

આના માટે મુખ્ય બે માર્ગો છે. જે બંનેમાં ૐ નું એક સેતુ (પુલ) તરીકે મહત્વ છે. (ખૂબ અગત્યનું વાકય છે, કદાચ આવું અત્યાર સુધી કોઈએ સમજાવ્યું નહિ હોય. જેની સમજૂતી આવનાર લેખોમાં)

પહેલો માર્ગ "ભકિતમાર્ગ" છે કે જેના અંતર્ગત પહેલા "કર્મયોગ"ને સમજવો પડે, આપણા નિયત કર્મોને સમજવા પડે. આ નિયત કર્મો હંમેશાં બંધનરૂપ હોય છે, આથી આ કર્મોને પ્રભુને અર્પણ કરતા રહેવાનું સમજવું જોઈએ. બીજો "જ્ઞાનયોગ" સમજવો પડે. અહીં જે સમજૂતી આપી તેવી અથવા અન્ય કોઈ માધ્યમથી પણ જ્ઞાન પ્રાપ્ત કરીને પણ આ વાતો સ્પષ્ટ રીતે સમજવી જોઈએ કે પરમાત્મા એક જ છે. વિશ્વના કણેકણમાં અને દરેકના હૃદયમાં સ્થાપિત છે. અન્યાશ્રય જેવું કંઈ પણ છે જ નહિ કારણ કે આ સકળ સૃષ્ટિ પરમાત્માની અભિવ્યકિત રૂપ છે. આમ 'ભકિતમાર્ગ' માં જ 'કર્મમાર્ગ' અને 'જ્ઞાનમાર્ગ' સમાયેલા છે.

બીજો માર્ગ "યોગ" અને "સાધના"નો છે. સંસાર છોડીને સાધુ બનેલી વ્યકિતઓ અથવા પરમાત્માની કૃપાથી જેને આંતર પ્રેરણા મળી છે તેવા સંત અથવા મહાપુરુષ બનેલી વ્યકિતઓ જ આ માર્ગે પ્રયાણ કરી શકે.

ખૂબ અગત્યનું એ છે કે બંને માર્ગેમાં 'દ્વૈત'ને 'અદ્વૈતમાં' અને ત્યાર બાદ 'શુદ્ધ અદ્વૈત' માં ફેરવવાની પ્રક્રિયા સમજવી પડે. બીજા શબ્દોમાં કહું તો પુરુષ અને પ્રકૃતિનો સમન્વય એવા તબકકા સુધી લાવવાનો પ્રયત્ન કરવો પડે કે જ્યાં તેમના ઐકય સિવાય તમને બીજું કશું સમજવાની જરૂરિયાત નહિ રહે. આનો બીજો અર્થ એમ થાય કે એક એવી અવસ્થાની અનુભૂતિ થાય જ્યાં ભૌતિક શરીરનું મહત્વ નહિ રહે અને આ તબકકે જ પરમાત્માને શરણાગત થવાનું જ્ઞાન પ્રાપ્ત થાય.

શ્વેતાસ્વતર ઉપ. ૩.૧૮ પ્રમાણે "નવ દ્વારવાળા શરીરમાં રહેલા ભગવાન સાથે મનુષ્યો જ્યારે તાદાત્મ્ય સાધે છે ત્યારે તે મુકત થઈ જાય છે."

આ જ વાત યોગ – સાધનાની ભાષામાં કુંડલિની જાગૃત થવા માટેનો જે લેખ હતો (લેખાંક–૧૮, ૭–૩–૨૦૨૨) તેમાં સમજ્યા હતા કે કુંડલિની જાગ્રત થવાથી દ્વૈત ફરી અદ્વૈત બને છે.

અત્યાર સુધી આપણે વેદો, પુરાણો વગેરે સાહિત્યોમાં આપેલી સમજૂતીનો ઉપયોગ કરીને પરમાત્માની અભિવ્યકિત સમજ્યા. હવે પછીના લેખોમાં પરમાત્માની "દ્રશ્ય અનુભૂતિ" ને ગણિત અને વિજ્ઞાનના માધ્યમથી સમજવાનો પ્રયત્ન કરીશું.

ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

સોમવાર ૨૫ જુલાઈ, ૨૦૨૨
ગુજરાતમિત્ર તથા
ગુજરાતદર્પણ
સત્સંગ

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ

## ભાગ-૧

**અધ્યાત્મ દર્શન**

અનુપ શાહ

પરમાત્માની કૃપાથી લેખોની શ્રેણી "સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ" અંતર્ગત અત્યાર સુધીના કુલ ૩૭ લેખોની હારમાળા દરમ્યાન ૐ અક્ષરને આધ્યાત્મિક સ્વરૂપે જાણવાનો આપણે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો. ખૂબ જરૂરી સમજૂતીઓને ૐ ના માધ્યમ દ્વારા આકૃતિઓની મદદથી સમજીને એક અલગ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ અનુભવ્યો. મેં આપને કહ્યું હતું તેમ, દરિયા જેવી વિશાળા સમજ ને હું જે રીતે સમજ્યો છું. તેને એક આચમની દ્વારા સમજાવવાનો મેં પુરેપુરો પ્રયત્ન કર્યો. પરમાત્માની કૃપાથી મને આ શ્રેણી દરમ્યાન ખુબ સુંદર અભિપ્રાયો મળ્યા. કેટલાકે કહ્યું કે ૐ આટલો ગહન હશે તેવી તો અમને ખબર જ નહોતી, ઘણાએ આ લેખમાળાને પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો પ્રસ્તાવ મુકયો અને પોતાનું આર્થિક યોગદાન આપવા પણ તૈયારી બતાવી. કેટલાકે એમ કહ્યું કે અમે એવું માનતા હતા કે જયારે શિવનો ઉલ્લેખ કરવાનો હોય ત્યારે જ ૐ નો ઉપયોગ થાય. કેટલાકે તો ત્યાં સુધી કહ્યું કે અમે એમ સમજતા હતા કે ૐ ને ફકત કોઈના મરણ પ્રસંગે શ્રદ્ધાંજલિ આપવા માટે જ વપરાય. બીજા એક મિત્રને હંમેશાનો વહેમ હતો કે ૐનું ઉચ્ચારણ કરું ને કોઈને કોઈ વિઘ્ન આવે. આ બધી માન્યતાઓ હવે સમાપ્ત થઈ. ૐ ને હવે નવી રીતે, કે જે પરમાત્માની જ અભિવ્યકિત છે તે દ્રષ્ટિથી સમજતા થયા અને આવી સમજણ આપવા હું કંઈક અંશે સફળ રહ્યો જે પરમાત્માની કૃપા વગર શકય નહોતું.

મેં આપને મારા પહેલા લેખથી જ જણાવ્યું હતું કે કોઈ પણ માન્યતાને સ્વીકારતા પહેલાં એને જાણો, સમજો, માનો અને એ માન્યતામાં પૂર્ણ વિશ્વાસ (ચમત્કાર નહિ) ઉત્પન્ન થાય પછી તેને માણો. જેનાથી અંધશ્રદ્ધા નામનું તત્ત્વ નીકળી જાય. જેમણે આ લેખમાળાને શરૂઆતથી જ સમજવાનો પ્રયત્ન કર્યો છે, તેઓને માટે મને લાગે છે કે ૐ ને જાણવાનો, સમજવાનો અને માનવા માટેનો તબકકો ઘણો સફળ રહ્યો.

આધ્યાત્મિક દર્શન બાદ હવેનું આપણું લક્ષ્ય ૐ ના ઉપયોગ દ્વારા "પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ" કરવાનું છે. ઈશ્વર કયાંય દેખાતો નથી એવું ઘણાનાં મોઢેથી સાંભળ્યું હોઈ શકે અને એટલે જ કદાચ મનુષ્ય ઈશ્વરની શોધ કરવા માટે, પોતાના નિજી સ્વાર્થને તાત્કાલિક સંતોષવા માટે, અંધશ્રદ્ધા અને ચમત્કારોનો આશ્રય લે છે. આગાઉના લેખોમાં અંધશ્રદ્ધા અને અન્યાશ્રય નામના કોશેટોની જે વાત મેં કરી હતી તે ઘણાને નહિ ગમી હોય તેવું બની શકે, પરંતુ તે તમામ મહાનુભાવોને મારો પ્રશ્ન છે કે શું નિરંતર આપણી આંખ સામે ઉદભવતા દ્રશ્યોમાં પરમાત્માનું દર્શન કરવાની ટેવ આપણે કેળવી છે ? આપણને કયારેય એવી લાગણી થાય છે કે સામે દેખાતું આટલું મધુર દ્રશ્ય પરમાત્માએ 'પ્રોગ્રામ' કરેલી કોઈ ચોકકસ ગણિતીય ગોઠવણનું પરિણામ છે ? મારો પહેલો લેખ તા. ૧૮-૧૦-૨૦૨૧ ફરી વાંચો તો તેમાં મેં સ્પષ્ટ લખ્યું હતું કે 'આપણી આ ધાર્મિક સંવાદરૂપ યાત્રા દરમ્યાન શાસ્ત્રોના પ્રમાણો આધ્યાત્મિક તથ્યો, વૈજ્ઞાનિક સ્વીકૃતિ, ગણિતીય સાબિતી વગેરે સમજવાનો પ્રયત્ન કરીશું.' અને અત્યાર સુધીના લેખોમાં મેં ભરપૂર રીતે શાસ્ત્રોના પ્રમાણો, આધ્યાત્મિક તથ્યો સમજાવવાનો પ્રયત્ન કર્યો. હવે સમય આવી ગયો છે વૈજ્ઞાનિક સ્વીકૃતિ અને ગણિતીય સાબિતીનો. હવે પછીના લેખો દરમ્યાન આપણે પરમાત્માની 'દ્રશ્ય અનુભુતિ' કરવાનો પ્રયત્ન કરીશું. અને આ લેખો દરમ્યાન આપણે પરમાત્મા જે ચોકકસ રીતે ગણિતીય સૂત્રોના ઉપયોગથી પોતાની 'પ્રોગ્રામ' કરેલી ગોઠવણ દ્વારા અભિવ્યકત થાય છે તેને સમજશું. અને તે જ ગણિતીય સૂત્રોનો ઉપયોગ કરીને ૐ ના માધ્યમ દ્વારા સાત્ત્વિક ઈચ્છાપૂર્તિનું આપણું ધ્યેય હાંસલ કરવાનો પ્રયત્ન કરીશું. પરમાત્મા જયારે આપણને સીધો રસ્તો બતાવતા હોય ત્યારે આપણા માટે કંઈ અશકય હોય ખરું ? અને આપણે જો પરમાત્માએ પ્રોગ્રામ કરેલી અભિવ્યકિતનો જ રસ્તો પકડીએ તો પરમાત્માને ગમે કે નહિ ? પણ હા, આકરી શરત એ છે કે આપણી ઈચ્છા માત્ર અને માત્ર 'સાત્ત્વિક' હોવી જોઈએ કારણ કે પરમાત્મા નિર્મળ અને નિરંજન છે.



> ૐ ના માધ્યમ દ્વારા સાત્વિક ઈચ્છાપૂર્તિનું આપણું ધ્યેય હાંસલ કરવાનો પ્રયત્ન કરીશું. પરમાત્મા જયારે આપણને સીધો રસ્તો બતાવતા હોય ત્યારે આપણા માટે કંઈ અશકય હોય ખરું ?

વેદો અને પુરાણોમાં આપણે 'શ્રુતિ' અને 'સ્મૃતિ' શબ્દો સાંભળ્યા છે. ૐ અક્ષર માટે આવા જ બે શબ્દો 'ધ્વનિ' અને 'દ્રશ્ય' કે જે મેં વારંવાર લખ્યા છે તેના ઉપયોગ દ્વારા આપણે 'પરમાત્માની અનુભૂતિ' કરવા પ્રયત્ન કરીશું. આમ તો આ અનુભૂતિને ગણિતના માધ્યમ દ્વારા સાત અલગ અલગ રીતે હું સમજ્યો છું અને આ દરેક રીતો દ્વારા દ્રશ્ય અનુભૂતિ આપ સૌને પણ કરાવી શકાય તેમ છે, પરંતુ આપણે બે સહેલી રીતોનો ઉપયોગ કરીશું. થોડી મર્યાદા જરૂર રહેશે પરંતુ મારું ધ્યેય એકદમ સામાન્ય વ્યકિત પણ આ લેખયાત્રામાં જોડાઈ શકે તે છે. અન્ય પાંચ રીતોમાં ગણિતની ઘણી આંટીઘૂંટી છે અને ઉચ્ચ ગણિતનુ શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યકિતઓ જ સમજી શકે તેવી છે. જેનો ઉપયોગ હું ટાળીશ. બધી સમજણના અંતે જો આપને આશ્ચર્યનો અનુભવ થશે અને લાગશે કે આવો દ્રશ્ય અનુભવ આપણે અત્યાર સુધી કેમ નહિં કર્યો, તો મારા કાર્યને હું સફળ ગણીશ.

આપના કોઈપણ મિત્રો, ગૃહિણીઓ, વેપારીભાઈઓ, વિદ્યાર્થીઓ, માંદા રહેતા સ્વજનો વગેરે કોઈ પણ વ્યકિતને પરમાત્મામાં સાચી શ્રધ્ધા હોય. જડતા, સંકુચિતતા અને અંધશ્રધ્ધાથી દૂર રહીને પોતાનું સાત્ત્વિક લક્ષ્ય મેળવવા માંગતા હોય, જીવનમાં નિખરવા માંગતા હોય, નવી ઊંચાઈ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા હોય અને તેને માટે થોડો સમય ફળવવાની તૈયારી હોય તો હજુ પણ સમય છે, ૐ અક્ષર અને ૐ ધ્વનિ દ્વારા પરમાત્માની અભિવ્યકિત થવાની ચોકકસ ગણિતીય રીતોને સમજવાનો. પરમાત્માની અભિવ્યકત થવાની જે કુદરતી ગોઠવણ છે, તેને અનુભૂત કરીને તેનો ઉપયોગ કરવાનો અને તેના માટે પરમાત્મા દ્વારા રચાયેલા એમના જ સૂત્રોનો ઉપયોગ કરવા માટેના 'સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ' ના આ લેખોમાં જોડાવાનો. આવતા લેખમાં 'બસંત બહાર' નામના ચલચિત્રના સુંદર ગીતમાં રહેલા શબ્દો દ્વારા આ અનુભૂતિનો આનંદ માણવાની શરૂઆત કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)


# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ


ભાગ-૨

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

આગાઉના લેખમાં મેં જણાવ્યું હતું તેમ પરમાત્મા અને તેની અભિવ્યકિતની "દ્રશ્ય અનુભૂતિ" ખૂબ સરળ રીતે કરી શકાય છે. જરૂરિયાત છે થોડી ગણિતીય સમજણની અને આપણી દ્રષ્ટિ કેળવવાની. દ્રશ્ય અનુભૂતિ સમજવા માટે આપણે શરૂઆત કરીએ " બસંત બહાર" નામના ચલચિત્રમાં મન્નાડે દ્વારા ગવાયેલ 'સૂર ના સાજે કયા ગાઉ મેં' ગીતની સુંદર રચનાથી 'શૈલેન્દ્ર' ની ગીત રચના દ્વારા લખાયેલા સુંદર શબ્દો "સંગીત મન કો પંખ લગાયે" અને "સ્વર કી સાધના પરમેશ્વર" વગેરેથી મનને ખૂબ આનંદની અનુભૂતિ થાય છે. ફકત આ જ નહિ પરંતુ શાસ્ત્રીય રાગ પર આધારિત કોઈપણ ગીત, આપણને ખૂબ મધુર લાગે છે અને તે મનને ગમે છે પરંતુ તેનું કારણ શું ? આ દિશામાં આપણે કયારેય વિચાર્યુ છે ? સામાન્ય રીતે એમ કહી શકાય કે શાસ્ત્રીય રાગ સ્વરોની ચોકકસ ગોઠવણીના આધારે થતા હોય છે માટે આપણને તે ગમે છે. અને આ તમામનો પાયો સ્વરોનું સપ્તક 'સા, રે, ગ, મ, પ, ધ, ની' છે. દરેક સંગીત આ સાત સ્વરોના ચોકકસ આરોહ અને અવરોહના ઉપયોગ વડે તૈયાર કરવામાં આવે છે. આ જ રીતે વ્યાકરણમાં પણ કાવ્યોના વિવિધ છંદોની રચના લઘુ, ગુરૂની માત્રાના ઉપયોગથી અને એક મૂળ શબ્દ 'યમાતારાજભાનસલગા' ના 'યમાતા', 'માતારા', 'તારાજ' વગેરે વિવિધ સંયોજનોથી બનાવવામાં આવે છે. જેનાથી કાવ્યોમાં વપરાતા છંદો અને કાવ્યો પણ આપણને ગમે છે પણ તેનું રહસ્ય શું છે? આને સમજવા મૂળ વાત સમજીએ.

ઈ.સ. પૂર્વે ૨૦૦ માં આપણા દેશમાં "પિંગલા" નામના ગણિતશાસ્ત્રીએ સર્વ પ્રથમ સંગીતના આરોહ, અવરોહ અને સંસ્કૃત પદ્યોના છંદની રચના માટે એક ચોકકસ ગણિતીય અંકોની હારમાળાનો ઉપયોગ કર્યો, જે થોડા ઘણા ફેરફારને અનુકૂળ થઈ આજે પણ વપરાય છે. એનો ઉપયોગ ઈ.સ. ૭૦૦ ના અરસામાં 'વિરહંકા' અને ઈ.સ. ૧૧૫૦ ના સમયગાળા દરમ્યાન 'હેમચન્દ્રે' પણ કર્યો. આપણું દુર્ભાગ્ય છે કે આવા મૂળ તત્ત્વોને આપણે




સાચવી અને આગળ ધપાવી શકયા નથી કારણ કે આપણને ફકત અંધશ્રદ્ધા અને ચમત્કારોમાં જ રસ છે. જૂનો પણ આ જ ઈતિહાસ હતો અને આજે પણ આ જ હકીકત છે અને કદાચ આ કારણે જ આ અંકોની હારમાળાની જે ભવ્યતા છે, તેની શોધ હાલમાં ગ્રીક ગણિતશાસ્ત્રી 'લ્યોનાર્દ ઓફ પીઝા' અથવા કોલેજ કક્ષાનું ગણિત ભણતા વિદ્યાર્થીઓ જેને 'ફિબોનાચી' તરીકે ઓળખે છે તેના નામે છે.

આ અંકોની હારમાળા આ પ્રમાણે છે. ૦, ૧, ૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ૨૧, ૩૪, ૫૫, ૮૯ ...... વગેરે... અનંત અંકો. આ હારમાળાની વિશષ્ટતા એ છે કે તેમાં કોઈ પણ એક અંક, તેની આગળના બે અંકોના સરવાળા બરાબર હોય છે. દા.ત. ૧૩+૨૧=૩૪. વળી મહત્વની વાત એ છે કે આ અંકોની હારમાળામાં જેમ આગળ વધીએ તેમ બે અનુક્રમે આવતી સંખ્યાનો ગુણોત્તર વધુમાં વધુ ૨ અને ઓછામાં ઓછો '૧.૫' થી શરૂ થઈ અંતે '૧.૬૧૮' જેટલો થાય છે. દા.ત. ૮૯/૫૫=૧.૬૧૮. અંકોની આ હારમાળા અંગ્રેજીમાં 'ફીબોનાચી સીરીઝ' અને આ ગુણોત્તરને ગણિતની ભાષામાં 'સોનેરી ગુણોત્તર (ગોલ્ડન રેશીઓ) તરીકે ઓળખાય છે.

આપણે ગણિતમાં બહુ ઊંડા નથી ઉતરવું. ફકત પાયાની વાત સમજીએ તો અંકોની આ જે હારમાળા છે, અને એના બે અંકોનો જે ગુણોત્તર છે, તેનો ઉપયોગ સંગીતના સપ્તકના આરોહ અને અવરોહમાં જાણે અથવા અજાણે થાય છે. દરેક સ્વરના આરોહ અથવા અવરોહને આ ગુણોત્તરના પ્રમાણમાં ઉપર અથવા નીચે લઈ જવામાં આવે છે. વિવિધ છંદ રચનામાં પણ લઘુ અને ગુરૂ માત્રા વડે આ જ ગુણોત્તરનું પ્રમાણ સચવાય છે અને **આ જ હારમાળા અને ગુણોત્તર પરમાત્માનો અભિવ્યકત થવાનો એક નિયમ પણ છે.** આપણે જયારે અમુક દ્રશ્યો જોઈએ છીએ, ત્યારે તે આપણને ગમે છે પરંતુ કેમ ગમે છે, તે સમજવાની દ્રષ્ટિ આપણે કેળવી નથી. આજથી આપણે આની શરૂઆત કરીશું. પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ કરતા પહેલાં અંકોની આ હારમાળા બાબત થોડી જરૂરી સમજણ પ્રાપ્ત કરવી પડશે. આ અંકો દ્વારા જે આકૃતિની રચના થાય છે તેને ઉપરની આકૃતિમાં અને 'સ્વર સપ્તક' ને નીચેની આકૃતિમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

અહીં ઉપરની આકૃતિમાં ગ્રોફપેપરના ઉપયોગ દ્વારા અંકોની હારમાળાને નાના નાના ચોરસના રૂપમાં ગોઠવી છે. જેમાં અંકોની હારમાળાના ખૂબ મહત્વના પહેલા શૂન્યને છોડીને ત્યાર બાદ આવતા ૧, ૧, ૨, ૩, ૫, ૮, ૧૩ અને ૨૧ દરેક અંકને, તેનો જેટલો નંબર છે તેટલા નંબરના આડા અને ઉભા ચોરસ દ્વારા એક ચોકકસ સ્થાનેથી ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં ગોઠવવામાં આવ્યા છે. (ઘડિયાળના કાંટાની દિશામાં પણ ગોઠવી શકાય) દા.ત. ૧ નંબરને ૧ × ૧ ના ચોરસમાં, આ જ રીતે ૮ નંબરને ૮ × ૮ જેટલા ચોરસની જગ્યા રોકે તે રીતે દર્શાવ્યા છે. હવે આપણે એક પેન્સિલ અથવા પેન લઈએ. અહીં અંક ૧ ના બે ખાના છે. તેમાં ડાબી બાજુના પહેલા અંક ૧ ના ચોરસ ખાનાની ડાબી બાજુના ઉપરના ખૂણાથી શરૂ કરીએ. અહીં સમજાવેલી અંકોની હારમાળા (૧, ૧, ૨, ૩..) દ્વારા બનાવેલા ચોરસોના સામસામેના ખૂણાઓને એક કુદરતી સર્પાકાર વળાંક વડે જોડવાનો પ્રયત્ન કરીએ. તે ત્યાં સુધી કે ૨૧ નંબરના ખાનાની ડાબા હાથના સૌથી નીચેના ખૂણા પર આપણો વળાંક પૂરો થાય. (વધુ મોટો અનંત લંબાઈનો પણ દોરી શકાય. અહીં ફકત સમજૂતી પુરતો નાનો રાખ્યો છે.)

આપ સૌ આ પ્રયોગ અહીં ગ્રાફપેપર વડે દર્શાવેલી આકૃતિના ઉપયોગ દ્વારા કરો. આનાથી જે આકૃતિ બને છે તેને નીચે દર્શાવેલા સ્વર સપ્તકની આકૃતિ સાથે મેળવવાનો પ્રયત્ન કરો. આપે જે અદભુત આકૃતિ તૈયાર કરી તેને વધુ સમજવાનો પ્રયત્ન આવતા લેખમાં કરીશું. ત્યાં સુધી...


॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ

## ભાગ-૩

ગયા લેખાંકમાં જે સૂત્રો બતાવ્યા હતા, તેને સમજવા ગ્રાફપેપર વડે એક નાનું હોમવર્ક કરવાનું મેં સૂચન કર્યું હતું. મને ખાત્રી છે કે આપ સૌએ ઉત્સાહથી તે કર્યું હશે. આપ સૌએ અહીં દર્શાવેલી આકૃતિ–૧ પ્રમાણેનો 'સર્પાકાર વળાંક' દોર્યો હશે તેને 'સ્વર સપ્તક'માં રહેલાં વળાંક સાથે સરખાવ્યો હશે અને આપે સ્વર સપ્તક વિશે અદભુત આશ્ચર્યજનક હકીકત અનુભવી હશે. હવે આપ સમજી શકો છો કે સ્વરોના સપ્તકના ઉપયોગથી થતી સંગીતરચના આપણને કેમ ગમે છે ? કારણ ખૂબ સ્પષ્ટ છે કે આ રચના પરમાત્માનો અભિવ્યકત થવાનો જે માર્ગ છે કે જે અંકોની ચોકકસ હારમાળા દ્વારા સર્જાય છે અને જેને આપણે આગાઉના લેખમાં સમજ્યા હતા તે માર્ગના ઉપયોગ દ્વારા રચવામાં આવે છે. આ સર્પાકાર વળાંકને ભૂમિતિની ભાષામાં 'સુવર્ણ સર્પાકાર વળાંક (ગોલ્ડન સ્પાઈરલ)' કહેવાય છે.




ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં અને કોલેજમાં ગણિત ભણતાં વિદ્યાર્થીઓ ઘણી વાર પરમાત્માની અભિવ્યકત થવાની અહીં સમજાવેલી ત્રણે વ્યાખ્યાઓ અથવા ૩ ગણિતીય સૂત્રો 'ફીબોનાચી સીરીઝ (અંકોની હારમાળા)', 'સુવર્ણ ગુણોત્તર (ગોલ્ડન રેશીઓ)' અને 'સુવર્ણ સર્પાકાર વળાંક' ના સંપર્કમાં આવ્યા હશે પરંતુ તેઓ સહિત અહીં આ ગણિતીય સૂત્રો સમજી રહેલાં સૌને કદાચ ખબર નહિ હોય કે પરમાત્મા પોતાને અભિવ્યકત કરવા માટે પણ આ ત્રણ વ્યાખ્યાઓ અથવા ગણિતીય સૂત્રોનો ખૂબ સુંદર ઉપયોગ કરે છે. અથવા બીજી **સાચી રીતે કહીએ તો પરમાત્માએ અભિવ્યકત થવા માટે ઉપયોગમાં લીધેલી આ ત્રણ વ્યાખ્યાઓ અથવા સૂત્રોનો માનવી ખૂબ સુંદર ઉપયોગ કરે છે.**

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

આપને જાણીને આશ્ચર્ય થશે કે માનવી આજે આ સૂત્રોનો ઉપયોગ શેરના ભાવોના ચાર્ટ વાંચવામાં અને તેના દ્વારા આગળ વેપાર ગોઠવવામાં, કેસિનોમાં રમાતી ગેમ જીતવામાં, કોમ્પ્યુટરના અલગોરિધમમાં અને પ્રોગ્રામિંગ ભાષામાં, ક્વોન્ટમ મીકેનીકસમાં, ક્રીપ્ટોગ્રાફીમાં, જાહેરખબરોમાં વપરાતાં વિવિધ 'લોગો' ની ડિઝાઈનમાં તથા અર્થશાસ્ત્રી પોતાના વિશ્લેષણમાં પણ કરે છે. આ ઉપરાંત આર્ટ (દા.ત. મંડાલા આર્ટ) અને કલાકારની સુંદર રચનાઓ, પિરામિડ, વિવિધ પ્રખ્યાત ચિત્રો, ભૌતિક આકૃતિઓ વગેરે કે જે ખૂબ લોકપ્રિય નીવડયા છે તે તમામ જગ્યાએ આ સૂત્રોનો એક યા બીજી રીતે, જાણે અથવા અજાણે ઉપયોગ થાય છે. આ જ સૂત્રો પ્રાચીન સમયમાં દેવોના રહસ્યમય ગુણધર્મો તરીકે પણ ઓળખાતા હતા. હવે કદાચ આપ કહેશો કે ૐ અક્ષરને સમજવા માટે આનો શું ઉપયોગ ?

તો ચાલો આપણે આપણા મુખ્ય ધ્યેય ૐ અક્ષરને આ ગણિતીય સૂત્રો 'અંકોની હારમાળા', 'સુવર્ણ ગુણોત્તર' અને તેના દ્વારા રચાતા 'સુર્વણ સર્પાકાર વણાંક દ્વારા સમજીએ. ૐ અક્ષર માટે અગાઉ આપણે ચાર વાતો વારંવાર સમજ્યા હતા, તેને ફરી યાદ કરીએ,

૧. ૐ એ પરમાત્માની અભિવ્યકિત છે.
૨. ૐ માં રહેલ બિંદુ પરબ્રહ્મ (શુદ્ધ અદ્વૈત) નું સ્થાન છે.
૩. ૐ માં રહેલ 'માત્રા' પુરુષ + મૂળ પ્રકૃતિ (અદ્વૈત અથવા યુગ્મ) નું સ્થાન છે.
૪. ૐ અક્ષરમાં માત્રાની નીચે રહેલું સ્થાન એ અ+ઉ+મ ત્રણ અક્ષરોનું સંયોજન છે અને આ ત્રણે અક્ષરો એકબીજા સાથે જોડાયેલા છે. તેને છૂટા પાડી શકાતા નથી. આ ત્રણે અક્ષરો પરમાત્માની દ્વૈત અવસ્થામાં રહેલી ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોને દર્શાવે છે. રજોગુણ, સત્ત્વગુણ, અને તમોગુણ.

હવે કલ્પના કરો કે આપે ગ્રાફપેપર પર દોરેલ સર્પાકાર વળાંક એક ગુણનું પ્રતિનિધિત્વ કરે છે અને આવા 'ત્રણ' સર્પાકાર વળાંક 'ત્રણ ગુણ' માટે રચાયેલા છે. રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ. આ ત્રણે ગુણોનું પ્રતિનિધિત્વ ત્રણ સુવર્ણ સર્પાકાર વળાંકો વડે આકૃતિ ૨ થી ૪ માં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. આ ત્રણે ગુણોની ગોઠવણી કરવાનો પ્રયત્ન કરીએ તો આપણને આકૃતિ ૫ માં બતાવ્યા પ્રમાણે ૐ ની પ્રતીતિ અથવા 'અદભુત દ્રશ્ય અનુભૂતિ' થાય છે.

પરમાત્મા જે ચોકકસ ગણિતીય સૂત્રોનો ઉપયોગ કરે છે અને તેના દ્વારા જે આકૃતિ રચાય છે તેની સ્પષ્ટ અનુભૂતિ આપણને ૐ અક્ષરમાં થાય છે. સંગીતની વાત માત્ર એક ઉદાહરણરૂપે હતી. પરમાત્માની આ અનુભૂતિ, આ જ ગણિતીય સૂત્રો 'સુવર્ણ ગુણોત્તર' અને 'સુવર્ણ સર્પાકાર આકૃતિ' દ્વારા, માનવ સહિત તમામ જીવંત પશુ, પક્ષી, જીવાતોમાં, વનસ્પતિમાં, ફૂલો અને ફળોમાં, ત્યાં સુધી કે આપણા બ્રહ્માંડની રચનામાં અને કુદરતી રીતે રચાતા દ્રશ્યો વગેરેમાં પણ કરી શકાય છે, મારા આટલા સંકેત પછી તમે હવે

**પરમાત્મા જે ચોકકસ ગણિતીય સૂત્રોનો ઉપયોગ કરે છે અને તેના દ્વારા જે આકૃતિ રચાય છે તેની સ્પષ્ટ અનુભૂતિ આપણને ૐ અક્ષરમાં થાય છે. સંગીતની વાત માત્ર એક ઉદાહરણરૂપે હતી.**

તમારી કલ્પનાની પાંખોને થોડી ફેલાવો. તમે સૌ કલ્પના કરવાનું શરૂ કરો. ખૂબ જ રસપ્રદ નજારો દેખાશે. કારણ કે હવે તમે પરમાત્માનો અભિવ્યકત થવા માટેનો માર્ગ સમજી શકો છો. તમે પરમાત્માના કૃપા માર્ગ તરફ આગળ વધી રહ્યા છો. આવતા લેખોમાં પરમાત્માની દ્રશ્ય અનુભૂતિને ૐ ના માધ્યમ દ્વારા ખૂબ જ રસદાયક રીતે આપણે આકૃતિ અને ફોટાઓના માધ્યમ દ્વારા કરીશું. તમને તમારા કલ્પેલા અસંખ્ય દ્રશ્યોમાંથી, માત્ર એક દ્રશ્યની પણ અનુભૂતિ આવતા લેખોમાં થશે તો જે આનંદ થશે તે રોમાંચક અને અવર્ણનીય હશે.

આવતા લેખમાં વિશેષ સમજૂતી સાથે મળીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥


(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૪


અધ્યાત્મ દર્શન
અનુપ શાહ


આગાઉના લેખમાં 'સુવર્ણ સર્પાકાર વળાંક' ને આપણે આકૃતિના માધ્યમ દ્વારા સમજ્યા હતા, જે પરમાત્માનો અભિવ્યકત થવાનો એક પ્રકાર છે. ૐ અક્ષરની રચનામાં પણ તે ખુબ મહત્વ ધરાવે છે, કારણે આ વળાંક ૐ અક્ષરની જેમ પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ કરાવે છે. આગાઉના લેખમાં દર્શાવેલા સુત્રો અને આકૃતિને બરાબર સમજીએ, તો પરમાત્માની અનુભૂતિ થતા વાર નથી લાગતી. આપણી દ્રષ્ટિને જો કેળવીએ, તો આપણને આશ્ચર્યજનક દ્રશ્યો અને પરમાત્માની રચનાની અનુભૂતિ થાય છે. આ જ સુત્રો અને સર્પાકાર વળાંક દ્વારા પરમાત્માની વિવિધ રીતે થતી અનુભૂતિને માણવાનો પ્રયત્ન હવે આપણે કરીએ. થોડા ઉદાહરણ સમજીએ તો માનવી સહિત દરેક જીવંત પ્રાણીમાત્રના શરીરના બંધારણનો નાનામાં નાનો ઘટક એટલે કોષ. આ કોષની વૃદ્ધિની પ્રક્રિયા કે જેમાં કોષ, એકમાંથી અનેક બને છે અને પ્રાણીમાત્રના શરીરની વૃદ્ધિ કરે છે, તે આ સુત્રોને આધારિત થાય છે. એટલું જ નહિ પરંતુ DNA અને રંગસૂત્રો સહિત વિવિધ અવયવોની અને શરીરના બંધારણની રચના પણ મહદઅંશે આ સુત્રો અને આકૃતિને આધારિત છે. આ જ રીતે વનસ્પતિમાં પણ કોષની વૃદ્ધિના માધ્યમ દ્વારા થતી વૃદ્ધિ આ સુત્રો દ્વારા થાય છે. એટલુ જ નહિ પણ એમાં ઉત્પન્ન થતી ડાળીઓ, એક પછી એક ઉત્પન્ન થતા પાંદડાની રચનાઓ, ફૂલોની ગોઠવણી. ફૂલોની પાંદડીઓ, ફળોની અભિવ્યકિત વગેરે પણ આ સુત્રો પર આધારિત છે. આપણું બ્રહ્માંડ ભલે આપણને અસ્તવ્યસ્ત અને અણધારી રીતે રચાયેલું લાગતું હોય પરંતુ બ્રહ્માંડની અગત્યની ગોઠવણી પાછળ પણ આ સુત્રો અને આકૃતિ રહેલા છે. આ જ રીતે કુદરતમાં ઉદ્‌ભવતી રચનાઓ પણ આ સુત્રોને અનુસરે છે. એમ સમજી લો કે પરમાત્માએ પોતાની અભિવ્યકિતને ઢાળવા માટે એક બીબું તૈયાર કર્યુ છે કે જેના વડે અભિવ્યકિતની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. ચાલો આપણે અનુભૂતિની શરૂઆત કરીએ.



શાલીગ્રામ


આકાશ ગંગા


વાવાઝોડ


દરિયા ના મોજાં


અભિવ્યક્તિ નો નિયમ


જ્યોતિર્લીંગ ભ્રમણ

## કુદરતમાં અને બ્રહ્માંડમાં પરમાત્માની અનુભૂતિ :

અહીં દર્શાવેલા પાંચ અલગ અલગ ફોટાઓમાં 'પરમાત્મા'ની કુદરત અને બ્રહ્માંડમાં અનુભૂતિ કરી શકાય છે. પહેલો ફોટો છે 'શાલીગ્રામ' માં રહેલા 'વિષ્ણુચક્ર'નો. નેપાળમાં આવેલી 'કાલીગંડકી' નદીના કિનારે માનવના કોઈપણ હસ્તક્ષેપ વગર કુદરતી સ્વરૂપમાં રચાયેલા શાલીગ્રામ પથ્થરને સહુ જાણતા હશો. પુરાણોમાં પણ તેનો ઉલ્લેખ છે. આ પત્થરો ખુબ પવિત્ર મનાય છે. અને પૂજામાં તેનો ઉપયોગ થાય છે. ભગવાનના 'વિષ્ણુચક્ર' નું સ્થાન શાલીગ્રામમાં રહેલું છે. આ પત્થરોની કથા પુરાણોમાં 'તુલસી' 'લક્ષ્મી' 'શંખચુડ' (આગલા જન્મના સુદામા), અને 'વિષ્ણુ' સાથે સંકળાયેલી છે.

બીજો ફોટો છે બ્રહ્માંડમાં રહેલી 'આકાશગંગા (ગેલેક્ષી)'નો. આકાશગંગાની રચના તારાઓ, તૂટેલા તારાઓના સમૂહો, ગેસ, બ્લેકહોલ વગેરેથી થાય છે. માત્ર અને માત્ર કુદરતનું કાર્ય છે. માનવીનો આમાં જરાપણ ચંચુપાત નથી. આપણી પૃથ્વી અને અન્ય ગ્રહો જેમ સુર્યની પ્રદક્ષિણા કરે છે તેમ આકાશંગગા ને પણ પોતાના સૂર્યમંડળ ની રચના હોય છે. ફોટામાં પરમાત્માની આ અનુભૂતિને આપે તૈયાર કરેલા સર્પાકાર વણાંક ગોઠવીને સમજાવી છે.

ત્રીજો ફોટો છે વાવાઝોડા દરમ્યાન ઉત્પન્ન થતી વાદળોની રચનાનો. વાવાઝોડા દરમ્યાન સેટેલાઈટ દ્વારા લેવાયેલા ફોટા આપે નિહાળ્યા હશે. આ પણ શુદ્ધ કુદરતનું રૌદ્ર સ્વરૂપ છે. માનવીનો આમાં પણ બિલકુલ હસ્તક્ષેપ નથી. બલ્કે માનવી લાચારી અનુભવે એવું કુદરતનું આ કાર્ય છે. વખતે વખતે માનવીને પોતાનું સ્થાન બતાવી આપે તેવી પરમાત્માની અનુભૂતિ અહી આપેલ ફોટો દ્વારા કરીએ, કે જેમાં આપે તૈયાર કરેલા સર્પાકાર વણાંક શામેલ છે.

ચોથો ફોટો છે દરિયામાં ઉછળતા મોજાઓનો. ગોવા જેવા દરિયા કિનારાનો અનુભવ હોય તો "સર્ફિંગ" નામની સુંદર રમત દરિયાના પાણીના વેગથી ઉછળતા દરિયાઈ મોજા માં રમાય છે. આ પણ શુદ્ધ કુદરતનું કાર્ય છે. કેટલો જબરદસ્ત વેગ હોય છે. આ દરિયાઈ મોજાઓનો ? આ ઉછળતા મોજાં દરમ્યાન જે આકૃતિ રચાય છે તે આપે બનાવેલ સર્પાકાર વણાંકને મુકીને બતાવી છે.

પાંચમાં ફોટામાં પરમાત્માની અભિવ્યકિતનો નિયમ ૐ અક્ષરમાં પ્રતિપાદિત કરીને બતાવ્યો છે, જે આગાઉના લેખમાં સમજ્યા હતા.

છઠો ફોટો એવી એક યાત્રાનો છે કે જે શિવભકતોમાં ખુબ પ્રિય છે. અને તે છે 'બાર જ્યોતિર્લીંગ'ની યાત્રા. જ્યોતિર્લીંગો કુદરતી રીતે રચાયેલા અથવા 'સ્વયંભુ' હોવાનું કહેવાય છે. દરેક જ્યોતિર્લીંગના નામ આકૃતિમાં છે. એનું વર્ણન અપ્રસ્તુત છે. પરંતુ 'ધ્રુસ્નેશ્વર' થી શરૂ કરીને

**વાવાઝોડા દરમ્યાન ઉત્પન્ન થતી વાદળોની રચનાનો, વાવાઝોડા દરમ્યાન સેટેલાઈટ દ્વારા લેવાયેલા ફોટા આપે નિહાળ્યા હશે. આ પણ શુદ્ધ કુદરતનું રૌદ્ર સ્વરૂપ છે. માનવીનો આમાં પણ બિલકુલ હસ્તક્ષેપ નથી.**

'કેદારનાથ' સુધીના માર્ગને આપણે જોડીએ તો ફોટામાં દર્શાવ્યા પ્રમાણેનો સુન્દર માર્ગ તૈયાર થાય. મૂકી જુવો આપે તૈયાર કરેલા સર્પાકાર વળાંકને. થાય છે ને પરમાત્માની સુંદર રચનાની અનુભૂતિ?

કુદરતમાં આવા અસંખ્ય દ્રશ્યો છે કે જે પરમાત્માની હર પળે આપણને અનુભૂતિ કરાવે છે. અહીં ફકત થોડા ઉદાહરણ લીધા છે. આપણી દ્રષ્ટિને કેળવવાની જો આપણે શરૂઆત કરીએ તો આવા અસંખ્ય દ્રશ્યોમાં પરમાત્માને અનુભવી શકાય. આવતા લેખમાં પરમાત્માની અનુભૂતિ ૐ ના માધ્યમ દ્વારા ખુબ જ રસદાયક રીતે મનુષ્ય, વનસ્પતિ અને પ્રાણીઓમાં કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ

ભાગ-૫


**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

આપણે કુદરત દ્વારા રચાતા દ્રશ્યોમાં પરમાત્માની અનુભૂતિ ગત લેખમાં કરી હતી. હું માનું છું કે આ દ્રશ્યો ને નવી રીતે જોવાથી આપને એક અલગ પ્રકારના અનુભવની લાગણી થઈ હશે. અને આ લેખની ઉત્કંઠા વધી હશે. એનું માત્ર અને માત્ર કારણ આપે કરેલી પરમાત્માની અનુભૂતિ છે. મેં અગાઉ આપને જણાવ્યું તેમ પરમાત્મા પોતાને અભિવ્યકત થવા માટે જે માર્ગ પસંદ કરે તેને જો આપણે અનુસરીએ તો તેના પરિણામ કલ્પના બહારના હોય છે.

આજે આપણે મનુષ્ય, વનસ્પતિ, પ્રાણી, વગેરેમાં આ અનુભૂતિ કરીશું. મારી પાસે આ અનુભૂતિ કરાવવા માટે ફોટાઓનો ખુબ વિશાળ સંગ્રહ છે. જેમાંથી થોડા ફોટા અહીં દર્શાવ્યા છે. અને હા, મને હવે વધુ ફોટા દર્શાવવાની જરૂરિયાત લાગતી નથી. કારણ કે એકવાર પરમાત્માની અનુભૂતિ થાય પછી આપણી દ્રષ્ટિ જ બદલાય જાય છે. એકવાર આ અનુભૂતિઓનો અનુભવ થાય પછી કદાચ તમે મારા કરતા પણ વધુ આ બાબતમાં વિચારતા થશો એવું હું ખાત્રીપૂર્વક કહી શકું. કારણ કે હવે તમે પરમાત્માની કૃપા દ્રષ્ટિમાં છો. પરમાત્માનો અભિવ્યકત થવાનો માર્ગ તમે સમજી શકો છો.

અહીં ફોટાઓને ત્રણ લાઈનમાં ગોઠવ્યા છે. જેમાં પહેલી લાઈન માં **'મનુષ્યમાં' પરમાત્માએ રચેલા સુત્રોની અનુભૂતિ કરી શકાય છે.** **પ્રથમ ફોટો ગર્ભસ્થ શિશુનો છે** જેમાં 'સુવર્ણ સર્પાકાર વણાંક' ને અદભુત રીતે અનુભવી શકાય છે. **બીજા ફોટામાં DNA** બતાવ્યો છે. મેડીકલ ભાષામાં "POLYNUCLEOTIDE" કહેવાય છે કે જે, બે સુત્રોથી રચાયેલ 'હેલીક્ષ' આકારની એક કોઈલના ગૂંચળા જેવો હોય છે. કોઈપણ મનુષ્યમાં તેના જન્મથી તેના વંશમાં રહેલા અનુવાંશિક ગુણધર્મો આના દ્વારા ટ્રાન્સફર થાય છે. જે નરી આંખે નિહાળવો સંભવ નથી, પણ માઈક્રોસ્કોપમાં જોઈ શકાય છે. એના બંધારણમાં જે માપ છે તે ફોટામાં દર્શાવ્યા છે, જેમાં 'સુવર્ણ રેશીઓ' ની અનુભૂતિ કરી શકાય છે. **ત્રીજા ફોટામાં વાળમાં ઉદભવતી ભમરી** અને કાનમાં સુવર્ણ વણાંક અનુભવી શકાય છે. **ચોથા ફોટામાં હાથની આંગળીમાં** રહેલા હાડકાના માપમાં 'સુવર્ણ ગુણોત્તર' ને અનુભવી શકાય છે. આ જ ગુણોત્તર આખા હાથમાં પણ અનુભવી શકાય છે. **પાંચમાં ફોટામાં હાથના અંગુઠાની છાપ** બતાવી છે. જેની રેખાઓમાં પણ 'સુવર્ણ વણાંક' અનુભવી શકાય છે. આ જ અનુભૂતિ દરેક આંગળીઓમાં પણ કરી શકાય છે. આ ઉપરાંત શરીરના વિવિધ અંગોની રચનાના માપ તપાસીએ તો દરેક જગ્યાએ આ સુત્રો અને ગુણોત્તર અનુભવી શકાય છે.



ગર્ભસ્થ શિશુ | ડી. એન. એ. | વાળ ની ભમરી અને કાન | આંગળી ના હાડકા અને હાથ | અંગુઠા ની છાપ

સૂર્યમુખી | ગુલાબ | નારંગી | ફૂલગોબી | ઝાડ ની ડાળીઓ

કરોળિયા નુ જાળુ | મોરના પીંછાની ગોઠવણી | અભિવ્યક્તિ નો નિયમ | શંખ / છીપલું | ગોકળગાય

**ફોટાઓની બીજી લાઈનમાં 'વનસ્પતિમાં' આપણે પરમાત્માની અનુભૂતિ કરીશું.** જેમાં **પ્રથમ ફોટામાં સૂર્યમુખીના ફૂલની રચના** બતાવી છે અને તેમાં આપે દોરેલા સુવર્ણ સર્પાકાર વણાંક ગોઠવ્યો છે. કેટલું અદભુત લાગે છે ? **બીજા ફોટામાં ગુલાબ** ને દર્શાવ્યું છે. જેની પાંદડીઓની ગોઠવણીને બારીકાઈથી નિહાળો. જેમાં પણ સૂવર્ણ વણાંક અનુભવી શકાય છે. **ત્રીજા ફોટામાં નારંગી** ને આડી કાપી છે. અહીં પણ સુંદર અનુભૂતિ થાય છે. **ચોથા ફોટામાં ફૂલગોબી** નો દડો દર્શાવ્યો છે. ગોબીમાં થતા ફૂલોની રચનાના ઉપસેલા ભાગની વચ્ચે જે ખાડા જેવી સપાટી છે અને તેના દ્વારા જે વણાંક રચાય છે, તેને બે રંગોની પેન વડે દોરીને દર્શાવ્યો છે. **પાંચમાં ફોટામાં છોડ અથવા વૃક્ષમાંથી ઉદભવતી ડાળીઓ** અંકોની હારમાળાના નિયમને અનુસરે છે તે સમજાવ્યું છે. આ ઉપરાંત કુવારપાઠું, પાઈનેપલ, પામના ફળો, રુદ્રાક્ષ વગેરે અસંખ્ય ફળ, ફુલ અને વનસ્પતિમાં પણ પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ કરી શકાય છે.

**ફોટાઓની ત્રીજી લાઈનમાં ''પ્રાણીઓ'' દ્વારા રચાતી રચનાની અનુભૂતિ કરીએ.** **પ્રથમ ફોટામાં કરોળિયાનું જાળું** કેટલો અદભુત વણાંક રચે છે ? બતાવો કરોળિયાને કોણ ટયુશન આપતું હશે ? **બીજા ફોટામાં મોરના પંખ**ની કુદરતી ગોઠવણી અનુભવીએ. અવર્ણનીય છે ને ? **ત્રીજા ફોટામાં આપણે અભિવ્યકિતનો જે નિયમ** સમજ્યા તે બતાવ્યો છે. **ચોથા ફોટામાં શંખ અને છીપલાના** આકાર અને તેમાં ઉત્પન્ન થતી દરિયાઈ જીવોની ઉત્પત્તિને સમજવાનો પ્રયત્ન કરીએ. **પાંચમાં ફોટામાં કુદરતની એક વધુ રચના ગોકળગાય** ને નિહાળો. 'સુવર્ણ વણાંક' ની સ્પષ્ટ અનુભૂતિ અહીં પણ દ્રશ્યમાન છે. આ ઉપરાંત સાપ, હાથની સૂંઢ, વિવિધ પ્રાણીઓની પૂંછ વગેરેમાં આ અનંત અનુભૂતિ કરી શકાય છે.

હવે આજથી પરમાત્માના દરેક કાર્યોમાં અહીં દર્શાવેલા બે સુત્રો અને ત્રીજા સુવર્ણ સર્પાકાર વણાંક દ્વારા પરમાત્માની અનુભૂતિ કરવાનું શરૂ કરીએ.

**કોઈપણ મનુષ્યમાં તેના જન્મથી તેના વંશમાં રહેલા અનુવાંશિક ગુણધર્મો આના દ્વારા ટ્રાન્સફર થાય છે. જે નરી આંખે નિહાળવો સંભવ નથી, પણ માઈક્રોસ્કોપમાં જોઈ શકાય છે. એના બંધારણમાં જે માપ છે તે ફોટામાં દર્શાવ્યા છે.**

અને હા, અંકોની આ હારમાળાને કાયમ માટે યાદ રાખજો કારણકે આગળના લેખોમાં સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે આપણે તેનો ઉપયોગ કરવાના છીએ. પરમાત્માએ રચેલા માર્ગ ઉપર ચાલવાથી શું નહિ મળે ?

હવે પછીના લેખમાં ૐ ના માધ્યમ દ્વારા ખુબ જ રસદાયક રીતે પરમાત્માની અનુભૂતિની બીજી રીત સમજશું, ગણિત અને વિજ્ઞાનના માધ્યમ દ્વારા આપણે ફકત સરળ સમજૂતીવાળી ચર્ચા જ કરીશું કે જેથી સહુ આમાં જોડાઈ શકે. ત્યાં સુધી....

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ

ભાગ-૬

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

આગાઉના લેખોમાં પરમાત્મા દ્વારા અભિવ્યકત થવા માટે ઉપયોગમાં લેવાતા બે અગત્યના સુત્રો 'ફીબોનાચી સીરીઝ', 'સોનેરી ગુણોત્તર' (ગોલ્ડન રેશીઓ) અને તેના દ્વારા રચાતી આકૃતિ એટલે કે 'સુવર્ણ સર્પાકાર વણાંક' ને સમજ્યા. ૐ અક્ષરમાં આ વણાંક ત્રણે ગુણોના અસ્તિત્વ દ્વારા સમજ્યા. ૐ ની અલગ રીતે અનુભૂતિ કરી. કુદરતમાં, મનુષ્યમાં, પ્રાણીઓમાં, વનસ્પતિમાં વગેરેમાં પણ આ સુત્રોના માધ્યમ દ્વારા પરમાત્માની અદભુત અનુભૂતિનો અનુભવ આપણે કર્યો. પરમાત્માની એક એવી દર્શનીય અનુભૂતિ એક નવી ક્ષિતીજ આપણે ખોલી અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિને માણી. આનાથી ઉત્સાહિત થઈ મને ઘણા મિત્રોના ફોન મળ્યા. આ તબકકે હું સર્વનું ઋણ સ્વીકાર કરું છું, અને સાથે જ આપ સૌને આ લેખોની શ્રેણીમાં જોડાઈ રહેવા આગ્રહ કરું છું. એટલું જ નહિ આપના અન્ય મિત્રોને અને ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓને પણ આમાં જોડાવા પ્રેરિત કરો તેવી લાગણી વ્યકત કરું છું. કારણકે આપણે હવે આપણા ધ્યેયની સમીપ આવી રહ્યા છીએ. યુવા મિત્રોને કદાચ આધ્યાત્મિક ચર્ચામાં રસ નહિ પડયો હોય, તો પહેલી રીતની જેમ જ બીજી રીત પણ ગણિત અને વિજ્ઞાનને આધારિત છે. જેનું આધ્યાત્મિક પરિવર્તન આપણે સમજવાનો પ્રયત્ન કરવાના છીએ. સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે આપણે કોઈ ખર્ચ કરવાનો નથી, કોઈ જાદુ, ચમત્કાર કે અંધશ્રધ્ધાનો આશરો લેવાનો નથી. આપણે માત્ર પરમાત્માને અભિવ્યકત થવા માટે દર્શાવેલ માર્ગ પકડવાનો છે. અને ૐ ના માધ્યમ દ્વારા તેનો ઉપયોગ કરવાનો છે. જેમાં નિષ્ફળતાની કોઈ સંભાવના નથી. કારણ કે આપણે પરમાત્માની કૃપા નો માર્ગ પસંદ કર્યો છે.

આગાઉના લેખમાં મેં આપને કહ્યું હતું તેમ 'સાત' રીતોમાંથી 'બે' સહેલી રીતોના ઉપયોગ વડે આપણે પરમાત્માની અભિવ્યકિતની અનુભૂતિ કરીશું. કારણ કે બાકીની રીતોમાં ઉચ્ચ કક્ષાના ગણિતનો ઉપયોગ જરૂરી છે. ખુબ મર્યાદામાં રહીને સામાન્ય માનવી પણ સમજી શકે તે રીતે એક માર્ગ આપણે સમજ્યા. હવે બીજો માર્ગ સમજવાનો પ્રયત્ન કરીએ. જેના માટે ગણિત અને વિજ્ઞાન બંને ને સરળ રીતે સમજવા પડશે. આ રીતમાં આપણે એકાકી સંખ્યા એટલે કે '૧' થી '૯' નો ઉપયોગ કરીશું. આને સમજતાં પહેલાં 'એકાંકી મૂળ' ની એક અગત્યની વ્યાખ્યા સમજવી પડે.

| | |
|---|---|
| ૧ x ૨ = ૨ | ૨ |
| ૨ x ૨ = ૪ | ૪ |
| ૪ x ૨ = ૮ | ૮ |
| ૮ x ૨ = ૧૬ = ૧ + ૬ = ૭ | ૭ |
| ૧૬ x ૨ = ૩૨ = ૩ + ૨ = ૫ | ૫ |
| ૩૨ x ૨ = ૬૪ = ૬ + ૪ = ૧૦ = ૧ +૦ = ૧ | ૧ |
| ૬૪ x ૨ = ૧૨૮ = ૧ + ૨+ ૮ = ૧૧ = ૧ + ૧ =૨ | ૨ |
| ૧૨૮ x ૨ = ૨૫૬ = ૨ + ૫ + ૬ = ૧૩ = ૧ + ૩ = ૪ | ૪ |
| ૨૫૬ x ૨ = ૫૧૨ = ૫ + ૧ + ૨ = ૮ | ૮ |
| ૫૧૨ x ૨ = ૧૦૨૪ = ૧ + ૦ + ૨ + ૪ = ૭ | ૭ |
| ૧૦૨૪ x ૨ = ૨૦૪૮ = ૨ +૦ +૪ +૮ = ૧૪ = ૧ + ૪ = ૫ | ૫ |
| ૨૦૪૮ x ૨ = ૪૦૯૬ = ૪ + ૦ + ૯ + ૬ = ૧૯ = ૧ + ૯ = ૧૦ = ૧+૦ = ૧ | ૧ |

**એકાંકી મૂળ:** "કોઈપણ સંખ્યાને તેમાં રહેલા અંકોના સરવાળા વડે એક અંકમાં પરિવર્તિત કરવાથી જે સંખ્યા મળે તેને તે સંખ્યાનું, એકાંકી મૂળ કહેવાય. આ મૂળ હંમેશા ફકત એક અંકમાં એટલે કે અંક ૧ થી ૯ માં હોય".

દા.ત. કોઈપણ એક અંક લઈએ ૪૫૬૭. આનું એકાંકી મૂળ થાય ૪+૫+૬+૭=૨૨, જેના અંકોનો ફરી સરવાળો કરતા ૨+૨=૪ એટલે કે અંક સંખ્યા ૪૫૬૭ નું એકાંકી મૂળ ૪ કહેવાય. આટલી અગત્યની સમજણ પછી ચાલો આપણે આનો ઉપયોગ સમજવાનો પ્રયત્ન કરીએ.

પહેલાં એક અંક વાળી સંખ્યાનું લીસ્ટ લખીએ. ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, **અંકોની આ હારમાળામાં શૂન્યનું પણ ખૂબ મહત્વ છે, કે જે અંતિમ છે, બધાથી ઉપર છે, પરંતુ હાલની સમજણ પુરતું આપણે શૂન્યને એક સમતોલ અંક તરીકે રાખીએ.** આથી બાકી રહેતી એકાંકોની શ્રેણી ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ નો ઉપયોગ કરીએ. સ્વાભાવિક છે કે અંક 'નવ(૯)' પછી તમામ અંક દ્વિ અંકી હોય છે. આપણે શરૂઆત કરીએ અંક '૧' ના ગુણાકાર દ્વારા મળતી એકાંકી સંખ્યાઓને સમજવાથી, 'આ સૃષ્ટિમાં ઉદભવ પામતા તમામ જીવો પ્રાથમિક રીતે ફકત એક કોષ માંથી ઉદભવે છે.' સામાન્ય રીતે ત્યારબાદ તેની ઉતરોતર બમણી સંખ્યામાં વૃદ્ધિ થતી રહે છે. આ હકીકતના આધારે આપણે અંક '૧' ને બમણા કરતા જઈએ અને તેનું 'એકાંકી મૂળ' શોધતા જઈએ. એનું પરિણામ અહીં દર્શાવેલ ટેબલમાં આપ્યું છે. અહીં ફકત ૪૦૯૬ સુધીના અંકોનું 'એકાંકી મૂળ' શોધ્યું છે. આપને રસ હોય તો અહીં દર્શાવેલ પધ્ધતિ પ્રમાણે હજી વધુ અનંત સંખ્યા સુધી ગણત્રી કરી શકો છો.

આ ટેબલમાં આપ અનુભવશો કે દરેક સંખ્યાનું એકાંકી મૂળ આ રીતે પુનરાવર્તન થાય છે. ૨, ૪, ૮, ૭, ૫, ૧. આ ગણતરીને ગમે તેટલી લંબાવો તો પણ તમને અંકોની આ જ શ્રેણી નું પુરાવર્તન મળશે. અહીં એક અગત્યનું અવલોકન કરીએ તો અંકોની આ શ્રેણીમાં '૩', '૬' અને '૯' કયાંય પણ દેખાતા નથી.

આનો સાદો અર્થ એવો કરી શકાય કે, અહીં આપણે ગણત્રી કરેલ શ્રેણીના અંકો "૨, ૪, ૮, ૭, ૫, ૧" એ સામાન્ય અંકો છે કારણ કે તેમનું પુનરાવર્તન વારંવાર થાય છે. આનો અર્થ એવો પણ થાય કે 'સૃષ્ટિના જીવોના શરીરોની ઉત્પત્તિ કે જે કોષ દ્વારા થાય છે તેમાં આ સંખ્યાનું પુનરાવર્તન વારંવાર થાય છે'. અને '૩', '૬' અને '૯' એ 'વિશિષ્ટ મહત્વ' ધરાવતા અંકો છે, જે સામાન્ય રીતે વારંવાર પુનરાવર્તિત થતા નથી અને બધા અંકો સાથે ભળતા નથી. જીવોની ઉત્પત્તિના સામાન્ય કાર્યમાં યોગદાન આપતા નથી. પરંતુ આ ત્રણે અંક (૩, ૬, ૯) કોઈક વિશિષ્ટતા ધરાવે છે.

**એકાંકી મૂળ: 'કોઈપણ સંખ્યાને તેમાં રહેલા અંકોના સરવાળા વડે એક અંકમાં પરિવર્તિત કરવાથી જે સંખ્યા મળે તેને તે સંખ્યાનું એકાંકી મૂળ કહેવાય.**

હું બીજા શબ્દોમાં '૩', '૬' અને '૯' અંકોને રહસ્યમય અંકો તરીકે વર્ણવીશ. આ ત્રણે અંકોનું 'આંકડાકીય' અને 'આધ્યાત્મિક' મહત્વ આપને સમજાવવાનો પ્રયત્ન કરીશ. કારણકે આપણું ધ્યેય '૩', '૬' અને '૯' અંકોને સમજીને, તેની વૈજ્ઞાનિક સમજુતી દ્વારા આપણા અંતિમ ધ્યેય 'સાત્વિક ઈચ્છાપૂર્તિ' માં તેના ઉપયોગનો છે. જ્યારે આ ત્રણ અંકોના મહત્વને સમજશો ત્યારે અગાઉના લેખાંકોમાં જે અનુભૂતિ કરેલી તેવી અદભુત અનુભૂતિ અહીં પણ આપ કરી શકશો.

ૐ ના માધ્યમ દ્વારા આ ત્રણે અંકોના રહસ્યો સમજવા આપણે મળશું. આવતા અઠવાડિયે. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)


# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૭

## અંક '૩' અને '૬' નું મહત્ત્વ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

અગાઉના લેખમાં આપણે અંકોની એકાંકી શ્રેણી '૧' થી '૯' ને સમજ્યા. અંક '૧' ને બમણા કરતા રહીને મળતી કોઈ પણ સંખ્યાનું એકાંકી મૂળ શોધીને તેના દ્વારા વારંવાર પુનરાવર્તન પામતી અંક શ્રેણી "૨, ૪, ૮, ૭, ૫, ૧" ની સમજ પ્રાપ્ત કરી અને આ શ્રેણીમાં અંક '૩', '૬' અને '૯' ની ગેરહાજરીની નોંધ લીધી. હવે આગળ આપણે આ લેખમાં અંક '૩' અને અંક '૬' નું મહત્ત્વ સમજીએ.

૩ x ૨ = ૬........................................ ૬
૬ x ૨ = ૧૨ = ૧ + ૨ = ૩ .............................. ૩
૧૨ x ૨ = ૨૪ = ૨ + ૪ = ૬.............................. ૬
૨૪ x ૨ = ૪૮ = ૪ + ૮ = ૧૨ = ૧ + ૨ = ૩.............. ૩
૪૮ x ૨ = ૯૬ = ૯ + ૬ = ૧૫ = ૧ + ૫ = ૬ .............. ૬
૯૬ x ૨ = ૧૯૨ = ૧ + ૯ + ૨ = ૧૨ = ૧ + ૨ = ૩... ૩




#### અંક '૩' નું મહત્ત્વ:

આપને જાણીને આશ્ચર્ય થશે કે આપણે વારંવાર અંક '૩' નો અલગ રીતે ઉપયોગ આપણી રોજબરોજની પ્રવૃતિમાં, આધ્યાત્મિક કાર્યો વગેરેમાં કરીએ છીએ. આપણી અત્યાર સુધીની 'લેખયાત્રા'નો જ આધાર લઈ થોડી વિગત આપું, તો અત્યાર સુધીની આધ્યાત્મિક ચર્ચા દરમ્યાન આપણે અંક '૩' નો વારંવાર ઉપયોગ કર્યો.

દા.ત. 'ત્રણ ગુણ' રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ – આ ગુણોના 'ત્રણ દેવો' જે બ્રહ્માંડની તથા સૃષ્ટિની રચનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કે જે 'ત્રિમૂર્તિ' અથવા 'ત્રિદેવ' કહેવાય – આ ઉપરાંત આ ત્રણ દેવોની 'ત્રણ શકિતઓ' સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી, કે જે 'ત્રિદેવી' પણ કહેવાય. અગાઉના લેખમાં યંત્રોની રચના કેવી રીતે થાય તે સમજ્યા હતા જે અહીં ફરી સમજાવ્યું છે – ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને બતાવેલા 'ત્રણ યોગ', કર્મયોગ, જ્ઞાનયોગ, ભકિતયોગ – આત્માનો સ્વભાવ, 'સત્, ચિત્ત, આનંદ' – ત્રિલોક, 'ભૂર, ભુવ, સ્વઃ' – ત્રિવેણીસંગમ, ત્રણ નદીઓનું મિલન, ગંગા, યમુના, સરસ્વતી – ત્રણ કાળ ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ વગેરે, વગેરે.

આ ઉપરાંત રોબરોજમાં આપણા વ્યવહારમાં આવતા શબ્દો જેવા કે આયુર્વેદમાં બતાવેલા શરીરના 'ત્રણ દોષ', કફ, પિત્ત, વાયુ – 'બીલીપત્ર' કે જે શિવજીને ચઢાવાય તેના 'ત્રણ પર્ણ' – દત્તાત્રેય, ત્રેય એટલે ત્રણ. એટલે કે જેમાં ત્રણ દેવ સમાયેલ છે – મહામૃત્યુન્જય જપમાં 'ત્રયંબકમ' એટલે ત્રીજી આંખ – અણુના બંધારણ ના ત્રણ ઘટક, ઈલેકટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન – ત્રિકાલ સંધ્યા – તિરંગો – ત્રિપુરાસુર – ત્રિશૂલ – ત્રિફલા – ત્રિકોણ વગેરે વગેરે અનેકવિધ શબ્દો અને તેનું વિવરણ અંક સંખ્યા 'ત્રણ નું મહત્ત્વ બતાવે છે. અને આ જ અંક '૩' ને આધ્યાત્મિક ભાષામાં 'હકારાત્મક ઊર્જા' અથવા 'પ્રોટોન' પણ કહેવાય છે.

> 'ત્રણ ગુણ' રજોગુણ, સત્વગુણ અને તમોગુણ - આ ગુણોના 'ત્રણ દેવો' જે બ્રહ્માંડની તથા સૃષ્ટિની રચનામાં મહત્વનો ભાગ ભજવે છે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કે જે 'ત્રિમૂર્તિ' અથવા 'ત્રિદેવ' કહેવાય.

#### અંક ૬ નું મહત્ત્વ :

અંક ૬ ને અલગ અલગ શબ્દોથી વર્ણવાય છે. દા.ત. શદ (સદ), શન, ષષ્ઠ, શત, વગેરે. ટૂંકમાં આ દરેક શબ્દને સમજવાનો પ્રયત્ન કરીએ.

#### 'શદ' અથવા 'સદ' શબ્દને સમજીએ.

'અરિશદવર્ગ': આ સંસ્કૃત શબ્દ એવી છ વસ્તુનું ગ્રુપ દર્શાવે છે કે જે મનુષ્યના દુશ્મન છે. – કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર્ય. આ છ ને 'અરિશદવર્ગ' અથવા 'શદરિપુ' તરીકે પણ ઓળખાય છે.

'શદઊર્મિ': એટલે છ પ્રકારના ભાવ શોક, મોહ, વૃદ્ધત્વ, મૃત્યુ, ભૂખ, તરસ.

'શદઋતુ': એટલે છ પ્રકારની ઋતુ–વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર.

'શદરૂચિ': એટલે જીભના છ સ્વાદ – મીઠો, ખાટો, ખારો, તૂરો, કડવો, તીખો.

સદ્ગુણઃ એટલે છ ગુણોનો સમૂહ – ઐશ્વર્ય, શકિત, જ્ઞાન, વીરતા, તેજ, બળ.

#### 'શન' શબ્દને સમજીએ :

'સન્મુખ' એટલે છ મુખ. ભગવાન કાર્તિકેય (સ્કંદ' ને સન્મુખ તરીકે ઓળખવામાં આવે છે.

'સન્મુખી' રુદ્રાક્ષ': છ બાજુવાળા રુદ્રાક્ષનું અનન્ય મહત્ત્વ છે.

'ષષ્ટ' અથવા 'છઠ': સ્કંદ છઠ – માગસર સુદ છઠ. કપિલાષષ્ઠ –ભાદરવા વદ છઠ.

#### 'શત' શબ્દ સમજીએ:

'શતશાસ્ત્ર': એટલે છ શસ્ત્રો – સનાતન ધર્મ પ્રમાણે – શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુકત, છંદ જ્યોતિષ.

'શત દર્શન': છ દર્શન શસ્ત્રો – સાંખ્ય, યોગ, ન્યાય, વૈશૈષિક, મીમાંસા, વેદાંત.

અંક છ ને આધ્યાત્મિક ભાષામાં 'નકારાત્મક ઊર્જા' અથવા 'ઈલેકટ્રોન' વડે પણ દર્શાવાય છે.

આગાઉના લેખમાં જેમ અંક '૧' ને બમણો કરવાથી જે સંખ્યા મળે છે અને તેના એકાંકી મૂળના અભ્યાસ દ્વારા જે હારમાળા મળે છે, તેમ અહીં આપણે અંક '૩' અથવા '૬' ને બમણા કરતા જઈએ અને તેના દ્વારા મળતી સંખ્યાના એકાંકી મૂળ કે જે અહીં આકૃતિમાં દર્શાવ્યા છે, તેના અભ્યાસ દ્વારા આપ અનુભવશો તો માત્ર અંક '૩' અને અંક '૬' નું પુનરાવર્તન થાય છે. અહીં હજુ પણ અંક '૯' ગેરહાજર છે. અર્થ ખૂબ સ્પષ્ટ છે કે અંક '૯' ખૂબ વિશિષ્ટ પ્રકારનો અંક છે. જેની વિશષ્ટતા સૌથી ઉપર છે. આ અંકનું આધ્યાત્મિક મહત્ત્વ પણ અનેક ગણું છે. અંક '૯' વિશેની અદભુત જાણકારી આપણે હવે પછીના લેખમાં ૐના માધ્યમ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ

## અંક '૯' મહત્ત્વ

ભાગ-૮

આગાઉના લેખમાં અંક '૧' થી '૯' ને સમજવા માટેની ગણિતીય સાબિતીઓમાં એકાંકી મૂળના ઉપયોગ દ્વારા બે હકીકતો સમજ્યા. લેખાંક-૪૩ (૨૯-૦૮-૨૦૨૨) માં બતાવેલી પહેલી સમજૂતીમાં અંક '૩', '૬' અને '૯' ની ગેરહાજરીની નોંધ લીધી અને લેખાંક-૪૪ (૦૫-૦૯-૨૦૨૨) માં બતાવેલી બીજી સમજૂતીમાં અંક '૯' ની ગેરહાજરી ની નોંધ લીધી. આનાથી **એક વાત સ્પષ્ટ છે કે અંક '૯' નું મહત્ત્વ અનન્ય છે.** જેમ કોઈ સંસ્થામાં નીચેથી ઉપર જતા અલગ અલગ સ્તરના હોદ્દા હોય તેમ અંક '૯' નો હોદ્દો સૌથી ઉપર છે. જેનો અર્થ એવો પણ થાય કે અંક '૯' બધા અંકોથી ઉપર છે. રસદાયક અદભુત સંયોગ એ પણ છે કે આજનો લેખાંક – ૪૫ છે. (૪+૫=૯). હવે આપણે અંક '૯' સૌથી ઉપરના સ્તરમાં કેમ છે તેનું મહત્ત્વ સમજવાનો અને **ત્યાર બાદ સૃષ્ટિમાં તેમજ ૐ અક્ષરમાં આ ત્રણ અંકો (૩, ૬, ૯) ને સમજવાને પ્રયત્ન કરીશું.**

**અંક '૯' નું મહત્ત્વ :**

કદાચ આ અંક ખૂબ સામાન્ય લાગે પરંતુ એને સમજ્યા પછી ખૂબ પ્રભાવશાળી લાગશે. અંક '૯' ને આધ્યાત્મિક ભાષામાં પૂર્ણાંક કહેવામાં આવે છે. એનું કારણ પછી સમજીએ. હમણાં સમજીએ "હિન્દુ વિચારધારામાં અંક '૯' નું મહત્વ".

આપણે વારંવાર અંક '૯' સાથે સંકળાયેલા શબ્દો સાંભળીએ છીએ. જેવા કે,

**નવધા ભક્તિ :** શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

**નવ રન્ધ્રો :** રન્ધ્રો એટલે શરીરમાં રહેલાં છિદ્રો અથવા દ્વાર. શરીરમાં નવ દ્વાર આવેલા છે. બે આંખ, બે કાન, મુખ, મળ-મૂત્ર દ્વાર, નાભિ અને બ્રહ્મરન્ધ્ર

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

**નવરસ :** શ્રૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, અદભુત, બીભત્સ અને શાંત.

**નવ દુર્ગા :** શૈલીપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંધમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી, સિદ્ધિદાત્રી.

**નવરત્ન :** વજ્ર (હીરો), રૂબી (માણેક), મોતી, કોરલ (મંગળ), ગુરુ (ટોપાઝ), પન્ના, નીલમ ગોમેદ શનિ.

| આકાર | નામ | ખૂણાનો સરવાળો | એકાંકી મૂળ | અંતિમ ધ્યેય ૯ |
|---|---|---|---|---|
| | ત્રિકોણ | ૧૮૦ | ૧+૮+૦=૯ | ૯ |
| | ચોરસ / લંબચોરસ | ૩૬૦ | ૩+૬+૦=૯ | |
| | પંચકોણ | ૫૪૦ | ૫+૪+૦=૯ | |
| | વર્તુળ | ૩૬૦ | ૩+૬+૦=૯ | |

આકૃતિ - ૧



આકૃતિ - ૨

| |
|---|
| ૯ = ૦ |
| દા. ત. : ૬૩૮૯ (અથવા કોઈ પણ સંખ્યા '૯' અંક વાળી) |
| જેનું એકાંકી મૂળ '૯' થશે |
| ૬+૩+૮+૯ = ૩૦ |
| ૩૦ = ૩+૦ = ૩ |
| એકાંકી મૂળ = ૩ |
| આજ સંખ્યા માં '૯' ની જગ્યાએ '૦' મુકતા |
| નવી સંખ્યા : ૬૩૮૦ |
| ૬+૩+૮+૦ = ૨૧ |
| ૨૧ = ૨+૧ = ૩ |
| એકાંકી મૂળ = ૩ |

આકૃતિ - ૩

**નવ ધાન્ય (નવ ગ્રહ સાથે સંકળાયેલા) :** ઘઉં,(સૂર્ય), ચોખા (ચંદ્ર), લાલચણા (મંગળ), લીલા ચણા (બુધ), પીળાચણા (ગુરુ), વટાણા (શુક્ર), કાળા તલ (શનિ), કાળા ચણા (રાહુ), કળથી (કેતુ)

આ ઉપરાંત નવરાત્રી, નવગ્રહ, નવ મહિનાનો ગર્ભ, નવરંગ વગેરે વગેરે....

કાળની સમજ લેખાંક – ૨૨ (૪-૪-૨૦૨૨) માં આપણે પુરાણોમાં દર્શાવેલ કાળની ગણતરી સમજ્યા હતા. જેમાં સતયુગ=૧૭૨૮૦૦૦ વર્ષ, ત્રેતાયુગ = ૧૨૯૬૦૦૦ વર્ષ, દ્વાપર યુગ = ૮૬૪૦૦૦ વર્ષ અને કલિયુગ = ૪૩૨૦૦૦ વર્ષ.

**દરેકના અંકોનો એકાંકી સરવાળો '૯' આવશે.**

૨૭ નક્ષત્રો અને દરેક ના ૪ ચરણ મળીને કુલ અંક ૧૦૮. આ દરેકનો સરવાળો પણ '૯' થાય. આ જ રીતે માળાના મણકા – ૧૦૮ નો સરવાળો '૯' થાય. પૃથ્વીનો વ્યાસ = ૭૯૨૦ માઈલ, સૂર્યનો વ્યાસ = ૮૬૪૦૦૦ માઈલ, લાઈટની ઝડપ = ૧૮૬૨૮૨ મીટર/સેકંડ. એક દિવસની કુલ સેકંડ – ૮૬૪૦૦, એક દિવસની મિનિટ = ૧૪૪૦, એક અઠવાડિયાની મિનિટ = ૧૦૦૮૦, એક મહિનાની મિનિટ = ૪૩૨૦૦૦, એક તંદુરસ્ત માણસ દ્વારા દિવસમાં લેવાતો શ્વાસ = ૨૧૬૦૦ વગેરે દરેકનો સરવાળો '૯' થાય.

'૯' નું કોષ્ટક સમજીએ તો એમાં દરેક ગુણાકારનો સરવાળો '૯' થાય (દા.ત. ૯ × ૩ = ૨૭ અને ૨ + ૭ = ૯). આ ઉપરાંત અંક '૯' માં કોઈ પણ સંખ્યા ઉમેરીએ તો તેનો એકાંકી સરવાળો ઉમેરેલી સંખ્યા થાય. દા.ત. ૯ + ૫ = ૧૪ = ૧ + ૪ = ૫ (=ઉમેરેલી સંખ્યા)

જેમ કોઈ પણ સંખ્યાને 'શૂન્ય' વડે ગુણીએ તો તેનો જવાબ શૂન્ય આવે, તેમ કોઈ પણ સંખ્યાને ૯ વડે ગુણીએ તો તેનું એકાંકી મૂળ '૯' આવે. દા.ત. ૧૫ × ૯ = ૧૩૫ = ૧+૩+૫=૯ વગેરે. ભૂમિતિની આકૃતિઓ જેવી કે ત્રિકોણ, ચતુષ્કોણ, પંચકોણ વગેરેને ધ્યાનથી જોઈએ અને તે દરેકના ખૂણાનું માપ તપાસીએ તો તે દરેકના ખૂણાઓનો કુલ સરવાળો જે આવે, તેનું એકાંકી મૂળ '૯' થાય. જે અહીં આકૃતિ-૧ માં દર્શાવ્યું છે. આ ઉપરાંત આકૃતિ – ૨ માં દર્શાવ્યા મુજબ દરેક અંકોનું અંતિમ ધ્યેય અંક '૯' છે.

**૯=૦**

અંક '૯' ને આધ્યાત્મિક ભાષામાં **પૂર્ણાંક** કહેવામાં આવે છે. લેખાંક – ૫ (તા. ૨૨-૧૧-૨૦૨૧) માં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો અને આ જ લેખના પહેલા ફકરામાં સમજ્યા કે અંક '૯' સૌથી ઉપરના સ્તરમાં છે. એકાંકી અંકો ૦, ૧, ૨, ૩, ...૯ પછી બીજો કોઈ એકાંકી અંક નથી. એની ઉપર એક અંક જેટલું પણ ડગલું ભરવું હોય તો તેની કિંમત 'શૂન્ય' બરાબર થાય છે. બીજી રીતે સમજાવું તો '૯=૦'. કોઈ પણ એક અંક લખીએ. દા.ત. ૬૭૮૯. આ અંકોનો એક અંકમાં સરવાળો કરીએ તો ૬+૭+૮+૯=૩૦. અને ૩+૦=૩. હવે ૯ ની જગ્યાએ શૂન્ય મૂકીએ. તો નવો અંક થશે ૬૭૮૦. આ અંકોનો એક અંકી સરવાળો કરીએ, ૬+૭+૮+૦=૨૧ અને ૨+૧=૩. જે આકૃતિ-૩ માં પણ સમજાવ્યું છે.

"આ જ રીતે કોઈ પણ સંખ્યા લઈને આપ અનુભવશો કે જો '૯' ની જગ્યાએ 'શૂન્ય' નો ઉપયોગ થાય અને તેનો એકાંકી સંખ્યા સુધી સરવાળો કરવામાં આવે તો પણ તેની એક અંકી સંખ્યામાં ફરક પડતો નથી." **અહીં દર્શાવેલ દરેક સમજૂતીથી એક અર્થ ખૂબ સ્પષ્ટ છે કે અંક '૯' એક ખૂબ અસાધારણ નંબર છે. જીવ સૃષ્ટિમાં કોષ દ્વારા જે શરીરોની વૃદ્ધિ થાય છે તેમાં તે સીધું યોગદાન આપતો નથી પરંતુ તે બધા અંક ઉપર આધિપત્ય દાખવે છે અને તે પોતાને જ અભિવ્યક્ત કરે છે. વળી તે અંક ૩ અને અંક ૬ ને કાબૂમાં રાખે છે. હકીકત એ છે કે આ નંબર આખા બ્રહ્માંડને કાબૂમાં રાખે છે.** આશ્ચર્ય થાય છે ને? આનું રહસ્ય આવતા અંકમાં ૐ ના માધ્યમ દ્વારા સમજવા પ્રયત્ન કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૯

## અંક '૩', '૬', '૯' નું આધ્યાત્મિક મહત્ત્વ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ


આજના લેખમાં ખુબ અગત્યની સમજ આપણે મેળવવા જઈ રહ્યા છીએ. અંક '૩', '૬' અને '૯' નું મહત્વ આપણે અલગ – અલગ રીતે અગાઉના લેખોમાં સમજ્યા હતા. અને સાથે જ એ પણ સમજ્યા હતા કે સૃષ્ટિ ઉત્પન્ન થવાની પ્રક્રિયામાં અથવા બીજી રીતે કહીએ તો જીવોના શરીરોની ઉત્પન્ન થવાની પ્રક્રિયામાં અંક '૨, ૪, ૮, ૭, ૫, ૧' નું પુનરાવર્તન થાય છે, (લેખાંક–૪૩, ૨૯–૦૮–૨૦૨૨). અંક ૨, ૪, ૮, ૭, ૫, ૧ ની પુનરાવર્તન થતી આ હારમાળાને ફરીથી આકૃતિ–૩ માં સમજાવી છે. અહીં આપણે અંક ૨, ૪, ૮, ૭, ૫, ૧ ની જે શ્રેણી છે, તેના માર્ગને અનુસરીએ તો અનુભવશું કે '૨ થી ૪', '૪ થી ૮', '૮ થી ૭', '૭ થી ૫', '૫ થી ૧' અને '૧ થી ૨' દ્વારા એક ચોકકસ માર્ગ રચાય છે, અને આ જ માર્ગમાં આ અંકો ગતિ કરે છે. આ ઉપરાંત અગાઉ સમજ્યા હતા તેમ અંક '૩, ૬ અને ૯' આ પ્રક્રિયામાં સીધો ભાગ લેતા નથી. (લેખાંક ૪૪, તા. ૦૫–૯–૨૦૨૨) અને અંક '૯' કે જે પૂર્ણાંક છે અને જે શૂન્ય બરાબર છે, તે બધા અંકો પર આધિપત્ય ભોગવે છે (લેખાંક ૪૫, તા. ૧૨–૯–૨૦૨૨) અત્યાર સુધીની સમજને વધુ આધ્યાત્મિક સ્પષ્ટતા માટે ફરી એક આકૃતિ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં આકૃતિ–૧ માં વર્તુળમાં આ બધા અંકો ગોઠવ્યા છે.


થોડી આગાઉના અંકોની માહિતીને યાદ કરીએ તો આપણે સમજ્યા હતા, કે આપણી સૃષ્ટિના ઉદ્ભવ સમયે જે સ્ફોટ થાય છે અને તેનાથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે ધ્વનિને ૐ કહેવાય છે. તદ્ઉપરાંત 'કુંડલિની' ની પ્રાથમિક સમજ (લેખાંક–૧૭ અને ૧૮, ૨૮–૦૨–૨૦૨૨ અને ૦૭–૦૩–૨૦૨૨) વખતે સમજ્યા હતા કે વેદ મુજબ બ્રહ્માંડમાં ચેતનાના સાત સ્તરો (અથવા સાત લોક) છે. જે 'ભૂ:''ભુવ:''સ્વ:''મહ:', 'જન:', 'તપ:', 'સત્ય' આ સાત નામથી ઓળખાય છે. (આ જ હકીકત ગાયત્રી મંત્ર – લેખાંક – ૧૫ અને ૧૬ માં પણ સમજ્યા હતા) 'પિંડે સો બ્રહ્માંડે' આ શ્લોક મુજબ આપણા શરીરમાં પણ સાત સ્તર બતાવવામાં આવ્યા છે. જેને બ્રહ્માંડના સાત સ્તર સાથે જોડી શકાય અથવા જોડાયેલા હોય એવું માનવામાં આવે છે. અને આ સાત બિન્દુ અથવા સાત કેન્દ્રોને 'સાત ચક્રો' કહેવામાં આવે છે. આપણું શરીર આ સાત સ્તરો દ્વારા બ્રહ્માંડની અથવા અવકાશી શકિતને અથવા તો બીજી રીતે કહીએ તો પરમાત્માની શકિત ગ્રહણ કરી તેનો ઉપયોગ કરે છે.












હવે આગળ સમજીએ. આમ તો અવકાશમાં પરમાત્માની અનેક શકિતઓ રહેલી છે. પરંતુ આ શકિતમાં સૌથી મહત્ત્વની છે, સૂર્યની શકિત. જેને આપણે 'સૂર્ય ઉર્જા' તરીકે ઓળખીએ. હકીકતમાં સૂર્યમાંથી પ્રકાશના તરંગો ઉત્પન્ન થાય છે. જે સર્વત્ર ફેલાયેલ ૐ ધ્વનિ સાથે સંપર્કથી સ્પંદનો ઉત્પન્ન કરે છે. આ સ્પંદનો એવી ઉર્જા ઉત્પન્ન કરે છે જે 'વેગ' (સંચાર) માં પરિણમે છે. આ વાત લેખાંક–૭ તા. ૬–૧૨–૨૦૨૧ માં કથક સંહિતા અને કૃષ્ણ યજુર્વેદના દ્વારા વાકય સમજ્યા હતા. (આ હકીકતને સમજવા વિજ્ઞાન સમજવું પડે.) આ જ ઉર્જા પૃથ્વી પર રહેલા દરેક જીવોને વેગ આપે છે અને તેનો વિકાસ કરે છે. જેમાં વનસ્પતિ, મનુષ્ય, પશુ, પંખી, પામર જીવો તમામ સામેલ છે. **આ ઉર્જાને દરેક જીવો બે રીતે પ્રાપ્ત કરે છે. સૂર્યથી મળતી સીધી ઉર્જા અને ખોરાકની ઉર્જા.** સીધી ઉર્જાને તો આપણે સવારમાં ઉઠીને શરીરમાં થતા સંચાર દ્વારા અનુભવી શકીએ, પરંતુ શરીરને ટકાવી રાખવા અને વિકાસ માટે **આપણે જે ખોરાક ખાઈએ, તેમાં ઉર્જા કયાંથી આવે છે ?** આ બાબત કયારેય વિચાર્યું છે ? દા.ત. આપણે શરીરને ટકાવવા શાકભાજી, અનાજ, કઠોળ, ફળ વગેરે ખાઈએ અને તે આપણા શરીરને ઉર્જા પૂરી પડે, પરંતુ આ બધામાં ઉર્જા આવે કયાંથી? આ સમજવા વિજ્ઞાનનો સહારો લેવો પડે. વિજ્ઞાન કહે છે વનસ્પતિના પાંદડાઓમાં જે લીલા રંગના કણો છે તે 'ફ્લોરોફીલ' તરીકે ઓળખાય છે. આ ફ્લોરોફીલ સૂર્યપકાશની મદદથી ખોરાક બનાવે છે. આ ખોરાકનો વનસ્પતિ પોતાની વૃદ્ધિ કરવા ઉપરાંત તેનું જે અંતિમ કાર્ય છે જેવું કે અનાજ, ફળ, શાકભાજી વગેરે ઉત્પન્ન કરવાનું, તેમાં સંગ્રહ કરે છે, જેનો અન્ય જીવો ખોરાકમાં ઉપયોગ કરે છે. આમ સૂર્ય ઉર્જા આકડતરી રીતે બધા જીવોને શકિત પૂરી પાડવામાં અથવા બીજી રીતે કહીએ તો ગતિ અથવા સંચાર આપવા માટે આ ધા ર ભૂ ત બ ને છે.

હવે મૂળ વાત સમજીએ. આ આખી પ્રક્રિયામાં આપણે ત્રણ અગત્યના શબ્દોના સંપર્કમાં આવ્યા. **"પ્રકાશના તરંગ, સ્પંદન અને ઉર્જા અને આ ઉર્જા દ્વારા ગતિ".** આ ત્રણને અહીં આકૃતિ–૨ માં દર્શાવેલા ત્રિકોણ દ્વારા સમજાવ્યું છે. આ ત્રિકોણના ત્રણ ખૂણાઓને અંક '૯, ૩ અને ૬' વડે દર્શાવ્યા છે. હવે આકૃતિ–૨ અને આકૃતિ–૩ બંનેને સાથે સમજવાનો પ્રયત્ન આકૃતિ–૧ માં કરીએ. જેમાં અંક '૯' થી જે સીધી ઉભી રેખા દોરી છે, તેનાથી વર્તુળના બે ભાગ થાય છે. જેમાં જમણી બાજુના ભાગમાં રહેલ અંક '૩', એ અંકો ૧, ૨, અને ૪ નું પ્રતિનિધિત્વ કરે છે અને ડાબા ભાગમાં રહેલ અંક '૬' એને અંક ૫, ૭ અને ૮ નું પ્રતિનિધિત્વ કરે છે. અને સૌથી ઉપર આવેલ અંક '૯', એ અંક ૩ અને અંક ૬ પર આધિપત્ય દર્શાવે છે. **અગાઉ સમજ્યા તેમ અંક '૨, ૪, ૮, ૭, ૫, ૧' સૃષ્ટિની રચનામાં પોતાના આધીપત્યનું કાર્ય સમજાવે છે. અંક '૩' અને '૬' તેમના પર આધિપત્ય દાખવે છે અને અંક '૯' આખી સૃષ્ટિ પરની પોતાની સર્વોપરિતા દર્શાવે છે. અંક ૯ ની ઉપર અંક 'શૂન્ય' દર્શાવ્યો છે (૯=૦). અહીં જે 'શૂન્ય' નું સ્થાન છે તે નિરંજન, નિરાકાર 'પરમાત્મા' (અથવા પરમબ્રહ્મ) નું સ્થાન છે. અંક '૯' નું સ્થાન 'પરબ્રહ્મ' અથવા 'અદ્વૈત' નું સ્થાન છે. અને અંક '૩' અને અંક '૬' દર્શાવતું સ્થાન 'દ્વૈત' એટલે કે 'પુરુષ' અને 'પ્રકૃતિ' ના છે.**

એક અન્ય રીતે સમજીએ. આકૃતિ–૪ માં દર્શાવ્યા મુજબ એક લંબચોરસ લોહચુંબક લઈએ. તેમાં જે ઉત્તર ધ્રુવ (પોલ) છે તેને હકારાત્મક ઉર્જા, પ્રોટોન અથવા અગાઉ સમજ્યા તેમ અંક '૩' વડે દર્શાવીએ. આ જ રીતે અંક '૬' ને નકારાત્મક ઉર્જા, ઈલેકટ્રોન તરીકે દર્શાવીએ. આપણને આ બે ધ્રુવ (પોલ) વિશે ખબર છે. પરંતુ ત્રીજા 'સમાન ધ્રુવ' અથવા 'ન્યુટ્રોન' વિશે ખબર નથી. આ 'ન્યુટ્રોન' એટલે જ અંક '૯', જે બંને ધ્રુવ (૩ અને ૬) પર પ્રભુત્વ દર્શાવે છે.

થોડા વિચારમાં આપ ચોકકસ હશો. કદાચ એવું પણ અનુભવાય કે આ આપણી સમજણની મર્યાદાની બહારની વાત છે પરંતુ હવે પછીના લેખમાં ૐ ના માધ્યમ દ્વારા ખૂબ સરળતાથી આ મર્યાદા દૂર કરીશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશ:)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૧૦


## અંક '૩', '૬', '૯' નું આધ્યાત્મિક મહત્ત્વ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અગાઉના લેખાંક – ૪૩ થી ૪૫ (તા. ૨૯–૦૮, ૦૫–૦૯ અને ૧૨–૦૯) માં આપણે અંક શ્રેણી અંક "૨, ૪, ૮, ૭, ૫, ૧", ઉપરાંત અંકો '૩', '૬' અને '૯' ની આશ્ચર્યજનક સમજૂતી પ્રાપ્ત કરી. અને આ જ સમજૂતીના ઉપયોગ દ્વારા 'તરંગ', 'સ્પંદન' અને 'ઉર્જા' ની વ્યાખ્યા સમજવાનો પ્રયત્ન લેખાંક–૪૬ એટલે કે ગયા લેખમાં કર્યો. આ સમજણ દ્વારા 'અવકાશી ઊર્જા' (ઉદાહરણ માટે સૂર્ય ઉર્જા સમજ્યા પરંતુ આકાશમાં પરમાત્માની અનેક ઉર્જા રહેલી છે) ને સમજવાનો અને જીવોના અસ્તિત્વ માટે તેનો ઉપયોગ કેવી રીતે થાય તે પણ સમજવાનો પ્રયત્ન કર્યો. આ સમજણ થોડી અઘરી હોવાથી, કદાચ ઘણાંને એવું લાગ્યું હોય શકે કે તેઓ આ સમજી શકયા નથી. ૐ અક્ષરને સમજતાં સમજતાં અંકોને અને અંકોને સમજતાં સમજતાં આપણે દ્વૈત, અદ્વૈત અને પરમાત્મા સુધી કેવી રીતે પહોંચી ગયા ? મેં મારા સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છતાં આ વિષય સમજવો થોડો અઘરો ચોક્કસ છે, કારણ કે આ જ આધ્યામિક જ્ઞાન છે. જેમને ખરેખર રસ છે તેમણે આ લેખોને વારંવાર વાંચીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ જ સમજૂતીને જો કે 'કુંડલિની' ના તથા 'ઓરા' ના માધ્યમ દ્વારા પણ સમજાવી શકાય છે, પરંતુ આપણે એક સરળ રસ્તે જઈએ. અને આ જ રસ્તે અત્યાર સુધીની બધી સમજૂતી ને ૐ અક્ષરમાં પ્રતિપાદિત પણ કરીએ.

અહીં આકૃતિ –૧ માં આપણે અગાઉ સમજ્યા તે અંક "૨, ૪, ૮, ૭, ૫, ૧" ની જે શ્રેણી છે, કે જે ચોક્કસ માર્ગમાં ગતિ કરે છે, તેને વર્તુળમાં બતાવી છે. ફરી એકવાર તેના માર્ગને અનુસરીએ, તો અનુભવશું કે '૨ થી ૪', '૪ થી ૮', '૮ થી ૭', '૭ થી ૫', '૫ થી ૧' અને '૧ થી ૨' દ્વારા એક ચોક્કસ માર્ગ રચાય છે, અને ફકત આ જ માર્ગમાં આ અંકો ગતિ કરે છે. આ એવો માર્ગ છે, જેને વિજ્ઞાન અથવા ઈજનેરી ભાષામાં પારસ્પરિક ચળવળ (reciprocating movement) નો માર્ગ કહેવાય છે. દા.ત. કોઈપણ વાહનમાં જે 'પીસ્ટન' હોય છે તેની ગતિ આ પ્રકારની હોય છે. કોઈપણ ઈંધણના દહન દ્વારા તે ગતિમાં આવે છે અને અંતે એ આખા વાહનને ગતિ આપે છે. અંકોની શ્રેણી ("૨, ૪, ૮, ૭, ૫, ૧") નું કાર્ય લગભગ આવું જ છે. આ શ્રેણી સતત આ જ માર્ગમાં ભ્રમણ કરે છે. અને આ માર્ગ જ છે સમગ્ર જીવન સૃષ્ટિના ઉત્પન્ન, ગતિ અને વિકાસનો, જેને આકૃતિ–૧ માં નીચેના વર્તુળમાં દર્શાવ્યો છે. આને આપણે "જીવ સૃષ્ટિના અંકોની શ્રેણી" તરીકે ઓળખીએ. કારણ કે ૐ અક્ષરમાં જે સ્થાન ત્રણ ગુણો વડે રચાય છે તે સ્થાનમાં આ અંકોની શ્રેણી પ્રતિપાદિત છે. અહીં રસદાયક વાત એ છે કે આ માર્ગમાં ત્રિકોણમાં રહેલા '૩', '૬' અને '૯' કયાંય પણ આવતા નથી. છતાંપણ અગાઉના લેખમાં સમજ્યા તેમ આ દરેક અંકોનું અંતિમ ધ્યેય અંક '૯' છે. અને આ જ અંકો એટલે કે અંક '૩', '૬' અને '૯', સમગ્ર જીવ સૃષ્ટિના ઉત્પન્ન, ગતિ અને વિકાસને ઈંધણ પૂરૂ પાડે છે. જીવ સૃષ્ટિના અંકોની શ્રેણી (વર્તુળમાં બતાવેલ) ની ઉપર અંક '૩' અને અંક '૬' (એટલે કે 'પુરૂષ' અને 'પ્રકૃતિ' દ્વૈત સ્વરૂપ) નું પ્રતિનિધિત્વ છે. લેખાંક – ૪૪ (૫–૯–૨૦૨૨) માં સમજાવ્યા પ્રમાણે અંક '૩', એ અંકો ૧, ૨ અને ૪ નું પ્રતિનિધત્વ કરે છે. અને અંક '૬' એ અંક ૫, ૭, અને ૮ નું પ્રતિનિધિત્વ કરે છે. અને આ જ અંકો '૩' અને '૬' (એટલે કે પુરૂષ અને પ્રકૃતિ) નું અદ્વૈત સ્વરૂપ એટલે અંક '૯'(=૩+૬). આ અંક '૯' એટલે જ 'અદ્વૈત બ્રહ્મ' અથવા 'પરબ્રહ્મ' કે જે ૐ નું બિન્દુ નું સ્થાન છે. જે ઉપરના નાના વર્તુળમાં નીચેના ભાગે દર્શાવ્યું છે. અગાઉ લેખાંક–૪૫ તા. ૧૨–૯–૨૦૨૨ માં સમજ્યા હતા તેમ અંક '૯' ની ઉપર એક પણ ડગલું ભરીએ એટલે 'શૂન્ય' (૯=૦), જે સહુથી ઉપર દર્શાવ્યું છે. અને આ શૂન્ય એટલે જ વિકાર રહિત, નિરંજન, નિરાકાર 'પરમાત્મા' અથવા બીજા શબ્દોમાં 'શુદ્ધ અદ્વૈત'.






અંકોની આ શ્રેણી (૩, ૬ અને ૯) ને સમજવાનો પ્રયત્ન નિકોલા ટેસ્લા નામના વૈજ્ઞાનિકે કર્યો હતો. આ એ જ વ્યકિત છે જેમના નામે રીમોટ, ઈલેકિટ્રક કોઈલ વગેરે અને શોધ છે, અને જેમની ગણત્રી મહાન વૈજ્ઞાનિકોમાં થાય છે. તેમણે એવું વાકય કહ્યું હતું કે "જો તમે અંક ૩, ૬ અને ૯ ને સમજી શકો તો બ્રહ્માંડના દરેક રહસ્યોને સમજી શકો". દુર્ભાગ્યે તેઓ આ દિશામાં વધુ પ્રકાશ પાડે, તે પહેલા તેમનું મૃત્યું થયું હતું.

હવે આકૃતિ–૧ ને ઉંધી રીતે સમજીએ. અંક '૦' (શૂન્ય) માંથી એટલે કે 'પરમાત્મા' અથવા 'પરબ્રહ્મ' (અથવા બ્રહ્મ નારાયણ અથવા ઉભય સ્વરૂપ) પ્રાદુર્ભાવ થાય, અને અંક '૯' એટલે જ અંક '૩' અને અંક '૬' નું (એટલે કે પુરૂષ અને પ્રકૃતિનું, અથવા તો નારાયણ અને નારાયણી)નું) 'યુગ્મ' અથવા 'અદ્વૈત સ્વરૂપ' (૩+૬=૯). જેના દ્વૈત સ્વરૂપમાં (એટલે કે ૩ અને ૬ અલગ અલગ રીતે), પુરૂષ અને પ્રકૃતિના નિયંત્રણમાં 'જીવ સૃષ્ટિના સર્જનની શ્રેણી" એટલે કે ત્રણ ગુણો દ્વારા રચાતી આખી જીવ સૃષ્ટિની ઉત્પત્તિ. (વર્તુળમાં બતાવેલી અંક "૨, ૪, ૮, ૭, ૫, ૧" ની શ્રેણી) બોલો હવે પરમાત્માની ફરી એક વાર અનુભૂતિ કરી કે નહિ? આશ્ચર્ય તો હજુ બાકી છે. ચાલો આગળ સમજીએ, અને આપણે આ સમજૂતીને ૐ અક્ષરમાં અન્ય રીતે પ્રતિપાદિત કરીએ.

આકૃતિ–૨ માં ગુજરાતી અંકો '૩', '૬' અને '૯' અને 'શૂન્ય' ને જમણી બાજુ દર્શાવ્યા છે. આ જ અંકોને મોટા સ્વરૂપમાં ૐ અક્ષરમાં પ્રતિપાદિત કર્યા છે. જેમાં અંક '૩' પ્રતિનિધિત્વ કરે છે, અંકો '૧', '૨' અને '૪' નું અને અંક '૬' પ્રતિનિધિત્વ કરે છે, અંકો '૫', '૭' અને '૮' નું. અને આ રીતે સમગ્ર સમગ્ર જીવ સૃષ્ટિના ઉત્પન્ન, ગતિ અને વિકાસનું કારણ અંક '૩' અને અંક '૬' (એટલે કે પુરૂષ અને પ્રકૃતિ) છે. અને એમનું અદ્વૈત સ્વરૂપ એટલે '૯' (૩+૬=૯). વળી ૯ = ૦ (એટલે કે પરમાત્મા, પરબ્રહ્મ). હવે આકૃતિ–૧ અને આકૃતિ–૨ બંને ને સાથે સમજવાનો પ્રયત્ન કરો. લાગે છે ને કે આ બધી સમજૂતી એક સાર્નદાશ્ચર્ય પમાડે તેવી છે ?

મિત્રો, હવે સમય છે આપણા અંતિમ ધ્યેય "આપણી સાત્વિક ઈચ્છાપૂર્તિ'નો. પરમાત્માની અભિવ્યકિતની જે બે રીતો આપણે લેખાંક – ૩૮ થી લેખાંક –૪૭ સુધી સમજ્યા તે બંને રીતોનો હવે ઉપયોગ કરવાનો. પરંતુ તે પહેલાં ૐ ની ધ્વનિ તરીકેની સમજણ હજુ બાકી છે. જેને સમજશું આવતા લેખમાં ૐ ના માધ્યમ દ્વારા. તાં સુધી ....

॥ ૐ તત્સત્ ॥ (ક્રમશઃ)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૧૧


## અક્ષર અને ધ્વનિ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

લેખાંક-૪૮ (ગતાંક થી ચાલુ....)

આ ત્યાર સુધીના લેખોમાં આપણે ૐ ને મહદઅંશે અક્ષર તરીકે, એટલે કે દ્રશ્યમાન હોય તેવી રીતે અનુભવ્યો. અંકોના માધ્યમ દ્વારા પણ અદભુત સમજ કેળવી. પ્રથમ લેખથી જ મેં સમજાવ્યું હતું કે ૐ એક ધ્વનિ છે. જે સૃષ્ટિની રચના થઈ ત્યારથી અસ્તિત્વમાં છે. પહેલાનાં સમયમાં શ્રુતિમાં એટલે કે ગુરુ–ચેલા વચ્ચે ફકત 'વાણી' થી સંવાદ થતો. પછીથી લેખિત સ્વરૂપ થયું. જે સાંભળેલો તે 'ધ્વનિ' અને લેખિત રૂપે જે કાગળ પર થીજી ગયો તે 'અક્ષર'. આ લેખમાં 'ધ્વનિ' તરીકે, એટલે કે 'અવાજ' અથવા 'ઉચ્ચારણ' તરીકે આપણે ૐ નું મહત્વ સમજશું. કારણ કે આ સમજૂતીને આપણા ધ્યેયમાં આપણે ઉપયોગ કરવાના છીએ. પ્રથમ એ સમજવાનો પ્રયત્ન કરીશું કે આપણે જે 'ઉચ્ચારણ' કરીએ તે 'ધ્વનિ' અથવા 'અવાજ' અથવા 'વાણી' ઉત્પન્ન કેવી રીતે થાય ? અને તેના પ્રકાર કેટલા ?

વિજ્ઞાન અને અધ્યાત્મ સાથે જોડીને ધ્વનિની ઉત્પત્તિ સમજવાનો પ્રયત્ન કરીએ. ખુબ વિશાળ સમજ છે. આપણે આ લેખની મર્યાદામાં રહીને, ૐ ના ઉચ્ચારણ પુરતું જ ધ્વનિની ઉત્પત્તિ સમજશું. અગાઉના લેખોમાં 'કુંડલિની' ની સમજ કેળવી હતી અને તેના અંતર્ગત વિવિધ ચક્રો વિશે માહિતી મેળવી હતી. આકૃતિ–૧ માં બતાવ્યા મુજબ સૌથી નીચે 'મૂલાધારચક્ર' થી શરૂ કરીને ઉપર તરફ અનુક્રમે 'સ્વાધિષ્ઠાન', 'મણિપુર', 'અનાહત', 'વિશુદ્ધ', 'આજ્ઞા', અને 'સહસ્ત્રાર' ચક્રો વિશે માહિતી મેળવી હતી. અને સમજ્યા હતા કે આપણાં શરીરમાં ચક્રો રૂપી રહેલાં જે સાત સ્તર બતાવવામાં આવ્યા છે, તેને બ્રહ્માંડની ચેતનાના સાત સ્તરો સાથે જોડી શકાય. ધ્વનિના સંદર્ભમાં પ્રાથમિક રીતે સમજીએ તો ધ્વનિની ઉત્પત્તિ 'તરંગ' રૂપ 'મુલાધારચક્ર' માંથી થાય છે. તેનું ઉર્ધ્વગમન થાય છે. વિવિધ ચક્રોને ભેદતો અને પોતાના લયની તીવ્રતા વધારતો તે કંઠ સુધી આવે




અને સ્વરપટલ સાથે અથડાય, ત્યારે તેનું અવાજમાં રૂપાંતર થાય છે.

શાસ્ત્રોમાં 'વાણી' અથવા 'વાક' ના જુદા જુદા ચાર પ્રકાર બતાવ્યા છે. જે સ્વરના, 'લય' ના માધ્યમની તીવ્રતા પર આધારિત છે. જેને 'પરા', 'પશ્યન્તિ', 'મધ્યમાં' અને 'વૈખરી' કહેવાય છે. (જુઓ આકૃતિ–૨) પ્રાથમિક અવાજની ઉત્પત્તિ મુલાધારાચક્રમાંથી 'પરા' તરીકે ઉદભવે છે, જેને 'પરાવાણી' કહેવાય છે. જે મણિપુરચક્ર (નાભી) થી વેગ પકડીને તેની તીવ્રતા વધારીને, હૃદયના તાર ઝણઝણાવી બહાર નીકળે અને કંઠ માં વધુ તીવ્રતા સાથે પહોંચે (એટલે કે વિશુદ્ધચક્રમાં પહોંચે) ત્યારે તેને 'મધ્યમાં' કહેવાય. અને સ્વરપટલ સાથે અથડાય ત્યારે 'વૈખરીવાણી'માં રૂપાંતર થાય. આમ વૈખરી એટલે મોટેથી બોલવું, ગાવું કે ઉચ્ચારવું. આપણે જયારે ઉચ્ચારણ કરીએ ત્યારે મુળવાણી 'પરા'નું, વૈખરીવાણીમાં ફરજીયાત રૂપાંતર થાય છે. આ વૈખરીવાણી મુખ વાટે બહાર નીકળે છે. જેને આપણે 'વાણી' અથવા 'વાક્' તરીકે ઓળખીએ છીએ. 'વાણી' અથવા 'વાક્' એ ઉચ્ચારાયેલા શબ્દો છે, અને જેના માટે શબ્દોનું ઉચ્ચારણ કરાય તે તેનો અર્થ. આમ વાક્+અર્થ=વાકયાર્થ. બીજા શબ્દોમાં કહીએ તો આપણે ઉચ્ચારીએ તે વાકયો. આ જ રીતે કોઈ વસ્તુને દર્શાવતું ધ્વનિનું પદ એટલે પદ + અર્થ = પદાર્થ. આમ વાકય કોઈ વસ્તુને (અથવા પદાર્થને) દર્શાવવી હોય તેનું ચિત્ર રજૂ કરે છે. સ્પષ્ટ રીતે સમજી શકાય કે 'પરા' થી ઉદભવેલી અને 'વૈખરી' માં પરિવર્તિત થયેલી વાણી મનુષ્યના વ્યવહારિક ઉપયોગની વાણી છે.

અહીં અગત્યની સમજણ એ છે કે, "પરા એ ઉદભવની મૂળ વાણી" છે. કારણ કે, એ બ્રહ્માંડની ચેતના ભૂ:સ્તર મૂલાધાર ચક્રમાંથી ઉદભવી છે. એટલે તેનો સીધો સંબંધ અવકાશી (બ્રહ્માંડની) અથવા પરમાત્માની શકિત સાથે છે. માટે આ પરા એટલે જ મૂળ ગાયત્રી અથવા સરસ્વતી. આ પરા વાણી જ સુપ્રિમ તત્વ સાથે જોડાવા સક્ષમ હોય છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો 'અવકાશી અથવા પરમાત્માની શકિત માત્ર આ પરા વાણીની ભાષા જ સમજી શકે છે" જેમકે આપણે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીએ ત્યારે એ આપણી બોલેલી ભાષા નથી સમજતું, પણ એના માટે એની પ્રોગ્રામ કરાયેલી ભાષામાં આપણે ઈનપુટ આપવો પડે, તો જ કામ ચાલે. હવે આપણે અહીં સમજ્યા તેમ મુખ વાટે નીકળતી આપણી વાણી તો 'વૈખરી' હોય છે. તો પછી આપણી પ્રાર્થના, વાત કે રજૂઆત ઉપરવાળો સાંભળે કરી રીતે ? ઉપરવાળાને જો પ્રાર્થના કરવી હોય, એમના પ્રત્યેક કૃતજ્ઞતા પ્રગટ કરવી હોય, ઈચ્છા પ્રગટ કરવી હોય, તો એમની ભાષામાં એટલે કે પરા વાણીમાં જ વાત કરવી પડે ને ? તો હવે મૂળ સવાલ કરીએ કે તો પછી એ કેવીરીતે શકય બને ?

આ શકય બનાવવાની રીત એટલે જ ૐ નું ઉચ્ચારણ. પ્રાથમિક રીતે સમજીએ તો 'પરા' વાણીનું હૃદયમાં 'પશ્યન્તિ' માં ત્યારબાદ 'મધ્યમાં', અને ત્યારબાદ 'વૈખરી' માં રૂપાંતર થાય છે. આ વૈખરીવાણીને ફરી 'પરા' વાણીમાં રૂપાંતરિત કરવી પડે. અને આ રૂપાંતરણ શકય બનાવવાની ક્રિયા એટલે ૐ નું ઉચ્ચારણ. ૐ ના ઉચ્ચારણ દ્વારા 'વૈખરીવાણી' ને ફરી 'પરાવાણી' બનાવવી પડે, તો જ આપણી વાત પરમાત્મા સમજી શકે. અને આના માટે આપણી અને પરમાત્માની શકિત વચ્ચે જે અવકાશ છે તેને ૐ ના ઉચ્ચારણનો સેતુ તરીકે ઉપયોગ કરીને પૂરવાનો છે. 'અગાઉ ના લેખાંક–૩૭ (તા. ૧૮–૭–૨૦૨૨) માં એક અગત્યનું વાકય જણાવ્યું હતું કે "ૐ નું ઉચ્ચારણ આપણા અને પરમાત્મા વચ્ચેના એક સેતુ (પુલ) તરીકે કાર્ય કરે છે." આપણે ૐ ના માધ્યમથી એક લીંક બનાવી, અવકાશી શકિત સાથે મળીને, અવકાશી શકિતનો ઉપયોગ કરીને, શરીરના દરેક અણુમાં નવા સ્પંદન, નવી ઉર્જા ભરવાની છે. શરીરમાં છુપાયેલી શકિતઓને બહાર કાઢવાની છે. અવકાશી અથવા તો પરમાત્માની શકિત ને આપણી વાત સમજાવવાની છે. એ વાત પછી પ્રાર્થના માટે હોય, કૃતજ્ઞતા વ્યકત કરવા માટે હોય, શાંતિ માટે હોય કે સાત્વિક ઈચ્છાપૂર્તિ માટે હોય. આવતા લેખમાં ૐ ના ઉચ્ચારણ દ્વારા 'વૈખરીવાણી' ને 'પરાવાણી' માં કેવી રીતે ફેરવી શકાય તે રીત સમજશું. અને સાથે જ એ રહસ્ય પણ સમજશું કે દરેક મંત્રોની આગળ ૐ લખવાનું મહત્વ શું છે ? ઉચ્ચારણની આ રીતની સાથે જ અગાઉના લેખોમાં સમજ્યા તે પરમાત્માની અનુભૂતિના બે રસ્તા, આ બંને સમજૂતીના ઉપયોગ દ્વારા આપણો ધ્યેય સિદ્ધ કરવા પ્રયત્ન કરીશું.
ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશ:)

# ૐ અને પરમાત્માની દ્રશ્ય અનુભૂતિ ભાગ-૧૨

## ૐ - અઉમ - આત્મા અને પરમાત્મા વચ્ચેનો સેતુ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

ગયા લેખમાં એક અગત્યની સમજ કેળવી કે પરમાત્મા પાસે અથવા પરમાત્માની આવકાશી શકિત પાસે આપણી રજૂઆત પહોંચાડવી હોય તો 'પરા' વાણીમાં વાત કરવી પડે અને આપણી વાણી 'વૈખરી' છે. તેને 'પરા' માં ફેરવવી પડે. જે ૐ ના ઉચ્ચારણ દ્વારા શકય બનાવી શકાય અને જેમાં ૐ ના ઉચ્ચારણનો સેતુ (પુલ) તરીકે ઉપયોગ કરવો પડે. આ કઈ રીતે શકય બને તેને સમજવાનો પ્રયત્ન કરતા પહેલાં એક નાની અગત્યની હકીકત સમજીએ. આપણે સામાન્ય રીતે ૐ નું ઉચ્ચારણ બે રીતે અનુભવીએ છીએ. 'ઓમ' અને 'અઉમ'. તો આમાં સાચું કયું ? અથવા તો કયા ઉચ્ચારણથી આપણા ધ્યેયની પૂર્તિ થાય ?

વિજ્ઞાન એવું જણાવે છે કે 'ઓમ' ઉચ્ચારણથી નીકળતા ધ્વનિના તરંગનું આવર્તન (Frequency) 432 હર્ટ્ઝ (આવર્તન માપવાનો એકમ) છે. અને 'અઉમ' ઉચ્ચારવાથી નીકળતા ધ્વનિના તરંગનું આર્વન 528 હર્ટ્ઝ છે. અધ્યાત્મ એવું જણાવે છે કે 'ઓમ' ઉચ્ચારવાથી તરંગની ઉત્પત્તિ નાભિમાંથી (મણિપુરચક્ર) થાય અને 'અઉમ' ઉચ્ચારવાથી, 'અ' અક્ષર ની ઉત્પત્તિ મૂલાધારચક્રમાંથી થાય. "અ" અક્ષર 'અવિકારી' કહેવાય છે કારણ કે "અ" ઉચ્ચારવા હોઠ, દાંત, જીભ કે કંઠનો સહારો લેવો પડતો નથી. અને આ અવિકારી વાણીને જ પરાવાણી ની ઉત્પત્તિ કહેવાય છે. 'ઓ' ઉચ્ચારવા હોઠ અને જીભનો સહારો લેવો પડે છે. સ્પષ્ટ રીતે સમજી શકાય કે 'અઉમ' આ રીતે કરાયેલા ઉચ્ચારણ જ લાભદાયી રહે છે કારણ કે 'પરા' વાણી 'મૂલાધારચક્ર' માંથી ઉદભવે છે કે જે 'મૂળ વાણી' છે, સરસ્વતી છે અને આપણે અગાઉના લેખમાં સમજ્યા તેમ આપણા ધ્યેય માટે 'પરાવાણી' નો જ ઉપયોગ કરવાનો છે માટે જયારે પણ ૐ નું ઉચ્ચારણ કરવાનું હોય ત્યારે "અઉમ" આ રીતે જ કરવું. શરૂઆતમાં થોડી તકલીફ પડે પણ સતત પ્રયત્નથી આ શકય છે.

હવે આગળ સમજીએ. અહીં ડાબી બાજૂની ઉપરની આકૃતિમાં બતાવ્યા મુજબ જયારે આપણે કોઈ પણ વાકયનું ઉચ્ચારણ કરીએ ત્યારે આપણું મોઢું આપણે ખોલવું પડે છે અને જયારે જયારે મોઢું ખુલ્લું હોય ત્યારે વૈખરી વાણી રૂપે નીકળતો ધ્વનિ અથવા વાકયો બહાર નીકળે જે અગાઉના લેખમાં સમજ્યા. હવે ઉપરની જમણી બાજૂની આકૃતિ સમજીએ, આ આકૃતિમાં મોઢું બંધ છે. આંખ બંધ છે. આપણે જયારે ૐ નું ઉચ્ચારણ કરીએ ત્યારે છેલ્લો અક્ષર 'મ' હોવાથી હોઠ બીડાયેલા રહે છે. અને આપણું મોઢું બંધ સ્થિતિમાં આવે છે. આ બંધ સ્થિતિમાં આવતા મોઢાનો અર્થ છે આપણે વાણીને બહાર જતી અટકાવીએ છીએ. હવે આપણે ઉચ્ચારણની થોડી પ્રક્રિયા સમજીએ. આપણે જયારે 'અઉમ' (ૐ નું ઉચ્ચારણ) ઉચ્ચારવાની શરૂઆત કરીએ ત્યારે તેની સાથે થતો થોડો આંતરિક અનુભવ સમજતા જઈએ. પ્રથમ 'અ' અક્ષરને (પરાવાણીને) 'મૂલાધાર' માંથી ઉદ્ભવતો અનુભવીએ. લગભગ ૩ સેકન્ડના ઉચ્ચારણ પછી 'ઉ' અક્ષરને તેની સાથે સાતત્યમાં ઉચ્ચારીએ. અહીંથી 'પશ્યન્તિવાણી'ની શરૂઆત થાય. જે લગભગ ૬ સેકન્ડના ઉચ્ચારણ પછી 'મ' અક્ષરને તેના સાતત્યમાં, લગભગ ૯ સેકન્ડ સુધી ઉચ્ચારીએ. આટલી ક્રિયા શરૂઆતમાં થોડી અઘરી લાગી શકે પરંતુ ત્યાર બાદ ખૂબ સહેલી લાગશે. સાદી રીતે સમજાવું તો 'અ' અક્ષરના સમયને માત્ર અનુમાનથી ૩ સેકન્ડ જેટલો ગણાવાનો છે. ઘડિયાળમાં જોવાની જરૂર નથી. ત્યાર બાદ 'ઉ' અક્ષરમાં તેને બે ગણો અને 'મ' અક્ષરમાં તેનો ત્રણ ગણો. (૩, ૬, ૯) અને આટલા ઉચ્ચારણ પછી લગભગ આટલો જ એટલે કે કુલ ૧૮ સેકન્ડ જેટલો કે તેથી વધુ સમય હોઠ ભીડી, આંખ બંધ કરી શાંતિથી (શૂન્ય અવસ્થામાં) બેસવાનું છે. આપે મંદિરમાં વાગતા ઘંટને અનુભવ્યો હશે. ટકોરો વાગે ત્યારે અવાજની તીવ્રતા મહત્તમ હોય અને ધીરે ધીરે તીવ્રતા ઓછી થતી જાય. છેલ્લે આ ધ્વનિ હવામાં ઓગળી જાય. (જુઓ નીચેની આકૃતિ) મંદિરના ઘંટનો ધ્વનિ જેમ



ૐ ના ઉચ્ચારણ દ્વારા વૈખરી વાણીનું પરા વાણીમાં જે રૂપાંતર થાય છે તે સેતુનું કાર્ય કરે છે અને આ રીતે બનેલા સેતુ અથવા પુલ અથવા લીંક પછી જ કોઈ પણ મંત્રનું ઉચ્ચારણ પરમાત્મા સુધી પહોંચે છે.

હવામાં ઓગળે અને સંભળાતો બંધ થાય તેમ આપે ઉચ્ચારેલ "અઉમ" મોઢું અને આંખ બંધ રાખવાથી એ બહાર નીકળવાની જગ્યાએ એ ઘૂંટાય અને કંઠથી પાછો ફરે અને ફરી ઉર્ધ્વગમન કરે. હોઠ અને આંખ બંધ છે. આથી બહાર નીકળવાના પ્રયત્નમાં એ મસ્તિષ્કના ઉપરના ભાગ તરફ આગળ વધે અને આ ધ્વનિ ત્યાં સમાય જવાનો અથવા તો ઘંટના ધ્વનિની જેમ ત્યાં ઓગળી જવાનો પ્રયત્ન કરે. અહીં ઉંધી પ્રક્રિયા થાય, જેમ વાણીની તીવ્રતા ઘટતી જાય તેમ 'વૈખરી' નું 'મધ્યમા'માં અને ત્યાર બાદ 'પશ્યન્તિ' માં પરિવર્તન થતું જાય. અને ધ્વનિની તીવ્રતા એકદમ ઘટી જાય અને ત્યારે તેનું ફરી 'પરાવાણી' માં રૂપાંતર થાય. આ વાણીને અહીંથી બહાર નીકળવા માટે ફકત એક જ માર્ગ બચ્યો છે. જે 'સહસ્ત્રાર ચક્ર' અથવા 'બ્રહ્મરન્ધ્ર' તરીકે ઓળખાય છે. કહેવાય છે કે 'બ્રહ્મરન્ધ્ર' એ મસ્તિષ્કના ઉપરના ભાગમાં આવેલાં એવાં છિદ્રો છે કે જ્યાંથી આત્મા શરીરમાંથી બહાર નીકળે છે. અવકાશી શકિતઓ આ બ્રહ્મરન્ધ્ર દ્વારા જ આપણી ચેતના સાથે જોડાયેલી રહે છે. લગભગ આવું જ કાર્ય ઉચ્ચ કક્ષાની સાધના કરવાવાળા યોગીઓ પણ કરે છે. તેઓ યોગના માધ્યમ દ્વારા, યોગમાં બતાવેલા વિવિધ ઉપાયો વડે, અવકાશી અથવા પરમાત્માની શકિત સાથે જોડાય છે અને આ જોડાવાની પ્રક્રિયા એટલે જ યોગ. ઘણા યોગીઓની ક્ષમતા આ 'બ્રહ્મરન્ધ્ર' ના ઉપયોગ દ્વારા, શરીરને નિષ્પ્રાણ બનાવીને આત્માને અવકાશમાં લઈ જઈ ફરી પાછો શરીરમાં પ્રસ્થાપિત કરી શકવાની હોય છે. પરંતુ આ બધું ઉચ્ચ કક્ષાના યોગીઓ માટે છે. સામાન્ય સંસારી મનુષ્ય તરીકે આપણા માટે આપણું ધ્યેય જૂદું છે. આપણા માટે માત્ર ૐ નું સચોટ રીતે ઉચ્ચારણ જ મહત્ત્વનું છે.

ખૂબ સારી રીતે સમજી શકાય કે આપણે પરમાત્મા સાથે તાદાત્મય માત્ર અને માત્ર 'પરાવાણી' ના ઉપયોગથી અને 'બ્રહ્મરન્ધ્ર' ના માધ્યમથી જ કરી શકીએ. આપણા સનાતન ધર્મમાં દરેક મંત્રોની આગળ ૐ નું ઉચ્ચારણ કરવાનું રહસ્ય પણ હવે સ્પષ્ટ સમજી શકાય છે કે ૐ ના ઉચ્ચારણ દ્વારા વૈખરી વાણીનું પરા વાણીમાં જે રૂપાંતર થાય છે તે સેતુનું કાર્ય કરે છે અને આ રીતે બનેલા સેતુ અથવા પુલ અથવા લીંક (bridge) પછી જ કોઈ પણ મંત્રનું ઉચ્ચારણ પરમાત્મા સુધી પહોંચે છે. ૐ ના ઉચ્ચારણ વગર ઉચ્ચારેલ કોઈ પણ મંત્ર શાસ્ત્રોની ભાષામાં 'અરણ્યમાં રૂદન' કરવા જેવો છે. ૐ ના ઉચ્ચારણની આટલી સમજ પછી હવે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સમજતા પહેલાં 'સાત્ત્વિક ઈચ્છાપૂર્તિ' શબ્દનો અર્થ આવતા લેખમાં સમજશું. ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥

(ક્રમશઃ)

# ૐ "સાત્વિક ઈચ્છાપૂર્તિ" શબ્દ ની સમજ

**અધ્યાત્મ દર્શન**

**અનુપ શાહ**

લેખાંક – ૫૦ (ગતાંક થી ચાલુ)

આ અગાઉના લેખોમાં એક અગત્યની સમજ કેળવી કે પરમાત્મા પાસે આપણી રજુઆત પહોંચાડવી હોય, તો 'પરા' વાણીમાં વાત કરવી પડે. આપણી વાણી "વૈખરી" છે. તેને 'પરા' માં ફેરવવી પડે. જે ૐ (અઉમ) ના ઉચ્ચારણ દ્વારા શકય બનાવી શકાય. અને જેમાં ૐ ના ઉચ્ચારણનો સેતુ (પુલ) તરીકે ઉપયોગ કરવો પડે. આજના સુવર્ણ જયંતી લેખમાં અને લેખ શ્રેણીના અંતિમ ચરણમાં આપણે આ પુલના એક છેડે આવીને ઉભા છીએ. 'સાત્વિક ઈચ્છાપૂર્તિ'ના આપણા ધ્યેય માટે હવે પુલને પાર કરવાનો છે. આપણે જયારે ૐ ના મહત્વને અદભુત રીતે સમજી લીધું છે ત્યારે હવે 'સાત્વિક ઈચ્છાપૂર્તિ' શબ્દની યોગ્ય ઓળખ આપવી ખુબ જરૂરી છે. આ સમજણ જો નહિ કેળવીએ તો આ બધું જ્ઞાન અધૂરું છે.

આ સમજણ માટે હું માત્ર ચાર શબ્દોનો ઉપયોગ કરીશ. "સાત્વિક" માં રહેલો 'સત્વ', આપણા બધાની ઈચ્છા રૂપે 'અર્જુન', પૂર્તિ રૂપ પરમાત્મા 'શ્રી કૃષ્ણ', અને આ બધા સાથે સંકળાયેલ 'ધર્મ'.

પહેલા ધર્મને સમજીએ તો ધર્મ એટલે શું ? શું આપ જે સંપ્રદાયમાં માનો છો તે ધર્મ છે ??? જી નહિ. "સંપ્રદાય એ માત્ર ધર્મને શીખવવા અથવા તો ધર્મ સુધી પહોંચાડવાનો એક માર્ગ અથવા પંથ છે. સંપ્રદાયની સ્થાપના અને અંત હોય છે, પરંતુ ધર્મ એ સનાતન છે". 'ધર્મ' શબ્દ 'ધૃ' ધાતુ પરથી પડયો છે. જેનો અર્થ છે ટેકો આપવો, પકડવું કે ખમવું. આ પ્રમાણે સમજતા જે સ્થાયી તત્વની, રિવાજોની, હકકોની, ફરજોની, ન્યાયની, ચરિત્રની, ગુણવત્તાની, પ્રકૃતિની, સારા લક્ષણોની દઢતાપૂર્વક સ્થાપના કરે તે 'ધર્મ' કહેવાય.

બીજા ત્રણ શબ્દો સમજવા ભગવદ ગીતાનું 'સત્વ' સમજવા પ્રયત્ન કરીએ. 'શ્રીકૃષ્ણ' ભગવાને ભગવદ ગીતાની શરૂઆત પહેલા અધ્યાયના પહેલા શ્લોકનો પહેલો શબ્દ 'ધર્મ'થી કરી. અને આ સપ્તશ્લોકીને અઢારમાં અધ્યાયના છેલ્લા (૭૮ માં) શ્લોકના છેલ્લા શબ્દ 'મમ' થી પૂર્ણાહુતી કરી. તેમનું આ ૭૦૦ શ્લોકમાં સમજાવવાનું 'સત્વ' એટલે જ 'મમ ધર્મ' એટલે કે 'મારો ધર્મ'. અગાઉની ધર્મની વ્યાખ્યામાં સમજ્યા તેમ "પરમાત્માએ દરેકને ધર્મની દઢતાપૂર્વક સ્થાપના માટે કોઈ એક ચોકકસ ધ્યેય સોંપ્યું છે" સદેહે અવતાર લેનાર શ્રી કૃષ્ણ ભગવાન પણ એમાંથી બાકાત નથી. અધર્મના નાશ માટે અને ધર્મની સ્થાપનાના એમના ધ્યેયરૂપી કાર્ય માટે એમણે પણ યુગે યુગે જન્મ લેવો પડે છે. શ્રી કૃષ્ણભગવાન એ પરમાત્મા છે. હું પણ ચોકકસપણે અને સભાનપણે માનું છું, છતાં પણ આપને ભ્રમિત કરે તેવા અથવા તો બીજી સાચી રીતે કહું તો સંપ્રદાયે પરમાત્મા બાબત ઉભા કરેલા 'ભ્રમ' માંથી બહાર કાઢવા મેં કેટલાક પ્રશ્નો ભેગા કર્યા છે, તેમાંથી માત્ર ૩ સવાલ આપને પુછું છું.

પહેલો સવાલ : ભગવાનના પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં વ્યાસજીએ શ્રી કૃષ્ણને પૂર્ણ અવતાર અથવા પૂર્ણ પુરુષોત્તમ કહ્યા તેનો અર્થ શું ? શું ચૌદ ભુવનના માલિક આખે આખા પૃથ્વી પર અવતરી ગયા ? તો પછી વૈકુંઠ ખાલી થઈ જાય ? અન્ય ભુવનોનો વહીવટ કોણ કરે?

બીજો સવાલ : શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ ૨૮ માં 'દ્વાપરયુગ' માં થયો. તો ત્યાર પહેલા પરમાત્માના સ્થાને કોણ વિરાજમાન હતું ? દ્વાપરયુગ પહેલા 'ત્રેતા' અને તે પહેલા 'સતયુગ' હતો તો ત્યારે પરમાત્મા નહોતા ?

ત્રીજો સવાલ : પરમાત્માના વેદોમાં જણાવેલા વિશેષણો બતાવે છે પરમાત્મા નિરંજન. નિરાકાર, નિર્ગુણ અક્ષર વગરે છે. તો શ્રી કૃષ્ણ ભગવાન તો સગુણ, સાકાર, સદેહ હતા. અમનો જન્મ પણ થયો હતો અને મૃત્યુ પણ થયું હતું. અને માટે જ તેમણે ચાર વખત પોતે પરમાત્માનો અવતાર છે તેવી સાબિતી પણ આપવી પડેલી (પ્રથમ દેવકી ને ચતુર્ભુજ સ્વરૂપમાં, યશોદાને અને અર્જુનને બે વખત વિશ્વરૂપ દર્શન અને ભોમાનારાયણની કથા) તો શું વેદોના વિશેષણો ખોટા ? શું દરેક વખતે "એ તો ભગવાનની લીલા કહેવાય" એવી સમજુતી સ્વીકાર્ય છે ? તો પછી ચાલો આ બધા સવાલોને ટુંકમાં આ લેખની મર્યાદામાં સમજીએ. શ્રીકૃષ્ણ ભગવાન, શ્રી રામ, નરસીંહ વગેરે પરમાત્માના અવતારો છે. એટલું જ નહીં પણ પરમાત્માની અભિવ્યકિત રૂપે આપણે પણ પરમાત્માની ચેતન અંશ તરીકે પરમાત્માના અવતાર છીએ. અને અગાઉ સમજ્યા તેમ દરેક અવતારને એક ચોકકસ ધ્યેય (મમ ધર્મ અથવા મારો ધર્મ) હોય છે. અને તે પોતાને સોપેલા ધ્યેયની પૂર્તતાના કાર્યને અનુકુળ 'વિશિષ્ઠ ગુણો' સાથે સદેહે જન્મે છે. આ ગુણો 'કળા' તરીકે ઓળખાય છે. અહીં સોળ કળાનો ઉલ્લેખ કર્યો છે.




**જેમ પુષ્પ પાસે જવા માત્રથી તેની ખુશ્બૂ આપોઆપ મળે છે તેમ એમના અભિવ્યકત કરેલા માર્ગ પર ચાલવાનો સંકલ્પ કરી એમની શરણાગતિ સ્વીકારો અને એ જ "મમ ધર્મ" છે એટલું સમજો, બાકી બધું સ્વભાવિકપણે મળતું જશે.**

કળાઓના નામ નીચે મુજબ છે. "અન્નમાયા, પ્રાણમાયા, મનોમાયા, વિજ્ઞાનમાયા, આનંદમાયા, અતિશાયીની (શાંતિ), વિપરીનાભીમી (પ્રેમ), સંકમિની (પરમાત્મા સાથે આત્મીયતા), પ્રભાવી, કુન્થીની, વિકાસીની, મર્યાદીની, સન્હાલાદીની, આહલાદીની, પરિપૂર્ણ, સ્વરૂપ વશિષ્ઠ". આમાંથી પ્રથમ પાંચ કળા આપણા સહિત લગભગ દરેકમાં હોય છે. કે જેને સામાન્ય વ્યાખ્યામાં પુરુષ કહેવાય છે. (જેનો ઉલ્લેખ લેખાંક –૨૯ તા. ૨૩–૫–૨૦૨૨ માં અગાઉ કર્યો હતો). મહાત્માઓ પાસે અનુક્રમે સાત થી આઠ કળાઓ હોય છે. જેઓ 'ઉત્તમ પુરુષ' અથવા 'પુરુષોત્તમ' કહેવાય છે. નવમી પ્રભાવી કળાનો અર્થ છે કોઈપણ અશકય કામ કરવાની શકિત. પરમાત્માના 'નરસીંહ' અવતારમાં અહીં સુધીની કળાઓ હતી. આ જ રીતે બારમી 'મર્યાદીની' સુધીની બાર કળાઓ 'મર્યાદા પુરુષોત્તમ' શ્રી 'રામ' ભગવાન ના વિગ્રહ માં હતી. અને આ તમામ સોળ કળાઓ 'પૂર્ણ પુરુષોત્તમ' ભગવાન 'શ્રી કૃષ્ણ' ના વિગ્રહમાં હતી. માટે વેદ વ્યાસજીએ તેમણે પુર્ણ અવતાર કહ્યા છે.

હવે આગળ વધીએ. શ્રી કૃષ્ણ ભગવાન ગીતામાં 'સંભવામિ યુગે યુગે' ની વાતથી અર્જુનને પણ સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જેમ હું મારું નિયત કર્મ કરવા માટે દરેક યુગમાં અવતાર ધારણ કરું છું તેમ 'તું તારું નિયત કર્મ કર', અને "તારૂં નિયત કર્મ એટલે કે નિયતિએ તને સોપેલું કર્મ અને એ જ તારો ધર્મ" છે.

ગીતાના આ 'સત્વ' સાથે આપણે ફરી 'સાત્વિક' શબ્દની વાત કરીએ. પરમાત્માના અંશરૂપ બાળકો તરીકે પરમાત્માએ દરેકને બધું સરખું જ આપ્યું છે. દરેકને નિયત કર્મનો અધિકાર આપ્યો છે. છતાં પણ અણસમજુ રીતે કરેલા જૂના અથવા આ જન્મના કર્મો મનુષ્યને ઉપાધીરૂપ અને દુઃખદાયક હોય છે. "આ ઉપાધિઓથી છૂટવા પોતાના હાલના કર્મો ઉપરાંત અગાઉના જન્મના સંચિત કર્મો બાળીને ભસ્મીભૂત કરવા અને પોતાના નિયત કાર્યને સારી રીતે કરવાની ઈચ્છા ધરાવવી તેનું નામ સાત્વિક ઈચ્છાપૂર્તિ" અને આ ઈચ્છા 'પરવાણી' માં રજુ કરવી પડે. પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવી પડે. જૂની પરિપાટી ભૂસવી પડે અને નવા કર્મોને અર્પણ કરતા રહેવું પડે, પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવી પડે. માત્ર તો જ તમે જીંદગીમાં નીરખી શકો, કંઈક પ્રાપ્ત કરી શકો, તમારી શ્રેષ્ઠતા બતાવી શકો. તમારે પરમાત્મા પાસે કઈ માંગવાની જરૂરત જ નથી. જેમ પુષ્પ પાસે જવા માત્રથી તેની ખુશ્બુ આપો આપ મળે છે તેમ એમના અભિવ્યકત કરેલા માર્ગ પર ચાલવાનો સંકલ્પ કરી એમની શરણાગતિ સ્વીકારો, અને એ જ 'મમ ધર્મ' છે એટલું સમજો, બાકી બધું સ્વભાવિકપણે મળતું જશે. જીંદગીમાં અનુભવાતી ખોટ પુરાતી જશે.

સાત્વિક ઈચ્છાપૂર્તિ શબ્દ અને ૐ નાં ઉચ્ચારણની આટલી સમજ પછી હવે તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે આવતા લેખમાં સમજશું.

ત્યાં સુધી...

॥ ૐ તત્સત્ ॥ (ક્રમશઃ)

# ૐ ''સાત્વિક ઇચ્છાપૂર્તિ'' માટે ઉપયોગ

## અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

લેખાંક –૫૧ (અંતિમ અને અપૂર્ણ )

ગયા લેખમાં સાત્વિક ઇચ્છાપૂર્તિ વિશે એક અગત્યની સમજ કેળવી, કે 'સાત્વિક ઇચ્છાપૂર્તિ', એટલે માંગવાની નહિ પરંતુ પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતાપૂર્વક શરણાગત થવાની પ્રક્રિયા કે જેમાં બધું આપો આપ મળતું જાય. અગાઉના લેખમાં સમજ્યા તેમ આપણે પુલના એક છેડે આવીને ઉભા છીએ. પુલને પાર કરવા માટે ૐ નું ચોક્કસપણે ઉચ્ચારણ જરૂરી છે. ઉચ્ચારણની રીત ટૂંકમાં લેખાંક–૪૯ (ઓમ કે અઉમ) માં સમજ્યા હતા. ૐ ના ઉચ્ચારણનો પ્રયોગ શરૂ કરતા પહેલા, તેની પૂર્વ તૈયારી, ૐ ના ઉચ્ચરણની વિસ્તૃત પધ્ધતિ અને થોડી આગત્યની બાબતોની જાણકારી પ્રાપ્ત કરવી પડે. જે અહીં સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

**પૂર્વ તૈયારી :–**

– ૐ નું ઉચ્ચારણ કરતા પહેલા આપણને જીવનમાં જે કમી અનુભવાય છે તેને કૃતજ્ઞતાની ભાષામાં અને પ્રાર્થનાના સ્વરૂપમાં લખીને રાખવાની છે. અને ફકત એને જ ૐ ના ઉચ્ચારણ પછી વાંચવાની છે. દા.ત. વિદ્યાર્થીને અભ્યાસમાં ખુબ ઝળકવું હોય તો તેણે આ રીતે પ્રાર્થના કરવી પડે. '' હે પરમાત્મા તમે મને ખુબ શકિત અપી છે. તમારા શરણથી હું મારામાં અદ્દભુત સંચાર અનુભવી રહ્યો છું. તમારી કૃપાથી હું અભ્યાસમાં ખુબ આગળ વધી રહ્યો છું. મારી બધી ઉણપ દુર થઈ રહી છે અને હું પોતાને બધાથી ઉપર અનુભવી રહ્યો છું.'' આ જ રીતે અન્યો પણ પોતાના ધ્યેય મુજબ પોતાની પ્રાર્થના પહેલેથી લખીને તૈયાર કરી રાખે.

– આ લખાણ ફકત કૃતજ્ઞતાની ભાષામાં. સારા અક્ષરમાં, સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનું છે. અને શરૂઆતમાં ફકત વાંચવાનું જ છે. એક વાર શબ્દો બરાબર યાદ રહ્યા પછી જ વાંચ્યા વગર ઉચ્ચારણ કરવાનો પ્રયત્ન કરવો જેથી ભૂલ નહિ પડે.

– પરમાત્માના અભિવ્યકત થવાના બે નિયમ અગાઉ સમજ્યા (પહેલો નિયમ અંક શ્રેણી ૨, ૩, ૫, ૮... અને બીજો નિયમ અંક શ્રેણી ૩, ૬, ૯) તેને ફરી ફરી સમજીને હંમેશા ધ્યાનમાં રાખવાના છે. અને તેમાંથી ફકત કોઈપણ એક રીતને હંમેશા અનુસરવાની છે.

– જે વ્યકિતઓ એક દિવસમાં ચાર વખત સમય ફાળવી શકે તેમણે પહેલી રીતનો અને જેઓ એક દિવસમાં ત્રણ વખત સમય ફાળવી શકે તેમણે બીજી રીતનો ઉપયોગ કરવાનો છે.

– દરેક વ્યકિતએ પોતાની અનુકુળતા મુજબનો સમય પસંદ કરવાનો છે. અને આ સમયક્રમ ને હંમેશા વળગી રહેવાનું છે.

– ૐ ના ઉચ્ચારણની શરૂઆત કરતા પહેલા ઊંડા શ્વાસ લેવાની અને બહાર કાઢવાની પ્રક્રિયા નો સામાન્ય અનુભવ લગભગ એક અઠવાડિયા સુધી કરવાનો છે.



– અગાઉના લેખમાં સાત્વિક ઇચ્છાપૂર્તિનો જે અર્થ સમજ્યા, માત્ર તે ધ્યેયને જ ધ્યાનમાં રાખવાનું છે.

– ૐ ના ઉચ્ચરણાની પ્રક્રિયા ખુબ ઉત્સાહપૂર્વક, શ્રધ્ધાથી અને સાચા દિલથી કરવાની છે. આ માટે દ્વેષ કે કે કંટાળો ન હોવો જોઈએ. હંમેશા યાદ રાખવાનું છે કે આપણે પરમાત્માના સાક્ષાત્કાર તરફ જઈ રહ્યા છીએ. જેના માટે આપણા ઉત્સાહને શણગારીને તેમાં પ્રાણ રેડવાનો પ્રયત્ન કરવાનો છે.

> ૐ ના ઉચ્ચારણની પ્રક્રિયા ખૂબ ઉત્સાહપૂર્વક, શ્રધ્ધાથી અને સાચા દિલથી કરવાની છે. આ માટે દ્વેષ કે કંટાળો ન હોવો જોઈએ. હંમેશા યાદ રાખવાનું છે કે આપણે પરમાત્માના સાક્ષાત્કાર તરફ જઈ રહ્યા છીએ, જેના માટે આપણા ઉત્સાહને શણગારીને તેમાં પ્રાણ રેડવાનો પ્રયત્ન કરવાનો છે.

**ઉચ્ચારણની વિસ્તૃત પધ્ધતિ :–**

– સર્વ પ્રથમ સવારે ઉઠીને સ્નાન કરીને અગાઉ '' અ ઉ મ'' અક્ષરો દ્વારા ઉચ્ચારણની જે રીત સમજ્યા માત્ર તેને જ અનુસરવાની છે. 'અ', 'ઉ' અને 'મ' નું ઉચ્ચારણ અનુક્રમે ૩, ૬, અને ૯ સેંકડના પ્રમાણમાં કરવાનું અને ત્યારબાદ લગભગ ૧૮ સેકન્ડ અથવા વધુ સમય સુધી, એટલે કે જ્યાં સુધી અવાજના તરંગો 'પરાવાણી' માં રૂપાંતર થાય, ત્યાં સુધી આંખ અને મોઢું બંધ રાખીને શાંતિથી બેસી રહેવાનું. આ પ્રક્રિયા ખુબ જ અગત્યની છે તેને અગાઉના લેખો ફરી વાંચીને ચોકકસપણે સમજી લેવાની છે. અને ફકત આ રીતે જ ઉચ્ચારણ કરવાનું છે.

– જેઓ ૨, ૩, ૫, ૮ ની શ્રેણી અનુસરવા માંગે છે તેમણે દિવસમાં ચાર વખત ૐ નું ઉચ્ચારણ કરવાનું રહેશે. જેમાં પહેલી વખત સવારે બે વખત, બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ત્રણ વખત, સાંજે ૬ વાગ્યાની આસપાસ પાંચ વખત અને રાત્રે સુતા પહેલા આઠ વખત ૐ નું ઉચ્ચારણ કરી પ્રાર્થના કરવી. દરેક વ્યકિત પોતાનો અનુકુળ સમય પસંદ કરી શકે છે. એમાં કોઈ બંધન નથી.

– જેઓ ૩, ૬, ૯ ની શ્રેણી અનુસરવા માંગે છે તેમણે દિવસમાં ત્રણ વખત ૐ નું ઉચ્ચારણ કરી પ્રાર્થના કરવી. જેમાં પહેલીવાર સવારે ત્રણ વખત, બપોરે છ વખત અને રાત્રે નવ વખત ઉચ્ચારણ કરી પ્રાર્થના કરવી. અહીં પણ કોઈ બંધન નથી.

– બને રીતોમાં ૐ ના ઉચ્ચારણ પછી આપે જે પ્રાર્થના અથવા તો કૃતજ્ઞતાની ભાષામાં ઈચ્છા લખીને તૈયાર રાખી છે, તેનું એટલી જ વાર વાંચન કરવાનું છે. એટલે કે પહેલી રીત ને અનુસરતા વ્યકિતઓ સવારે ૨ વખત ૐ ના ઉચ્ચારણ પછી બે વખત પ્રાર્થના વાંચી જાય. બીજી રીત અનુસરવાવાળા ૐ ના ત્રણ વખત ઉચ્ચારણ પછી ૩ વખત પ્રાર્થના વાંચી જાય વગેરે....

– હંમેશા આ જ ક્રમમાં પસંદ કરેલી શ્રેણી મુજબ જ અનુસરવાનું છે. અને તેને વળગી રહેવાનું છે.

– આપણી ઈચ્છાનું માત્ર એક સાથે માત્ર એક જ ધ્યેય રાખવાનું છે. એક સાથે બે પ્રાર્થના કરવી નહિં.

**અગત્યની બાબતો :–**

– અગાઉના લેખોમાં સમજ્યા તેમ બ્રહ્મરન્દ્ર સુધી વાણીરૂપી વાયુ ઉપર ચઢે છે. આનાથી શરૂઆતમાં બે અસર થાય છે. જ્યારે તમે ઉચ્ચારણની ક્રિયા પછી આંખો ખોલો ત્યારે થોડી સેકન્ડ તમને પીળું દેખાવાનો અનુભવ થાય છે. જે સામાન્ય બાબત છે.

– આ પ્રક્રિયામાં બ્રહ્મરન્દ્ર ખોલવાનો પ્રયત્ન થાય છે. આતી અવકાશી અથવાતો બહારના વાતારણની અસર શરીર પર થઈ શકે છે. જેથી શરૂઆતમાં સીઝન પ્રમાણે શરદી, ખાંસી કે તાવ જેવા લક્ષણો અનુભવાય જે સામાન્ય બાબત છે. બે થી ત્રણ દિવસમાં બંધું સામાન્ય થઈ જાય છે.

– પરમાત્મા પાસે માત્ર કૃતજ્ઞતા પ્રગટ કરવાની છે. અને સાથે જ તમારા દબાયેલા વ્યકિતત્વના નીખાર માટે એવી રીતે પ્રાર્થના કરવાની છે કે ''તમે હવે તમારી ધારેલી સ્થિતિ'' અનુભવી રહ્યા છો.

પરમાત્માને પ્રાર્થના કરું છું કે અહીં દર્શાવેલી પ્રક્રિયા દ્વારા દરેકના જીવનમાં એક નવો ઉમંગ અને નિખાર આવે. **''સાત્વિક ઇચ્છાપૂર્તિ માટે સર્વશ્રેષ્ઠ ૐ''** ની આ લેખ શ્રેણીને ૫૧ અઠવાડિયા એટલે કે લગભગ એક વર્ષ સુધી સમજાવવાનો મેં સંનિષ્ઠ પ્રયત્ન કર્યો. આ વિષય ખુબ જ વિશાળ છે. પરમાત્માની કૃપાથી ' મમ ધર્મ ' રૂપે મને સોંપાયેલ જ્ઞાનની એક આચમની વડે અંતઃકરણપૂર્વક મારા પ્રયત્નો કર્યા.

**આનંદ અને આભાર..**

અપૂર્ણ....

સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial

# અંતરની શુભેચ્છાઓ....

## ગુજરાતમિત્ર તંત્રી મંડળ અને સત્સંગ પૂર્તિ સંકલન ટીમ તરફથી

શ્રી ગિરિવરસિંહ સોલંકી
શ્રી બકુલભાઈ ટેલર
શ્રી સનતભાઈ દવે
શ્રી બીનાબેન કાઝી
શ્રી ભાવનાબેન સેલર

## પરિવારો તરફથી

શ્રી અતુલભાઈ વસંતલાલ ગજીવાલા પરિવાર
શ્રી અજયભાઈ ચિત્સુખલાલ ગાંધી પરિવાર
શ્રી મહેન્દ્રભાઈ ગોરધનલાલ મહેતા પરિવાર
શ્રી મનહરલાલ ઉત્તમરામ શાહ પરિવાર
શ્રી શાંતિલાલ ચુનિલાલ ઘીવાળા પરિવાર
શ્રી ઠાકોરદાસ ચંદુલાલ કણીયા પરિવાર
શ્રી વસંતલાલ ઈશ્વરલાલ શાહ પરિવાર
શ્રી ગજેન્દ્ર ઈશ્વરલાલ શાહ પરિવાર
શ્રી અશ્વિનભાઈ ઈશ્વરલાલ શાહ પરિવાર
શ્રી શરદચંદ્ર ચીમનલાલ શાહ પરિવાર
શ્રી હસમુખલાલ ચંપકલાલ કાપડીયા પરિવાર
શ્રી શિરીશચંદ્ર હિરાલાલ લેખડીયા પરિવાર
શ્રી કિરીટભાઈ વેણીલાલ શાહ પરિવાર
ડૉ. રાજેશભાઈ મગનલાલ બકરીવાલા પરિવાર
શ્રી ઠાકોરલાલ નટવરલાલ શાહ પરિવાર
શ્રી રાજેશકુમાર ચુનીલાલ શાહ પરિવાર
શ્રી પરેશકુમાર પ્રવિણચંદ્ર શાહ પરિવાર
શ્રી ચંદ્રકાંત નાનાલાલ શેઠ પરિવાર
શ્રી કિશોરચંદ્ર નાનાલાલ શેઠ પરિવાર

## ગુજરાતમિત્ર સત્સંગ ગૃપ તરફથી

ડૉ. અક્ષયભાઈ દેસાઈ
શ્રી રાજેન્દ્ર શાસ્ત્રીજી
શ્રી તપસ્વીભાઈ દવે
શ્રી અશોકભાઈ જોષી
શ્રી કમલ રાવ
શ્રી હિના વૈદ્ય
શ્રી હિતેશભાઈ દવે
શ્રી બિપીનભાઈ દવે
શ્રી પારૂલ દવે
શ્રી નરેશભાઈ ભટ્ટ
શ્રી ઉમેદપુરી ગોસ્વામી
શ્રી નીલાક્ષી પારેખ
શ્રી રાજન ભટ્ટ
શ્રી દિપભાઈ પંડયા
શ્રી નિરીક્ષા ભટ્ટ
શ્રી કમલેશ પારેખ
શ્રી નટુભાઈ મિસ્ત્રી
શ્રી અમિત મહેતા
શ્રી અનિલ મિસ્ત્રી
શ્રી અશોકભાઈ પટેલ
શ્રી જય ત્રિવેદી
શ્રી શ્રીજી વ્યાસ
શ્રી મુકેશભાઈ ઓઝા
શ્રી હરેશભાઈ મોદી

## વાચકમિત્રો તરફથી

શ્રી ડી. સી. ચૌધરી
શ્રી એલ. કે. ડુંગરાણી
શ્રી એસ. સી. બામણીયા
શ્રી જે. એમ. કટુડીયા
શ્રી રમેશભાઈ મહારાજ (નવસારી)
શ્રી કિશોરભાઈ ટોપીવાળા (અંકલેશ્વર)
શ્રી પરાગભાઈ ગાંધી
શ્રી જયેશભાઈ દેસાઈ
શ્રી રાજુભાઈ ત્રિવેદી
શ્રી દિપ્તીબેન ચિંતનીયા

## પ્રિય કુટુંબીજનો તરફથી

નીતા, વરૂણ, ઉર્વી,
મિતુલ, ડેઝી,
દૈવિક, ફલક


અતુલ, જયશ્રી, ફાલ્ગુની,
રચના, નિલમ, સૌમિન,
અભય, પલશ, આર્યા, આદિત્ય

## મિત્ર મંડળ તરફથી

શ્રી કૈલાશબેન અંબાજીવાળા
શ્રી કિરણભાઈ ગોસ્વામી (અંબાજી મંદિર)
શ્રી યોગેશભાઈ – અંબાજી મંદિર
શ્રી જતિનભાઈ – અંબાજી મંદિર
શ્રી કુણાલભાઈ – અંબાજી મંદિર
શ્રી અનિલભાઈ પંચાલ
શ્રી શુશિલભાઈ પુરોહિત
શ્રી ભરતભાઈ ટેલર
ડૉ. લલીતભાઈ ગજીવાલા
ડૉ. પ્રતિભાબેન ગજીવાલા
શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
શ્રી નેહલભાઈ ચોકસી
શ્રી મલ્હારભાઈ મહેતા
શ્રી મયંકભાઈ મહેતા
શ્રી આનંદભાઈ મહેતા
શ્રી પાર્થભાઈ મહેતા
શ્રી જીતભાઈ મહેતા
શ્રી અતિતભાઈ મારફતીયા
ડૉ. સુભાષભાઈ જોષી
શ્રી જગદીશભાઈ દલાલ
શ્રી મયંકભાઈ ત્રિવેદી
ડૉ. કમલેશભાઈ દલાલ
શ્રી સૂર્યકાંતભાઈ લોઢા
શ્રી કૌશિકભાઈ પટેલ
શ્રી પિંકુભાઈ મુખત્યાર
શ્રી અરવિંદભાઈ ચાંપાનેરીયા
શ્રી જયેશભાઈ કિનારીવાળા
શ્રી કુણાલભાઈ શાહ
શ્રી સુનિલભાઈ બર્મન
શ્રી આકાશભાઈ પટેલ
શ્રી અભિષેકભાઈ મયંકભાઈ ચોકસી
શ્રી નિરવભાઈ મહેશભાઈ પેટ્રોલવાળા

Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ Non commercial સેવાકિય હેતુ

અહીં આપેલા સ્ટીકર આપના ઘરના / ઓફીસના / દુકાનના મુખ્ય દ્વાર પર લગાવી પરમાત્મા ની કૃપા પ્રાપ્ત કરો.



# ડિજિટલ શુભેચ્છાઓ....



Excellent work done by you Keep it up Anupbhai Jayguru
Great great
As I responded after reading the book, it is a real truth that you have done very appreciative work and you deserve the praise.
It seems u are becoming authentic about such articles in relation to God That is a proud matter for swajans like me. Congrats and I like todays first writing of the series
Kindly send me each time the article as I do not bring Gujratmitra
Good description of Ohm-Satvik
Vah bhai bahu j Adbhut knowledge... mast described short n sweet
Anup:have all this in the form of Book.
Jay shree krishna bhai
Well described "9"in religious manner
Adbhut Amazing clarifications vah
your Ohm article is appreciated in Carchapatra of G.M.
Your 3 article post my all group More than 3000 participants in my all group all over the world 22 country
HARIOM
Thanks again
Mobile BABA Ki JAYHO
Shree 1008 SWAMI Anupanand Saraswati Ki JAYHO....
BAPU2
Thanks again for Sending Valuable information
Good justification for Ohm.
Yes, very much informative ! Frankly speaking, I was totally unaware of the detailed discussion in the article. Thanks
Anoop bhai, your knowledge of the subject is deep and informative Want to know how you know all this information. I like
I'm the regular reader of Gujarat Mitra. I will certainly read your article Proud of you dear Anup bhai
I will forward my all group
Wow sir
Excellent
Send me all the time please
Very interesting thing research by you
I am sending regularly
Very good sir
Yes I regularly study in Gujarat Mitra. It's really good topic.
Parmatma book ni Jem Om ni pan book banavso to gamese
Ibelive it. Thanks. By bharatbhai mehta. Ambaji.
I am sorry I am late in congratuing for such 56
Spiritual writings a good progress in religeous world.once again congrats.dr.r.p.shah
Really important & interesting information for spiritual life
I forwarded my 3500 group member
This is very important & useful information for every spiritual scientists
Really you are doing deep study regarding OM
I pray to God with in you For more & more you...became progressive & spiritual in your life Devi devta protect your life for jagatkalyan mission
Sir agna chakara vise mane thodi jankari joi che
ॐ આટલો ગહન??


NON COMMERCIAL